Before, *prep.* or *ad.* સામે-અગાઉ, પૂર્વે.—hand, *ad.* અગાઉથી, પેહેલાંથી.

Befoul, *v. t.* મેલું કરવું, ખારડવું.

Befriend, *v. t.* કૃપા કરવી.

Beg, *v. t.* વિનંતી કરવી. *v. i.* ભીખ માગવી.

Beget, *v. t.* જન્મ આપવો, ઉત્પન્ન કરવું.

Beggar, *n.* ભીખારી, જાચક.—ly, *a.* કંગાલ. *ad.* કંગાલિયતથી.—y, *n.* કંગાલી, દરિદ્રતા.

Begin, *v.t.* પ્રારંભ કરવો, મંડાણ કરવું. *v.i.* શરૂ થવું.

Beginning, *n.* શરૂઆત, મૂળ.

Begird, *v. t.* કમર બાંધવી, ઘેરવું.

Begone, *interj.* નિકળ, કાળું કર.
Begrime, *v. t.* ખરડવું, કાદવ લપેટવો.
Beguile, *v. t.* ઠગવું, છેતરવું.
Behalf, *n.* ખાતર, પક્ષ.
Behave, *v. t.* or *i.* વર્ત્તવું, ચાલવું.
Behavier, *n.* વર્ત્તણુક, આચરણ.
Behead, *v. t.* ગર્દન મારવું. શિરચ્છેદ કરવો.
Behest, *n.* હુકમ, આજ્ઞા.
Behind, *prep.* or *ad.* પછવાડે, પીઠ પાછળ.—hand, *a.* પાછળ રહી ગયેલું. [રે જુઓ!
Behold, *v. t.* or *i* જોવું, અવલોકન કરવું. *interj.* જો!
Behoof, *n.* લાભ, ફાયદો.
Behove, *v. t.* ઘટતું-જોઇતું હોવું.
Being, *n.* આદમી, હયાતી, જાનવર. *p. pr.* હોતાં.
Belabor, *v. t.* સારી પેઠે ઠોકવું.
Belch, *n.* ઓટકાર. *v. t.* or *i.* ઓટકાર ખાવો.
Beldam, *n.* ડોસી, કુટણી.
Beleaguer, *v. t.* ઘેરી લેવું. [ત્રેલો મિનારો, ઘંટસ્થાન.
Belfry, *v. t.* ઘેરેલી જગામાં શું બને છે તે જોવાને બાં-
Belie, *v. t.* ખોટું પાડવું.
Belief, *v. t.* વિશ્વાસ, ઇતબાર.

Belike, *ad.* ઘણું કરીને, કદાચ.
Believe, *v. t.* માનવું, વિશ્વાસ રાખવો.
Bell, *n.* ઘંટ.
Belle, *n.* ઘણી ખુબસુરત સ્ત્રી.
Belleslettres, *n.* અલંકાર શાસ્ત્ર.
Bell-founder, *n.* ઘંટ પાડનાર.
Belligerent, *a.* યુદ્ધ મચાવનાર.
Bellman, *n.* ઘંટ વગાડનાર, દાંડી પીટનાર.
Bell-metal, *n.* કાંસુ.
Bellow, *v. i.* બરાડવું, ઊંડો અવાજ કહાડવો.
Bellows, *n.* ધમણ. *v. t.* ધમવું.[ને બાંધવાનો) તંગ.
Belly, *n.* પેટ, જઠર. *v. t.* ફુલવું.—band, *n.*(ઘોડા-
Belong, *v. i.* તાબાનું હોવું.
Beloved, *a.* લાડકું, વાહાલું.
Below, *prep.* or *ad.* નીચે, હેઠે.
Belt, *n.* કમરપટો.
Bemoan, *v. t.* શોક-વિલાપ કરવો.
Bench, *n.* બાંક, બારતી, ન્યાયાધિશની ગાદી.
Bencher, *n.* ન્યાય સભાનો વડીલ, સભાસદ.
Bend, *v. t.* વાળવું. *v. i.* વળવું.
Beneath, *prep.* or *ad.* નીચે, હેઠે.

Benedict, *n.* તરતનો પરણેલો માણસ.
Benediction, *n.* આશીશ, આશીર્વાદ.
Benefaction, *n.* ઉપકાર, કલ્યાણ.
Benefice, *n.* દેવળમાંથી મળતો લવાજમ.
Benoficence, *n.* પરોપકાર, સખાવત.
Beneficent, *a.* સખી, પરોપકારી.
Beneficial, *a.* ફાયદામંદ, ઉપયોગી.
Benefit, *n.* લાભ, ફાયદો. *v. t.* લાભ કરવો.
Benevolence, *n.* પરોપકાર.
Benevolent, *a.* પરોપકારી, ઉદાર.
Benight, *v. t.* કોઈને રાત પડી જવી.
Benign, *a.* માયાળુ, હિતકારક.
Benignant, *a.* કૃપાળુ, મહેરબાન.
Benignity, *n.* કૃપા, મહેરબાની, પરોપકાર.
Benison, *n.* આશીર્વાદ.
Bent, *n.* મનનું વળણ, શોખ, વાંકાપણું. *a.* વળેલું.
Benumb, *v. i.* જુઠું પડવું, ખાલી આવવી.
Benzoin, *n.* લોબાન.
Bequeath, *v. t.* વારસામાં આપી દેવું.
Bequest, *n.* વારસો.
Bereave, *v. t.* છિનવી લઈ લેવું.

Bergamot, *n.* મીઠું લીંબુ.
Berry, *n.* બીવાળાં કોઇ પણ નાહાનાં ફળ.
Beryl, *n.* પિરોજો.
Beseech, *v. t.* અરજ-વિનંતી કરવી.
Beseem, *v. t.* લાયેક કરવું.
Beset, *v. t.* ઘેરો ઘાલવો.
Beside, *prep.* or *ad.* પાસે, કને, વિના.
Besides, *ad.* બીજું વધારે, વળી.
Besiege, *v. t.* ઘેરી લેવું, ઘેરો ઘાલવો.
Besmear, *v. t.* લપેડવું, ખરડવું.
Besom, *v. t.* બુતારો, ઝાડું.
Besot, *v. t.* ગાંડું-જડ કરવું.
Bespangle, *v. t.* જડવું, ટિલિ લગાડીને શણગારવું.
Bespatter, *v. t.* છાંટી ભરવું.
Bespeak, *v. t.* અગાઉથી કહી રાખવું, સુચના કરવી.
Bespeckle, *v. t.* ડાઘ પાડવા.
Best, *a.* ઉમદા, સર્વોત્કૃષ્ટ, ઉત્તમ.
Bestial, *n.* પશુ સંબંધી.
Bestir, *v. t.* or *i.* સાવધ-હોશિયાર કરવું.
Bestride, *v. t.* પહોળા પગ કરીને ઉપર બેસવું, ઓળંગીને જવું.

Bestrew, *v. t.* ઉપર વેરવું-નાખવું.
Bestow, *v. t.* આપવું, બક્ષવું.
Bet, *n.* સરત, હોડ. *v. t.* સરત મારવી-બકવી.
Betake, *v. t.* આશ્રય લેવો.
Betel, *n.*—leaf, પાન,—nut, સોપારી.
Bethink, *v. t.* યાદ કરવું.
Betide, *v. i.* બનવું, ગુજરવું.
Betimes, *ad.* વખત-ટાંકણુંસર, વહેલાં.
Betoken, *v. t.* સુઝ પાડવું, જણાવવું.
Betrayal, *n.* વિશ્વાસઘાત.
Betray, *v. t.* દગાથી છાની વાત ઉઘાડી પાડવી.
Betroth, *v. t.* વિવાહ કરવો, છોકરાંના લગ્ન પહેલાં આગળથી કબુલાત કરવી.
Betrothment, *n.* વિવાહનો ઠરાવ, લગ્નના કોલકરાર.
Better, *n.* વડીલ. *a.* વધારે સારૂ. *v. t.* સુધારવું.
Between, Betwixt, } *prep.* વચમાં, માંહોમાંહે.
Beverage, *n.* પાન સરબત.
Bevy, *n.* ટોળું, જથ્થો.
Bewail, *v. t.* રડવું, શોક કરવો.
Beware, *v. i.* સાવધ-ખબરદાર રહેવું.

Bewilder, *v. t.* ગભરાવવું, બેશુદ્ધ કરવું.
Bewitch, *v. t.* મોહ પમાડવો, જાદુ કરવું.
Bey, *n.* તુર્કુસ્તાનમાં પ્રગણાનો હાકેમ.
Beyond, *prep.* ઉપરાંત, આગળ.
Bezel, *n.* વિંટીનું ખાનું-ઘર, પંચી.
Bezoar, *ad.* ઝેર ઉતારવાનું ઓષડ.
Bias, *n.* વલણ-પ્રવૃત્તિ, પક્ષપાતિ કરવી.
Bible, *n.* ખ્રિસ્તિ ધર્મ પુસ્તક
Biblicist, *a.* ખ્રિસ્તિ શાસ્ત્રમાં જે પ્રવિણ હોય તે.
Bibliomania, *a.* નવાઇના અને છત વિનાના પુસ્તક રાખવાની ઘેલાઈ.
Bibulous, *a.* શોષક, ચુસી લે એવું.
Bicipital, *a.* બે માથાવાળું.
Bicker, *v. i.* ટંટો-કટકટ કરવો, ખટપટ થવી.
Bicorn, *a.* બે શીંગડાંવાળું.
Bid, *v.t.* આજ્ઞા કરવી. *n.* લિલામમાં કીમત આપવી તે.
Bidder, *n.* માગણી કરનાર, વધનાર.
Bide, *v. i.* રહેવું, વસવું.
Bidental, બે દાંતવાળું.
Biennial, *a.* બે વર્ષ સુધી ચાલનારૂં, બે વર્ષમાં એકવાર થનારૂં.
Bier, *n.* ઠાઠડી, મુડદાની ગાડી.

Biestings, ગાયનું ખરેડું.
Bifurcated, બે શાખાવાળું.
Big, *a.* મ્હોટું, મગરૂર, જાભણી.
Bigamy, *n.* બે બાયડી--બે ધણી કરવા.
Bigness, *n.* મોહોટાઇ, મહત્વ.
Bigot, *n.* સ્વમતાભિમાની, ધર્માન્ધ, જનુની.
Bigotry, *n.* મતાભિમાન, ધર્માન્ધપણું.
Bile, *n.* પિત્ત.
Biliary, *a.* પિત્તનું.
Bilious, *a.* પિત્તવાળું, પિત્ત સંબંધી.
Bilge, *n.* પીપનો વચલો ભાગ--પેટું. [પાણી.
Bilgewater, *n.* ગાબડું પડવાથી વ્હાણમાં આવેલું
Bill, *n.* ચાંચ, કરજે માલ લીધેલાની ચીઠ્ઠી, સાટાંખત, દાતરડું. *v. i.* ચાંચેચાંચ મેળવવી.
Billet, *n.* ચિઠ્ઠી, લાકડાનું છોડું.
Billiards, *n. plu.* દડા અને લાકડીની એક રમત.
Billion, *n.* મહાપદ્મ.
Billow, *n.* ભારે ઉંચી છોળ.
Bin, *n.* કોઠાર, પીપ.
Binary, *a.* બે, બેવડું.
Bind, *v. t.* બાંધવું, પેટ કબજ કરવું.

Binder, *n.* જિલદબંધ, પાટો.
Binding, *n.* બાંધણી, ચોપડીનું પુઠું.
Binnacle, *n.* વહાણમાં હોકાયંત્ર રાખવાની પેટી.
Binocular, *a.* બે આંખવાળું, બે નળીવાળું.
Binomial, *a.* બે પદવાળું, દ્વિપદ.
Biography, *a.* જન્મ વૃતાંત—ચરિત્ર.
Biped, *n.* બેપગું જનાવર, દ્વિપદ પ્રાણી.
Bipetalous, *a.* બે પાંદડીનું.
Birch, એક જાતનું ઝાડ.
Bird, *n.* પક્ષી, પંખી.
Bird-catcher, *n.* વાઘરિ.
Birdlime, *n.* પક્ષી પકડવાનો એક ચિકણો પદાર્થ.
Birth, *n.* ઉપજ, જન્મ, ખાનદાન.—day, *n.* જન્મ-દિવસ, વર્ષગાંઠ, સાલગરી.—place, *n.* વતન, જન્મભૂમી.—right, જન્મ પામ્યાથી જે હક્ક મળેછે તે.
Biscuit, *n.* ઘઉં, ઇંડું, ખાંડ માખણ વગેરેની બનાવેલી રોટલી, બિસકિટ.
Bisect, *v. t.* બે સરખા ભાગ કરવા, દુભાગવું.
Bishop, *n.* ધર્માધ્યક્ષ, ધર્માધિકારી.
Bishopric, *n.* ધર્માધ્યક્ષનો હોદ્દો.
Bissextile, *n.* જે વર્ષ ફેબ્રુઆરી મહીનામાં એક દિ-

વસ વધારવામાં આવે છે તે વર્ષ. [આવે છે તે.
Bit, *n.* કટકો, જેઉબી, ઘોડાના મોહોડામાં મુકવામાં
Bitch, *n.* કુત્રી.
Bite, *n.* બચકું. *v. t.* કરડવું, નિંદા કરવી.
Bitter, *a.* કડવું, કઠોર.
Bittern, *n.* એક જાતનું બગલા જેવું પક્ષી.
Bitterness, *n.* કડવાસ, કલેશ.
Bitumen, *n.* નખતેલ.
Blab, *v. t.* છાની વાત ઉઘાડી કરવી. *v. i.* બકવું.
Blabber, *n.* જેના પેટમાં વાત રહે નહીં તે, બહુબોલું.
Black, *a.* કાળું. *v. t.* કાળું કરવું.—amoor, *n.* હ-બસી, સિધી.—art, જાદુ, મેલી વિદ્યા.—en, *v. t.* કાળું કરવું, કાળો રંગ દેવો, બીગાડવું.—board, *n.* નિશાળમાં જે પાટીઆ ઉપર છોકરાંને હિસાબ વીગેરે જે શીખવવામાં આવે છે તે કાળું પાટીઉ.—cattle, *n.* ઢોર, બળદ, ગાય ઇત્યાદિ.—guard, *n.* લુચ્ચો, ખંદો.—hole, *n.* અંધારી કોટડી.—ing, *n.* જોડા કાળા કરવાની સાહી.—ish, *a.* કાળાશપર.—lead, *n.* જે ખનીજ પદાર્થની પેનસીલ બને છે તે.—leg, *n.* નામીચો, જુગારી, ઠગ.—smith, *n.* લુહાર.
—wood, *n.* સિસમ.

Bladder, *n.* પેશાબની કોથળી, ફુક્કો.
Blade, *n.* તણખું, સલી, પાનું.
Blain, *n.* ફોલ્લો, ફોડ્યો.
Blamable, *a.* ઠપકા લાયક, દોષ પાત્ર.
Blame, *n.* ઠપકો, દોષ. *v. t.* દોષ દેવો.—less, *a.* નિર્દોષ, નિરપરાધી.
Blanch, *v. t.* ઉજળું કરવું, છોલવું.
Bland, *a.* કોમળ, નમ્ર.
Blandish, *v. t.* લાડ લડાવવા, મીઠીમીઠી વાત કરવી.
Blandishment, *n.* મીઠીમીઠી વાત, ખુશામત, નખરાં.
Blank, *n.* કોરો કાગળ, ખાલી જગા.
Blanket, *n.* કામળ, ધાબળી.
Blaspheme, *v. t.* ઈશ્વરની નિંદા કરવી.
Blasphemy, *n.* ઇશ્વર નિંદા.
Blast, *n.* પવનનો ઝપાટો, કરમાઈ જાય તેમ કરવું, તોડી નાખવું.
Blaze, *n.* બળતું, ગડબડ.
Blazon, *v. t.* શણગારવું, જાહેર કરવું.
Bleach, *v. t.* નિખારવું. *v.i.* ઉજળું-સફેત થવું.
Bleak, *a.* થંડું, હવામાં ઉઘાડું પડેલું.
Blear-eyed, *a.* સુઝેલી આંખવાળું.
Bleat, *v. t.* બેં બેં કરવું.

Bleed, *v. i.* લોહી નીકળવું, ફસ ખોલવી.
Blemish, *n.* દોષ. *v. t.* બટ્ટો લગાડવો.
Blench, *v. t.* or *i.* હઠાવવું, પાછું હઠવું. [મળી જવું.
Blend, *v. t.* મેળવવું, એકંદર કરવું. *v. i.* એકઠું થવું,
Bless, *v. t.* કલ્યાણ કરવું, આશીર્વાદ દેવો.
Blessed, *a.* સુખી, કુશળ.
Blessing, *n.* કલ્યાણ, દુવા, કૃપા.
Blight, *n.* ઝાડ મરી જાય અથવા તેનાં પાતરાં વગેરે ખરી પડે તેવો તેને થતો એક મરજ—સળો. *v.t.* બાળી નાંખવું.
Blind, *n.* પડદો, અંધારી. *a.* આંધળું. *v. t.* આંધળું કરવું.—fold, *a.* આંખે પાટો બાંધેલું, હૈયા ફુટું. *v. t.* આંખે પાટો બાંધવો.—man'sbuff, આંખે પાટો બાંધીને બીજા રમનારને પકડવાની રમત, દહીંનો ઘોડો.—ly, *ad.* આંધળાની પેઠે.—ness, *n.* અંધાપો, અજ્ઞાનપણું.
Blink, *v. t.* અખડા કરવા, આંખ ચુંચળી કરી જોવું.
Bliss, *n.* સુખ—આનંદ.—ful, *a.* પરમસુખી, આનંદી.
Blister, *n.* ફોલ્લો, ફુલ્લા ઉઠવાને મારેલી પટી.
Blithe, *a.* આનંદી, હસમુખું.
Bloat, *v. i.* ફુલવું.

Block, *n.* મોહોટો પથ્થર,પથ્થરનો ભાઈ ભમરડો, ચિત્ર કોતરવાનું લાકડું. *v. t.* અડચણ કરવી, બંધ કરવું.
Blockade, *n.* ઘેરો.
Block-head, અનાડી, મુંઢ.
Blonde, *n.* ગોરી સ્ત્રી.
Blood, *n.* લોહી, વંશ.—heat, *n.* લોહીના જેટલી ગરમી.—hound, *n.* એક તિક્ષણ સુંઘવાની શક્તિવાળો કુતરો.—shed, *n.* રક્તપાત, ખુનરેજી. —shot, *a.* લોહીથી ભરેલી, લાલચોળ.—thirsty, *a.* લોહીનું તરસ્યું, ખુની.—y, *a.* ખુની, લોહીયાળું.
Bloom, *n.* તરૂણાવસ્થા. *v.i.* ખીલવું.
Blooming, *a.* ખીલતું, લાલીવાળું.
Blossom, *n.* મોહોર. *v. i.* ફુલવું.
Blot, *n.* ડાઘ, ડપકો, બટ્ટો. *v. t.* ડાઘ લગાડવો.
Blotch, *n.* ગુમડું.
Blow, *n.* ઝપાટો, ઘા. *v.t.* ફુંકવું. *v.i.* પવન વાહાવો.
Blubber, *n.* મગરમચ્છ અને બીજા દરીઆઇ પ્રાણીની ચરબી, ચેહેરો બદલાઇ જાય એવી રીતે રોવું.
Bludgeon, *n.* ડાંગ. [રથુથુ.
Blue, *a.* આસમાની, ભણેલી સ્ત્રી.—vetriol, *n.* મો-
Blunder, *n.* ચુક, ગોથું. *v. i.* મોટીભૂલ કરવી.

Blunderbuss, *n.* એક જાતની બંદુક.
Blunt, *a.* બુઠ્ઠુ, બોથડ, બે અક્કલ. *v. t.* બુઠ્ઠું કરવું.
Blur, *n.* ડાઘો, ડપકો. *v. t.* ડાઘો પાડવો.
Blurt, *v. i.* ઝડપથી બોલવું, લપલપ કરવું.
Blush, *n.* શરમ. *v. t.* શરમથી ફીકું પડવું.
Bluster, *n.* સુસવાટો, ગડબડ.
Boa-constrictor, *n.* અજગર.
Boar, *n.* ડુક્કર, સુવર. [યું જડવું.
Board, *n.* પાટીયું, જમણ, પંચ, વાહાણ. *v. i.* પાટી-
Boarding-house, *n.* વીશી.
Boast, *n.* ગર્વ. *v. t.* ગર્વ—બડાઇ મારવી.
Boat, *n.* હોડી.
Boating, *n.* હોડીમાં બેસીને સેહેલ કરવી તે.
Boatman, *n.* ખલાસી, ખારવો, હોડીવાળો.
Boatswain, *n.* સરંગ.
Bob, *v. i.* ઝુલવું, લબડવું, દોરીને છેડે લટકતી વસ્તુ.
Bobin, *n.* દોરો વિંટાળવાનું ચાટરડું.
Bobtail, *n.* ટુંકી પુંછડી.
Bode, *v. t.* અગાઉથી સૂચવવું, શુકન—અગમચેતી આપવી.
Bodice, *n.* કાંચળી, ચોળી—બેડી.
Bodkin, *n.* સોઇઓ.

Body, *n.* શરીર, દેહ, પદાર્થ, મંડળી.

Body-guard, *n.* અંગરક્ષક, હજુરી માણસ.

Bog, *n.* ખાબોચીયાની જગ્યા.

Boggle, *v. i.* ઢચુપચુ મન રાખવું, ખંચાવું.

Bogle, *n.* બીવરાવવાને વાસ્તે કલ્પેલો આકાર, હાઊ.

Boil, *n.* ફોલ્લો. *v. t.* ઉકાળવું, સીજવવું. *v. i.* ખદબદવું.

Boiler, *n.* ઉકાળવાનું વાસણ.

Boisterous, *a.* તોફાની, ઊંચા સ્વરનું.

Bold, *a.* સુરો, છાતીવાળો.—ness, *n.* શૌર્ય, છાતી.

Bolster, *n.* તકિયો. *v. t.* ટેકો આપવો.

Bolt, *n.* બાણ, ભાલો, ભુંગળ, વિજળી. *v. t.* આગળો દેવો. *v. i.* ઝડપથી નીકળી આવવું.

Bolus, *n.* (ઓસડની) મોટી ગોળી.

Bomb, *n.* છરાનો ગોળો.

Bombard, *v.t.* છરાના ગોળાનો મારો ચલાવવો.—ier, *n.* ગોલંદાજ.—ment, *n.* છરાના ગોળાનો માર.

Bombast, *n.* ખાલી-બલબકાદાર ભાષણ.

Bombastic, *a.* મોટા મોટા શબ્દનું-ખાલી.

Bond, *n.* બાંધણ, બંધ, દસ્તાવેજ, બેડી-સાંકળ.—age, *n.* ગુલામગીરી.—maid, *n.* દાસી, લોંડી.—man

n. દાસ, ગુલામ.—sman, *n*. જમીન-હામીદાર.
Bone, *n*. હાડકું, હાડકી.
Bonfire, *n*. લૌકિક આનંદ જણાવવા સળગાવેલો અગ્નિ.
Bonnet, *n*. ઇંગ્રેજી ઓરતો પહેરે છે તે ટાપી.
Bonney, *a*. ખુબસુરત. [બક્ષીસ.
Bonus, *n*. ભાગીદારોને તેઓના ભાગ ઉપર અપાતી
Bony, *a*. હાડકાંવાળું.
Booby, *n*. ઢાંડો, મૂર્ખ.
Book, *n*. ચોપડી. *v. t*. ચોપડીમાં લખવું, ચોપડામાં લખવું.—binder, *n*. ચોપડી બાંધનાર.—ish, *a*. ચોપડીમાં વાંચ વાંચ કરનાર.—keeping, *n*. નામું.—oath, *n*. ધર્મ ગ્રંથના સમ. (ઘણું કરીને બૈબલના.)—worm, *n*. ચોપડીને સડો લગાડનાર ઉધાઇ, પુસ્તક વ્યસની. [થવો.
Boom, *n*. ઊંડો અવાજ, ગર્જના. *v. i*. ઊંડો અવાજ
Boon, *n*. બક્ષીસ. *a*. આનંદી.
Boor, *n*. ગામડીઓ, અણસમજુ માણસ.
Boot, *n*. જોડો. *v. t*. નફો થવો.
Booth, *n*. ઝુંપડું, તકલેદી ઘર.
Booty, *n*. લુંટ.
Bo-peep, *n*. છોકરાંની રમત.

Borax, *n.* ટંકણખાર, ખડીઓખાર.
Border, *n.* કીનારો. *v. t.* મગજી મુકવી.
Bore, *n.* કાણું, છીદ્ર. *v. t.* વિંધવું.
Borer, *n.* વિંધનારો, વિંધનાર, સારડી.
Boreas, *n.* ઉત્તર તરફનો થંડો પવન. [છે તે.
Borough, *n.* જે ગામ પારલામેન્ટમાં સભારાસ મોકલે
Borrow, *v. t.* ઉછીનું લેવું.
Bosh, *n.* ખાલી માલ વિનાની વાત-બેવકુફી.
Bosom, *n.* છાતી.
Boss, *n.* બુટ્ટો, નકશી.
Botanic, *a.* ઝાડપાનને લગતું, વનસ્પતિ વિદ્યાસંબંધી.
Botany, *n.* વનસ્પતિ વિદ્યા, ઉદ્ભિજ્જ વિદ્યા.
Botanise, *v. i.* વનસ્પતિને વિદ્યાના અભ્યાસને સારૂ
 વનસ્પતિ ખોળી એકઠી કરવી.
Botch, *n.* ફોલ્લો, થિગડું.
Both, *a.* બન્ને, પણ.—er, *v. i.* માથું ખાઈ જવું, ગભરાવવું.
Botheration, *n.* માથાફોડ, કંટાળો. [ટો મારવો.
Bottle, *n.* શીશી, બાટલી. *v. t.* શીશીમાં ભરીને દા-
Bottom, *n.* તળિયું, છેડો.—less, *a.* અથાગ, અગાધ.
Bough, *n.* ડાળી, શાખા. [પથ્થર.
Boulder, *n.* પાણીની માંહે ઘસાઇ જઇ ગરક થયેલો

Bounce, *v. i.* કુદી પડવું. *n.* છલંગ.
Bound, *n.* હદ. *a.* જનારૂં. *v. t.* હદ બાંધવી, કુદવું.
Boundary, *n.* સીમા.
Bounden, *a.* આવશ્યક, જરૂરનું.
Boundless, *a.* અપાર, બેસુમાર.
Bountiful, *a.* ઉદાર, સખી.
Bounty, *n.* ઔદાર્ય, સખાવત.
Bouquet, *n.* ફુલનો ગોટો, કલગી.
Bourn, *n.* સીમા, હદ.
Bout, *n.* ખેપ, ફેરો.
Bovine, *a.* ગાય-બળદ સંબંધી.
Bow, *n.* કામઠું, ધનુષ્ય.
Bow, *n.* નમસ્કાર. *v. t.* વાકું વળવું, નમસ્કાર કરવો.
Bowels, *n. pl.* આંતરડાં, દયા.
Bower, *n.* માંડવો, કુંજ.
Bawie-knife, *n.* ખંજર.
Bowl, *n.* વાટકો, પ્યાલો.
Bowler, *n.* દડો ફેંકનાર.
Box, *n.* પેટી, દાબડી, કંડીયો.
Boxing, *n.* મુક્કામુક્કી, ઠોંસાઠોંસી.
Boy, *n.* છોકરો, છૈયો.—hood, *n.* બાળપણુ, બચપ-

ણુ.—ish, *a.* નાહાન-છોકરવાદિ.
Brace, *n.* પાટો, જોડ. *v. t.* સખત બાંધવું.
Bracelet, *n.* પોંચી, કડું.
Brach, *a.* શિકારી કુતરી.
Bracing, *a.* શક્તિદાયક, કૌવત આપનારૂં.
Bracket, *n.* કૌંસ. ( ) *v. t.* કૌંસ કરવો.
Brackish, *a.* ખારાશપર, જરા ખારૂં.
Brag, *v. i.* બડાઈ-શેખી મારવી. *n.* બડાઈ, ગર્વ.
Braggart, *n.* પતરાજી, બડાઈખોર.
Braggadocio, *n.* બડાઈખોર, ફુલણજી.
Braid, *n.* ગુંથેલો ચોટલો, અંબોડો. *v. t.* ગુંથવું.
Brain, *n.* મગજ, બુદ્ધિ.
Brain-pan, *n.* ખોપરી.
Brake, *n.* ઝાડી, સણ નરમ કરવાનું ઓજાર.
Bramble, *n.* કાંટાનું ઝાડ.
Bran, *n.* થુલું, કુશકી, ભુસું.
Branch, *n.* ડાળી, ડાખળી, શાખા.
Branchy, *a.* ગટાવાળું, ઘણી ડાળીવાળું.
Brand, *n.* બળતું લાકડું, ડાઘ. *v. t.* ડામદેવો, બટ્ટો લગાડવો.—new, *a.* નવું ને નવું, કોરૂં તે કડકડતું.
Brandish, *v. t.* પટા ખેલવા, આમતેમ ફેરવવું.

Brandy, *n.* એક જાતનો દારૂ.
Brasier, *n.* કણુસારો.
Brass, *n.* પિત્તળ, ઉદ્ધતાઇ.
Brat, *n.* છોકરૂં—બચ્ચું.
Bravado, *n.* બડાઈ—ફિશિઆરો. [ણસ. *v.t.* ટક્કર લેવી.
Brave, *a.* બહાદુર, છાતીવાળું. *n.* બહાદુર—લુચ્ચું મા-
Bravery, *n.* બહાદુરી, હિમ્મત.
Bravo, *n.* ખુની. *interj.* શાબાસ! ધન્ય છે.
Brawl, *n.* ટંટો, કજીયો. *v. i.* ટંટો—કજીયો—ગાળા-
ગાળી કરવી.
Brawn, *n.* શરીરનો માંસથી ભરેલો ભાગ, ભુંડનું માંસ.
Brawny, *a.* માંસવાળું જાડું, બળવાન. [ટું, વાટવું.
Bray, *n.* ગધેડાંનું ભુંકવું તે. *v. i.* ભુંકવું. *v. t.* કુટ-
Brazen, *a.* પિત્તળનું, બેશરમ.
Brazier, *n.* કણુસારો.
Breach, *n.* ભંજન, ઉલ્લંઘન, અણબનાવ.
Bread, *n.* રોટલી, રોટલો, ગુજરાન.
Breadth, *n.* પોહોળાઇ, પન્હો. [કળવું.
Break, *n.* ખાડો, ફાટફુટ. *v.t.* ભાગવું. *v.i.* ફુટી ની-
Breakage, *n.* ભાગવું તે, ભાગ્યાને માટે જે આપવા-
માં આવે છે તે.

Breaker, *n.* તોડનાર, મોજો, છોળ. [નારતો કરવો.
Breakfast, *n.* નારતો. *v. t.* નારતો કરાવવો. *v. i.*
Breakwater, *n.* પુરતો.
Breast, *n.* થાન, ધાઇ, અંતઃકરણ. *v. i.* સામા થવું.
—high, *n.* છાતી જેટલું ઉચું.—plate, *n.* છાતીનું બખતર.—work, *n.* છાતી જેટલી ઉચી મટોડી વગેરેની બનાવેલી ભીંત.
Breath, *n.* દમ, શ્વાસ, પ્રાણ, વિસામો, લ્હેર.
Breathe, *v. i.* દમ–શ્વાસ લેવો, વિસામો ખાવો.
Breathing, *n.* શ્વાસોશ્વાસ.
Breathless, *a.* થાકેલું, મુએલું.
Breech, *n.* ગાંડ, કુલા, ધગડા.
Breeches, *n. pl.* સુરવાલ, તંગિયો.
Breed, *n.* જાત. *v.t.* ઉત્પન્ન–પેદા કરવું, કેળવણી આપવી. *v. i.* ગર્ભ રહેવો.
Breeding, *n.* ઉત્પત્તિ, કેળવણી, સભ્યતા.
Breeze, *n.* પવનની લહેર, મંદવાયુ.
Breezy, *a.* જ્યાં પવનની લહેર આવતી હોય એવું.
Brethren, *n. pl.* જાતભાઈ.
Brevet, *n.* લશ્કરનો અમલદાર, જે અખત્યાર નામાવડે કોઇ લશ્કરી અમલદાર પોતાની ઉચી પદવીનો પ-

ગાર ખાય છે તે.
Brevity, *n.* ટુંકાપણું, સંક્ષેપ.
Brew, *v. t.* જવનો દારૂ બનાવવો.
Brewery, *n.* જવના દારૂ બનાવવાની જગા.
Bribe, *n.* લાંચ, રૂસવત. *v. t.* લાંચ આપવી [પની તે.
Bribery, *n.* રૂસવત આપવા લેવાની ચાલ, રૂસવત આ-
Brick, *n.* ઈંટ, પાઉં. *v. t.* ઈંટથી બાંધવું.
Brickbat, *n.* રોડું.
Bricklayer, *n.* કડિયો.
Bridal, *n.* લગ્નકાર્ય, *a.* લગ્નસંબંધી.
Bride, *n.* તરતની પરણેલી સ્ત્રી, કન્યા.
Bridegroom, *n.* વરરાજા, વર.
Bridesman, *n.* જાનૈયો.
Bridge, *n.* પૂલ, નાકની દાંડી. *v. t.* પૂલ બાંધવો.
Bridle, *n.* લગામ. *v. t.* લગામ ઘાલવી.
Brief, *a.* ટુંકું, સંક્ષિપ્ત. *n.* મુકરદમાનો લખી કાઢેલો સાર.
Brier, *n.* કાંટાવાળો છોડ, રાની ગુલાબ.
Brig, *n.* બેડોલી વહાણ.
Brigade, *n.* લશ્કરની મોટી ટુકડી.
Brigadier, *n.* લશ્કરની મોટી ટુકડીનો સરદાર.
Brigand, *n.* લૂટારો, ચોર.

Bright, *a.* ચળકતું, સ્વચ્છ, તિક્ષ્ણ.
Brighten, *v.t.* or *i.* તેજસ્વી કરવું–થવું, હુશિયાર કરવું.
Brightness, *n.* ચળકાટ, તિવ્રતા.
Brilliancy, *n.* ચળકાટ, નુર. [હીરો.
Brilliant, *a.* ચળકતું, ઝળકતું, મહોટું. *n.* પાણીદાર
Brim, *n.* કોર, કાંઠો. *v. i.* કાંઠા સુધી ભરેલું હોવું. *v. t.* કાંઠા સુધી ભરવું.—ful, *a.* ટંકોટંક ભરેલું, છલ્લાછલ.
Brimmer, *n.* છલ્લાછલ ભરેલો વાટકો.
Brimstone, *n.* ગંધક.
Brindled, *a.* કાબરચીતરૂં, પટાવાળું.
Brine, *n.* ખારૂં પાણી, દરિયો, આંસુ.
Briny, *a.* ખારૂં, દરિયાનું.
Bring, *v. t.* આણવું.
Brink, *n.* કાંઠો, કિનારો.
Brisk, *a.* ચપળ, ચંચળ, આનંદી.
Brisket, *n.* જનાવરની છાતી. [ઉભું થવું.
Bristle, *n.* જાડા વાળ. *v. t.* વાળ ઉભા કરાવવા. *v. i.*
Brittle, *a.* જલદીથી ભાગી જાય એવું નાજુક, બરડ.
Broach, *v. t.* સીક ભોકવી, મોં કરવું, પ્રગટ કરવું.
Broad, *a.* પોહોળું, વિશાળ.—cloth, *n.* બનાત.

--ness, *n.* પોહોળાઈ, પનો.—sword. *n.* પોહોળા પનાની તળવાર.
Brocade, *n.* કિનખાબ.
Broil, *n.* કજીયો, ટંટો, અણબનાવ. *v.t.* શેકવું, ભુજવું.
Broker, *n.* દલાલ.—age *n.* દલાલી, હકસાઈ.
Bronchial, *a.* કંઠને લગતું.
Bronchitis, *n.* કંઠને લગતી નળીયોનો સોજો.
Bronchocele, *n.* કંઠમાળા.
Bronze, *n.* તાંબુ.
Brooch, *n.* છાતીનું બટન.
Brood, *v. i.* સેવવું, ઉપર બેસવું. *n.* ઓલાદ, એક વેતરનાં બચ્ચાં.
Brook, *n.* વહેળીયુ, નાળું. *v. t.* સહન કરવું.
Broom, *n.* ઝાડુ, બુતારો, સાવરણી.
Broth, *n.* સેરવો.
Brothel, *n.* વેશ્યા-છિનાળવાડો.
Brother, *n.* ભાઈ, બંધુ, મિત્ર.
Brotherhood, *n.* ભાઈપણું, ભ્રાતૃત્વ.
Brother-in-law, *n.* સાળો, બનેવી, દિયેર, જેઠ.
Brotherly. *a.* ભાઈના જેવું, માયાળુ.
Brow, *n.*, ભમ્મર, ભવું, કોર, કિનાર.—beat, *v. t.* ભવાં અથવા ડોળા ચઢાવીને બોલવું.

Brown, *a*. ભુરૂં, તપખિરિયા રંગનું ભુરૂં. *v.t.* ભૂરૂં કરવું.
Brownstudy, *n*. વિચારમાં દેહનું ભાન નહીં રહેવું તે.
Browse, *n*. ઝાડનો કુમળો પાલો. *v. t.* or *i.* કુમળો કુમળો ભાગ ખાઇ જવો.
Bruin, *n*. રીંછનું એક નામ.
Bruise, *v. t.* છુંદવું, કુટવું. *n.* ચામઠું, ચાઠું.
Bruit, *n*. અફવા, ગપ. *v. t.* ગપ-અફવા ચલાવવી.
Brumal, *n*. શિયાળાનું, શિયાળા સંબંધી.
Brunette, *n*. ઘઉંવર્ણી સ્ત્રી.
Brunt, *n*. ઝપાટો, સપાટો.
Brush, *n*. લુગડાં સાફ કરવાનું એક સાધન, કુચડો. *v. t.* કુચડાવતી સાફ કરવું. —wood. *n*. ઝાડી.
Brusque, *a*. તોછડું, ઉતાવળું.
Brutal, *a*. પશુ સરખુ નિર્દય.
Brutality, *n*. નિર્દયતા, ક્રૂરતા.
Brute, *a*. જડ, જનાવર સરખો. *n*. પશુ, હેવાન.
Brutish, *a*. પશુના જેવું, નિર્દય. [તરિવું, ઠગવું.
Bubble, *n*. પરપોટો. *v. i.* પરપોટા થવા. *v. t.* છે-
Bubo, *n*. બદ.
Bubby, *n*. ધાઇ, થાન.
Buck, *n*. હરણો, મેંઢો, ફાંકડો,

Bucket, *n.* ડોલ, ફોસ, ગોળ. [તૈયારી કરવી.
Buckle, *n.* આંકડો, આંકડી. *v. i.* આંકડો ભેરવવો,
Buckler, *n.* એક જાતની ઢાલ, આંકડી ભેરવનાર.
Buckram, *n.* મીણુકપડ.
Bud, *n.* કળી. *v. i.* કળી ફુટવી.
Budge, *v. i.* ખસવું, હઠવું.
Budgero, *n.* સહેલ કરવા જવાની હોડી.
Budget, *n.* કોથળી, થેલી, અડસટાનો હીસાબ.
Buff, *n.* ભેંસ તથા બીજા જનાવરોનાં ચામડાં, આછો પિળો રંગ. *a.* આછા.
Buffalo, *n.* (male) પાડો, (female) ભેંશ. [દટ્ટા.
Buffer, *n.* રેલ ગાડીને બહાર પડતા જે ઢેકા હોય છે તે
Buffet, *n.* મુક્કી, ઠોંસો. *v. t.* મુક્કો મારવો.
Buffoon, *n.* વિદૂષક, રંગલો, જાુડણુ. [ખાવ, હાઉ.
Bug, *n.* માકણુ.—bear, *n.* કલ્પેલો બિહામણો દે-
Buggy, *n.* એક ઘોડાની હલકી ગાડી. *a.* માકણુથી ઉ-ભરાઈ જતું.
Bugle, *n.* રણુશિંગડું.
Build, *v. t.* બાંધવું, ઉભું કરવું.
Builder, *n.* મિસ્ત્રિ, ઘર બાંધનાર.
Building, *n.* બાંધણી, હવેલી, મકાન.
Bulb, *n.* કંદ, કાંદો.

Bulbous, *a.* કંદવાળુ–નું.
Bulge, *v. t.* વચ્ચેથી ઉપસી આવવું.
Bulk, *n.* કદ, ઘણો ભાગ.
Bulkhead, *n.* વહાણમાં કરેલો આંતરો.
Bulky, *a.* કદદાર, કદાવર.
Bull, *n.* ગોધો, સાંઢ, વષભરાશિ.
Bullbaiting, *n.* કુતરા પાસે ગોધાને ખીજવાવવો તે.
Bull-dog, *n.* એક જાતનો જોરાવર મોટા માથાનો કુતરો.
Bull's-eye, *n.* ગોળ ડોકા બારી.
Bullet, *n.* બંદુકની ગોળી. [કોઇપણ તરફની તાજી ખબર.
Bulletin, *n.* સત્તાધારી તરફથી બહાર પડેલો હેવાલ,
Bullion, *n.* સોના રૂપાની પાટ–લગડી.
Bullock, *n.* બળદ.
Bully, *n.* ધાંધલીઓ. *v. t.* ધાંધલ કરવી.
Bulrush, *n.* બરૂ અથવા નેતરની એક જાત.
Bulwork, *n.* કોટ, કિલ્લો, રક્ષણનું સાધન. [થડાવું.
Bump, *n.* ઢીમડું, મુક્કો. *v. t.* ટક્કર મારવી. *v. i.* અ-
Bumper, *n.* ભરપુર પ્યાલો.
Bumpkin, *n.* ગામડીઓ, રોચો.
Bun, પુરી, ચાનકી.
Bunch, *n.* લુમ, ઝૂમખું, જથ્થો. *v. i.* ઢેકો નીકળવો.
Bundle, *n.* ગાંસડી, બચકો. *v. t.* ગાંસડી બાંધવી.

Bung, *n.* પીપનો દાટો. *v. t.* દાટો મારવો.

Bungle, *v.t.* ઉંડભંગની માફક ગડબડીએ કામ કરવું. *n.* ઢંગ વિનાનું કામ.

Bungler, *n.* અનાડી, અણકિસબી કારીગર.

Bunker, *n.* મોટો કોઠાર, વખાર.

Bunting, *n.* વહાણના વાવટા બનેછે તે રંગબેરંગી પાતળું લુગડું.

Buoy, *n.* બોયું. *v. t.* તરતું રાખવું, આશ્રય-આધાર આપવો.

Buoyancy, *n.* હલકાપણું, ઉલ્લાસ.

Buoyant, *a.* તરતું, હલકું.

Bur, *n.* કાંટાદાર કોટલું.

Burden, *n.* બોજો. *v. i.* લાદવું, ભાર નાંખવો.

Bureau, *n.* કપડાં-કાગળ વિગેરે સામાન મુકવાની પેટી.

Burgess, *n.* પારલામેંટમાં મોકલેલાં કરબાનો પ્રતિનીધી.

Burglar, *n.* રાતની વખતે ખાતર પાડનાર.

Burglary, *n.* રાતની વખતે ખાતર પાડવાનો અપરાધ.

Burial, *n.* જમીનમાં દાટવું-ગાડવું તે.

Burlesque, *n.* હાસ્યકારક વાર્તા. *a.* હાસ્યજનક.

Burn, *n.* ડાહ્યમ. *v. t.* બાળી નાંખવું, ભુંજવું, *v. i.* બળવું, દાઝવું.

Burning, *n.* આગ, અગન, જુસ્સો, ધગધગવું.

Burning-glass, *n.* આગિયો કાચ.

Burnish, *v. t.* ઓપવું,શિકલ કરવી.*v.i.*ચળકતું થવું.
Burnisher, *n.* શિકલીગર, ઓપ ચઢાવનાર.
Burrow, *n.* દર, રાફડો. *v.t.* દર પાડી રહેવું.[મણુક.
Bursary, *n.* પાઠશાળાના વિદ્યાર્થીને માટે ઠેરવેલી ને-
Burst, *v.t.* ફોડવું, ઉઘાડવું. *v.i.* પોતાની મેળે જોરથી ફાટવું.
Burthen, *n.* બોજો, ભાર, વેઠ, *v. t.* લાધવું.
Bury, *v. t.* દાટવું, દફનાવવું, વીસારે મુકવું.
Bush, *n.* નાનું ઝાડ–ઝાડી.
Bushel, *n.* અનાજ વિગેરે ભરવાનું એક માપ.
Bushy, *a.* ભરાઉ, ગુચ્છાદાર.
Business, *n.* ધંધો, લેવડદેવડ, ફરજ.
Buskin, *n.* એક જાતના જોડા.
Bust, *n.* માથાથી તે છાતી સુધીનું માણસનું પુતળું.
Bustle,*n.*ધામધુમ, ખટપટ–ગડબડ.*v.i.*ધામધુમ કરવી.
Busy,*a.*ઉદ્યોગી,મહેનતુ, ધાલમેલીયું.*v.t.*ધંધે લગાડવું.
But, *prep.* સિવાય, વગર. *ad.*માત્ર.*conj.*પણ,પરંતુ.
Butcher, *n.* કસાઈ, ખુની. *v. t.* જીવ લેવો.—y, *n.* કસાઇવાડો, કાપાકાપી.
But-end, *n.* કોઇ પણ ચીજનો જાડો ભાગ.
Butler, *n.* સાહેબ લોકનું ખાવા પીવાનું ટેબલ ઉપર લાવી મૂકનાર, બૂટલેર.

Butt, *n.* નિશાન, જનાવરની ટક્કર. *v. i.* ટક્કર મારવી,
Butter, *n.* માંખણ. *v.t.* માંખણ લગાડવું.
Butterfly, *n.* પતંગીયું
Buttermilk, *n.* છાશ.
Buttery, *a.* માંખણ જેવું લીસું.
Buttock, *n.* કુલો, ઢગરો.
Button, *n.* બોરિયું, બોરિયું ભેરવવું.
Button-hole, *n.* બોરિયું ઘાલવાનું નાકું.
Buttress, *n.* ટેકો, પુશ્તો. *v. t.* ટેકો આપવો.
Buxom, *a.* રંગીલું, હસમુખું.
Buy, *v. t.* ખરીદ કરવું. *v. i.* લાંચ આપવી.
Buyer, *n.* ખરીદદાર.
Buzz, *v. i.* ગણગણવું.
By, *prep.* પાસે, નજીક, મુજબ.—end, *n.* ખાનગી કામ, સ્વાર્થ.—gone, *a.* ગયેલું, ગુજરેલું.—lane, *n.* ગલી, શેરી.—path, *n.* આડવાટ, ગલીકુંચી.—stander, *n.* પાસે ઉભેલું માણસ, તમાશગીર.—word, *n.* કહેવત, કાહાણી.

C.

C, ઇંગ્રેજીમુળાક્ષરનો ત્રીજો અક્ષર.

Cab, *n.* બે કે ચાર પઇડાંની ઘોડાગાડી.
Cabal, *n.* ફિતુરી ટોળી, તરકટ. *v.i.* છુપી ગસલત કરવી.
Cabalistic, *a.* ગુપ્ત, છાનું.
Cabbage, *n* કોબી
Cabin, *n.* નાની ઓરડી, રાવડી, વહાણમાં ઉતારૂને બેસવા ઉઠવાની ઓરડી.
Cabinet, *n.* એકાંત ઓરડી, મંતૃગ્રહ, મંત્રીમંડળ.
Cabinet-maker, *n.* ઈસકોતરીઓ, કબાટ—મેજ વગેરે બનાવનાર.
Cable, *n.* લંગર, દોર.
Caboose, *n.* વહાણમાંનું રસોડું.
Cabriolet, *n* (See Cab.)
Cackle, *v. i.* હંસ અથવા મરઘાનું બોલવું, હીહી હાહા કરવું.
Cacophony, *n.* કઠોર અવાજ.
Cactus, *n.* થુવેર, થોર.
Cad, *n.* જે માણસ આમનીબસ ગાડીને દરવાજે પૈસા લેવા ઉભો રહે છે તે, જાસુસ.
Cadaverous, *a.* મડદાં જેવું, બિહામણું.
Caddy, *n.* ચા રાખવાની પેટી.
Cadence, *n.* ઉતરતો સ્વર, પડતો અવાજ.
Cadet, *n.* લશ્કરિ સણંદ મેળવવા સારૂં ચાકરીમાં રહેલો કોઇ એક પુરૂષ.
Cag, *n.* નાનું પીપ.

Cage, *n.* પાંજરૂં.
Cairn, *n.* પથ્થરનો ટેકરો.
Caitiff, *n.* હરામખોર, ચંડાળ. *a.* ચંડાળ, ઘાતકી.
Cajole, *v. t.* પટાવવું, ફોસલાવવું.
Cake, *n.* રોટલો, ભાખરી.
Calamitous, *a.* દુઃખદાયક, દુઃખ ભરેલું.
Calamity, *n.* વિપત્તિ, આફત.
Calcination, *n.* ભસ્મ કરવું તે, મારવું (ધાતુ).
Calcine, *v.t.* or *i.* ખાખ કરવી, ધાતુ મારવી.
Calculate, *v.t*, હિસાબ કરવો, અન્જમારા કહાડવો.
Calculation, *n.* અડસટ્ટો, સુમાર.
Calculus, *n.* પથરી (પીસાબમાં થતી.)
Caldron, *n.* દેઘ, ચરૂ.
Calefy, *v.t.* ગરમ કરવું.
Calendar, *n.* પંચાંગ, ટીપણું.
Calends, *n.pl.* રોમન લોકોમાં મહિનાનો શુદ્ધ પડવો.
Calf, *n.* (કાફ્) વાછરડું, પગનું ટેટું.
Calibre, *n.* તોપ કે બંદુકના મોહોડાનો વ્યાસ.
Calico, *n.* છીંટ.
Caligraphy, *n.* સરસ લેખ, સારા અક્ષર.
Caliph, *n.* ખલીફ.
Calisthenics, *n.* (કૅલિસ્થેનિક્સ્) કસરત.

Calix, *n.* ફુલનું દીટું-ડીચકું. [ઘાલવાં.
Calk, *v.t.* વહાણના સાંધામાં કાથાના દોરડાનાં છુછાં
Call, *v.t.* બોલાવવું, કહેવું. *n.* તેડું, હકતો.
Calling, *n.* ધંધો, રોજગાર.
Callous, *a.* કઠણ, આંટણ પડેલું, નિર્દય.
Callow, *a.* પિંછા વગરનું.
Calm, *n.* પવન ન હોય એવી હાલત, શાંતિ. *a.* શાંત, સ્થીર. *v.t.* શાંત-નરમ કરવું.—ly, *ad.* શાંતપણે, ઠંડાસથી.—ness, *n.* શાંતપણું, સ્થીરતા.
Calomel, *n.* પારાની માત્રા.
Caloric, *n.* ઉષ્ણતા, ગરમી.
Calorific, *a.* ગરમી પેદા કરે એવું, ઉષ્ણતાજનક.
Calumniate, *v.t.* આળ મુકવું, નિંદા કરવી.
Calumny, *n.* આળ, તહોમત, નિંદા.
Calvary, *n.* જે ટેકરી ઉપર ઈશુખ્રિસ્તને વધસ્તંભ ઉપર ચઢાવ્યો હતો તે.
Calve, *v.i.* (કાવ્) જણવું, વિહાવું.
Calx, *n.* કળીચુનો, ધાતુની ભસ્મ.
Cambric, *n.* એક જાતનું ઝીણું સુતર કે શણનું લુગડું.
Camel, *n.* ઉંટ, સાંઢણી.—opard, *n.* જીરાફ.
Camera-obscura, *n.* ચિત્ર કાઢવાનું યંત્ર.
Camp, *n.* (કૅમ્પ) છાવણી, સ્વારીનો મુકામ.

Campaign, *n.* મેદાન, સ્વારી.
Camphor, *n.* કપૂર.
Can, *n.* પ્યાલો, કટોરો. *v.i.* શકવું, શક્તિવાન હોવું.
Canaille, *n.* સૌથી નીચ લોક, ગામનો ઉતાર.
Canal, *n.* નેહેર, નળ (શરીરના).
Canary, *n.* કેનારી ટાપુનો દારૂ.—bird, *n.* મેના.
Cancel, *v.t.* રદ કરવું, છેકવું.
Cancer, *n.* કરક રાશી, કરચલો, ખરજવું (રોગ છે).
Candid, *n.* નિષ્કપટ, ભોળો, ન્યાયી.
Candidate, *n.* ઉમેદવાર.—ship, *n.* ઉમેદવારી.
Candle, *n.* મીણ-મોમ બત્તી, દીવો.—mass, *n.* બીજી ફેબ્રુઆરિ (નો દિવસ).—stick, *n.* શમેદાની.
Candour, *n.* નિષ્કપટપણું, ન્યાયીપણું.
Candy, *v.t.* ખાંડ-ચાસણી પાવી, ગાંગડા બાઝે એવું [કરવું.
Cane, *n.* નેતર, સોટી. *v.t.* નેતર મારવી-વારવી.
Canine, *a.* કુતરાના જેવું હડકાયું.
Canister, *n.* ડબ્બો, દાબડો.
Canker, *n.* ઝાડને લાગતો સબો, મોંમાં થએલી ચાંદી.—worm, *n.* (—ઉવર્મ)સબાનો કીડો.
Cannibal, *n.* મનુષ્યાહારી માણસ, રાક્ષસ.
Cannibalism, *n.* મનુષ્યાહારીપણું.
Cannon, *n.* તોપ.

Cannonade, *n.* તોપનો માર. *v. t.* તોપનો માર ચ- [લાવવો.
Cannoneer, *n.* ગોલંદાજ.
Cannot, *v.i.* શકવું નહીં, ન શકવું.
Canoe, *n.* હોડી, કોટીઉં.
Canon, *n.* કાયદો—નિયમ, કાનુન.
Canonise, *v. t.* સંતની પદ્દીમાં દાખલ કરવું.
Canopy, *n.* છત્ર, ચંદરવો.
Canteen, *n.* લશ્કરી સિપાઈને દારૂ અથવા બીજું કાંઈ ભરવાનું વાસણ, છાવણીમાં નેરતીની દુકાન.
Canter, *n.* ધીમી ચાલ.
Canticle, *n.* ટુંકુ ગીત.
Canto, *n.* કાવ્યનો ભાગ. સર્ગ.
Canton, *n.* પરગણું, જીલ્લો.
Cantonment, *n.* છાવણી.
Canvas, *n.* કંતાન નામનું જાડું કપડું, ભરત ભરવાનું ચોકડીદાર કપડું, વહાણના સઢ. [વવા.
Canvass, *v.t.* તકરાર કરવી, તપાસ કરવી, મત ઉઘરા-
Caoutchouc, *n.* રબ્બર.
Cap, *n.* ટોપી, મથાળું. *v. t.* માથુ ઢાંકવું.
Capability, *n.* યોગ્યતા, શક્તિ.
Capable, *a.* શક્તિવાન, કાબેલ, યોગ્ય.
Capacious, *a.* વિસ્તીર્ણ, વિશાળ.—ness, *n.* વિસ્ત•

ણુતા, સમજવાની મોટી શક્તિ.

Capacity, *n.* માપ, પરિમાણુ, ગુંજાસ, ગજું.

Capapie, *n.* માથાથી તે પગ સુધી.

Caparison, *v. i.* ઘોડાના સામાન ઉપર નાંખવાનું સરસ લુગડું, ઉમદા પોશાક.

Cape, *n.* ભૂશિર, ભૂશ્નાકા.

Caper, *v. i.* કૂદવું, ઉછળવું.

Capillary, *a.* વાળ જેવું ઝીણું.(Attraction) કેશાકર્ષણ.

Capital, *n.* રાજ્યધાની, મુદ્દલ, થાંભલાનો સૌથી ઉપલો ભાગ, અમુખ્ય-ફાંસી દેવા લાયક.

Capitalist, *n.* પૈસાદાર, મુડી કાઢનાર.

Capitation, *n.* શિરગણત્રી.—tax, *n.* માથાવેરો.

Capitol, *n.* રોમના કેપિટોલીનની ટેકરી ઉપરનું દેવળ.

Capitulate, *v. i.* શરત કરી તાબે થવું.

Capon, *n.* ખાશી મરઘો.

Caprice, *n.* તુરંગ, તોર.

Capricious, *a.* તુરંગી, લહેરી, ડેકાણા વિનાનું.

Capsicum, *n.* મરચું.

Capsize, *v. t.* ઉથલાવી દેવું, ઊંધું પાડવું.

Capstan, *n.* ભાર ઉપાડવાનું યંત્ર.

Capsule, *n.* બીજવાળી શીંગ, શીશીના બુચ ઉપર ચોડવાની મોરદાર ટોપી.

Captain, *n.* ફોજનો સરદાર, વહાણનો ઉપરી.
Captious, *a.* કજીઆખોર, તકરારી.
Captivate, *v. t.* કેદ કરવું, વશ કરવું.
Captive, *n.* લડાઇમાં પકડાએલો કેદી, કેદી.
Captivity, *n.* બંદી, કેદ.
Captor, *n.* કેદી પકડનાર.
Capture, *v. t.* પકડવું, કબજે કરવું. *n.* લુંટ.
Car, *n.* ગાડી, રથ.
Carat, *n.* ચાર ગ્રેનનું તોલ, ચોવિસ ઑંસ.
Caravan, *n.* વણજાર, કાફલો.
Caravansary, *n.* ધર્મશાળા, મુસાફરખાનું.
Caraway, *n.* અજમો.
Carbine, *n.* ઘોડેસ્વારને પાસે રાખવાની નાની બંદુક.
Carbon, *n.* એક તત્વ.
Carbonic-acid, *n.* એક ઝેરી હવા.
Carbuncle, *n.* પાઠું, માણેક.
Carcass, *n.* મડદું-શબ. (જનાવરનું).
Card, *n.* ગંજીફો, ચીઠી.
Cardamom, *n.* એલચી, ઈલાયચી.
Carder, *n.* ઉન પીંજનાર.
Cardinal, *n.* ધર્મગુરૂ તથા તેની પદ્વી, બાયડીને પેહે-
રવાની ટગલી. *a.* મુખ્ય.—points, *n.* ચાર મુખ્ય

દિશાઓ—પુર્વ, પશ્ચિમ, ઉત્તર, અને દક્ષિણ.

Care, *n.* સંભાળ, ફિકર, તાબો. *v. i.* ચીંતા કરવી.

Career, *n.* દોડ, સરતની જગા.

Careful, *a.* સાવધ, ખબરદાર, ચીંતાતુર.—ness, *n.* સંભાળ, કાળજી, ફિકર.

Careless, *a.* બેફિકરૂં, નચિંત, ગાફેલ.

Caress, *v. t.* લાડ લડાવવાં, હેત કરવું.

Caret, *n.* એક ચિન્હ. (∧).

Cargo, *n.* વહાણમાંનો માલ.

Caricature, *n* હાસ્યજનક ચિત્ર.

Caries, *n.* હાડકામાં સળો.

Carious, *a.* સળેલું.

Carmine, *n.* કીરમજી રંગ.

Carnage, *n.* કતલ, કાપા કાપી.

Carnal, *a.* વિષયી, કામી.

Carnation, *n.* માંસનો રંગ, છબીનો લુગડા વિનાનો ભાગ.

Carnelian, *n.* અકીક.

Carnivorous, *a.* માંસહારી-ખાનાર.

Carol, *n.* ગીત, રાગ સ્તોત્ર. *v. i.* સ્તોત્ર-ગીત ગાવું.

Carouse, *v. t.* આનંદમાં અછી તરેહથી દારૂ પીવો.

Carp, *v. t.* ખોડ-ખાપણ કહાડવી.

Carpenter, *n.* સુતાર.

Carpentry, *n.* સુતારકામ.
Carpet, *n.* શેત્રંજી, ગલિચો.
Carpetting, *n.* ગલિચા બનાવવાનો સામાન, શેત્રંજી વિગેરે પાથરવાની ચીજો.
Carriage, *n.* ગાડી, ભાડું, ચાલચલણુ.
Carrier, *a.* હેલકરી, વૈત્રો.
Carrion, *n.* કોહેલું-મુડદાલ માંસ.
Carrot, *n.* ગાજર.
Carry, *v.t.* લઇ જવું-ફાવવું.(મતલબમાં)વદ્દી ગણવી.
Carry-all, ચાર પૈડાની મોટી ઘોડાગાડી.
Cart, *n.* ગાડું, વેહેલ. *v. t.* ગાડામાં નાખી લઇ જવું. *n.* ગાડી ભાડું.
Carte, *n.* ખાધા ખરચનું બિલ. [કબુલત.
Carteblanche, *n.* કોરે કાગળે મતુ, વગર સરતની
Carter, *n.* ગાડીવાન.
Cartilage, *n.* કુમળું હાડકું. [ચિત્ર.
Cartoon, *n.* જાડા કાગળ ઉપર નમુના દાખલ કાઢેલું
Cartouch, *n.* } કારતુસ, બંદૂકનો ટોટો, તોસદાન.
Cartridge, *n.* }
Cartwright, *n.* ગાડાં બનાવનાર સુતાર. [કાપવું.
Carve, *v. t.* કોરવું, કોતરવું, જમવાની ટેબલ ઉપર
Cascade, *n.* પાણીના ધોધ-ધોધવો.

Case, *n.* ઘર, પેટી, મુકદ્દમો, વિભક્તિ, નાની દાબડી. *v.t.* ઘરમાં મુકવું.
Case-harden, *v. t.* ઉપરના પડને કઠણ કરવું.
Casement, *n.* બારી, જરૂખો.
Cash, *n.* નગદી; રોકડનાણું. *v. t.* વટાવવું.
Cashier, *n.* કિલીદાર, સરાફ. *v. t.* બરતરફ કરવું.
Cashew, *n.* કાજુ.
Cask, *n.* પીપ.
Casket, *n.* ઘરેણું રાખવાનો ડબ્બો-કંડીઓ.
Cassation, *n.* કાઢી નાખવું તે, રદ્દ કરવું તે.
Cassock, *n.* પાદરી લોકોને પહેરવાનો કુરતો.
Cast, *n.* ડોળ, ઢબ. *v. t.* નાખી દેવું.
Caste, *n.* જાત, જાતિ.
Caster, *n.* મેજ ખુરશી વિગેરે સામાનના પગ નિચે [નાનું પૈડું.
Casting vote, *n.* સરખે મતે હા ને ના પડેથી પ્રમુખે પોતાની મરજી પડે તે તરફ આપેલો મત.
Cast-iron, *n.* બિડ.
Castigation, *n.* શિક્ષા, ફટકા, દંડ.
Castle, *n.* કોટ, કિલ્લો, ગઢ.
Castle-building, *n.* શેખસલ્લિ સહી વિચાર કરવા તે.
Castor and Pollux, *n.* અશ્વિનીકુમાર.
Castor-oil, *n.* એરંડીઉ-દીવેલ.

Castrate, *v. t.* ખાશી કરવું, નામરદ બનાવવું.
Casual, *a.* વિશેષ કામસર-અકસ્માત, ઓચિંતુ.
Casually, *ad.* દૈવયોગે.
Casualty, *n.* દૈવયોગ, અકસ્માત બનાવ.
Casuistry, દોષાદોષ વિવેક.
Cat, *n.* બિલાડી, બિલાડો.
Cataclysm, *n.* ભારે રેલ-જળપ્રલય.
Catacomb, *n.* મુડદા દાટવાની ભોંય તળેની ગુફાઓ.
Catalepsy, *n.* તટસ્થવાયુ.
Catalogue, *n.* હાજરી પત્ર-નોંધ.
Cataract, *n.* પાણીનો ધોધવો, ફુલું, મોતિયો.
Catarrh, *n.* સળેખમ.
Catastrophe, *n.* આફત, વિપત્તિ.
Catch, *n.* પકડવું તે. *v. t.* પકડવું-ઝાલવું, ઉડવું.
Catching, *a.* મનોહર, મનોરંજક.
Catch-penny, *n.* માલ વગરનું-પૈસા કમાવા લખેલું.
Catch-word, *n.* છેલ્લો બોલ.
Catechise, *v. t.* સવાલ જવાબથી ભણાવવું,-ને સવાલ પુછવો.
Catechism, *n.* પ્રશ્નોત્તરાવળી,સવાલ જવાબની પોથી.
Catechu, *n.* કાથો, ખેરસાળ.
Category, *n.* વર્ગ, ભાગ, જાત.
Cater, *v. t.* ખોરાક પુરો પાડવો.

Caterer, *n.* મોદી, ખોરાક પુરો પાડનાર.
Caterpillar, *n.* કીડો.
Cat-eyed, *a.* માંજરો.
Catgut, *n.* પશુઓની તાંત.
Cathartic, *n.* રેચ, જુલાબ. *a.* રેચક.
Cathedral, *n.* દેવળ, યુરોપીયન લોકોનું મુખ્ય દેવળ.
Catheter, *n.* પીશાબની ઇંદ્રીમાં મુકવાની સળી.
Catholic, *n.* કેથોલિકધર્મ માનનારો.*a.* સર્વનું,ઉદાર.
Catoptrics, *n.* પરાવર્તન શાસ્ત્ર.
Catkin, *n.* સુગંધીફુળ.
Cattle, *n.* ઢોર. [ઉકાળો. *v. t.* કાવો કરવો.
Caudle, *n.* દારૂ, ઇંડાં, રોટલી, ખાંડ, મસાલા વિગેરેનો
Caul, *n.* પેટનો પડદો, ઓર, માથા ઉપર પહેરવાની જાળી-નેટ.
Cauliflower, *n.* ફુલકોબી, કાલી ફલાવર.
Causal, *a.* કારણદર્શક.
Cause, *n.* કારણ, દાવો, પક્ષ, ખાતર. *v. t.* ઉત્પન્ન કરવું.—less, *a.* અમથું, અકારણ. [રસ્તો.
Causeway, *n.* ભેજવાળી જમીન ઉપર બાંધેલો ઊંચો
Caustic, *n.* માંસ બાળી નાંખે એવું ઓસડ, માંસ બાળનારૂં.
Cauterize, *v. t.* ડહામવું, ડહામ દેવો.

Cautery, *n.* ડાહ્યામ. [રાખવું, ચેતાવવું.
Caution, *n.* સાવચેતી, હોંશીઆરી. *v. t.* હુંશીયાર
Cautious, *a.* હોંશીઆર, સાવધ.
Cavalcade, *n.* પાયગાની સ્વારી.
Cavalier, *n.* ઘોડેસ્વાર, છેલ, પહેલા ચાર્લસના વખતમાં રાજા અને રૈયત વચ્ચે લડાઇ થઇ હતી તેમાં રાજાનો પક્ષકાર.
Cavalierly, *ad.* તોરથી, મિજાજથી.
Cavalry, *n.* ઘોડેસ્વાર લશ્કર.
Cave, *n.* ગુફા, વિવર.
Caveat, *n.* સામા પક્ષનો પુરાવો લીધા વિના ચુકાદો નહી આપવો એવા મતલબની દરખાસ્ત, ચેતવણી.
Cavern, *n.* ગુફા, કોતર.
Cavil, *v. t.* નિંદા કરવી, ખોટા વાંધા લેવા.
Cavity, *n.* પોલાણ, ખાડો.
Caw, *v. i.* કાગડાની પેઠે કા-કા કરવું. *n.* કા કા.
Cease, *v.i.* બંધ પડવું, અટકવું, છેડો આવવો.—less, *a.* અખંડ, નિરંતર, હમેશનું.
Cedar, *n.* દેવદાર જાતનું એક ઝાડ.
Cede, *v. t.* સ્વાધીન કરવું, આપી દેવું.
Ceil, *v. t.* છાપરાને છત જડવી.
Ceiling, *n.* છત.

Celebrate, *v. t.* સ્તુતિ–તારીફ કરવી, વખાણવું, ઓ-
Celebrated, *a.* પંકાએલું, નામાંકિત. [સ્છવ કરવો.
Celebration, *n.* સ્તુતિ, ઓસ્છવ.
Celebrity, *n.* નામદારી, કીર્તિ, પ્રતિષ્ઠા.
Celerity, *n.* ઝડપ, વેગ, ઉતાવળ.
Celestial, *a.* સ્વર્ગવાસી, આકાશનું.
Celibacy, *n.* કુંવારાપણું, વાંઢાપણું.
Cell, *n.* નાની કોટડી, ભોંયરૂં, છીદ્ર.
Cellar, *n.* ભોંયરૂં. [રાનું ભાડું.
Cellarage, *n.* ભોયરૂં કરવાને ખોદેલો ખાડો, ભોંય-
Cement, *n.* વળગાડવાને બનાવેલી ચિકણી ચીજ, સ્ને-
હ. *v. t.* સાંધો પુરવો, દોરતીથી જોડવું.
Cemetery, *n.* કબરસ્તાન, મસાણ.
Cenobite, *n.* મઠમાં રહેનારો જોગી.
Cenotaph, *n.* ખાલી કબર, દેવડી, છત્તર.
Censer, *n.* ધુપદાન, ગુલાબદાની.
Censor, *n.* રોમન લોકમાં એક ધર્માધિકારી જે મિલ-
કતની નોંધ રાખતો અને તેના પ્રમાણમાં કર નાંખતો
અને લોકોની રીતભાત ઉપર દેખરેખ રાખતો.
Censorious, *a.* ખોડખાંપણ કાઢનાર, નિંદાખોર.
Censurable, *a.* દોષપાત્ર, દોષ કાઢવા યોગ [હુડવો.
Censure, *n.* ઠપકો, દૂષણ. *v. t.* ઠપકો દેવો, વાંક ક-

Census, *n.* વસ્તિ પત્રક, વસ્તિની ગણતરી.
Cent, *n.* સેંકડો, સો. percent દર સેંકડે.
Centaur, *n.* અડધે ભાગે નર અને અડધે ભાગે ઘોડો એવું કલ્પિત પ્રાણી.
Centenarian, *n.* સો વરસનું માણસ.
Centigrade, *n.* સો અંશવાળું. (Thermometer) એક જાતનું ઉષ્ણ માપવાનું યંત્ર.
Centeped, *n.* કાનખજુરો.
Central, *a.* મધ્ય, વચેનું, વચલું. [ક્ત્ર કરવું.
Centre, *a.* મધ્ય બિંદુ, ગોળનું મધ્ય બિંદુ. *v. t.* એ-
Centrifugal-force, *n.* મધ્યત્યાગી ગતિ.
Centripetal, *a.* કેન્દ્રાભિસરણ ગતિ.
Centuple, *a.* સોગણું, સોપર.
Centurion, *n.* રોમન લોકમાં સો માણસ ઉપર ઉપરિપણું ચલાવનાર એક લશ્કરિ અમલદાર.
Century, *n.* સેંકડો, સૈકો.
Cereal. *n.* અનાજ. *a.* અનાજ સંબંધી.
Cerebral, *a.* મગજ સંબંધી, મૂર્ધન્ય.
Cerecloth, *n.* મીણકપડ.
Ceremonial, *a.* વિધિ, સંસ્કાર સંબંધી.
Ceremonious. *a.* વિધિસંબંધી, વિવેકિ આચાર પ્રમાણે ચાલનારૂં.

Ceremony, *n.* ક્રિયા, આદરસત્કાર, રીતભાત.
Certain, *a.* નક્કી, મુકરર, અમુક.
Certainty, *n.* ખાત્રી, નિશ્ચયતા, ખાતરજમા.
Certificate, *n.* ખાત્રીપત્ર, માનપત્ર.
Certify, *v. t.* ખાત્રીપત્ર આપવું, જણાવવું.
Cerulean, *a.* વાદળી, આસમાની.
Cess, *v. t.* કર, વેરો. *v. t.* વેરો નાંખવો.
Cessation, *n.* અટકાવ, તેહેકુબી.
Cession, *n.* આપી દેવું, હસ્તગત કરવું તે.
Cesspool, *n.* ખાળકુવો. [*v. i.* તરફડવું.
Chafe, *v. t.* ચોળીને ગરમી ઉત્પન્ન કરવી, ખીજવવું.
Chaff, *n.* ભુસું, થુલું, ફોતરાં.
Chaffer, *v. i* માથાફોડ-ભાંજગડ કરવી.
Chafing-dish, *n.* શઘડી. [ડવવું.
Chagrin, *n.* રીસ, ઝાંઝ, ખેદ. *v. t.* કફા કરવું, ચી-
Chain, *n.* સાંકળ, સાંકળી, હાર, ગુલામી *v. t.* સાં-
કળ ઘાલવી, બેડી ઠોકવી.
Chair, *n.* ખુરશી, મુખ્ય જગા, અધ્યક્ષાસન.
Chaise, *n.* ગાડી, બગી.
Chaldron, *n.* કોલસા તોલવાનું એક વજન.
Chalice, *n.* પ્યાલો, પવાલું.
Chalk, *n.* ચાક, ખડી.

Challenge, *n.* લડાઇ માગવી તે. *v. t.* હોડ બકવી, કોઈનામાં ભાર-મગદૂર છે એમ કહેવું.

Chalybeate, *a.* લોઢાના ખારવાળું, લોઢા જેવા સ્વાદનું.

Chamber, *n.* ઓરડો, કોટડી, વેપારીની સભા, તોપની કોઠી.—maid, *n.* હજુરીઆણ, દાસી.

Chamberlain, *n.* પાદશાહના મેહેલનો વહીવટ ચલાવનાર કારભારી,

Chameleon, *n.* સરડો, કાચંડો.

Champ, *v. t.* ચાવવું, કરડીને ચુરો કરવો.

Champagne, *n.* 'ચંપીન' દારૂ.

Champaign, *n.* ચોગાન, મેદાન.

Champion, *n.* હિમાયતી, વીર, ઉપરાણું ખેંચનારો.

Chance, *n.* દૈવ, નશીબ. *v. i.* બનવું. *a.* દઇવયોગી.

Chancel, *n.* દેવળમાં હોમકુંડ અને કઠેરાની વચમાંની જગ્યા.

Chanceller, *n.* ખજાનચી, સદર દિવાન.

Chancery, *n.* પાર્લામેંટથી ઉતરતી અદાલત.

Chandeliar, *n.* ઝુંમર, ઝાડ (દીવાનું).

Chandler, *n.* ધંધો કરનાર, મીણબત્તિ બનાવનાર.

Change, *n.* ફેરફાર, ઉથલપાથલ. *v. t.* બદલવું, વટાવવું. *v. i.* ફરવું.

Changeable, *a.* ફેરફાર કરવા લાયક, ચંચળ.

Channel *n.* નેહેર, ખાડી, દ્વાર, મારફત.
Chant, *v. t.* ગાયન કરવું.
Chanticleer, *n.* કુકડો, મરઘડો.
Chaos, *n.* સૃષ્ટિ ઉત્પન્ન થવાની પેહેલાં સઘળી ચીજોની જે હાલત હતી તે; ઘુંચવણ.
Chap, *n.* છોકરો, બચ્ચો, ફાટ.
Chapel, *n.* દેવળ, દેહેરૂં. [ર માણસ.
Chaperon, *n.* આબરૂદાર સ્ત્રી જોડે રક્ષક તરીકે જના-
Chaplain, *n.* દેવળનો અધિકારી.
Chaplet, *n.* ફૂલનો હાર-તોરો, જપમાળા.
Chapter, *n.* પ્રકરણ, સ્કંધ, વર્ગ.
Char, *n.* એકાદુ કામ. *v. t.* બાળીને કોયલો કરવો.
Character, *n.* નિશાન, લિપિ, લક્ષણ. *v. t.* કોતરવું.
Characteristic, *a.* વિશેશ ગુણ-લક્ષણ દેખાડે તેવું.
Characterize, *v. t.* લક્ષણ-ગુણ કહેવો.
Charade, *n.* ઉખાણું, શબ્દ, સમસ્યા.
Charcoal, *n.* કોયલો, કોલસો. [કવું, કિંમત માગવી.
Charge, *n.* હવાલો, સોંપેલું કામ. *v. t.* તોહોમત મુ-
Charger, *n.* લઢાઈનો ઘોડો, થાળી.
Chariot, *n.* રથ, યુદ્ધરથ, ગાડી.
Charioteer, *n.* સારથી, ગાડીવાન.
Charitable, *a.* દયાળુ, ધાર્મિક, સખી.

Charity, *n.* દયા, ધર્મ, પરોપકાર.
Charlatan, *n.* ધૂતારો, ઊંટવૈદ.
Charm, *n.* મંત્ર, જાદુ. *v. t.* ભોળવી નાંખવું. —er, *n.* જાદુગર, ધંતરમંતર કરનાર. —ing, *a.* મોહક.
Chart, *n.* સમુદ્રનો નકશો, નકશો.
Charter, *n.* સનંદ, પટો. *v. t.* પટો આપવો.
Chary, *a.* કસરિયો. સાવચેત.
Chase, *n.* શિકાર. *v. t.* શિકાર કરવો.
Chasm, *n.* ચીરો, ફાટ.
Chaste, *a.* પવિત્ર, નિર્દોષ.
Chastise, *v. t.* શિક્ષા-દંડ કરવો.
Chastisement, *n.* શિક્ષા, દંડ.
Chastity, *n.* પવિત્રપણું, પતિવ્રતાપણું.
Chat, *n.* ગપ્પાં. *v. t.* ગપાટા હાંકવા.
Chattel, *n.* જંગમ મિલકત. *pl.* માલમતા.
Chatter, *v. i.* બકબકવું, લવારો કરવો. *n.* વાતોડો.
Chatterbox, વાતોડો, બકબકીયો.
Chatty, *n.* બકબકીઓ. [—en, સોંઘું કરવું.
Cheap, *a.* સસ્તું, સોંઘું. —ness, સોંઘાઈ, કિફાયત.
Cheat, *n.* ઠગાઈ, ફસાવનાર. *v. t.* છેતરવું.
Check, *n.* અટકાવ, અંકુશ. *v. t.* દાબમાં રાખવું, મના કરવી. —er, *v. t.* ચિત્ર વિચિત્ર કરવું.

Cheek, *n.* ગાલ. [આપવું, ખુશ કરવું.
Cheer, *n.* આનંદ, ખુશાલીનો પોકાર. *v. t.* ઉત્તેજન
Cheery, *a.* હસમુખો, આનંદી.
Cheese, *n.* પનીર, મડો.
Chemical, *a.* રસાયણ શાસ્ત્ર સંબંધી.
Chemise, *n.* ઇંગ્રેજી સ્ત્રીઓને અંદર પેહેરવાનું વસ્ત્ર.
Chemist, *n.* રસાયણ શાસ્ત્રી.
Chemistry, *n.* રસાયણ શાસ્ત્ર.
Cheque, *n.* નાણાં મેળવવાની ચીઠ્ઠી.
Cherish, *v. t.* પાળવું, ઉછેરવું, મનમાં રાખવું.
Cheroot, *n.* તંબાકુની બીડી.
Cherry, *n.* એક જાતનું ફળ. *a.* રાતું.
Cherub, *n.* દેવદૂત, ફરેસ્તો. —man, *n.* મોહોરૂં.
Chess, *n.* શેત્રંજ. —board, *n.* શેત્રંજનું પાટીઉં.
Chest, *n.* પેટી, પટારો, છાતી. [લાશ પડતું.
Chestnut, *n.* એક જાતનું ઝાડ તથા તેનું ફળ. *a.* લા-
Chevalier, *n.* ઘોડેસ્વાર, શુરવીર.
Chew, *v. t.* ચાવવું, વાગોળવું.
Chican, *n.* દાવપેચ, છળકપટ.
Chicken–Chick, *n.* મરઘીનું બચ્ચું.—hearted, *a.* બીહુકણ, બાયલો.—pox, *n.* અછબડા.
Chide, *v. t.* ઠપકો દેવો, ધમકાવવું.

Chief, *n.* સરદાર, આગેવાન. *a.* ઉત્તમ, શ્રેષ્ઠ. —ly, *ad.* મુખ્યત્વે કરીને.
Chieftain, *n.* સરદાર, આગેવાન.
Chilblain, *n.* ટાઢ વડે હાથપગ ફાટે છે તે.
Child, *n.* છોકરૂં, સંતાન.—bed, સુવાવડ.—birth, પ્રસવ.—hood, *n.* બચપણ, બાલ્યાવસ્થા. —ish, *a.* છોકરવાદ, નાદાન.—less, *a.* વાંઝીઓ, વાંઝણી. —like, બચ્ચાં જેવું, ભોળું.
Chilli, *n.* મરચું.
Chill, ઠંડી, ટાહ્રાડ. *a.* શીતળ, ઠંડું. [મેળવવો.
Chime, *n.* ઘંટ વિગેરેનો અવાજ, તાળ. *v t.* તાળ
Chimera, *n.* ખોટા તુરંગ.
Chimerical, *a.* વૃથા, સ્વપ્નવત.
Chimney, *n.* ધુમાડીઉં.
Chin, *n.* ડાચું, હડપચી.—cough, *n.* ઉટાટીઓ.
China, *n.* ચીનદેશ, ચીનાઈ વાસણ.
Chine, *n.* પશુની કરોડ.
Chink, *n.* ફાટ, ચીરો, ખણખણાટ. *v. t.* ખખડવું.
Chintz, *n.* છીંટ.
Chip, *n.* છોડીઉં. *v. t.* છોલવું, છોડીઆં પાડવા.
Chiromancy, *n.* હાથ જોવાની વિદ્યા, સામુદ્રિક.
Chirp, *v. i.* ચકચક કરવું, *n.* (પક્ષી).

Chisel, *n.* ફરસી, વિંધણું. [ડાકા.
Chit, *n.* બાળક, બચ્ચું, ચિઠી. —chat, *n.* ગપ, ત-
Chivalrous, *a.* બાહાદુર, ઉદાર.
Chivalry, *n.* ઘોડે સ્વારનો જથ્થો, વીરપણું. [ફોર્મ.
Chloroform, *n.* બેભાન કરવાનું એક ઓસડ, ક્લોરો-
Choice, *n.* મરજી, પસંદ કરેલી વસ્તુ. *a.* ઉત્તમ.
Choir, *n.* દેવળમાં ગાનારી મંડળી, કીરતનીઆ.
Choke, *v.t.* ગુંગળાવવું, શ્વાસ રૂંધવો.—damp, *n.* કુવા ટાંકાં વગેરેમાંની નુકસાનકારક હવા.
Choler, *n.* પિત્ત, ગુસ્સો, ક્રોધ.
Choleric, *a.* તામસી, ક્રોધી.
Cholera. *n.* કોગળીઉં, 'કોલેરા'.
Cholic, *n.* સૂળનો રોગ,
Choose, *v. t.* પસંદ કરવું, ચૂંટી કહાડવું.
Chop, *n.* કડકો. *v. t.* કાપવું.—ing knife, *n.* સૂડો.—ing stick, *n.* ચીના લોકોને ખાવાને માટે સળી રાખે છે તે.
Choral, *a.* ગાનારી મંડળીનું.
Chord, *n.* તાર, તાંત, જ્યા (ભુમિતીમાં).
Chorus, *n.* ગાનારી મંડળી.
Christ, *n.* ઇશુખ્રિસ્ત.
Christen, *v. t.* ખ્રિસ્તી કરવું, બાપ્તિસમાં આપવું.

Christendom, *n.* ખ્રિસ્ત જ્ઞાતિ, ખ્રિસ્તી.

Christianity, *n.* ખ્રિસ્તી ધર્મ.

Christmas, *n.* નાતાલ, ઈશુ ખ્રિસ્તના જન્મનો દિવસ.
—box નાતાલપર નજર કરવાની જણસો મુકવાની પેટી.

Chornic, *a.* ઘણા દહાડાનું, જુનું.

Chronicle, *n.* તવારિખ, આખ્યાન.

Chronology, *n.* કાળ ક્રમનો ઇતિહાસ.

Chronometer, *n.* કાળમાપકયંત્ર.

Chrysalis, *n.* કીડાનું ઘર.

Chrysolite, *n.* એક પથ્થર. (લશણિયો.)

Chubby, *n.* ટુંકું અને જાડું.

Chuckle, *v. t.* ગાલમાં-મૂછમાં હસવું.

Chum, *n.* એક કોટડીમાં રહેનારા સોબતીઓ. [રતાન.

Church, *n.* દેવળ, સાધુઓની મંડળી.—yard, કબર.

Churl, *n.* રેંગો, તોછડો માણસ. *a.* કંજુસ.

Churn, *n.* વલોવાનું વાગણ. *v. t.* વલોવવું.—staff, *n.* વળોણાનો વાંસ, રવૈઓ.

Chyle, *n.* અનરસ.

Chyme, *n.* પેટમાં લોંદો થયેલું અન્ન.

Cicada, *n.* તીડ.

Cicatrice, *n.* ચાંદુ, ચાઠું.

Cicatrize, *v. i.* or *t.* રૂઝવું, રૂઝવવું,
Cicerone, *n.* ભોમિયો માહિતગાર.
Cider, *n.* આપલ ફળનો રસ.
Cigar, *n.* બીડી, ચિરૂટ.
Cimmerian, *n.* અંધારૂં ઘોર.
Cinchona, *n.* એક જાતના ઝાડની છાલમાંથી ક્વીનાઈન બને છે તે.
Cincture, *n.* કમરપટો, ઘેરાવો.
Cinnamon, *n.* તજ.
Cipher, *v. i.* or *t.* મીડું. (૦) *v. t.* હિસાબ કરવો.
Circle, *n.* ગોળ–ગોળો, મંડળ. *v. t.* કુંડાળામાં ફરવું.
Circuit, *n.* ફેરો, સ્વારી.
Circular, *n.* જાહેર હુકમ.
Circulate, *n.* ગોળ ફરવું, એક હાથથી બીજે હાથ જવું. *v. t.* ફેલાવવું.
Circulation. *n.* ફેલાવો, ચલણ.
Circumambient, *a.* or *v. t.* ચોગરદમ ફરતું.
Circumcision, *n.* સુનતા.
Circumference, *n.* પરિઘ ઘેર.
Circumjacent, *a.* આસપાસનું.
Circumlocution, *n.* લાંબુ બયાન કરી બોલવું તે.
Circumnavigate, *v. t.* સમુદ્ર માર્ગ પ્રદક્ષણા કરવી.
Circumscribe, *v. t.* હદ બાંધવી.

Circumspect, *a.* ચોતરફ વિચાર કરનાર, સાવધ.
Circumspection, *n.* દુરંદેશો, સાવચેતિ.
Circumstance, *n.* વાત, બિના, લગતી હકિકત.
Circumstantial, *a.* સવિસ્તર, બારીક.
Circumvent. *v.t.* દગો દેવો,ઠગવું.—tion,*n.*ઠગાઈ.
Circumvallation, *n.* ફરતો કોટ કરવો તે.
Circus, *n.* કુસ્તિ. અખાડો, રંગભૂમિ.
Cistern, *n.* કુંડ, હોજ, ટાંકી.
Citadel, *n.* કિલ્લો, કોટ.
Citation, *n.* સમન, હુકમપત્ર.
Citizen, *n.* શેહેરી.
Citron, *n.* મીઠું લિંબુ.
City, *n.* શહેર, નગર.
Civet, *n.* જબાડી બિલાડી, જબાડી બિલાડીની કસ્તુરી.
Civil, *a.* લોક વહેવાર સંબંધી, આદરસભ્ય.—court, *n.* દીવાની કોરટ.
Civilian, *n.* દિવાની ખાતાનો સનંદી અમલદાર.—war, *n.* એક રાજ્યના લોકોમાં માંહોમાંહે લડાઇ.
Civility, *n.* સભ્યતા—સુજનતા.
Civilization, *n.* સુધારો.
Civilize; *v. t.* સુધારવું, રીતભાત શીખવવી.
Civilly, *ad.* સભ્યતાથી.

Clack, *v. i.* ટકટકવું, ખણખણવું.
Clad, *p. p.* Of clothe (See Clothe).
Claim, *n.* દાવો, હક. *v. t.* હક કરવો, દાવો કરવો.
Claimant, *n.* દાવો કરનાર.
Clamber, *v. i.* મહા મેહેનતે ચઢવું.
Clammy, *n.* ચીકણો.
Clamour, *n.* or *v.i.* બૂમ, શોર, દાદની બૂમ પાડવી.
Clamp, *n.* or *v. t.* ચાપડો, લાફો.
Clan, *n.* ટોળી, કુળ, ગોત્ર.—ish, *a.* એકસંપી—ship, *n.* એક સંપથી રહેવું તે.
Clandestine, *a.* ગુપ્ત, ચોરીનું.
Clang—Clank, *n*, ખણખણાટ. *v. i.* ખણખણવું.
Clap, *n.* ધડાકો, હાથની તાળી. *v. t.* તાળી પાડવી.
Claret, *n.* એક જાતનો દારૂ.
Clarify, *v. t.* સ્વચ્છ, નિર્મળ કરવું.
Clarion, *n.* રણશીંગડું, તુરઈ.
Clash, *n.* અવાજ ધક્કો. *v.t.* અથડાવવું.
Clasp, *v. t.* ભેટવું. *n.* ચાપડો, આલિંગન.—knife, *n.* હાથામાં ફળ વળે એવું ચપ્પું.
Class, *n.* વર્ગ. *v. t.* વર્ગ બાંધવો.
Classic, *a.* પ્રાચીન ઉત્કૃષ્ટ ગ્રંથ સંબંધી, શુદ્ધ.

Classify, *v. t.* વર્ગ બાંધવા. [અવાજ કરવો.
Clatter, *n.* ખણખણાટ-ખડખડાટ. *v. i.* ખણખણ
Clause, *n.* વાકયનો ભાગ, કાયદાની કલમ.
C ıvicle, *n.* ગર્દનનું હાડકું.
Claw, *n.* પંજા, નખ. *v. t.* પંજે મારવો.
Clay, *n.* મટોડી, માટી.
C. yey, *a.* માટીનું, માટી જેવું.
Clean, *a.* સાફ, સ્વચ્છ. *v. t.* સાફ-નિર્મળ કરવું.
Cleanliness, *n.* સુઘડતા, સ્વચ્છતા.
Cleanse, *v. t.* સાફ કરવું, માંજવું.
Clear, *a.* સાફ, ઉઘાડું. *v. t.* ચોખું કરવું.—sighted, *a.* દીર્ઘ દ્રષ્ટિવાળો.
Clearance, *n.* વહાણ હંકારવાને આપેલી પરવાનગી.
Cleave, *v.t.* ચીરવું, વળગી રહેવું.—r *n.* કસાઈનો છરો.
Cleft, *n.* ફાટ. *a.* ચીરાયેલું.
Clemency, *n.* દયા, કરૂણા.
Clement, *a.* દયાળું, કૃપાળું.
C.ench, *v. t.* મજબૂત પકડી રાખવું.
Clergy, *n.* પાદરીલોક.
Clerical *a.* પાદરી સંબંધી, લખવા સંબંધી.
Clerk, *n.* કારકુન.
Clever, *a.* હુંશિઆર, કુશળ.

Clew, *n.* દોરાની દડી, પત્તા, ભાળ.
Click, *n.* કટકટ, ઝીણો અવાજ. *v. i.* કટકટ થવું
Client, *n.* અસીલ, વકીલનું ઘરાક.
Cliff, *n.* ઉચી ખડક, કરાડ.
Climacteric, *n.* જીંદગીમાં અણીના સમય, શરીરના બાંધામાં ફેરફાર થાય છે એવા સમય.
Climate, *n.* હવાપાણી, દેશ.
Climb, *v. t.* ચડવું, ઉપર જવું.
Clime, *n.* દેશ, પ્રદેશ, પૃથ્વીનો ભાગ.
Clinch, *v. t.* સજ્જડ બેસાડવું-પકડવું.
Cling, *v. i.* વળગી-ચોંટી રહેવું.
Clinical, *a.* ખાટલે પડેલું, ખાટલા સંબંધી.
Clink, *v. i.* or *t.* ખણખણ કરવું.
Clip, *v. t.* કાપવું, કાતરવું.
Clique, *n.* શેતાન ટોળી, નાની ટોળી-ચોકડી.
Cloak, *n.* જભ્ભો, બાહાનું, પડદો. *v. t.* છુપાવવું.
Clock *n.* ઘડિઆળ. [—pate, *n.* ઠુચો, મૂર્ખો.
Clod, *n.* ઢેપું. —hopper, *n.* ગામડીઓ, રોંચો.
Clog, *n.* ફાંસો. *v. i.* લપટાવું, લાધવું.
Cloister, *n.* મઠ, એકાંત જગ્યા.
Close *n.* છેડો, સમાપ્તી. *a.* અડોઅડ, સાંકડું, નજીક. *v. t.* બંધ કરવું, ઘેરવું.—ness, *n.* સંકડાશ, સમીપતા.

Closet, *n.* એકાંત ઓરડી.
Cloth, *n.* કાપડ, કપડ.
Clothe, *v. t.* લૂગડાં પહેરાવવાં.
Clothes, *n.* પોશાક, વસ્ત્ર.
Cloud, *n.* વાદળું. *v. t.* ઢાંકી નાંખવું, ઝાંખું કરવું.
—capt, *a.* બહુ ઉંચું. વાદળને અડતું.
Cloudy *a.* વાદળાવાળું, અંધારૂં.
Clove, *n.* લવિંગ.
Cloven, *a.* ફાટેલું.
Clown, *n.* ગામડીઓ, વિદુષક.
Clownish, *a.* જંગલી, બેઅદબ.
Cloy, *v. t.* ઓકારી આવે ત્યાંસુધી ખવડાવવું, કંટાળો [આપવો.
Club, *n.* સોટો, મંડળી.—foot, *a.* ટુંકો બેડોળ પગ.
—law, *n.* અંધેર.
Cluck, *n.* સેવણ બેઠેલી મરધી જેવો અવાજ કરવો.
Clue, *n.* દોરાની દડી, પીલ્લું.
Clump, *n.* ઝાડની ઘણી ઘટા, ઝાડી.
Clumsy, *a* બેડોળ, અનાડી.
Cluster, *n.* લૂમ, ઝુમખો. *v. i.* લૂમ આવવી, એકઠું [થવું.
Clutch, *n.* સજ્જડ મૂઠી વાળવી.
Clyster, *n.* આંતરડા વાટયે પિચકારીથી મારેલી દવા.
Coach, *n.* રથગાડી.—man, *n.* ગાડીવાન, ચોધરી.

Coadjutor, *n.* મદદગાર, સાહ્યકારી.
Coagulate, *v. t.* or *i.* જમા થવું, એકઠું થવું.
Coal, *n.* કોયલો.
Coalesce, *v. i.* સાથે જોડાવવું, મળી જવું.
Coalition, *n.* સંયોગ, મેળાપ.
Coarse, *n.* જાડું, ખડબચડું, અસભ્ય, હલકું.
Coast, *n.* સમુદ્ર કિનારો. *v. i.* કાંઠે કાંઠે જવું.
Coasting trade, *n.* એક દેશના બંદરો વચેનો વેપાર.
Coat, *n.* ડગલો, અંગરખું.
Coax, *v. t.* પટાવવું, ફોસલાવવું.
Cob, *n.* ટોચ, શિરોમણી.
Cobbler, *n.* જોડા સાંધનાર.
Cobweb, *n.* કરોળિઆનું જાળું.
Cochinial, *n.* કિર્મજ. *a.* કિરમજી.
Cock, *n.* મરઘો, ત્રાજવાનો કાંટો, બંદુકનો ઘોડો.
—pit, મરઘડા લઢાવવાની જગ્યા. [પીછું.
Cockade, *n.* લશ્કરી અમલદારની ટોપી ઉપરની રીટ,
Cockatoo, *n.* કાકાકઉઆ.
Cockatrice, *n.* એક ભયંકર કલ્પિત સાપ.
Cockroach, *n.* વંદો.
Cockscomb, *n.* કલગી, ફાંકડો.
Cocoa, *n.* નાળિએરી, ચકલેટ નામના ઝાડના ફળનું બ-

નાવેલું એક પ્રકારનું પાન.
Cocoanut, *n.* નાળિએર, શ્રીફળ.
Cocoon, *n.* કીડાનો કોશેટો.
Cod, *n.* એક જાતની માછલી, શિંગ.
Code, *n.* કાયદા સંગ્રહ.
Codger, *n.* મશ્કરો, ગામડીયો.
Codicil, *n.* વસિયતનામાનો વધારો.
Codify, *v. t.* કાયદાનો સંગ્રહ કરવો.
Coefficient, *n.* વર્ણ. *a.* સહાયકારી.
Coequal, *a.* સમતોલ. *n.* બરોબરીઊ.
Coerce, *v. t.* બળાત્કાર કરવો.
Coercion, *n.* અટકાવ, બળાત્કાર.
Co-eval, *a.* સરખી ઉમરનું, એક વયનું.
Coffee, *n.* બુંદદાણા, બુંદદાણાનો કાવો.
Coffee-house, *n.* કાવાખાનું.
Coffer, *n.* પેટી-ત્રીજોરી.
Coffin, *n.* કફન-મુડદાના પેટી.
Cog, *n.* દાંતા, દાંત. *v. t.* પૈડા ઉપર દાંતા પાડવા.
Cogency, *n.* જોર, સબળપણું.
Cogent, *a.* પ્રબળ, જોરાવર.
Cogitate, *v. t.* મનમાં ગોળવું, વિચાર કરવો.
Cognate, *a.* સગું, એકજાત.

Cognition, *n.* જ્ઞાન.
Cognizance, *n.* જ્ઞાન, ચોકસી.
Cohabit, *v. t.* એકત્ર વાસ કરવો, એકઠા સુવું.
Coheir, *n.* વારસામાં ભાગીઓ.
Coheiress, *n.* વારસામાં ભાગીએણુ.
Cohere, *v. i.* વળગી–ચોંટી રહેવું.
Cohesion, *n.* સંયોગ–સ્નેહાકર્ષણ.
Cohort, *n.* રોમન લોકોમાં પાંચસો છસો માણસની ટોળી, લડવઈયા શિપાઈઓની ટોળી.
Coil, *n.* ફડી, પિલ્લુ. *v. t.* વીંટવું.
Coin, *n.* શિકો, નાણું.
Coinage, *n.* શિકો, બનાવટ.
Coincide, *v. t.* મળી જવું, એક મત થવું.
Coincidence, *n.* મેળાપ, મેળ.
Coir, *n.* કાથો. [મઇથુન.
Coition, *n.* પુરૂષ સ્ત્રીનો અથવા જનાવરનો સંભોગ,
Coke, *n.* કોલસાને બાળીને કરેલો કોયલો.
Cold, *n.* સળેખમ, શરદી.—blooded, *a.* ઠંડા લોહીનું, નિર્દય.—ness, *n.* ઠંડાશ, બેદરકારી.
Colic, *n.* (પેટમાં) શૂળ, ચુંક. [નિર્બળતા.
Collapse, *v. i.* એકદમ બેસી–ધબી જવું. *n.* ઘણી
Collar, *n.* ગળપટો, ગળેબંધ.—bone, *n.* હાંસડીનું

હાડકું.
Collate, *v. t.* મુકાબલો કરવો, મેળવવું.
Colleague, *n.* સાહ્યકારી, સાથી, સોબતી.
Collect, *v. t.* એકઠું કરવું, ઉઘરાવવું. *v. i.* એકઠા થવું.
Collection, *n.* જમાવ, વસૂલાત. [લેકટર'.
Collector, *n.* એકઠું-ભેગું કરનાર, તેહેસીલદાર, 'ક-
College, *n.* વિદ્યાલય, પાઠશાળા, વિદ્વાન લોકોની મંડળી.
Collide, *v. i.* સામસામી અથડાવું, પછડાવું.
Collier, *n.* કોલસા ખોદનાર, કોયલાનો વેપારી.
Collision, *n.* અથડાઅથડી, ટક્કર. [ચાલનું.
Colloquial, *a.* સાધારણ બોલીમાં વપરાતું, બોલ-
Colloquy, *n.* સંભાષણ, વાતચીત.
Collusion, *n.* કપટ, દગો.
Colly, *n.* મેંશ.
Colon, *n.* આંતરડાંનો નળ, અપૂર્ણ વિરામ ચિન્હ. (:)
Colonel, *n.* લશ્કરી સરદાર, કર્નલ.
Foresee, *v. t.* આગળથી જાણવું-ખબર પડવી.
Foreshow, *v. t.* ભવિષ્ય સુચના કરવી.
Foresight, *n.* આગમચેતી-બુદ્ધિ.

Forest, *n.* રાન, જંગલ, વગડો, અરણ્ય.
Forestall, *v. t.* અગાઉથી મનમાં લાવવું-સમજવું.
Forestate, *n.* અગાઉથી અનુભવ.
Foretell, *v. t.* ભવિષ્ય કહેવું.
Forethought, *n.* અગાઉથી કીધેલો વિચાર.
For-ever, *ad.* હમેશાનું, નીરંતર.
Forewarn, *v. t.* આગળથી ચેતાવવું.
Forfeit, *n.* દંડ, ગુનેગારી. *v. t.* જપ્ત કરવું.—ure, *n.* જપતી, દંડ આપવો તે.
Forge, *n.* લુહારની ભઠ્ઠી. *v. t.* ઘડવું, ખોટું બનાવવું.—ry, *n.* ખોટા દસ્તાવેજ બનાવવા તે, ખોટા દસ્તાવેજનો અપરાધ.
Forget, *v. t.* ભલવું, વિસરી જવું.
Forgive, *v. t.* માફ-ક્ષમા કરવી.—ness, *n.* માફી-ક્ષમા, દયા, શીલતા.
Fork, *n.* કાંટો, દાંતવાળું હથિઆર.
Forlorn, *a.* નિરાધાર, અનાથ, એકલું.
Form, *n.* આકાર, શિલક, *v.t.* બનાવવું. *v.i.* બનવું, ઉઠવું.—al, *a.* કાયદાસર, આદરસત્કારી, ઉપર ઉપરનું.—ality, *n.* રીતી, આદરસત્કાર.—ation, *n.* રચના, બનાવટ.—er, *a.* આગલું, માજી, અગાઉનું.—erly, *ad.* પેહેલાં, પૂર્વકાળે.

Formidable, *a.* ભયંકર, બિહામણું.
Formula, *n.* રીતી, કાયદો, પદ્ધતિ.
Fornication, *n.* કુવારાં સ્રીપુરૂષનું છીનાળું, મુરતીપુજા.
Fornicator, *n.* કુંવારી સ્રી સાથે છીનાળું કરનાર.
Forsake, *v. t.* છોડવું. તજી દેવું.
Forsooth, *ad.* ખરેખર, ખચીત.
Forswear, *v. i.* સોગન ખાઈ છોડી દેવું–ના પાડવી.
Fort, *n.* કિલ્લો. કોટ.
Forth, *ad.* આગળ.—comming, *a.* તૈયાર, હાજર.
—with, *ad.* લાગલુંજ, તાબડતોબ.
Fortieth, *a.* ચાળીસમું.
Fortification, *n.* કિલ્લો, કિલ્લો બાંધવાની વિદ્યા.
Fortify, *v. t.* મજબુત કરવું, કઠણ કરવું.
Fortitude, *n.* ધૈર્ય, હીમત, દ્રઢતા.
Fortnight, *n.* પખવાડીઉં, પક્ષ.
Fortress, *n.* કોટ.
Fortuitous, *a.* આકસ્મિક, અણધાર્યું.
Fortunate, *a.* નશીબવાન, સુભાગ્યનું, શુભ.
Fortune, *n.* નશીબ, ભાગ્ય, લક્ષ્મી.—teller, *n.* નશીબ કહેનાર જોશી.—hunter, *n.* પૈસાવાળી સ્રીને પરણીને શ્રીમંત થવાની ઇચ્છા રાખનાર પુરૂષ.
Forty, *a.* ચાળીશ (૪૦).

Forum, *n*. બજાર, માર્કેટ. [—ness, *n*. આતુરતા, ઉત્કંઠા.
Forward, *a*. આગળ, બેઅદબ. *v. t.* આગળ પડવું.
Fosse, *n*. ખાઇ.
Fossil, *a*. પૃથ્વીમાંથી ખોદી કાઢેલું. *n*. ઉપધાતુ.
Foster, *v. t.* ઉછેરવું, ઉત્તેજન આપવું.—brother, *n*. દુધભાઇ.—child, *n*. માબાપે નહીં ઉછેરેલું બચ્ચું.—er, *n*. પાલન કરનાર.—father, *n*. પાળક બાપ.—mother *n*. પાળક મા.—sister, *n*. દુધબેન.—son, *n*. પાળક છોકરો.
Foul, *a*. મેલું, ગંદુ. ગેરઆજબી. *v. t.* મેલું કરવું.
Foul-mouthed, Foul-spoken, Foul-tongued, *a*. જેના મ્હોમાંથી ગાળ નિકળે એવું.
Found, *v. t.* પાયો નાંખવો, મજબુત બેસાડવું.—ation, *n*. પાયો, આધાર.—er, *n*. સ્થાપનાર. *v. i.* પાણી આવ્યાથી બુડવું, તળીએ બેસવું.—ery, *n*. ધાતુ ઓતવાનું કારખાનું. —ling, *n*. વાલી વગરનું છોકરૂં, રખડતું બચ્ચું.
Fount, Fountain, } *n*. ઝરો, ફુવારો. મુળ.
Four, *a*. ચાર. —fold, *a*. ચારગણું.—footed, *a*. ચોપગુ.—score, *a*. ચાર કોડી, એંશી.—th, *a*. ચોથું.
Fourteen, *a*. ચૌદ (૧૪).—th, *a*. ચૌદમું.

Eowl, *n.* પક્ષી.—er, *n.* પક્ષી પકડનાર, વાઘરી.
—ing piece, *n.* પક્ષીનો શિકાર કરવાની બંદુક.
Fox, *n.* શિયાળ.
Fraction, *n.* અપૂર્ણાંક. [ઉપર આવી જનાર.
Fractious, *a.* કજીઆખોર, જરા જરામાં મારા મારી
Fracture, *n.* ફાટ, ચીરો. હાડકું ભાંગવું તે. *v.t.* ભાંગવું.
Fragile, *a.* જલદી ભાગે એવું, નાજુક.
Fragility, *n.* તકલદી–નાજુકપણું.
Fragment, *n.* કડકો, કકડો.
Fragrance, *n.* ખુશબો, સુવાસ, સુગંધી પદાર્થ.
Fragrant, *a.* ખુશબોદાર, સુગંધીદાર.
Frail, *a.* ક્ષણભંગુર, ભૂલમાં પડે એવું. —ty, *n.* ક-
મજોરી, ચળબુદ્ધી. [ની હાલત.
Frame, *v. t.* બનાવવું, જોડવું, રચવું. *n.* ચોકઠું, મન-
Franchise, *n.* હક. સ્વતંત્રતા.
Frangible, *a.* ભાગી જાય તેવું.
Frank, *a.* ભોળું, ખાલસ.—ness *n.* ભોળાપણું.
Frankincense, *n.* સેહેરી લોબાન, ધુપ.
Frantic, *a.* બાવરો, દીવાનો, ગાંડુ.
Fraternal, *a.* ભાઈસંબંધી, ભાઈના જેવું.
Fraternity, *n.* ભાઈપણું.
Fratricide, *n.* ભાઇનું ખુન.

Fraud, *n.* દગો, લુચ્ચાઈ. —ulent, *a.* કપટી, કપટથી [ભરેલું.
Fraught, *n.* લાધેલું, ભરેલું.
Fray, *n.* કજીઓ, *v. t.* ભય દેખાડવો.
Freak, *n.* તરંગ, લેહેર.—ish, *a.* લેહેરી.
Frekcle, *n.* તલ, મસો.
Free, *a.* સ્વતંત્ર, ઉદાર, મફત. *v. t.* સ્વતંત્ર કરવું. —booter, *n.* લૂટારો. —born, *n.* ગુલામી હાલતમાં નહીં જન્મેલું. —holder, *n.* જાગીરદાર. —dom, *n.* સ્વતંત્રતા, મુખત્યારી. —ly, *ad.* ખુલ્લામનથી. —man, *n.* સ્વતંત્ર માણસ.—thinker *n.* શાસ્ત્ર દ્વેષી, માત્ર ઈશ્વરનેજ માનનાર. —minded, *a.* બેફીકરવાળો.
Freeze, *v. i.* ઠરી જવું, જામી જવું. *v. t.* જમાવવું.
Freight, *n.* વહાણમાં ભરેલો માલ, બારદાન. *v.t.* ભરવું.
French, *n.* ફ્રાન્સ દેશની ભાષા. *a.* ફ્રાન્સદેશનું.
Frenzy, *n.* ગાંડાપણું, જનુન, મગત.
Frequency, *n.* વારવાર બનવું-થવું તે.
Frequent, *a.* વારંવારનું. *v. t.* જવા આવવાની ટેવ પાડવી. —ly, *ad.* વારંવાર.
Fresh, *a.* તાજુ, તંદુરસ્ત —en, *v.t.* or *v.i.* તાજુમીઠું કરવું-થવું.—et, *n.* રેલ, પુર.—ly, ચાલાકી-

થી. —ness, *n.* તાજાપણું. [જાછ, રીસાળ.
Fret, *n.* રીસ, ગભરાટ. *v. t.* ઘસવું. —ful, *a.* મિ·
Friar, *n.* ભિક્ષાવૃતિ કરનાર પુરૂષ, બાવો.
Friction, *n.* ઘસારો.
Friday, *n.* શુક્રવાર.
Friend, *n.* મિત્ર, યાર, દોસ્ત.—ly, *a.* દોસ્તદારનું. *ad.* મિત્રસ્નેહ ભાવથી.—ship, *n.* મિત્રભાવ, મોહોબત.
Frigate, *n.* યુદ્ધનૌકા, લડાઈનું બારકસ.
Fright, *n.* ડર, ધાસ્તી —ful, *a.* ભયંકર.—en, *v.t.* ભડકાવવું.—fulness, *n.* ભયંકરપણું.
Frigid, *a.* થંડું, શીતળ.—ity, *n.* ઠંડ, શીતળતા.
Fringe, *n.* કોર. *v. t.* કોર દેવી.
Frippery. *n.* ઉતરેલાં કપડાં, નિરૂપયોગી ચીજ.
Frisk, *v. i.* કુદવું, નાચવું.
Frith, *n.* See Firth.
Fritter, *n.* પુરી, કકડો, ટુકડો. *v.t.* કાપી કકડા કરવા.
Frivolity, *n.* હલકાપણું, હલકાઈ.
Frivolous, *a.* નકામું, હલકું.
Fro, *ad.* એણીગમ પેલીગમ, અહીં તહીં.
Frock, *n.* ઝભલું, અંગરખું,
Frog, *n.* દેડકો. [*a.* મોજી, લેહેરી, શોખી.
Frolic, *n.* રમત, ખેલ. *v. i.* રમવું, કુદવું. —some,

From, *prep.* થી, પાસેથી, થકી.
Front, *n.* ચેહેરો, આગલો ભાગ. *v. i.* સન્મુખ થવું. —age, *n.* ઈમારતનો આગલો ભાગ.—ier, *n.* સરહદ.
Frontispiece, *n.* પુસ્તકની શરૂઆતમાં અથવા ગેહેલા પાના ઉપરનું ચિત્ર, ઈમારતનો આગલો નજરે પડતો ભાગ. [ગડી-કરમાઇ ગયેલું.
Frost, *n.* ઠાર, હીમ.—bitten, *a.* ઘણી ટહાડથી બ-
Froth, *n.* ફીણ. *v. t.* ફીણ થવું.—y, *a.* ફીણવાળું.
Froward, *a.* હઠીલો, જીદ્દી.
Frown, *v. t.* ધુરકવું, ભવાં ચઢાવવાં. *n.* ભ્રકુટી, ગુસ્સો.
Frozen, *p. p. a.* ઠરેલું. P. P. of Freeze. (See Freeze).
Fructify, *v. t.* ફળવંત કરવું. [કસર.
Frugal, *a.* કસરિયું, કર કસર કરનાર.—ity, *n.* કર-
Fruit, *n.* મેવો, નફો, પરિણામ.—erer, *n.* ફળવેચનાર, મેવાવાળો.—ful, *n.* ફળવંત. —less, નકામું, ફોકટ.
Fruition, *n.* ભોગવટો, ઉપભોગ.
Frustrate, *v. t.* નિષ્ફળ કરવું, બાતલ કરવું.
Frustration, *n.* નિષ્ફળતા, ભાંગી પડવું તે.
Fry, *v. t.* તળવું. *n.* તળેલી વસ્તુ.—pan, *n.* કઢાઈ.
Fuddled, *v. t.* છાકટું થએલું, પીવેલ.

Fudge, *n.* બનાવટ, બેવકુફી ભરેલી બીના.
Fuel, *n.* બળતણુ, સરપણુ, લાકડાં.
Fugh, *inter.* છઃ, છિ.
Fugitive, *n.* નાશી જનાર માણસ. *a.* ભટકતું.
Fulcrum, *n.* ઉંચકવાની વસ્તુ જે આધાર ઉપર ફરેછે તે આધાર, ટેકો.
Fulfil, *v. t.* (વચન) પાળવું, પુરૂં પાડવું, મુદત થવી.
Fulfilling, }
Fulfilment, } See accomplishment.
Fulgent, *a.* તેજસ્વી, પ્રકાશીત. [ઠલું માય તેટલું.
Full, *a.* પૂર્ણ. ભરેલું, પાકો. *ad.* બરોબર. *n.*–માં જે-
Fuller, *n.* ધોબી, બંધારો.
Fully, *ad.* તમામ, પૂર્ણ રીતે. [પાડવી.
Fulminate, *v. t.* or *i.* સત્તાથી ડપકાની વાત બહાર
Fulsome, *a.* નાપસંદ, કંટાળાભરેલું.
Fumble, *v. i.* ફાંફાં મારવાં, નકામુ ઉપલાવ્યા કરવું.
Fume, *n.* ધુમાડો, વરાળ. *v. t.* ધુમાડો નીકળવો.
Fumigate, *v. t.* ધુણી દેવી. [મુજ.
Fun, *n.* ઠઠ્ઠો, તમાસો, મશ્કરી.—ny, *a.* વિનોદી, ર-
Funambulist, *n.* દોરડાંપર નાચનાર.
Function, *n.* કામ, વ્યાપાર, હોદ્દા, અમલ.—ary, *n.* કામદાર, હોદ્દેદાર.

Fund. *n.* ભંડોળ, થાપણ, પુંજી —ament, *n.* ગાંડ, ગુદા.—amental, *n.* પાયાને લગતું, જરૂરનું, અસલી.

Funeral, *n.* મુડદાંને દાટવાની ક્રિયા, મુડદાંની સાથે ચાલનારા માણસ. *a.* મુડદાંને દાટવાનું.

Fungus, *n.* કુતરાની ટાળી, વાદળી જેવી વરસોળી.

Funnel, *n.* ધુમાડીયું.

Fur, *n.* રૂઆં.—ry, *a.* રૂઆંથી ઢંકાએલું.

Furbish, *v. t.* ઓપવું, ઉજાળવું. [જોરથી.

Furious, *a.* ગુસ્સામાં આવેલું, દિવાનું. —ly, *ad.*

Furl, *v. t.* વિંટાળવું, લપેટવું.

Furlong, *n.* એક મૈલનો આઠમો ભાગ.

Furlough, *n.* (અમલદાર અથવા લશ્કરી લોકોની) રજા.

Furnace, *n.* ભઠ્ઠી.

Furnish, *v. t.* પુરૂં પાડવું, તૈયાર કરવું.

Furniture, *n.* સામાન, ઘરવાખરો.

Furrow, *n.* ખેડવાથી પડેલો ચાસ.

Further, *ad.* વધારે દુર. *a.* પેલું, ઓલ્યું. *v. t.* વધારવું.—ance, *n.* મદદ કરવી તે.—er, *n.* આગળ વધવાને મદદ કરનાર. —est, *a.* ઘણુંજ દુર. —more, *ad.* વળી, બીજું.

Fury, *n.* ઝપાટો, ગુસ્સો, તોર, ઝાંઝ.

Fuse, *v. t.* ગાળવું, તાવવું. *v. i.* ગળવું.

Fusib'e, *v. t.* ગાળી શકાય એવું.
Fusil, *n.* નાહાની હલકી બંદુક.
Fusileer, *n.* ચકમકની નાની બંદુક રાખનાર સિપાઈ.
Fusion, *n.* ગાળવું તે.
Fuss, *n.* ખટપટ, ગડબડાટ.—y, *n.* ધાંધલખોર.
Fust, *n.* ઉબાઇ ગએલી વસ્તુની ગંધ.
Fustian, *n.* જાડું સૂતરાઉ કપડું.
Fusty, *a.* ખોરૂં, ફુગાયેલું.
Futile, *a.* નજીવું, હલકું.
Futility, *a.* નકામાપણું, વ્યર્થતા, નિર્પયોગી.
Future, *n.* હવે પછીનું, ભવિષ્ય, ભાવી.
Futurity, *n.* ભવિષ્યકાળ.
Fy, *interj.* છી! છટ!

G.

G. ઇંગ્રેજી મુળાક્ષરનો સાતમો અક્ષર.
Gab, *v. i.* બડબડ-લવારો કરવો. *n.* બાકવા, લવારો.
Gabardine, *n.* ઢીલો ઝભ્ભો.
Gabble, *v. i.* બકવું, લવારો કરવો.
Gable, *n.* છાપરાનો ત્રિકોણાકાર ભાગ.
Gad, *n.* ફાચર, કાણું પાડવાનું હથિયાર. *v. i.* રખડવું

કવું.—fly, *n.* બગાઈ.

Gaf, *n.* મછી મારનારનો એક નાનો ભાલો

Gag, *n.* ડુચો. *v. t.* ડુચો મારી મ્હોડું બંધ કરવું.

Gage, *n.* સરતની બોલીમાં મુકેલી ચીજ. *v. t.* ગીરવી મુકવું.

Gain, *v. t.* મેળવવું. *v. i.* કમાવું. *n.* નફો. —say, *v. t.* ખંડન-રદ કરવું, ખોટું પાડવું.

Gairish, *a.* ભભકાદાર, ફુલફુટાકીયું.

Gait, *n.* ચાલવાની ઢબ, ચાલ.

Galaday, *n.* તેહેવારનો દિવસ, સપરમો દહાડો.

Galaxy, *n.* આકાશગંગા, (મહાન પુરૂષો)નો સમુદાય.

Gale, *n.* વાવાઝરડું, લેહેર.

Gall, *n.* પિત્ત, કડવાસ. *v. t.* ચીઢવવું.—bladder, *n.* પિત્તો.—nut, *n.* માયફળ.

Gallant, *a.* શુરો, સ્રીસત્કારી. *n.* હિમ્મતવાન પુરૂષ. —ry, *n.* સ્રીસત્કાર, છિનાળવાપણું.

Galleon, *n.* એક પ્રકારનું ચાર તુતકનું વહાણ.

Gallery, *n.* છજુ, ઝરૂખો, નાટકમાં બેસવાની જગા, તસવીર તથા પુતળાંનો સંગ્રહ.

Galley, } *n.* ખુલ્લો હલકો મછવો,
Galey, } જેના ઉપર ટાઇપ ગોઠવવામાં આવેછે તે.

Galliard, *n.* ચાલાક-શાનદાર માણસ.

Gallipot, *n.* કુલડી, એક જાતની વસાણાં મુકવાની બ-[રણી.

Gallon, *n.* પ્રવાહી પદાર્થ ભરવાનું એક ચાર ક્વાર્ટ એ-
ટલે ૧૦ શેરનું માપ, ગ્યાલન.
Gallop, *v. t.* ચારે પગે દોડવું. *n.* ચારે પગે કુદવું તે,
છલંગ.—ade, *n.* એક પ્રકારનો નાચ.
Galloway, *n.* એક નાનો પાણીવાળો ઘોડો.
Gallows, *n. pl.* ફાંસી દેવાનું લાકડું, શૂળી.[લગતું.
Galvanic, *a.* રસાયણ સંજોગથી ઉત્પન્ન થયેલી વીજળીને
Gamble, *v. i.* જુગાર-જુગટું રમવું.—r, *n.* જુગારી.
Gambling, *n.* જુગાર, જુઓ.
Gamboge, *n.* રેવન્ચીનો શીરો.
Gambol, *n.* રમત, કુદકો. *v. i.* નાચવું.
Game, *n.* રમત, શિકાર, મશ્કરી. *v. i.* જુગાર રમવો.
—cock, *n.* લઢાવવાને પાળેલો કુકડો.—leg, *n.*
લંગડો પગ.—keeper, *n.* શિકારના પ્રાણીઓને સા-
ચવનાર.—some, *a.* ખુશ મીજાજી, આણંદી.
Gammon, *a.* એક પ્રકારની રમત, ઠગાઇ, કપટ.
Gamut, *n.* ગાયન સૂરમાં જે ગામ આવે છે તે, સારી
ગમ પધની.
Gander, *n.* નરહંસ.
Gang, *n.* ટોળી, તાયફો.—way, *n.* વાહાણની તુતક
ઉપર ચાલવાનો બાજુએથી પાડેલો રસ્તો.
Gangrene, *v. t.* સડાવવું. *n.* સળો. *v. i.* સળવું.

Gant-let, } મ્હોટા ગુન્હા કરનાર અપરાધીને શિક્ષા
Gant-lope, } કરવાની લશ્કરી એક રીત. [અધીકારી.
Gaol, *n.* બધીખાનું, તુરંગ.—er, *n.* દરોગો, તુરંગનો
Gap, *n* ખાડો, બાકુ.
Gape, *v. i.* બગાસું ખાવું, તડકવું. *n.* બગાસું.
Garb, *n.* પોશાક, વસ્ત્ર.—age, *n.* એંઠવાડો, પશુપ્રાણીનાં આંતરડા.
Garble, *v. t.* જુદું પાડવું, ચુંટી કહાડવું.
Garden, *n.* બાગ, વાડી.—er, *n.* બાગવાન, માળી.
—ing, *n.* માળીપણું, બાગકામ.
Gargle, *n.* કોગળો. *v. t.* કોગળો કરવો.
Garland, *n.* હાર, ગજરો, ફુલમાળા.
Garlic, *n.* લસણ.
Garment, *n.* પોશાક, જભો. [રાખી મુકવું.
Garner, *n.* કોઠાર, દાણા ભરવાની જગ્યા. *v.t.* ભરી-
Garnet, *n.* લાલ, યાકુત.
Garnish, *v. t.* શણગારવું, શોભાવવું. *n.* શણગાર.
Garret, *n.* કાતરિયું.
Garrison, *n.* કિલ્લાના બચાવને સારૂં રાખેલું લશ્કર.
v. t. કિલ્લામાં બચાવવાને માટે ફોજ રાખવી.
Garrulous, *n.* બોલકણો, વાચાળ.
Garter, *n.* મોજાબંધ, એક ખિતાબ.

Gas, *n.* હવા, ગ્યાસ.—eous, *a.* વાયુરૂપ.—fitter, *n.* ગ્યાસની નળીઓ બેસાડનાર.—light, *n.* ગ્યાસનો દીવો.—conade, *n.* ફુલ, બડાઇ.
Gash, *n.* ઘા, જખમ.
Gasometer, *n.* ગ્યાસ વાયુ માપવાનું યંત્ર.
Gasp, *v. i.* હેડકી આવવી, ઘરેડો થવો.
Gastric, *a.* પેટ સંબંધી.
Gate, *n.* દરવાજો, ઝાંપો.—keeper, *n.* દરવાન, દ્વારપાળ.
Gather, *v. t.* એકઠું કરવું. *v. i.* એકઠું થવું.—ing, *n.* મેળાવડો, સંગ્રહ.
Gaudy, *a.* દેખાવડું, ભપકાદાર.
Gauge, *v. t.* માપ માપવું. *n.* માપ.
Gaunt, *a.* દુબળું થઇ-સુકઈ ગએલું.—let, *n.* હાથપર પહેરવાનાં લોઢાનાં મોજાં, વજ્રમુષ્ટી.
Gauze, *n.* ઘણુંજ પાતળું એક જાતનું રેશમી કપડું; સુતરાઉ અથવા શણનું કપડું; ગાઝ.
Gawky, *a.* બેઢંગુ, અન્યાડી.
Gay, *a.* આનંદી, શોભિતું.—ety, *n.* આનંદવૃત્તિ, શોભા.
Gaze, *v. i.* ટગરટગર જોવું. *n.* એકાગ્ર દ્રષ્ટી.
Gazette, *n.* વર્તમાનપત્ર. *v. t.* વર્તમાનપત્રમાં ઝાહેર કરવું.
Gazetteer, *n.* વર્તમાનપત્રમાં ખબર લખનાર.
Gear, *n.* સરસામાન, રાચરચીલું.—ing, *n.* હારનીશ,

દાંતાવાળાં પૈડાં.
Gelatinous, *a.* ચીકણું.
Geld, *v. t.* ખાસી કરવું, અંડ કાપવા.
Gem, *n.* મણી, જવાહીર. *v. t.* જવાહીરથી શણગારવું.
Gemini, *n.* મિથુન રાશી.
Gender, *n.* લીંગ, જાતિ. *v. t.* જન્મ આપવો.
Genealogical, *a.* વંશાવળી સંબધી.
Genealogist, *n.* વહીવંચો, ભાટ.
Genealogy, *n.* વંશચરિત્ર, વંશાવળી, ઓલાદ.
General, *a.* સાધારણ, સામાન્ય. *n.* સેનાપતિ.—ly, *ad.* ઘણું કરીને, સાધારણ રીતે.
Generalissimo, *n.* સેનાધિપતિ.
Generality, *n.* સાધારણપણું, ઘણોખરો ભાગ.
Generalise, *n.* સામાન્ય રૂપ આપવું, ઘણાને લાગુ પાડવું.
Generate, *v. t.* પેદા કરવું.
Generation, *n.* ઉત્પત્તિ, પેદાશ, પેઢી, ઓલાદ.
Generative, *a.* ઉત્પાદક, ઉત્પન્ન કરે એવું.
Generic, *a.* જાતિમાત્રનું, સામાન્ય.
Generosity, *n.* સખાવત, ઉદારતા.
Generous, *a.* ઉદાર, ધર્માત્મા.
Genesis, *n.* જુના કરાર એ નામનાં ખ્રિસ્તી શાસ્ત્રનું [પહેલું પુસ્તક.
Genial, *a.* ઉત્પત્તિને આપે એવું: પુષ્ટિકારક, આનંદી.

Genii, *n.* ભૂત, પલિત.

Genitive, *a.* સંબંધકારક, *n.* નામની છઠ્ઠી વિભક્તિ.

Genius, *n.* હુશિયાર પુરૂષ, બુદ્ધિવાન, દેવતા.

Genteel. *a.* આતરનવાજ, સભ્ય.

Gentile, *n.* યાહુદી લોક વગરના માણસ, મૂર્તિપુજક.

Gentility, *n.* કુલીનતા, સભ્યતા.

Gentle, *a.* નમ્ર, ધીમું, શાંત કરે એવું.—man, ગૃહસ્થ, સજ્જન.—ness, *n.* કુલીનતા, નરમાશ, ગરીબી.

Gentleman-like, Gentlemanly, *a.* ખાનદાનને છાજે તેવું, સભ્ય, વિવેકી.

Gently, *ad.* ધીમેથી. ભલાઇથી.

Gentoo, *n.* હીંદુસ્તાનનો વતની, હીંદુ.

Gentry, *n.* મધ્યમ સ્થિતિના લોક.

Genuine, *a.* અસલ, ખરૂં, ચોખ્ખું, મુળનું.

Genus, *n.* જાત, વર્ગ, ગણ, જાતિ.

Geographer, *n.* ભૂગોળવિદ્યા વેત્તા.

Geographical, *n.* ભૂગોળ સંબંધી.

Geography, *n.* ભૂગોળ વિદ્યા.

Geologist, *n.* ભૂસ્તર વિદ્યા વેત્તા.

Geology, *n.* ભૂસ્તર વિદ્યા.

Geomancer, *n.* રમલ જોનાર.

Geomancy, *n.* રમલ-હાથ જોવાની વિદ્યા.

Geomatrician, *n.* ભૂમિતિ જાણનાર, રેખાગણક.

Geometry, *n.* ભૂમિતિ, રેખાગણિત.

Germ, *n.* અંકુર, શરૂઆત. [*a.* પાસેની સગાઈવાળું.

German, *n.* જર્મની દેશનો રહેવાશી. *a.* સગું.—૦,

Germinate, *v. i.* અંકુર ફુટવો, પેદા કરવું.

Gerund, *n.* ધાતુ સાધીત નામ.

Gestation, *n.* ગર્ભ ધારણ, ગાભણાપણું.

Gesticulate, *v. i.* હાથના ચાળા કરવા.

Gesture, *n.* ચાળા, ગતિ. *v.t.* ચાળા-હાવ ભાવ કરવાં.

Get, *v. t.* મેળવવું, પામવું. To get in, અંદર જવું. To get out, બહાર કાઢવું. To get off, ઉતારવું, ખસેડવું. To get loose, છુટી જવું. To get on, આગળ ચાલવું. To get quit of, બલાથી-લપથી મોકળા થવું. To get rid of, દુર કરવું.

Getting, *n.* કમાઇ, આમદાની. [જણસ.

Gewgaw, *n.* ફુલ ફટાકીઓ-રમકડું, હલકી કીમતની

Ghastly, *a.* or *ad.* મુડદા જેવું, ભયંકર.

Ghost, *n.* ભૂત, ખવીસ.

Giant, *n.* રાક્ષસ, દૈત્ય, કદાવર માણસ. [લવારો.

Gibberish, *n.* નહીં સમજ પડે એવી ભાષા-બોલી,

Gibbet, *n.* ફાંશી દેવાના લાકડાં. *v. t.* ફાંશી દેવી.

Gibe, *v. t.* મશ્કરી કરવી, મેહેણું મારવું. *n.* મેહેણું,

મશ્કરી.

Giddy, *a.* ફેર આવતું, ગાફેલ, બેશુદ્ધ.

Gift, *n.* બક્ષીસ, ઈનામ, ગુણ.—ed, *a.* સુલક્ષણ, ગુણી.

Gig, *n.* બગી.

Gigantic, *a.* રાક્ષસી, કદાવર.

Giggle, *v. i.* હી હી કરવું, ખડ ખડ હસવું.

Gild, *v. t.* સોને રસવું, ઢોળ ચઢાવવો.—er, રસણીઓ, રસનાર.—ing, સોનાનો ઢોળ, ઓપ.

Gill, *n.* ચુઈ, કેટલાક પક્ષીઓની ચાંચ નીચે લટકતી ઝૂલ.

Gill, *n.* એક ભરતરનું માપ.

Gilt. *a.* સોને રસેલું, ઢોળ ચડાવેલું.

Gimcrack.*n.* શેહેજ જુક્તિવાળું રમકડું.

Gimlet, *n.* શાહારડી, શાહારવાનું એક હથિયાર.

Gin, *n.* દારૂ, રૂને કપાશીઆથી જુદા પાડવાનો સંચો.

Ginger, *n.* આદુ. —ly, *ad.* ફિકરથી, સંભાળીને.

Gipsy, *n.* કાળા વર્ણના રખડતા લોક જે યુરોપમાં બટકે છે તે.

Giraffe, *n.* જીરાફ જાનવર.

Gird, *ad.* લપેટવું, પાછળ ફરી વળવું.

Girdle, *n.* કમ્મરબંધ. *v. t.* ફરતું બાંધવું.

Girl, *n.* છોકરી, કન્યા.—ish, *a.* છોકરીના જેવું.

Girth, *n.* ઘોડાનો તંગ, ઘેરૂ.

Gist, *n.* મુદ્દાની-સારની વાત.

Give, *v. t.* આપવું, દાન કરવું. (To give away, આપી મુકવું. To give ear, કાન ધરવો, કહ્યું સાંભળવું. To give over, મેલી દેવું, આશા છોડવી. To give out, ઝાહેર બોલવું. To give up, મુકી દેવું, શરણ થવું, તાબે થવું, To give into, હા પાડવી. કબુલ થવું).—r, *n.* દાતા, આપનાર.

Gizzard, *n.* પક્ષીની છાતીમાં ચાવવાનો કોઠો.

Glacial, *a.* બરફ જેવું.

Glacier, *n.* હીમક્ષેત્ર, બરફનો મોટો પટ,

Glad, *a.* આનંદી, ખુશકારક. —den, *v. t.* આનંદ -સંતોષ પમાડવું.

Glade, *n.* જંગલના ઝાડો વચેનો રસ્તો.

Gladiator, *n.* સમશેરબાજ, કુસ્તીનો ખેલ કરનાર-ખિલાડી. —ial, *a.* તલવારથી જીવ સટ્ટાના ખેલનાર સંબંધી.

Glair, *n.* ઇંડાનો ધોળો ભાગ, કોઈપણ ચીકણો પદાર્થ.

Glance, *n.* ઈશારત, નજરનો પલકારો. *v. i.* બાડી નજરે જોવું.

Gland, *n.* રસની શરીરમાં નાની કોથળી, ઝાડો ઉપર [થલી ગાંઠ.

Glare, *n.* ઝગઝગાટ. *v. t.* ચળકવું, ભભકવું, ઘુરકીને જોવું.

Glaring, *a.* તેજસ્વી, ઉઘાડું.

Glass, *n* કાચ, આરશી. *a.* કાચનું.—work, *n.* બિલોરી કામ.—y, *a.* કાચનું બનાવેલું. [રોગાન.
Glaze, *n.* કાચ બેસાડવો. *v. t.* રોગાન લગાડવો. *n.*
Glazier, *n.* કાચ બેસાડનાર.
Gleam, *n.* ચળકાટ. *v. i.* પ્રકાશવું.
Glean, *v. t.* દાણા વીણવા, ચુંટી કાઢવું.—er, *n.* કાપણી કરી ગયા પછી પડેલા દાણા વેચનાર.
Glebe, *n.* જમીન, ધર્મદાની જમીન.
Glee, *n.* ખુશાલી, હરખ.
Gleet. *n.* પરમીઓ.
Glen, *n.* ખીણ, ખો.
Glide, *v. t.* સરી જવું, હળવે હળવે જવું.
Glimmer, *v. i.* ઝાંખું પ્રકાશવું. *n.* ઝાંખો પ્રકાશ.
Glimpse, *n.* ઝાંખી રોશની, આછી નજર.
Glisten, *v. i.* ચળકવું, ચકચકવું.
Glitter, *n.* ઝગઝગાટ. *v. i.* ચકચકવું.
Gloat, *v. i.* ટકટક જોઈ રહેવું.
Globe, *n.* ગોળો, દડી.
Globose, } *n.* ગોળ, ગોળાકાર.
Globular, }
Globule, *n.* નાનો ગોળો.
Gloom, *n.* અંધારૂં, દલગીરી. —iness, *n.* કાળાશ.

—y, *a.* અંધારૂં, દલગીર.
Glorification, *n.* આબરૂ, માન.
Glorify, *v. t.* વખાણ કરવાં, સ્તુતિ કરવી.
Glorius, *a.* કીર્તિવાન, પ્રતાપિ.
Glory, *v. i.* કીર્તિ, જશ. *v. i.* મગરૂબ થવું, બડાઈ કરવી.
Gloss, *n.* ઓપ, ઓપણી, ચળકાટ, વ્યાખ્યા, સમજુતી. *v. t.* ઘુંટવું. —y, *a.* ચળકતું, ઓપેલું.
Glossary, *n.* ગ્રંથના શબ્દનો કોષ.
Glossiness, *n.* ચળકાટ, સફાઈ.
Glottis, *n.* શ્વાસ માર્ગ, દમ લેવાની નળી.
Glove, *n.* હાથનું મોજું. —r, *n.* હાથના મોજાં કરનાર.
Glow, *n.* તેજ, નુર. *v. i.* ધગધગવું. —worm, *n.* આગીઓ કીડો.
Gloze, *v. i.* ફોસલાવવું, પટાવવું.
Glue, *n.* સરેશ. *v. t.* સરેસથી ચોટાડવું.—y, *n.* ચીકણું.
Glute, *v. t.* એકદમ ઓહીયાં કરી જવું, ધરાણી નાંખવું.
Gluten, *n.* ધાન્યાદીકનો ચીકણો પદાર્થ,
Glutinate, *v. t.* સરેસથી ચીકટાવવું.
Glutinous, *n.* ચીકણું.
Glutton, *n.* અકરાંતીઓ, ખવીરા.
Gnarled, *a.* ગાંઠવાળું.
Gnash, *v. t.* હોઠ પીસવા, દાંત કકડાવવા.

Gnat, *n.* મચ્છર, ડાંસ.

Gnaw, *v. t.* કરડી કરડીને ખાવું.

Gnomon, *n.* શંકુ, કિલ.

Go, *v. i.* જવું, ચાલવું, વહેવું.—between, *n.* દલાલ, મધ્યસ્થ.—by, *n.* કોઈ વાત ઉધાડી દેવાની કળા.—cart, *a.* નાના છોકરાંને ચાલતાં શીખવવાની ગાડી.—ing, જવું, ગમન, ગતી.

Goad, *n.* આર, અંકુશ. *v. t.* આર ભોંકવું, ઉશ્કેરવું.

Goal, *n.* નિશાન, દોડવાની હદ.

Goat, *n.* બકરો.—herd, *n.* બકરાં ચરાવનાર, રેબારી.

Gobble, *v. t.* ઉતાવળું ખાઈ-ગળી જવું.

Goblet, *n.* પ્યાલો, જાગ, કટોરો.

Goblin, *n.* ભૂત, પ્રેત, પિશાચ.

God, *n.* પરમેશ્વર, ખુદા, દેવ-દેવતા.—dess, *n.* દેવી.—father, *n.* ધર્મ પિતા. —less, *a.* અધર્મી, ખુદાનો ઈનકાર કરનાર.—ly, *a.* ઈશ્વરનિષ્ઠ, ધાર્મિક.—speed, *n.* જય, ફતેહ.

Godown, *n.* વખાર, ભોયરૂં.

Goggles, *v. i.* આંખને ટાઢ, ધૂળ ઈ૦ ન લાગે એવા [ચસમા.

Gogglet, *n.* વાસણ, ચંબુ.

Goitre, *n.* વરસોળી, પાડું.

Gold, *n.* સોનું, સુવર્ણ.—beater, *n.* સોનાનો વર·

ખ બનાવનાર.—en, *a.* સોનાનું, પીળું.—leaf, *n.* સોનેરી વરખ.—smith, *n.* સોની.

Gondola, મોજ મારવાની ચપટા તળીઆવાળી હોડી.

Gone, *p. p.* of *go.* (See Go).

Gong, *n.* મોગરી ઠોકીને વગાડવાની ઘડીઆળ,ઝાલર.

Gonorrhœa, *n* પરમીઓ.

Good, *n.* ફાયદો, *a.* સારૂં, ખાનગી.—bye, *ad.* સુખી થાઓ, સાહેબ મેહેરબાન.—ly, *a.* આનંદકારક, ખુશકારક.—ness, *n.* નેકી, સારાપણું.—s, *n. pl.* માલ, સામન.—will, *n.* રેહેમ નજર.

Goose, *n.* હંસ, મુર્ખ.—berry, એક પ્રકારનું ફળ.

Gore, *n.* બંધાએલું લોહી, અંગરખાની કળી. *v. t.* શીંગડું ભોકવું.

Gorge, *n.* કંઠ, ગળું. *v. i.* ગળે આવતા સુધી ખાવું.

Gorgeous, *a.* સુંદર, શોભાયમાન.

Gorget, *n.* ગળાનું બખ્તર.

Gormand, *n.* પુષ્કળ ખાનારો, અકરાંતીયો.

Gory, *n.* લોહીથી ભરેલું. *v.i.* આણંદ પામવો.

Gosling, *n.* હંસનું બચ્ચું.

Gospel, *n.* સુવાર્તા, સમાચાર.

Gossip, *n.* ગપાીદાસ, ગપાટો. *v. i.* તડાકા મારવા.

Gothic, *n.* ગોથ લોકની ભાષા, જે બાંધણીની રીત પ્ર-

માણે ઉંચી ખુણાદાર કમાનો કરવામાં આવે છે તેને લગતું.
Gouge, *n.* ભુંગળાના જેવી ફરશી-વીધણું.
Gourd, *n.* દુધી, તુમડી.
Gout, *n.* સંધી વા.—y, *a.* સંધી વા સંબંધી.
Govern, *v. t.* હકુમત કરવી, રાજ્ય ચલાવવું, બંદોબસ્ત રાખવો. —able, *a.* તાબે થાય એવું, વશ્ય. —ess, *n.* રાજ્ય ચલાવનાર સ્ત્રી.મેહેતી.—ment, *n.* રાજ્ય, સરકાર, કબજો, (વ્યાકરણમાં) કારક.—or, *n.* હાકેમ, કારભારી.
Gown, *n.* જામો, ઝભ્ભો.
Grace, *n.* કૃપા, માફી, શોભા. *v. t.* સુશોભિત કરવું. —ful, *a.* સુશોભીત, સુંદર.
Gracious, *a.* દયાળુ, કૃપાળુ, ઉપકારી.
Gradation, *n.* અનુક્રમ, દરજ્જો.
Grade, *n.* દરજ્જો, પાયરી. [ધીમે ધીમે.
Gradual, *a.* ધીમે ધીમે થતું, અનુક્રમનું.—ly, *ad.*
Graduate, *n.* સનંદ મેળવેલો માણસ. *v. t.*—માં સરખા અંતરના આંકા પાડવા.
Graft, *n.* ઝાડની કલમ. *v. t.* કલમ કરવી.
Grain, *n.* દાણા, કણ, એક જાતનું વજન છે.—dealer, મોદી.—parcher, *n.* ભાડભુંજો.

Gram, *n.* ચણા.
Gramineous, *n.* ઘાસના જેવું, સાંઠાવાળું.
Graminivorous, *a.* ઘાસ ઉપર ચરતું, તૃણાહારી.
Grammar, *n.* વ્યાકરણ.—school, *n.* જે શાળામાં લાટીન તથા ગ્રીક ભાષાઓ શીખવવામાં આવે છે તે. —ian, *n.* વૈયાકરણી, વ્યાકરણ શાસ્ત્રી.
Grammatical, *a.* વ્યાકરણ સંબંધી. [ર, કોઠાર.
Granary, *n.* ઝાટકેલો અનાજ ભરી રાખવાની વખા-
Grand, *a.* ભારે દબદબાવાળું, મોટું.—father, *n.* દાદો.—mother, *n.* વડીઆઈ, બપઇ.—son, *n.* પૌત્ર, છોકરાનો અથવા છોકરીનો છોકરો.
Grandee, *n.* મોટો માણસ, અમીર, ઉમરાવ.
Grandeur, *n.* મોટાપણું, ધામધૂમ.
Grandiloquent, *a.* મોટમોટા શબ્દવાળું–વાપરનાર.
Granite, *n.* એક જાતનો પથ્થર.
Granivorous, *a.* અન્નભક્ષી, અન્ન ખાનારા.
Grant, *n.* ઇનામ, સણંદ. *v. t.* કબુલ કરવું, બક્ષિસ કરવું.—ee, *n.* ઇનામ લેનાર.—or, દાતા, આપનાર.
Granular, *a.* દાણાદાર.
Granulate, *v. i.* દાણા પાડવા.
Granulous, *a.* દાણાદાર. [wine, *n.* દ્રાક્ષનો વેલો.
Grape, *n.* અંગુર, દ્રાક્ષ.—shot, *n.* ગરભ છાંટ.—

Graphic—al, *a.* હુબેહુબ, સ્વરૂપ દર્શક, તારીફ કરવા લાયક.
Grapple, *v. i.* પકડવું, ઝાલવું.
Grasp, *n.* મુઠ. *v. t.* કબજામાં પકડવું.
Grass, *n.* ઘાસ-ચારો, ખડ. —hopper, *n.* તીડ. —plot, *n.* ઘાસનું મેદાન.—y, *a.* ઘાસથી ભરેલું, ઘાસવાળું.
Grate, *n.* જાળીની સઘડી, લોઢાના ગજની જાળી. —ful, *a.* ઉપકારી, સ્વાદિષ્ટ, નિમકહલાલ.
Grater, *n.* છીણી, ખમણી.
Gratification, *n.* સંતોષ, ખુશી, બદલો.
Gratify, *v. t.* ખુશ કરવું, સંતુષ્ટ કરવું.
Grating, *n.* જાળી, ઘસારો. *a.* નાપસંદ.
Gratis, *ad.* મફત, ફોકટ.
Gratitude, *n.* આભાર, વફાદારી.
Gratuitous, *a.* ફોકટનું, વગર પૈસાનું.
Gratuity, *n.* ઇનામ, બક્ષીસ.
Grave, *n.* ઘોર, કબર. *a.* ગંભીર, જરૂરનું. *v. t.* કોતરવું, ખોદવું.—ly, *a.* ગંભીરાઈથી.—ness, *n.* ગંભીરપણું, ગુરૂતત્વ.—clothes, *n.* કફન.—digger *n.* ઘોરખોદીઓ.—yard, *n*, કબરસ્તાન.
Gravel, *n.* કાંકરી, નાના પથરા.

Gravitate, *v. i.* ગુરૂત્વાકર્ષણના કાયદા પ્રમાણે ખેંચાવું.
Gravitation, *n.* ગુરૂત્વાકર્ષણ.
Gravity, *n.* ભાર, વજન.
Gray, *a.* રાખોડીઆ રંગનું, સફેદ.—beard, *n.* વૃદ્ધ માણસ.—ish, *a.* આછા રાખોડીઆ રંગનું.
Graze, *v. t.* ચરાવવું. *v. i.* ચરવું.
Grazier, *n.* ચરાવનાર, ગોવાળીઓ.
Grease, *n.* ચરબી. *v. t.* ચરબી લગાડવી, ઉંજવું.
Greasy, *a.* ચરબીવાળું, ચીકણું. [મોટાઈ,ઉમદાપણું.
Great, *a.* મોટું, પ્રખ્યાત, પ્રૌઢ, ઉમદા.—ness, *n.*
Greed, *n.* અકરાંતીઆપણું. —iness, લોભ.—y, *a.* અકરાંતીઉં, લોભી. [દેશનું.
Greek, *n.* યુનાન દેશનો રહેવાશી—ભાષા. *a.* યુનાન
Green, *n.* લીલો રંગ. *a.* લીલું, અરધું પાકું.—s, *pl.* નાના છોડવા.—grocer, *n.* શાકભાજી વેચનાર, કાછીઓ.—hand, *n.* નવું માણસ.—horn, *n.* કાચી બુદ્ધિવાળો, જુવાનીયો.—room, *n.* નાટકવાળાને વેશ લેવાની ઓરડી.—stall, *n.* કાછીઆની દુકાન. —vitriol, *n.* હીરાકશી.
Greet, *v. t.* સલામ કરવી, મુબારકબાદી આપવી.—ing, *n.* બંદગી, સલામ, જેગોપાળ.
Gregarious, *a* સંગચર, સાથે ચરનારૂં.

Grenadier, *n.* ઉંચા કદનો સિપાઈ.
Grey, *a.* (See, Gray.).--hound, *n.* શિકારી કુતરો.
Griddle, *n.* લોઢી, તવો.
Grief, *n.* દીલગીરી, અફસોસ, દુઃખ.
Grievance, *n.* ફરીઆદ, સંકટ.
Grieve, *v. i.* દલગીર થવું. *v. t.* દલગીર કરવું.
Grievous, *a.* દુઃખકારક, ભારી, મોટું, નાશકારક.
Grill, *v. t.* શેકવું, ભુંજવું.
Grim, *a.* ભયંકર ચેહેરાનું, બદસુરત.
Grimace, *n.* મ્હોના ચાળા, વાંદરા જેવું કરેલું મોઢું.
Grime, *n.* મેલ, કચરો, મેંશ.
Grin, *v. t.* દાંત પીસવા.
Grind, *v. t.* દળવું, જુલમ કરવો, ધાર ચઢાવવી.--er, *n.* દળનાર, દાઢ. —stone, *n.* સરેણ.
Gripe, *n.* સખ્ત મુઠ, પંજો. *v. t.* પુષ્ટ રીતે પૈસા કઢાવવા,-થી ચુંક આવવી.
Grisly, *a.* ભયંકર, વિકાળ.
Grist, *n.* એક દળણામાં દળેલો લોટ, ઓરણું.
Gristle, *n.* કુમળું હાડકું, કાંકરા, શુલ્ક.
Grit, *n.* ભરડો, કાંકરા.
Groan, *n.* અફસોસ. *v. i.* હાય કરી પોક મુકવી, રડવું.
Groat, *n.* ચાર પેન્સ.

Grocer, *n.* ગાંધી, કરીયાણું વેચનાર.—y, *n.* કરિયાણું.
Grog, *n.* પાણી ભેળેલો જલદ દારૂ.
Groin, *n.* જાંગનો સાંધો,
Groom, *n.* ઘોડાવાળો, નવોવર. [મારવાં.
Grope, *v. i.* અથડાવું, અંધારામાં ગોથાં ખાવાં, ફાંફાં
Gross, *n.* બાર ડઝન. *a.* કદદાર, ભારે. [ણ, વિચીત્ર.
Grotesque, *a.* હસુ આવે એવા બેડોળ દેખાવનું; વિલક્ષ-
Grotto *n.* ગુફા, ભોંયરૂં.
Ground, *n.* ધરતી, આધાર. *v. t.* જમીન ઉપર મુકવું. *v. i.* જમીન સાથે લાગવું.—floor, *n.* ભોંયતળીયું.—less, *a.* સબબ વિનાનું, નિરાધાર.—rent, *n.* જમીન ભાડું.—work, *n.* પાયો, ભોંય, મૂળ, આધાર.
Group, *n.* ટોળું. *v. t.* જમાવ કરવું.
Grove, *n.* કુંજ, ઝાડની ઘટા.—l, *v. t.* પેટે ચાલવું.
Grow, *v. i.* ઉગવું. *v.t.* ઉગાવવું, પાક કરવો.—th, *n.* વૃદ્ધિ, ઉપજ. [બોલવું.
Growl, *n.* ઘુરકવાનો અવાજ. *v. i.* ઘુરકવું, ચીઢાઈને
Grub, *n.* કીડો, ખોદવું, ખોદીને બહાર કાઢવું.
Grudge, *n.* આંટસ, વેર. *v. t.* અદેખાઈ કરવી. *v. i.* નારાજ થવું, ફરિયાદ કરવી.
Grudgingly, *ad.* નાખુશીથી.

Gruel, *n.* કાંજી.
Gruff, *a.* કડક, સખ્ત.
Grumble, *v. i.* નારાજી થઈ બડબડવું, રોઇને બોલવું.—r, *n.* બડબડનાર, અસંતોષી માણસ.
Grunt, *n.* ડુક્કરનું આરડવું તે. *v.i.* ડુક્કરની માફક આરડવું.
Guarantee, *n.* જામીનગીરી. *v. t.* જમીન થવું.
Guard, *n.* ચોકી, ચોકીદાર, રખવાળ. *v. t.* ચોકી કરવી, બચાવવું.—ian, *n.* વાલી, રક્ષક.—ianship, *n.* રખેવાળી.
Guava, *n.* જમરૂખ, પેરૂ.
Guerdon, *n.* ઇનામ, બદલો,
Guess, *n.* અટકળ, અનુમાન. *v. t.* અનુમાન કરવું.
Guest, *n.* પરૂણો, મેમાન.
Guidance, *n.* હુકમ, આજ્ઞા, આગેવાની.
Guide, *n.* ભોમિયો, વર્તણીઓ. *v.t.* રસ્તો બતલાવવો.
Guile, *n.* કપટ, કાવોદાવો.—ful, *a.* કપટી, દગાખોર.—less, *a.* નિષ્કપટ.
Guillotine, *n.* શિરચ્છેદ કરવાનો સાંચો.
Guilt, *n.* ગુનો, અપરાધ.—y, *a.* ગુન્હેગાર, અપરાધિ.
Guinea, *n.* ૨૧ શિલીંગનો એટલે આશરે સાડા દસ રૂપિઆની કીંમતનો સોનાનો સિક્કો.
Guise, *n.* પોશાક, ચાલ, વહીવટ.

Guitar, *n.* સિતાર, વીણા.
Gulf, *n.* અખાત, અથાગ ખાડો.
Gull, *n.* એક દરિયાઈ પક્ષી. *v.t.* ઠગવું, ભોળવવું.
Gullet, *n.* ગળું, નળી.
Gulp, *v. t.* ગોળીયાં કરી જવું. [*a.* ગુંદરવાળું.
Gum, *n.* ગુંદર, અવાળું. *v.t.* ગુંદર લગાડવો.—my,
Gun, *n.* બંદુક, તોપ. —ner, *n.* તોપ મારનાર. —powder, *n.* બંદુકનો દારૂ.—shot, *n.* બંદુકની ગોળી.
Gunny, *n.* ગુણપાટ.
Gunwale, *n.* વહાણના બાજુનો ઉપલો ભાગ.
Gurgle, *v. i.* ચોંચાટથી વહેવું, ગડગડતા અવાજે પાણીનું વહેવું.
Gush, *v. t.* જુરસાથી વહેવું, ધાર છુટવી.
Gust, *n.* મઝા, ભાવના.—y, *a.* તોફાની.
Gut, *n.* આંતરડા.
Gutter, *n.* પાણી જવાનો માર્ગ, મોરી.
Guttural, *a.* ગળાને લગતું, કંઠસ્થ.
Gymnasium, *n.* તાલીમખાનું, કસરતશાળા.
Gymnastic, *a.* તાલીમખાના સંબંધી, કસરત, મલ્લયુદ્ધ.
Gypsum, *n.* એક જાતનો ખાર.
Gypsy, *n.* (See Gipsy.)

Gyves, *n.* પગની બેડી.

H.

H, ઇંગ્રેજી મૂળાક્ષરનો આઠમો અક્ષર.

Ha, *interj.* વાહ વાહ? હા.

Haber-dasher, *n.* ફેરીઓ, પરચુરણ માલ વેચનાર. --y, *n.* રીત, દોરી, સોય, ટાંકણી વીગેરે જીનસો.

Habiliment, *n.* લુગડાં, વસ્ત્ર, પોશાક.

Habit, *n.* ટેવ, વ્યસન. પોશાક.--able, *a.* રહેવા જોગ.--ant, *n.* રહેનારો. --ation, *n.* રેઠાણ. --ual, *a.* સ્વાભાવિક.--uate, *v. t.* ટેવ પાડવી. --ude, *n.* ટેવ, રૂઢી. [ભાડુતી ગાડી.

Hack, *v. t.* આડું અવળું કાપી નાંખવું. *n.* ઘા,કાપો,

Hackle, *v. i.* ઓળીને સાફ કરવું, પંજેટવું.

Hackney, *n.* ભાડુતી ગાડી, વેશ્યા. *a.* ભાડુતી.

Haft,*n.*પકડ હાથો.

Hag, *n.* ડાકણ, જંતરી.--gard, *a.* બદશિકલ, ગળી ગયેલું.--gle,*v. t.* (See Hack.)

Hail, *n.* કરા(વરસાદના).*a.* તંનદુરસ્ત.*v. t.* સલામતી આપવી. *v. i.* કરા વરસવા.*interj.* ભલે, નમસ્કાર. --stone. *n.* કરાના ગાંગડા. [રોમરા.

Hair, *n.* વાળ, નિમાળા, રૂવાંટી.--y, *a.* વાળવાળું,

Halcyon, *n.* માછલી ખાનારૂં એક પક્ષી. *a.* સુખનું.
Hale, *a.* તનદુરસ્ત.
Half, *n.* અર્ધ ભાગ. *a.* અર્ધું. *v.t.* અર્ધું કરવું.—blood, *n.* સાવકાપણું.—brother, *n.* ઓરમાન ભાઈ.—caste, *n.* હિંદુ સ્ત્રી અથવા પુરૂષ સાથે યુરોપિઅન પુરૂષ અથવા સ્ત્રીના સંબંધથી થયેલું માણસ.—sister, *n.* ઓરમાન બેન.—witted, *a.* કમઅક્કલ.
Hall, *n.* મોટો ઓરડો, દિવાનખાનું.
Hallelujah, *n.* & *int.* ઈશ્વરની સ્તુતી કરો.
Halloo, *n.* બુમ. *v. t.* બુમ પાડવી, એ ! અલ્યા !
Hallow, *v. t.* પવિત્ર કરવું, પુજ્ય માનવું.
Halucination, *n.* ભુલ, ચૂક, ભ્રાંતિ.
Halo, *n.* સૂર્ય અથવા ચંદ્ર અને આકાશ માંહેલા બીજા ગ્રહોની આસપાસ કમાન જેવો જે દેખાવ નજરે પડે છે તે દેખાવ, પરિવેષ.
Halser, *n.* વહાણ અથવા હોડીને ખસેડવાનું દોરડું.
Halt, *n.* મુકામ, લંગડાતું ચાલવું તે. *v. t.* વિસામો કરવો. *v. i.* લંગડાવું.
Halter, *n.* ફાંશી દેવાનું દોરડું.
Halve, *v. t.* અર્ધ કરવું.
Ham, *n.* ડુકરની જાંગ.
Hamlet, *n.* નાનું ગામડું.

Hammer, *n.* હથોડી. *v. t.* ટીપવું.

Hammock, *n.* ઝોળી. [ધી લેવા, સપાટામાં લેવું.

Hamper, *n.* ટોપલો, છાબડું. *v. t.*–ના હાથપગ બાં-

Hamstring, *n.* ઘુંટણના તળીઆની નસ.

Hand, *n.* હાથ, કાંટો (ઘડીઆળનો). *v. t.* હાથેવતી આપવું.—barrow, *n.* હાથે ખેંચવાની ગાડી.—bill, *n.* જાહેરપત્ર.—cuff, *n.* હાથ બેડી. *v. t.* હાથમાં બેડી ઘાલવી.—ful, *n.* મુઠીભર, ખાચકો, થોડા.—icraft, *n.* કળા, હસ્ત ક્રિયા.—kerchief, *n.* મોંઢું લુવાનો રૂમાલ.—le, *n.* હાથો, મુંઠ. *v. t.* હાથ લગાડવો, વાપરવું.—maid, *n.* દાસી.—mill, *n.* ચક્કી-હાથે દળવાની ઘંટી.—sel, બોહોણી, વકરો.—some, *a.* રૂપવાન, સારૂ, ખુબસુરત.—writing, *n.* અક્ષર.—y, *n.* હાથચાલાક, ઉપયોગી.

Hang, *v. t.* લટકાવવું, ફાંસી દેવું, આધાર રાખવો.—er on, *n.* આશ્રિત.—man, *n.* ફાંસી દેનાર, ચંડાળ.

Hanker, *v. i.* ઇચ્છા રાખવી, જીવ વખવખવો.

Hap, *n.* દૈવ, અકસ્માત બનાવ.—less, *a.* અભાગીઓ.—hazard, *n.* નસીબ, દૈવ.—pen, *v. i.* બનવું, થવું.—pily, *ad.* સારા નશીબે, સુખેથી.—piness, *n.* સુખ, કલ્યાણ, આનંદ.—py, *a.* સુખી, નસીબદાર, મગન.

Harangue, *n.* ઘણા જણ આગળ કીધેલું અલંકારિક ભાષણ. *v. t.* અલંકાર સહીત ભાષણ કરવું.

Harass, *v. t.* દુઃખ દેવું, કાયર કરવું.

Harbinger, *n.* અગ્ર દૂત, આગળ ચાલનાર.

Harbour, *n.* બંદર. *v. t.* આશ્રો આપવો.

Hard, *a.* કઠણ, અઘરૂં, નિર્દય.—en, *v. t.* કઠણ કરવું, દ્રઢ કરવું.—favoured, *a.* કરડા દેખાવનું.—fisted, સખત મુઠીવાળું, લોભિયું, કૃપણ.—fought, કડાકડીનું-કડાઝુડ.—hearted, *a.* કઠણ દીલનું, નિર્દય.—ly, *ad.* કઠણાઇથી, કદાચજ ભાગ્યે.—ship, *n.* દુઃખ, સંકટ.—ware, *n.* લોઢાં વાગેરે ધાતુનો સામાન.—y, *a.* હીંમતવાન.

Hare, *n.* સસલું.—brain, *a.* જંગલી.

Harem, *n.* જનાનખાનુ, અંતઃપુર.

Hark, *v. i.* સાંભળવું. *interj.* સાંભળો.

Harlequin, *n.* જુઠાણું, વિદુષક.

Harlot, *n.* રાંડ. વેશ્યા, ગુણકા.

Harm, *n.* નુકસાન, દુઃખ. *v. i.* દુઃખ દેવું, હાની પોચાડવી.—less, નિરપરાધી.

Harmonic, *a.* મળતા સુરનું.

Harmonious, *a.* એક બીજા સાથે મળતા સુરનું.

Harmonize, *v. i.* મળતાં આવવું, સલાહ સંપથી રહેવું.

Harmony, *n.* મળતાપણું, સંપ.
Harness, *n.* ઘોડાનો સામાન, હરનીશ.
Harp, *n.* મોરચંગ, "હાર્પ" (નામનું વાજીંત્ર).—er, *n.* હાર્પ વગાડનાર.
Harpoon, *n.* માછલી મારવાનો ભાલો.
Harpy, *n.* ખાઉધર, પિંડારો.
Harrier, *n.* એક જાતનો કુતરો.
Harrow, *n.* કળપ. *v. i.* ચીરવું. [ઠોરપણું.
Harsh, *a.* ખુંચે એવું, કઠોર, સખ્ત.—ness, *n.* ક-
Hart, *n.* સાબર.—'s horn, *n.* સાબરશીંગ.
Harvest, *n.* કાપણીના દહાડાની મોસમ, પાક.
Hash, *v. t.* કાપાકુપી–કકડેકકડા કરવા.
Hasp, *n.* ચપકાશ, સાંકળ, આંકડી.
Haste, *n.* ઉતાવળ, ત્વરા, વેગ,
Hasten, *v. t.* ઉતાવળ કરવી.
Hastily, *ad.* ઉતાવળે, વગર વિચારે.
Hasty, *a.* ઉતાવળું, જલદ, અધીરૂં.
Hat, *n.* ટોપી.—ter, *n.* ટોપી બનાવનાર.
Hatch, *n.* તુતકની જાળી. *v. t.* સેવણ બેસાડવું, સેવવું.—way, *n.* વહાણનું ફાલકું.
Hatchet, *n.* કુહાડી. [રવા જોગ.
Hate, *v. t.* ધિક્કારવું. *n.* ધિક્કાર.—ful, *a.* ધિક્કા-

Hatred, *n.* વેર, અદાવત, ચીઢ.
Haughtiness, *n.* ગર્વ, અભિમાન.
Haughty, *a.* મગરૂર, અભિમાની.
Haul, *n.* આંચકો. *v. t.* તાણવું, ખેંચી લઇ જવું.
Haunch, *n.* જાંગનો થાપો. [રવું.
Haunt, *n.* રહેવાનું ઠેકાણું, બેઠક. *v. t.* આવજાવ ક-
Haut-boy, *n.* પીપી,સરણાઈ.—eur, *n.* મગરૂરી,ગર્વ.
Have, *v. t.* પાસે રાખવું-હોવું.
Haven, *n.* બંદર. [રાખવાની તોબરી.
Haversack, *n.* લશ્કરી સિપાઈને કુચ કરતી વેળા ભાથુ
Havoc, *n.* ખરાબી, ઘાણ. *v. t.* નાશ કરવો.
Haw, *n.* વાડ. *v.t.* અટકીઅટકીને બોલવું. [*n.* ફેરીયો.
Hawk, *n.* બાજ. *v.t.* બાજ પાસે શિકાર કરાવવો.—er,
Hawthorn, *n.* એક જાતનું કાંટાવાળું ઝાડ
Hay, *n.* સુકું ઘાસ.—cock, *n.* ઘાસનું કુંડળુ-ગંજી.
Hazard, *n.* જોખમ. *v.t.* જોખમ ખેંચવું.—ous, *a.* જોખમ ભરેલું.
Haze, *n.* ધુમસ.
Haziness, *n.* ધુરકટ, અંધારી.
Hazy, *a.* ધુંમસવાળું.
He. *pron.* તે, પેલો.
Head, *n.* માથું, ઉપરી. *v.t.* માથે લેવું.—ache, *n.*

માથાનું દરદ.—ing. *n.* મથાળું. —land, *n.* ભૂશિર. —long, *a.* અવિચારી. *ad.* ઉંધે મસ્તકે. —man, *n.* વડો.—master, *n.* મુખ્ય શિક્ષક. —quarters, *n.* મુખ્ય મથક.—sman, *n.* માથું કાપનાર, શિરચ્છેદક.—strong, *a.* માથાનો ફરેલ.

Heal, *v. t.* નિરોગી કરવું. *v. i.* રૂઝાવવું. [નદુરસ્ત.

Health, *n.* તનદુરસ્તી, તબિયત.—y, *a.* આરોગ્ય, ત-

Heap, *n.* ઢગલો. *v. t.* ઢગલો કરવો. [રજ્જુઆત.

Hear, *v. t.* સાંભળવું. —ing, *n.* સાંભળવાની ઇંદ્રી,

Hearken. *v. i.* સાંભળવું, કાન ધરવા.

Hearsay, *n.* ફક્ત મોઢેથી સાંભળેલી વાત, અફવા.

Hearse, *n.* મુડદાને દાટવા લેઈ જવાની ગાડી, પ્રેતરથ.

Heart, *n.* હૃદય, દિલ, હિંમત.—ache, બળાપો.—felt, ઘણુંજ લાગેલું.—ily, *n.* દીલોજનથી, ઉલટભેર. —less, *a* કાચી છાતીનું.—en, *v.t.* ઉત્તેજન આપવું.

Hearth, *n.* ચુલો, શઘડી.

Hearty, *a.* દીલોજાન, તંદુરસ્ત.

Heat, *n.* ગરમી, જોસ્સો. *v. t.* ગરમ કરવું. *v. i.* તપવું.—ed, *a.* તાવેલું, તપાવેલું.

Heath, *n.* એક જાતનો છોડ, લીલોતરીની જગો.

Heathen, *n.* or *a.* મૂર્ત્તિપૂજક.—ism, *n.* મુર્ત્તિપુજા.

Heave, *n.* ઉછાળા. *v. t.* ઉચકવું.

Heaven. *n.* આકાશં-સ્વર્ગ.—ly, *a.* સ્વર્ગિક.—ward, *a.* આકાશ તરફનું.

Heaviness, *n.* ભાર, ઉદાશીપણું.

Heavily, *ad.* ભારે, ઘણું જ, પુષ્કળ.

Heaviness, *n.* ભાર, બોજો, ઉદાશી.

Heavy, *a.* ભારે, ઉદાશ.

Hebdomadal, *a* અઠવાડીએ બનતું.

Hebrew, *n.* યાહુદી, યાહુદી ભાષા.

Hecatomb, *n.* શત પશુયજ્ઞ.

Hectic, ક્ષયજ્વર.

Hedge, *n.* કાંટાની વાડ. *v.t.* વાડ ભરવી.—row, *n.* [શેડાની વાડ.

Heed, *n.* ધ્યાન. *v. t.* લક્ષ દેવું. —ful, *a.* સાવધ; હોશીયાર.—less. *a.* બેભાન, ગાફેલ.

Heel, *n.* પગની એડી.

Hegira, *n.* મહમદ પેગંબરનું મક્કામાંથી નાશી જવું કે જે ઉપરથી હીજરી સાલ ચાલે છે.

Heifer, *n.* વાછરડી.

Heigh-ho, *inter.* બે ચેનીનો પોકાર.

Height, *n.* ઉંચાઈ.—en, *v.t.* ઉંચું કરવું, વધારવું.

Heinous, *a.* અઘોર, અતિ દુષ્ટ.

Heir, *n.* વારસ.—ess, *n.* સ્ત્રી વારસ.

Held, *p. p.* of hold.(See Hold).

Hell, *n.* નર્ક. —ish, *a.* નર્ક સંબંધી, મહાદુષ્ટ.
Helm, *n.* સુકાન.
Helmet, *n.* લઢાઇની ટોપી.
Helmsman. *n.* સુકાની.
Help, *n.* મદદ, સહાય. *v. t.* મદદ કરવી. *v. i.* મદદે આવવું.—er, *n.* મદદગાર. —ful, *a.* કામનું, ઉપયોગી.—less, *a.* અનાથ, લાચાર.
Helterskelter, *ad.* દોડાદોડીથી,હાંફળાઇ ફાંફળાઇથી.
Hem, *n.* કોર, મગજી. *v. t.* કોર મુકવી.
Hemi, ઉપસર્ગ છે, ને તેનો અર્થ અર્ધું થાય છે. —sphere, *n.* અર્ધગોળ, ગોળાર્ધ.
Hemistich, *n.* અર્ધચરણ, પાદાર્થ.
Hemlock, *n.* એક જાતનો ઝેરી રોપો છે, ઇંદ્રવારણી.
Hemorrhage, *n.* રક્તશ્રાવ લોહીની રગ ફાટવાથી લોહી વહેવું.
Hemorrhoids, *n.* હરસનો રોગ.
Hemp, *n.* સણ, સણનો છોડ.
Hen, *n.* મરઘી, કુકડી.—bane, *n.* ગાંજો, ખુરાસાની ભાંગ.—coop, *n.* મરઘાં ઢાંકવાનું પાંજરૂં.—pecked, *a.* સ્ત્રી વશ, બાયલો.—roost, *n.* મરઘાં વગેરે પાળેલા પક્ષી.
Hence, *ad.* આ ઉપરથી,હવે પછી, અહીંથી.—forth,

ad. હવે પછી.

Heptagon, *n.* સપ્ત કોણ આકૃતિ.

Heptarchy, *n.* સાત જણનું રાજ્ય.

Her, *pro.* તેનું, પેલીનું---self, *pro.* પોતાની મેળે.

Herald, *n.* નકીબ, ઢંઢેરો ફેરવનાર. *v. t.* ખબર કરવી.
—ry, *n.* ઇંગ્લાંડના હરેલ્ડ અધિકારીનું કામ.

Herb, *n.* વનસ્પતિ, ઔષધિ.

Herbacious, *a.* વનસ્પતી સંબંધી.

Herbage, *n.* ઝાડપાલો.

Herbarium, *n.* વનસ્પતી સંગ્રહ.

Herculean, *a.* ઘણુંજ અઘરૂં, હિંમત્તનું.

Hercules, *n.* ઘણોજ મજબૂત માણસ.

Herd, *n.* ટોળું. *v. i.* ટોળાબંધ ચરવું.

Herdsman, *n.* રખવાળ, ઢોર ચરાવનાર, ગોવાળીઓ.

Here. *ad.* અહીંઆ.—after, *ad.* હવે પછી,—by, *ad.* તેથી કરીને.—in, *ad.* એમાં.—of, *ad.* એ ઉપરથી.—on, *ad.* એ ઉપરથી.—upon, *ad.* આ ઉપરથી.—with, *ad.* એની સાથે.

Hereditary, *a.* વંશ પરમ પરાગત.

Hereditament, *n.* વારસાની સ્થાવર જંગમ મીલકત, વારસો.

Heritage, *n.* વારસો, દાય.

Heresy, *n.* પાખંડ મત, કુમાર્ગ.

Heretic, *n.* પાખંડી. [ણી.
Hermaphrodite, *n.* હીજડો,ઉભય લીંગ-જાતીનું પ્રા-
Hermetic-al, *a.* ત્રિભુત શાસ્ત્ર સંબંધિ, મજબુત, સજ્જડ. [ઠ, વેરાગીની ઝુંપડી.
Hermit, *n.* વનવાસી, ફકીર, તપેશ્વરી—age, *n.* મ-
Hero, *n.* પેહેલવાન, નાયક. (નાટકવાર્ત્તામાં)—ic, or ical, *a.* બાહાદુરી-વિરરસની.—ine, *n.* બાહાદુર સ્ત્રી, નાયકા.(નાટકવાર્તામાં)—ism, *n.* મર્દાઈ, શોર્ય.
Heron, *n.* બગલું.
Harring, *n.* એક જાતની માછલી.
Hesitate, *v. t.* આનાકાની કરવી.
Hesitation, *n.* આનાકાની, આચકો.
Hesperian, *a.* પશ્ચિમ તરફનું. [ડ મત.
Heterodox, *a.* પાખંડી, શાસ્ત્ર વિરૂદ્ધ.—y,*n.* પાખં-
Hetrogenous, *a.* જૂદી જૂદી જાતનું. ભેળસેળ.
Hew, *v. t.* કોતરવું, કાપવું.
Hexagon, *n.* છ ખુણાની આકૃતિ.
Hexameter, *n.* છ ચરણનો શ્લોક-પદ.
Hey, *interj.* હે ! શાબાશ !
Hibernate, *a.* શિયાળો ગાળવો.
Hiccough, *n.* હેડકી. *v. i.* હેડકી આવવી.
Hiccup, *n.* See Hiccough.

Hid, Hidden, *a. p. p.* of hide.(See Hide).

Hide, *n.* ચામડું. *v. t.* સંતાડવું. *v.i.* સંતાવું.(Hide & seek, ડાહીના ઘોડાની રમત, સંતાકુકડી).

Hideous. *a.* ભયંકર, બિહામણું.

Hie, *v. i.* ઉતાવળાં જવું.

Hieroglyphic. *n.* એનો શબ્દાર્થ "પવિત્ર અક્ષરો" [એવો થાય છે.

Higgle, *v.i.* માલ વેચવા સારૂ બારણે બારણે બૂમ પાડવી.

High, *a.* ઉંચું, મોટીપદ્ધિનું, તોફાની. —born, *a.* કુલીન,—land, *n.* પાહાડી મૂલક,—lander, *n.* પાહાડી મૂલકનો રહેવાશી.—ly, *ad.* અતિ, ઘણું.—minded, *a.* મોહોટા મનનું.—seasoned, *a.* ખુબ મશાલાદાર બનાવેલું.—way, *n.* રાજમાર્ગ.—wayman, *n.* ચોરી રસ્તાપર લૂંટનાર.

Highness, *n.* મહારાજ, ખુદાવંદ.

Hilarity, *n.* ખુશી, મશ્કેરી.

Hill, *n.* ટેકરી.—ock, *n.* નાની ટેકરી.—y. *a.* પાહાડી.

Hilt, *n.* મૂઠ, હાથો.

Him, *pron.* તેને.—self, *pron.* પોતાની મેળે.

Hind, *n.* હરણી, *a.* પાછલું. —er, *v. t.* અટકાવવું, રોકવું, નડવું.—rance, *n.* અટકાવ.

Hindermost, Hindmost, *a.* છેક પાછળનું.

Hinder, *v. t.*, *v. i.* પકડી રાખવું, રોકવું.

Hinduism, *n.* હિંદુનો ધર્મ.
Hinge, *n.* મજાગરૂં. *v. t.* મજાગરાં જડવાં.
Hint, *n.* સુચના. *v. t.* સુચના કરવી.
Hip, *n.* કેડ, જાંગની થાપ.
Hippopotamus, *n.* દરિયાઈ ઘોડો.
Hire, *n.* ભાડું. *v.t.* ભાડે રાખવું, લાંચ આપવી,—ling, *n.* પૈસા લેઈને કામ કરનાર, છિનાળ.
His, *pron.* તેનું. [કાઢવો.
Hiss, *n.* સાપનો ફુંફાડો. *v. i.* ફજેતી કરવી, અવાજ
Historian, *a.* ઈતિહાસ લખનાર.
Historic-al, *a.* ઈતિહાસને લગતું.
History, *n.* તવારીખ, ઇતિહાસ, વૃત્તાંત.
Histrionic, *a.* નાટકના જેવું.
Hit, *n.* ફટકો. *v. t.* તાકીને આબાદ મારવું.
Hitch, *n.* આચકો. *v.i.* ગુંચવણમાં પડવું. *v.t.* પકડવું.
Hither, *ad.* અહીં.—to, *a.* હજી સુધી, અદ્યાપી સુધી.—ward, *ad.* આણી તરફ. [કઠાં થઇ સાથે રહેવું.
Hive, *n.* મધપુડો. *v. t.* એકઠું કરી રાખવું. *v. i.* એ-
Ho, *interj.* હો ! અરે ! [કરવું.
Hoard, *n.* છુપો એકઠો કરેલો ખજાનો. *v. t.* એકઠું
Hoarse, *a.* ખોખરૂં.—ness, *n.* અવાજનું ખોખરાપણું.
Hoary, *a.* સફેદ.

Hoax, *n.* મજાક, મશ્કરી, ટોળ. *vt.* મજાક-મશ્કરી કરવી.

Hobble, *v. i.* લંગાડવું, ખોડાવું. *n.* લંગડાતી ચાલ.

Hobby,
Hobby–horse, } *n.* લાકડીનો ઘોડો, વહાલી વાત.

Hobgoblin, *n.* ભુત, પિશાચ.

Hobnot, *ad.* લ્યો છો કે નહીં.

Hocus–pocus, *n.* બાજીગર, નજરબંધી. *vt.* નજર- બંધી કરવી.

Hod, *n.* તગારૂં.

Hoe, *n.* પાવડો. *v. t.* કોદાળીથી ખોદવું.

Hog, *n.* ડુક્કર, ભુંડ.

Hogshead, *n.* ૬૩ ગ્યાલન દારૂ માય એવું માપ.

Hoist, *v. i.* ઉંચું ચઢાવવું, ખેંચવું.

Hold, *n.* ટેકો, અખત્યાર, કબજે, વહાણનો ભંડાર. *v. t.* પકડવું, માનું. *v. i.* ચોટી રહેવું.—er, *n.* પકડી રાખનાર.—forth, બતાવવું, કહાડવું.—in, દાબવું. —off, આઘું રાખવું.—out, આપવું. *v. i.* શોભવું, ટકી રેહેવું, સાચવટથી રેહેવું, ચાલવું, કાયમ રહેવું. —on, વળગી રહેવું.—up, હીંમત રાખવી.

Hole, *n.* બાકું, ખાડો, રાફડો.

Holiday, *n.* ઓચ્છવ, તહેવાર, પૈરવ.

Holiness, *n.* પવિત્રતા.

Holla, } *interj.* { અહો ! અલ્યા ! જુઓ ! પોકાર.
Hollo, } { *v. i.* બુમ પાડવી. [ખોખરૂં.

Hollow, *n.* પોલાણ, ખાડો. *v.t.* પોલું કરવું. *a.* પોલુ,

Holly, *n.* એક વિલાયતી ઝાડ જે હમેશાં લીલુ રહે છે.

Holy, *a.* પવિત્ર.

Homage, *n.* માન, નમન, ભક્તિ, ભજન.

Home, *n.* પોતાનું રહેવાનું ઘર, સ્વદેશ. *a.* ઘરનું, સખત. *ad.* ઘર તરફ, ઘેર, પોતાને દેશ, સજ્જડ, સંચોટ.—less, *a.* ઘરબાર વિનાનું,—ly, *a.* સાધારણ, સાદું.—opathy, *n.* જે પ્રકારનો રોગ તેજ પ્રમાણે ઘણું થોડું ઔષધ આપી રોગ કાઢવાનું વૈદું. —stead, *n.* ઘરની જગા, વાડી, મુળસ્થાનક. —ward, *ad.* ઘર તરફ.

Homicide, *n.* મનુષ્યહિંસા–વધ, મનુષ્યહિંસક.

Homily, *n.* ધર્મબોધક ભાષણ.

Homogeneous, *a.* એક જાતીનું.

Homologate, *v. t.* મંજુર કરવું, કબુલ રાખવું.

Hone, *n.* હજામની પથરી. [પ્રમાણીકપણે.

Honest, *a.* પ્રમાણિક, ભલું, ઈમાનદાર.—ly, *ad.*

Honesty, *n.* પ્રમાણિકપણું, ઈમાનદારી.

Honey, *n.* મધ. *v. t.* ચીઠું કરવું.—comb, *n.* મધપુડો.—moon, *n.* પરણ્યા પછીનો પેહેલો મહિનો.

—harvest, *n.* એકઠું કરેલું મધ.
Honour, *n.* આબરૂ. *v.t.* માન આપવું, હુંડી સ્વીકારવી.
—able, *a.* નેક નામદાર.—ably, *ad.* આબરૂથી.
Honorarium, *n.* મેહેનતાણું.
Honorary, *a.* આબરૂ આપે એવું, કેવળ માન હાંસલ.
Hood, *n.* રોમનકાથોલિક સાધુનો ટોપ. [ખરી વગરનું.
Hoof, *n.* ખરી, ઢોર.—ed, *a.* ખરીવાળું.—less, *a.*
Hook, *n.* આંકડો, ફાંસો. *v. t.* આંકડામાં ભેરવવું.
—ed, *a.* વાંકુ, વાળેલું.
Hoop, *n.* પટો, પાટો, હાંગડી, કડું.
Hooping-cough, *n.* ઉટાંટિયો, એક જાતનો ઠાંસો.
Hoot, *v. i.* ધિક્કારથી હુડધૂત કરવું, ઘુવડની પેઠે બોલવું.
Hop, *n.* એક પગનો કુદકો. *v. i.* એક પગે કુદવું.
Hope, *n.* આશા. *v. i.* આશા રાખવી.—ful, *a.*
આશાવાન.—less, *a.* નિરાશ [મુદ્રની રમત.
Hopper, *n.* ખોડી ખાનાર, ઓરણી, ગરણી, સાત સ-
Horde, *n.* ભમતાં માણસોનું ટોળુ.
Horizon, *n.* દ્રષ્ટિ મર્યાદા.
Horizontal, *a.* દ્રષ્ટિ મર્યાદાનું, આડું. [ચોપડી.
Horn, *n.* શીંગડું, રણશીંગડું.—book, *n.* પેહેલી
Hornet, *n.* ભમરાની જાતની ગટકો મારતી એક મોટી
માંખ, ભમરો.

Horoscope, *n.* જન્મપત્રિકા, જન્મોતરી, ટપકો.
Horrible, Horrid, Horrific, *a.* ભયંકર, વિકાળ.
Horrify, *v. t.* થથરાવી નાંખવું.
Horror, *n.* ભય, કમકમાટ.
Horse, *n.* ઘોડો ઘોડેસ્વારનું લશ્કર.--back, ઘોડાપર. —breaker, *n.* ચાબુકસ્વાર, ઘોડા પલોટનાર. --laugh, *n.* મોટેથી હસવું, ખડખડ હસવું --man, *n.* ઘોડેસ્વાર.--play, ધીંગામસ્તી.--race, *n.* ઘોડાની શરત, ઘોડદોડ.--shoe, *n.* નાળ.--shoer, *n.* નાળબંધ.--whip, *n.* ચાબુક.
Hortative, *a.* શિખામણનું.
Horticulture, *n.* બાગકામ.
Hosana, *n.* ઇશ્વર કૃપા માગવાનો શબ્દ.
Hose, *n.* પગના મોજાં, સુંઢ. [વાળાનો ધંધો.
Hosier, *n.* મોજાં બનાવનાર-વેચનાર.—y, *n.* મોજાં-
Hospitable, *a.* પરોણા ચાકરીવાળું, પરોણાની બરદાશ કરનારૂં. [જગા.—ity, *n.* પરોણાગત.
Hospital, *n.* ઇસ્પિતાલ, રોગીઓને વાસ્તે બાંધેલી
Host, *n.* યજમાન, સૈન્ય, ટોળું,
Hostage, *n.* ખાતરી સારૂ શત્રુને સ્વાધિન કરેલો માણસ.
Hostile, *a.* શત્રુવટ રાખનાર, પ્રતિકુળ.
Hostility, *n.* શત્રુભાવ, દુશ્મની.

Hot, *a.* ગરમ.--brained, *a.* ગરમ મીજાજનું.

Hotchpotch, *n.* ખીચડો, ગડબડગોટા, ભેળસેળ.

Hotel, *n.* મુસાફરને રહેવાનો બંગલો, વીસી.

Hough, Hock, *n.* પશુના પછલા પગના ઘુંટણનો પાછલો ભાગ.

Hound, *n.* શિકારી કુત્રો.

Hour, *n.* કલાક.--hand, *n.* કલાકનો કાંટો.--glass, *a.* રેતીનું ઘડિયાળ.--ly, *a.* કલાકે કલાકે થનારૂં.

House, *n.* ઘર, વંશ. *v. t.* આશરો આપવો. *v. i.* રહેવું.--breaker, *n.* દિવસે ખાતર પાડનાર.--hold, *n.* ઘર, ઘરકુટુંબ, *a.* ઘરનું.--keeping, *n.* ઘર ખટલો ઘરબાર ચલાવવું તે.--warming, *n.* નવા ઘરમાં જતી વખતે આપેલું જમણ, વાસ્તુ.

Housewife, *n.* ઘરધણીઆણી.

Housing, *n.* ઘાસીયો.

Hovel, *n.* ભીતડાં વગરનું છાપરૂં.

Hover, *v.i.* પાંખ ફફડાવવી, ટગાફ રહેવું.

How, *ad.* કેમ, કેવું.—but, ગમે તેમ હોય પણ, તોપણ.—ever, *ad.* ગમે તેવું. *conj.* તોપણ, એમ છતાં.

Howl, *v. t.* કુતરાની માફક બૂમ પાડવી.--ing, વાઘ વરૂના શબ્દોથી ગાજી રહેલું ઘોર.

Hubble-bubble, *n.* હુક્કો.

Hubbub, *n.* ઘોંઘાટ, ગડબડ, બળવો.
Huddle, *v. i.* ગરદી-ભીડ કરવી. *n.* ભીડ.
Hue, *n.* રંગ, વરણ, બુમ, પોકાર.
Huff, *n.* ગુસ્સો. *v. t.* ધમકાવવું.
Hug, *n.* ભેટવું તે. *v. t.* મજબુત પકડવું.
Huge, *a.* ઘણુંજ મોટું, વિસ્તીર્ણ.
Hulk, *n.* વહાણનું ખોખું, ઝાંપડો, ખગ.
Hull, *n.* વાહાણનું ખોખું, છોતરાં.
Hum, *v. i.* મધમાખીની પેઠે ઘુંઘું કરવું,મનમાં ગાવું.
Human, *a.* મનુષ્ય જાતીનું.
Humane, *a.* દયાળુ, કરૂણાવાન.
Humanity, *n.* દયા, કરૂણા, માણસાઈ.
Humble, *a.* ગરીબ, હલકી. *v. t.* નમ્ર કરવું. [ઠગવું.
Humbug, *n.* અષ્ટંગષ્ટં, ભૂલથાપ, ભૂલથાપ દેનાર. *v. t.*
Humid, *a.* શરદ, ભીનું.—ity, *n.* ભીનાશ, શરદી.
Humiliate, *v. t.* નમ્ર કરવું.
Humility, *n.* નમ્રતા, દીનતા.
Humour, } *n.* સ્વભાવ, મિજાજ. *v. t.* લાડ કરવાં.
Humor, } —ous, *a.* હસમુખું.
Humorsome, *a.* મનમોજી.
Hump, *n.* ખુંધ, ઢેકો.—backed, *a.* ખુંધો.
Hundred, *a.* સો.—th, *a.* સોમું.

Hunger, *n.* ભૂખ. *v. i.* ભૂખ લાગવી.

Hungry, *a.* ભૂખ્યો.

Hunt, *n.* શિકાર. *v.t.* શિકાર કરવો, શોધ કરવી.—er [or sman, *n.* શિકારી.

Hurdle, *n.* ટાટું, ત્રાપો.

Hurl, *v. t.* જોરથી ફેંકવું.

Hurly-Burly, *n.* ગડબડાટ, ધમચકડ.

Hurra, } *int.* ખુશાલીનો પોકાર. *interj.* જયજય.
Hurrah, }

Hurricane, *n.* તોફાન.

Hurry, *n.* ઉતાવળ, ગડબડ. *v. t.* ઉતાવળ કરવી.

Hurt, *n.* નુકશાન. *v. t.* નુકશાન કરવું.—ful, *a.* નુકશાનકારક.

Husband, *n.* ધણી, વર, સ્વામી, પતી.

Husbandman, *n.* ખેડુત.

Husbandry, *n.* ખેતીકામ.

Hush, *v.t.* ચુપ રાખવું. *a.* ચુપાચુપ. *int.* ચુપ! છાનોરહે!

Husk, *n.* છોતરાં, છાલા, ભુસું.—y, છાલાવાળું, ખોખરૂં.

Hustle, *v. t.* ધક્કાધક્કી કરવી.

Hut, *n.* ઝુંપડું.

Huzza, *interj.* જયજય. *v. t.* જયજયકાર કરવો.

Hybrid, *a.* મિશ્રજાતિનું. *n.* સંકરજાતિનું પ્રાણુ-છોડ.

Hydraulics, *n.* ઉદકગતિ શાસ્ત્ર.

Hydrogen, *n.* ઉદક જનક વાયુ.

Hydromel, *n.* મધપાણી.

Hydropathy, *n.* પાણીથી સારાં કરવાનું વૈદું.

Hydrophobia, *n.* હડકાએલા કુતરાનું વિખ, પાણીની ધાસ્તી.

Hydrostatics, *n.* ઉદક સ્થિતિ શાસ્ત્ર.

Hyena, *n.* તરસ, દીપડો.

Hygiene, *n.* આરોગ્યતા સંરક્ષણ શાસ્ત્ર.

Hygrometer, *n.* હવામાં રહેલી ભીનાશનું પ્રમાણ કાઢવાનું યંત્ર.

Hymeneal, } *n.* લગનનું ગીત, વિવાહ ગાન.
Hymenean, }

Hymn, *n.* ઈશ્વરસ્તુતિ, ભજન.

Hyperbole, *n.* અતિશયોક્તિ.

Hyphen, *n.* સંયોગ ચિન્હ, શબ્દ જોડવા સારૂં (-) આવી નિશાની મૂકવામાં આવે છે તે.

Hypocrisy, *n.* ઢોંગ, વેષધારી.

Hypocrite, *n.* ઢોંગી, બગરૂપી.

Hypogastrium, *n.* પેહેડું.

Hypotenuse, *n.* ત્રિકોણમાં કાટ ખુણાની સામેની [બાજુ.

Hypothesis, *n.* માની લીધેલી વાત, પૂર્વ સિદ્ધાંત.

Hypothetical, *a.* માની લીધેલું, અટકળનું.

Hysop, *n.* ઝુફો.
Hysterical, *a.* ચિત્તભ્રમ થયેલું.
Hysterics, } *n.*(ઘણું કરીને બૈરાંને થતો)વાયુ ગોળો.
Hysteria, } ચિત્તભ્રમ.

I.

I, ઇંગ્રેજી મૂળાક્ષરનો નવમો અક્ષર.
I, *pron.* હું, પોતે.
Iambic, } *n.* બે અક્ષરના જે ચરણમાં પહેલો લઘુ
Iambus, } અથવા તાળ વગર બોલેલો અને બીજો ગુરૂ અથવા તાળ સાથે બોલેલો અક્ષર હોય તે લઘુ ગુરૂ.
Ibis, *n.* રાજહંસ.
Ice, *n.* બરફ, ખાંડની ચાસણીનો ઢોળ. *v. t.* ખાંડની પોપડી બાંધવી.—berg, *n.* ઉત્તર મહાસાગરમાં તરતાં બરફનો મોટો ડુંગર.—cream, *n.* બરફવાળી દુધની મલઇ.
Ichneumon, *n.* મછરનાં ઇંડાં ભાગનારૂં જનાવર.
Ichneumon, *n.* નોળીઆની જાતનું એક જનાવર જે મગરનાં ઇંડાં ખાઈ જતું.
Ichthyology, *n.* માંછલીઓની વિદ્યા.
Icicle, *n.* (ઘરડા નેવ ઈ૦ ઉપરથી)લટકતું બરફ.
Icy, *a.* બરફવાળું, પ્રીતિહીન.

Ideal, *a.* મનનુ, માનસિક.—ism, *n.* બધી સૃષ્ટિ કેવળ મનોમય છે એવો મત.—ist, *n.* વિષયાભાવવાદી.—ity, *n.* કલ્પનાશક્તિ.
Identical, *a.* તેજ, અનન્ય.
Idea, *n.* કલ્પના, મત, વિચાર.
Identify, *v. t.* એક સરખું કરી દેખાડવું, સાબીત કરવું.
Identity, *n.* એકજપણું, એકરૂપતા.
Idiocy, *n.* જન્મથી ઘેલાપણું.
Idiom, *n.* રૂઢી, ઢબ.—atic, *a.* બોલાવાની ઢબ પ્રમાણે.
Idiot, *n.* ઘેલો, મુંઢ માણસ.
Idle, *a.* આળસુ, બિનરોજગારી, પોકળ. *v. i.* આળસુ રહેવું, નવરાશમાં વખત ખોવો.—r, *n.* આળસુ માણસ.—ness, *n.* આળસ, નિરૂદ્યોગ.
Idol, *n.* મુર્ત્તિ, પ્રતિમા.—ator, *n.* મુર્ત્તિપુજક, કલ્પિત દેવને ભજનાર.—atrous, *a.* મુર્ત્તિપુજા સંબંધી.—atry, *n.* મુર્ત્તિપુજા, અતિભક્તિ.—ize, *v. t.* ઘણી ભક્તિ કરવી, દેવ જેવું માનવું.
I, E. *i. e.* (L. *id est* that is). એટલે.
If, *conj.* જો, કદાચ, અથવા, કે.
Igneous, *a.* અગ્નિમય, અગ્નિમાંથી નીકળેલું.
Ignisfatuus, *n.* ભુત-પિશાચના ભડકા. Will-o-the wisp. લીલી ભોંયપર રાતે થતા ભડકા.

Ignite, *v. t.* સળગાવવું, *v. i.* સળગવું.
Ignition, *n.* સળગવું તે, તાપ.
Ignoble, *a* હલકા કુળનો, નીચ, કમજાત, હલકું.
Ignominious, *a.* બદનામીવાળું,ધીક્કાર ભરેલું,હલકું.
Ignominy, *a.* બે આબરૂ, અપમાન, ફજેતી.
Ignorance, *a.* અજ્ઞાન, બેરમાહીતી, મૂર્ખાઇ.
Ignorant, *a.* અજાણ્યો, અજ્ઞાન. [નાંખવું.
Ignore, *v. t.* ન ગણવું, ઉડાવી દેવું, ખોટું કહીને કાઢી
Ill, *a.* આજારી, ખરાબ, નઠારૂં, અસભ્ય. *ad.* માઠું.
n. દુષ્ટતા નાશ,આફત.—bred, *a.* અસભ્ય,જંગલી.
Illegal, *a.* કાયદા વિરૂદ્ધ, અધર્મી.
Illegible, *a* ન વંચાય એવું.
Illegibly, *ad.* વંચાય નહીં એવી રીતે. [રસપણું.
Illegitimacy, *n.* નરી અવસ્થા,બેઘુનિયાતી,અનઉ-
Illegitimate, *a.* રાંડના પેટનું, કાયદા વિરૂદ્ધ.—'y, *ad.* ગેરકાયદે.
Ill-fated, *a.* કમનસીબવાન, ભાગ્યહીન.
Ill-favoured, *a.* ખરાબ રૂપવાળો, બેડોળ, કદરૂપું.
Illiberal, *a.* કંજુસ, નીચ મનનું, અસભ્ય.—ity, *n.*
કૃપણતા,કંજુસાઈ.—ly,*ad.*કરકસરથી, કંજુસાઇથી.
Illicit, *a.* અઘટીત, ગેરઆજણી.
Illimitable, *a.* અપાર, બેહદ.

Illiteracy, *n.* બેવકુફી, અજ્ઞાન-અભણપણું.
Illiterate, *a.* અવિદ્વાન, અભણ.
Ill-luck-fortune, *n.* અવદશા, દુરભાગ્ય.
Ill-judged, *a.* અવિચારે કરેલું, ડહાપણ વગરનું.
Ill-nature, *n.* દુષ્ટસ્વભાવ.—d, *a.* ખારીલું.
Illness, *n.* મંદવાડ, રોગ, દુઃખ.
Illogical, *a.* અન્યાયી.
Ill-omened, *a.* અમંગલીક.
Ill-starred, *a.* કમનસીબવાન, ભાગ્યહીન.
Ill-temper, *n.* દુષ્ટ-ખરાબ સ્વભાવ, દુષ્ટવૃત્તિ.
Ill-timed, *a.* અકાલિક, કવેળાનું.
Ill-turn, *n.* અકલ્યાણ, નુકશાન, અપકાર.
Illude, *v. t.* ઠગવું. ભુલાવવું.
Illuminate, *v. t.* રોશની કરવી, અજવાળું પાડવું, પ્રકાશિત કરવું, પુસ્તકને સોનેરી અક્ષરથી શણગારવું. *v. i.* ઝગમગવું.
Illumination, *n.* રોશની, પ્રકાશ-જ્ઞાન આપવું.
Illusion, *n.* ભૂલ, પ્રપંચ, માયા.
Illusionist, *n.* મોહમાયાને માનનારા.
Illusive, Illusory, *a.* માયારૂપ, કપટી, .
Illustrate, *v. t.* પ્રકાશિત કરવું, દાખલો આપી સમજાવવું, ઉઘાડું કરવું, શણગારવું.

Illustration, *n.* પ્રકાશવું તે, દ્રષ્ટાંત, દાખલો.
Illustrious, *a.* નામીચું, પ્રસિદ્ધ, કીર્તિવાન.
Image, *v. t.* કલ્પના કરવી, પ્રતિમા, મુર્તિ, તસવીર, તેવુંજ તે,—ry, *n.* મુર્તીઓ, પુતળાં, આભાસ.
Imaginable, *a* કલ્પના કરવા જોગ.
Imaginary, *a.* કલ્પિત, અંધારતીક.
Imagination, *n.* કલ્પના શક્તિ, કલ્પના, જુક્તિ.
Imagine, *v. t.* ધારવું, વિચારવું, જુક્તિ કરવી.
Imbecile, *a.* નબળા મનનું, મંદ બુદ્ધીનું.
Imbécility, *n.* નબળાઇ, અશક્તપણું.
Imbed, *v. t.* દાટવું.
Imbibe, *v. t.* પીવું, મનમાં લેવું.
Imbitter, *v. t.* કડવું કરવું, વધારે તિવ્ર કરવું.
Imbosom, (See Embosom).
Imbrue, *v. t.* ભીજવવું, પલાળવું.
Imbue, *v. t.* બારપુર કરવું, કેળવવું.
Imitable, *a.* નક્કલ કરવા જોગ.
Imitate, *v. t.* ઉતારો કરવો, દેખાદેખી કરવી.
Imitation, *n.* લઢણ પકડવી તે, નકલ.
Imitative, *a.* નક્કલ કરવાનું, નકશીનું.
Imitator, *n.* નકલ કરનાર, વેષ બાજવનાર.
Immaculate, *a.* નિર્મળ, નિષ્કલંક.

Immanent, *a.* સ્વાભાવિક, મુળનું.
Immaterial, *a.* હલકું. નજીવું, નિરૂપયોગી.
Immature *a* પુખ્ત નહી એવું,અધુરૂ,ઉતાવળું, નાહાનું.
Immaturity, *a.* કાચાપણું, નાહ્યાનપણું,અપુર્ણતા.
Immeasurable, *a.* મપાય નહી તેવું, અથાગ.
Immediate, *a.* પાસેનું, તરતનું.—ly, *ad.* તેજ વખતે, તાબડતોબ.
Immedicable, *a.* આરામ નહીં થઈ શકે એવું.
Immemorial, *a.* ઘણું જુનું.
Immense, *a.* અપાર, ઘણું,અત્યંત.
Immensiy, *ad.* બેહદપણે.
Immensity, *n.* ઘણો વિસ્તાર. [ગરક કરવું.
Immerge, Immerse, *v.t.* પાણીમાં બોળવું.ડુબાવવું,
Immersion, *n.* ડબોવવું તે, લીનતા,નિમગ્નતા, બોળવું તે, સુર્યના પ્રકાશથી કે છાયામાં પેસીને અસ્ત થવું તે.
Immethodical,*a.* બંદોબસ્ત વિનાનું. [હેલું માણસ.
Immigrant, *n.* જઈને રહેવા સારૂ પરદેશમાં આવી ર-
Immigrate,*v.i.* જઈને રહેવા સારૂ પરદેશમાં આવી રહેવું.
Imminence, *n.* છેક નજીક આવેલું જોખમ.
Imminent, થોડી વારમાં થાય તેવું.
Immiscible, *a.* એકઠું કરાય-તોળાય નહીં એવું.
Immission, *n.* અંદર દાખલ-પેસેરા કરવો તે.

Immix, *v. t.* એકઠું કરવું, વેહેવાર રાખવો.
Immobility, *n.* સ્થિરપણું, અચળપણું.
Immoderate, *a.* અપાર, અતિશય.
Immodest, *a.* અમર્યાદ, લાજ વગરનું, વ્યભિચાર વિ-ષેનું.—ly, *a.* બેઅદબી રીતે.—y, *n.* બેઅદબી.
Immoral, *a.* અનીતિવાન, અન્યાયવાળું, પાપી.—ly, *ad.* દુષ્કરમથી.
Immorality, *n.* અધર્મ, દુષ્ટતા, દુરાચારીપણું.
Immortal, *a.* અક્ષય, અમર.—ity, *n.* કાયમપણું.
Immortalize, *v. t.* નામ અચળ કરવું. [હૈયાનો.
Immoveable, *a.* જડ, સ્થાવર, અચળ, નિર્દય, કઠણ
Immunity, *n.* માફી, હક.
Immure, *v. t.* કેદ કરવું, પુરી મુકવું.
Immutable, *a.* અવિકારી, નિર્વિકાર,
Imp, *n.* ચેલકુ, ભૂત, નાનો શેતાન, લુચ્ચું છોકરૂં.
Impacable, *a.* ત્રસ-શાંત ન થાય તેવું.
Impact, *v. t.* અકળાવવું. *n.* ધક્કો, છાપ, મુદ્રા.
Impair, *v. t.* ખરાબી કરવી.
Impale, *v. t.*સુળીએ ચઢાવવું, પુરવું, ગોંધી લેવું.
Impalpable, *a.* અડકવાથી માલમ ન પડે એવું.
Impanuel, *v. t.* પંચના માણુસોના નામ યાદીમાં લ-ખવાની ટીપ તઈયાર કરવી.

Imparity, *n.* તફાવત, વિષમતા.
Impart, *v. t.* આપવું, બતલાવવું, બક્ષિશ કરવી.
Impartial, *a.* નિષ્પક્ષપાતી.—ity, *n.* નિષ્પક્ષપાત, સમાનદ્રષ્ટિ, અદલપણું.
Impartible, *a.* ભેટ આપવા જોગ.
Impartment, *n.* કહેવું તે, જણાવવું તે.
Impassable, *a.* ન જવાય એવું, ગહન.
Impassibility, *n.* જડપણું, સુખ દુઃખ લાગે નહીં એવું હોય તે.
Impassible, Impassive, *a.* જડ.
Impassion, *v.t*, જુસ્સામાં આવવું, જોસ ભરાવો-ચડવો.—ed, *a.* જુસ્સામાં આવેલું, આવેશી.
Impassionate, *v. t.* જુસ્સો આવવો. *a.* આવેશ-જોશ ભરેલું.
Impassively, *ad.* અચેતપણે.
Impatience, *n.* અધીરતા, ઉતાવળ.
Impatient, *a.* અધીરૂં, ઉતાવળું.
Impeach, *v.t.* સરકારી કામદારપર તોહોમત મુકવું-તકરાર લેવી, અટકાવવું.—ment, *n.* આરોપ, દોષ.
Impeccable, *a.* જેનાથી પાપ થાય નહીં એવું.
Impede, *v. t.* હરકત કરવી, અટકાવવું, આડે આવવું.
Impediment, *n.* વિઘ્ન, અટકાવ, અટચણ.
Impel, *v. t.* આગળ ચલાવવું, ઉશ્કેરવું.

Impend, *v. i.* આવી પડવું, માથાપર આવી પડવું, પાસે આવી પોહોંચવું.—ing, *a.* આવી પડતું.
Impenetrable, *a.* ભેદાય નહી એવું, અસર નહીં થાય એવું, સમજી શકાય નહી એવું.
Impenitence, *n.* અપશ્ચાત્તાપ.
Impenitent, *a.* પરતાવો ન કરે તેવું.
Imperative, *a.* હુકમ કરતું, આજ્ઞાવાચક.
Imperceptible, *a.* અદ્રશ્ય, ઘણુંજ બારીક. [તકાળ.
Imperfect, *a.* ઓછું, ખામીવાળું.—tense, વર્તમાન ભુ-
Imperial, *a.* શેહેનશાહી, બાદશાહી, રાજ્યકીય.
Imperil, *v. t.* જોખમમાં નાખવું.
Imperishable, *a.* નાશ પામે નહીં એવું, અચળ.
Imperious, *a.* સત્તા ચલાવનારૂં, જુલમી.
Impersonal, *a.* અકર્તૃક, કર્તા વિનાનું.
Impersonation, *n.* જડ પદાર્થને ચેતન્ય આપવું તે.
Impertinence, *n.* નફટાઈ, ટાંડપણું, અસભ્યતા.
Imperturable, *a.* અટકાય નહી એવું. [ભેદ્ય.
Impervious, *a.* ઘટ્ટ, જેમાં પ્રવેશ નહી થાય એવું; નિ-
Impetuosity, *n.* જોરસો, મિજાજ.
Impetuous, *a.* જોરથી જતું આવતું, ઉતાવળું.
Impetus, *a.* ગતી આપનારૂં જોર, વેગ.
Impiety, *n.* અધર્મ, અધર્મ કૃત્ય, દુષ્ટ કર્મ.

Impious, *a.* ઈશ્વરપર ભાવ વગરનું, દેવભક્તિહીન,ગ-
Implacable, *a.* શાંત ન થનારૂં, દીર્ઘદ્વેષી. [ર્ધિષ્ઠ.
Implant, *v. t.* રોપવું, મનમાં ઉતારવું, સ્થાપવું.
Implead, *v. t.* ફરીયાદ કરવી, કામ ચલાવવું.
Implement, *n.* ખેતી,કરવાનાં હથીઆર, સામગ્રી.
Implicate, *v.t.* ગુંચવવું, સામેલ છે એવું. સિદ્ધ કરવું.
Implication, *n.* ગુંચવણ, અનુમાન, અટકળ.
Implicit, *a.* પુરૂં, અર્થસિદ્ધ.
Implore, *v. t.* અરજ કરવી, કાલાવાલા કરવા.
Imply. *v. t.* ચેતવવું, સમજ પડવી, સિદ્ધ થવું.
Impolitic. *a.* અવિવેકી, અવિચારી.
Imponderable, } *a.* વજન વગરનું, હલકું.
Imponderous, }
Import, *n.* અર્થ,બાહાર દેશાવરથી આણેલો માલ,યો-
ગ્યતા, મતલબ. *v. t.* બાહાર દેશથી આણવું, અર્થ દે-
ખાડવો.—ance, *n.* જરૂરીઆત, યોગ્યતા, અગત્ય,
મહત્વ.—ant, *a.* જરૂરનું, ભારબોજવાળું. [પડવું.
Importune, *v. t.* વારે ઘડીએ કાલાવાલા કરવા, ગલે
Impose, *v. t.* (દાણ)લેવું-નાંખવું, છેતરવું. [ઠવું તે.
Imposition, *n.* નાંખવું તે, કર, ઠગાઈ, જુલમ, બેસા-
Impossibility, *n.* અશક્યતા, અસંભવ.
Impossible, *a.* ન બને એવું.

Impost, *n.* જકાત, મેહેસુલ.—or, *n.* ધુતારો.
Impotence-cy, *n.* નબળાઇ, કમજોરી.
Impotent, *a.* નપુષક, નિર્બળ.
Impound, *v. t.* વાડામાં રાખવું.
Impoverish, *v. t.* નિર્બળ કરવું, દરીદ્રી-ભીખારી કરવું, કસ કાઢી લેવો.
Impracticability, *n.* અસાધ્ય. અશકયતા.
Impracticable, *a.* ન બને તેવું, અસાધ્ય.
Imprecate, *v. t.* શ્રાપ દેવો.
Impregnable, *a.* અજીત,-ની સામે ચાલે નહી એવું.
Impregnate, *a.* ગર્ભ રાખવો. *v. t.* ગર્ભવંતી કરવી, ફળવંત કરવી, એક વસ્તુનો ગુણ બીજી વસ્તુમાં જાય તેમ કરવું. [અક્ષર, છાપ.
Impress, *v. t.* છાપવું, અસર કરવી, વેઠે પકડવું. *n.*
Impression, *n.* છાપ, મુદ્રા,ભાસ, છાપવાની આવૃતી.
Imprint, *v. t.* છાપવું, મનમાં ઠસાવવું, ઉતરી જવું.
Imprison, *v. t.* કેદ કરવું, અટકાવવું.
Improbable, *a.* સંભવે નહી એવો, અસંભવિત.
Impromptu, *ad.* અગાઉથી વિચાર કરયા વગરનું.
Improper, *a.* નાલાયક, નિરૂપયોગી, અપશબ્દ.
Improve, *v. t.* સુધારવું, સાર્થક કરવું, શિખામણ કાઢવી, સારો ઉપયોગ કરવો. *v. i.* સુધરવું, ચઢવું.

—ment, *n.* સુધારો.
Improvident, *a.* ટુંકી નજરનું, ગાફેલ, અવિચારી.
Imprudence, *n.* અવિવેક, અવિચાર,ડહાપણહીનતા.
Imprudent, *a.* અવિવેકી, વિચારહીન, ઉદ્ધતાઇ.
Impudence, *n.* બેશરમ.
Impudent, *a.* બેશરમો, નિર્લજ.
Impugn, *v. t.* વીરૂધ-સામું બોલવું. [ત્તેજનઃ
Impulse, *n.* ધક્કો, મનપર અસર, મતલબ,બળાપો,ઉ-
Impunity, *n.* દંડ કે શિક્ષાથી છુટવું તે, નુકશાનથી છુટાપણું, મારી.
Impure, *a.* મેલું, અપવિત્ર, છિનાળવું.
Impurity, *n.* મલીનતા, અપવિત્રાઈ.
Impute, *v. t.* તોહોમત મુકવું, ઠપકો દેવો.
In, *prep.* અંદર, માં, ને નામે, કેમકે.
Inability, *n.* અશક્તિ.
Inaccessible, *a.* જવાય નહી એવું, અગમ્ય.
Inaccuracy, *n.* ભૂલ, ચુક, અશુદ્ધતા.
Inaccurate, *a.* ભુલચુકવાળું, અસુદ્ધ.
Inactive, *a.* જડ, નિરૂદ્યોગી
Inadequate, *a.* અપુર્ણ, નાં લાયક.
Inadmissible, *a.* માનવા-કબુલ કરવાજોગ નહીએવું.
Inadvertence, *n.* ગફલત, ચુક.

Inadvertent, *a.* બેભાન, ગાફેલ, અસાવધ.
Inalienable, *a.* બીજાને અપાય નહીં એવું.
Inamorata, *n.* પ્રીયા, પ્યારી, બઈરી.
Inane, *a.* ઠાલુ, ખાલી,
Inanition, } *n.* ખાલીપણું, સુન્યતા, લાંઘણ.
Inanity, }
Inanimate, *a.* નિર્જીવ, અચેતન.
Inapplicable, *a.* ન લાગુ પડે એવું, અયોગ્ય.
Inappropriate, *a.* લાગુ પડે નહી એવું, અઘટિત.
Inarticulate, *ad.* સમજાય નહિ એવું.
Inattention, *n.* અસાવધપણું, અલક્ષ, અનાદાર.
Inaudible, *a.* ન સંભળાય એવું.
Inaugurate, *v. i.* સંસ્કાર કરી અધિકાર ઉપર સ્થાપવું, અભિષેક કરવો, આરંભવું.
Inauspicious, *a.* અશુભ, અપશુકનીઉં.
Inborn, } *a.* સ્વાભાવિક, કુદરતી.
Inbred, }
Incalculable, *a.* અગણિત, બેસુમાર.
Incantation, *n.* છુમંતર.
Incapable, *a.* અશક્ત. નાલાયક.
Incapacitate, *v. t.* અશક્ત—ના લાયક કરવું.
Incapacity, *n.* અશક્તી, નાલાયકી.

Incarcerate, *v. t.* કેદ કરવું.
Incarnate, *a.* દેહધારી, મુર્તીમાન.
Incarnation, *n.* દેહધારણ.
Incase, *v. t.* ઢાંકવું, ડબામાં ઘાલવું.
Incautious, *a.* અસાવધ, બેફીકર.
Incendiary, *n.* આગ લગાડનાર, કજીઆદલાલ.
Incense, *n.* ધુપ. *v. t.* ધુપ દેવો, ખીજવું.
Incentive, *n.* ઉત્તેજન. *a.* ઉત્તેજક.
Inception, *n.* આરંભ. શરૂઆત.
Inceptive, *a.* આરંભનું, શરૂઆતનું.
Incertitude, *n.* અનિશ્ચય, શંકાપણું.
Incessant, *a.* નિરંતર.—ly, *ad.* સદા, ઉપરાછાપરી.
Incest, *n.* નિકટ સગાં જોડે સ્ત્રી પુરૂષનો પરસ્પર અયોગ્ય સંભોગ.—uous, *a.* નીકટ સગા જોડે સંભોગ કરનાર.
Inch, *n.* એક ફુટનો બારમો ભાગ, આંગળ, તસુ.
Inchoate, *a.* શરૂ થએલું, અધુરૂં.
Incidence, *n.* અકસ્માત બનાવ, કિરણના પડવાની રીત.
Incident, *a.* આવી પડેલું, થતું. *n.* બનાવ, બીના.
—al, *a.* કોઈ વેળા બનતું, અનિયમિત.
Incipient, *a.* આરંભનું, શરૂ થતું.
Incision, *n.* કાપ, ચીરો.

Incite, *v. t.* ઉત્તેજન આપવું.--ment, *n.* ઉત્તેજન.
Incivility, *n.* અસભ્યતા.
Inclement, *a.* નિર્દય, કડકડતી.
Inclination, *n.* મનનું વલણ.
Incline, *v. i.* વળવું, મરડાવું. *v. t.* મન કરવું,મરડવું.
Inclose, *v. t.* આસપાસ ઘેરી લેવું, બીડવું.
Include, *v. t.* અંદર લેવું.
Inclusion, *n.* અંદર લેવું તે.
Inclusive, *a.* માં ગણીને સાથે-સહિત.
Incog, Incognito, *a. ad.* ઓળખાય નહીં એવી રીતે વેશ ધારણ કરીને.
Incoherence, Incoherency, *n.* અસંબંધ, વિરોધ.
Incoherent, *a.* અળગું, અસંગિત, સંબંધ વિનાનું.
Incombustible, *a.* સળગે નહી એવો.
Income, *n.* આવદાની, આવક.
Incommensurable, *a.* સામાન્ય સંખ્યાથી શેષ રહ્યા વગર મંગાય નહી એવું.
Incommensurate, *a.* ઓછા પરિણામનું, અધુરું.
Incommode, *v.t.*અડચણ પાડવી, અગવડમાંનાંખવું.
Incommodious, *a.* અડચણવાળું, સોઈ વગરનું.
Incommunicable, *a.* બીજાને કહેવાયેનહી એવું.

Incomparable, *a.* અતુલ્ય, સર્વોત્તમ.
Incompatibility, *n.* વિરૂદ્ધતા, અયુક્તતા.
Incompatible, *a.* કજોડ, વિરૂદ્ધ.
Incompetent, *a.* નાલાયક, અધુરૂં, ગેરવ્યાજબી.
Incomplete, *a.* અપૂર્ણ, અપૂરતું, ખામીવાળું.
Incomprehensible, *a.* સમજાય નહી એવું.
Incompressible, *a.* દબાય નહીં એવું.
Inconceivable, *a.* કલ્પાય નહીં એવું, ગુઢ. [એવું.
Inconclusive, *a.* અનિશ્ચયકારક, -થી છેડો ન આવે
Incongruous, *a.* અયોગ્ય, કજોડ.
Inconsistent, *a.* વિરૂદ્ધ, ચંચળ મનનું.
Inconstancy, *n.* અસ્થિરતા; ચપળતા.
Inconstant, *a.* ચંચળ, ક્ષણિક મનનું.
Incontestable, *a.* નિર્વિવાદ.
Incontinence-cy, *n.* છીનાળું.
Incontinent, *a.* વ્યભિચારી, જારકર્મી.
Incontrovertible, *a.* વાંધા વગરનું.
Inconvenience, *n.* અડચણ, અવધડમાં નાંખવું તે.
Inconvenient, *a.* અડચણવાળું, દુઃખકારક.
Inconvertible, *ad.* ફેરવાય નહીં એવું. [*v. i.* જોડાવું.
Incorporate, *v. t.* સનંદી મંડળી કરવી, જોડાઈ જવું.
Incorrect, *a.* અશુદ્ધ, જુઠું, ગેરવ્યાજબી.—ly, *ad.*

ભુલ-ચુક કરીને.—ness, *n.* ચુક, ખામી. [ગયેલું.

Incorrigible, *a.* સુધરે નહીં એવું, વંઠેલ, માણસમાંથી

Incorrupt, *a.* અદોષિત, સ્વચ્છ.—ion, ness, *n.* અવિકાર.

Incrassate, *v. t.* જાડું-ઘટ્ટ કરવું.

Incrassative, *a* ઘટ્ટ કરવાનો ગુણ ધરાવતું.

Incorruptible, *a.* બગડે નહીં એવું, અવિનાશી, અક્ષય.

Increase, *n.* વધવું તે, વધારો, સંતતી. *v. i.* વધવું, મોટા થવું.

Incredible, *a.* માનવા જોગ નહીં એવું, અવિશ્વાસ્ય.

Incredibly, *ad.* વગર ઇતબારથી, પતીજ વીના.

Incredulity, *n.* અણભરોંસો, અશ્રધા.

Incredulous, *a.* તરત ન માને એવું.

Increment, *n.* વધારો, પેદાશ.

Incriminate, *v. t.* તોહોમત મુકવું, ગુન્હેગાર કહેવું.

Incrustation, *n.* થર ચઢાવવો તે, થર, પોપડો.

Incubate, *v. i.* ઇંડા ઉપર બેસવું, સેવવું.

Incubus, *n.* નઠારૂં સ્વપ્નું, ઓથાર.

Inculcate, *v. t.* વારે ઘડીએ કહીને મનમાં ઠસાવવું.

Inculpable, *a.* દોષ મુકવા જોગ.

Inculpatory, *a.* દોષ મુકનારૂં.

Incumbency, *n.* કરજ, બોજો, આવશ્યકતા.

Incumbent, *n.* ધર્મની વૃત્તિ ભોગવનાર, કોઇ જગા ઉપર હોનાર. *a.* ફરજ દાખલ રહેલું, જરૂરનું. [શું.
Incumber, *v.t.* ભારથી અડચણ કરવી, ગીરો લખી આપ-
Incur, *v.t.* પોતાપર ખેંચી લેવું, કરી લેવું, વહોરી લે-વું.—able, *a.* અસાધ્ય, બેઇલાજ.—ious, *a.* વગરનું.
Incursion, *n.* પરમુલકપર હુમલો.
Incurvate, *a.* બહારની કે અંદરની બાજુએ વળેલું.
Incurvation, *n.* વક્રતા, વાંકાપણું.
Incurve, *v. t.* મરડવું, વાંકુ કરવું.
Incurvity, *n.* વાંક, વક્રતા.
Indebted, *a.* કરજદાર, ઉપકારી, ઓશીઆળું.—ness, *n.* કરજદારી, આભારીપણું.
Indecent, *a.* નાગું, ઉઘાડું. [વું.
Indecipherable, *a.* વંચાય—ઉકલે—સમજાય નહીં એ-
Indecision, *n.* સંદેહ, શક. [ચાર બદલે એવું.
Indecisive, *a.* નિર્ણય નહીં થાય એવું, પળ પળમાં વિ-
Indeclinable, *n.* જેને જાતિ વચન, વિભક્તિ ન લાગે એવું, અવિકારી.
Indecorous, *a.* અઘટિત, અનુચિત.
Indecorum, *n.* અસભ્યતા, અવિનય.
Indeed, *ad.* ખરેખાત, ખચીત.
Indefatigable, *a.* થાકી ન જાય એવું, મેહેનતુ.

Indefeasible, *a.* રદ ફરી ન શકાય તેવું.
Indefinable, *a.* જેની આખ્યા થઈ ન શકે તેવું.
Indefinite, *a.* અનિશ્ચીત, બેહદ, અનિયમિત.—ly, *ad.* બેહદ.
Indeliberate, *a.* પાકો વિચાર કર્યા વિના કરેલું.
Indelible, *a.* ઘસાઈ ન જાય એવું.
Indelicacy, *n.* નઠોરતા, નિર્લજ્જતા.
Indelicate, *n.* નફટ, અસભ્ય.
Indemnify, *v. t.* નુકશાન ભરી આપવું.
Indemnity, *n.* તોટો ન આવવા દેવાની જામીનગીરી.
Indent, *n.* જણસ મંગાવવાની ટીપ. *v. t.* ખાંડણ પાડવી.*v. i.* કરાર કરવો, જણસની માગણી કરવી. —ure,*n.*કરારનામું.*v.t.* લખત કરારથી બાંધી લેવું.
Independence-cy, *n.* સ્વતંત્રતા, અપક્ષપાતપણું.
Independent, *a.* સ્વતંત્ર, ઘરનાં સુખી, સંબંધ રહીત, છુટું.—ly, *a.* સ્વતંત્રપણે.
Indescribable, *a.* વર્ણન ન થાયેં એવું, અવર્ણનિય.
Indestructible, *a.* અવિનાશી, અક્ષય.
Indeterminable, *a.* ઠરાવ ન થઈ શકે તેવું.
Indeterminate, *a.* મોઘમ, ચોકસ ન થયેલું.—ly, *ad.* નક્કી કર્યા વગર.
Indevotion, *n.* દુરાચાર, અભક્તિ.

Indevout, *a.* દુરાચારી, અધર્મી.
Index, *n.* સૂચક, અનુક્રમણિકા, ધાતપ્રકાશક, કાંટો.
—terity, *n.* ચાલાકી નહીં તે.
Indian, *n.* અમેરિકાખંડનો અસલનો રહેવાશી. *ad.* હીંદુસ્તાનનું.—corn, *n.* મકાઈ દોડો.
Indicant, *a.* સુચક, દેખાડનારૂં.
Indicate, *v. t.* દેખાડવું.
Indicative, *a.* દર્શક, નિશ્ચાર્થ, વ્યાકરણમાં.
Indict, *v. t.* વડી જુરીના ઠરાવ ઉપરથી દોષારોપ મુકવો.—ment, *n.* વડી જુરીએ લખેલો દોષારોપ પત્ર.—ive, *a.* જણાવેલું.
Indifference, *n.* બેપરવાઇ, સરખી નજર, સરખાપણું.
Indifferent, *a,* કાળજી વગરનું, સમતોલ, મધ્યમ, —ly, *ad.* બેતમાથી.
Indigenous, *a.* ગામઠી.
Indigent, *a.* ગરીબ, કંગાળ, દરિદ્ર.
Indigestion, *n.* અપચો, અજીર્ણ.
Indigitate, *v. t* આંગળીથી દેખાડવું, આંગળી કરવી.
Indignant, *a.* ક્રોધાયમાન, ગુસ્સે થએલું.
Indignation, *n.* ગુસ્સો, ક્રોધ.
Indignity, *n.* અપમાન, તિરસ્કાર.
Indigo, *n.* ગળી.

Indirect, *a.* સીધું નહી, ખુલ્લી રીતે નહી, અપ્રમાણીક, ખોટું.—ly, *ad.* ગેર રસ્તે.

Indiscreet, *a.* અવિચારી, કમ અક્કલ.

Indiscriminate, *a.* અવિચારી, ભેદ સમજ્યા વગર કરેલું, વગર વિચારનું.

Indispensable, *a.* અવશ્યક, ઘણું જરૂરનું.

Indispose, *v. t* ઉપરથી મન ઉઠી જવું, મન ફેરવવું. —d, આન્તરી, માંદુ, નારાજી, ના કબુલ,

Indisposition, *n.* અપ્રિતી, વિકાર, કંટાળો.

Indisputable, *a.* બે તકરાર, નિરવિવાદ.

Indissoluble, *a.* પીગળે નહીં તેવું. [ઝાંખાસ

Indistinct, *a.* અસ્પષ્ટ. અભિન્ન, ઝાંખુ.—ness, *n.*

Indite, *v.t.* રચવું, કરવું, બાંધવું, મોહોઢે કહેવું.—ment, *n.* રચવું તે, બનાવવું તે.

Individual, *n.* આદમી, શખ્સ, આસામી. *a.* એક એકને લગતું, એક, અમુક.—ly, *ad.* આસામીવાર.

Indivisible, *a.* જેના ભાગ ન થાય એવું.

Indocile, *a.* શિખે નહીં તેવું.

Indoctrinate, *v. t.* ઉપદેશ કરવો.

Indolence, *n.* આળસ.

Indolent, *a.* સુસ્ત, આળસુ.—ly, *ad.* સુસ્તીથી.

Indomitable, *a.* વશ ન થાય તેવું, અજીત.

Indorse, *v. t.* સહી કરી સ્વિકારવું, સ્વિકારીને આપવું, કબૂલ કરવું.—e, *n.* જેના પર હુંડી લખી હોય તે માણસ.—ment, *n.* શેરો.

Indraught, *n.* ખાડી, નાનો અખાત.

Indubitable, *ad.* ખચિત, નક્કી.

Indubitably, *a.* ખરેખર, બેશક.

Induce, *v. t.* લલચાવવું, સમજાવવું, ઉત્પન્ન કરવું. —ment, *n.* લાલચ, કારણ.

Induct, *v. t.* વિધી સહિત સ્થાપવું.—ility, *n.* અચળકણાપણું, તાર ન ખેંચાય એવો ગુણ.—ive, *a.* ફેલાવનાર

Induction, *n.* સંસ્કારપુર્વક સ્થાપના, અનુમાન.

Indue, *v. t.* આપવું, સંપન્ન કરવું.

Indulge, *v. t.* લાડ કરવાં, મેહેરબાની કરવી, તૃપ્ત કરવું, યથેચ્છ ભોગ કરવો, મેહેરબાની દાખલ આપવું.

Indulgent, *a.* ક્ષમાશીલ, માયાળુ, લાડમાં ઉછરેલું. —ly, *ad.* લાડથી. [રવું.

Indurate, *v. t.*, *v. i.* કઠણ કરવું-થવું, મન દયારહિત કરવું.

Industrious, *a.* ઉદ્યોગી.—ly, *ad.* ઉદયોગથી.

Industry, *n.* ઉદ્યોગ, મેહેનત.

Indwelling, *n.* અંદરનું રેહેઠાણ. [મદ્યપી માણસ.

Inebriate, *v. t.* છાકટું કરવું. *v. i.* છાકટા થવું. *n.*

Inebriation, Inebriety, *n.* કેફ, ઉન્માદ, અમલ, છાકટાપણું.

Inedited, *a.* પ્રસિદ્ધ નહીં કરેલું, વગર છાપેલું.

Ineffable, *a.* બ્યાન નહીં થાય તેવું, અવાચ્ય.—ness, *n.* બોલાય કે બ્યાન થઈ શકે તે.

Ineffaceable, *a.* ભુસાય નહીં તેવું.

Ineffective, *a.* નિષ્ફળ, અસર વગરનું.

Ineffectual, Ineffacious, *a.* નિરૂપયોગી.

Inefficacy, Inefficiency, *n.* નિરૂપયોગ.

Inefficient, *a.* વ્યર્થ, નિરૂપયોગી.

Inelegance, *n.* અસુંદરતા, બેડોળપણું.

Inelegant, *a.* શોભિત, બેડોળ.—ly, *ad.* બેડોળપ-[ણાથી.

Ineligible, *a.* અયોગ, પસંદ નહીં પડે તેવું.

Inept, *a.* બેવકુફ, ના લાયક.

Inequality, *n.* અસમતા, ઉંચાનીચાપણું, તફાવત.

Inert, *n.* જડ, નિરૂદ્યોગી —ly, *ad.* સુસ્તીથી, આળસથી.—ness, *n.* સુસ્તી, આળસ.

Inertia, *n.* જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં રહેવું એવો ગુણ, જડત્વ, અચેતનતાપણું.

Inertion, *n.* ઉદ્યોગનો અભાવ.

Inestimable, *a.* અસંખ્ય, અમુલ્ય, બેકિમતી.

Inevitable, *ad.* દુર ન કરાય તેવું, અટલ, લાઈલાજ.

Inexact, *a.* ગલત, ભુલ ભરેલું.—ness, *n.* નાદુરસ્તી.
Inexcusable, *a.* ન માફ થઈ શકે તેવું.
Inexertion, *n.* મેહેનત ન કરવી તે, અપરિશ્રમ.
Inexecution, *n.* ન કરવું તે, અમલમાં ન લાવવું તે.
Inexhalable, *a.* વરાળરૂપે ખેંચી શકાય નહીં તેવું.
Inexhausted, *a.* ખાલી ન થએલું, નહીં થાકેલું.
Inexhaustible, *a.* અખુટ, ખુટે નહી તેવું.
Inexistent, *a.* અપ્રસિદ્ધ.
Inexorable, *a.* કઠોર, નિર્દય.
Inexpedient, *a.* અયોગ્ય,
Inexperience, *n.* બિનમાહિતગારી.
Inexpert, *a.* અનાડી.
Inexplicable, *a.* ગુહ્ય, ગહન.
Inexpressible, *a.* પુરતા શબ્દમાં ન જણાવાય એવું.
Inextricable, *a.* જેની ગુંચવણ નિકળે નહી એવું.
Infallible, *a.* ચૂક ન કરે એવું, નિશ્ચિત.
Infamous, *a.* અપમાન ભરેલું. [ણપત. અપજશ.
Infamy, *n.* સરકારમાં ગુનેહગાર થયાથી ફજેતી, હી-
Infancy, *n.* બાળપણ, આરંભ.
Infant, *n.* બાળક.—icide, બાળહત્યા, બાળહત્યા ક-
રનાર.—ry, *n.* પાયદળ.
Infatuate, *v. t.* ઘેલું કરવું, ભોળવવું.

Infeasible, *a.* અશક્ય. [મતથી બગડી જવું.
Infect. *v. t.* ચેપ લગાડવો. *v. i.* અસર લાગવી, કુ-
Infection, *n.* ચેપ, ઉડતો રોગ, સંસર્ગ દોષ.
Infectious, *a.* સેહેલાઇથી બીજાને લાગે તેવું, ચેપી.
—ness, *n.* ચેપ. [યાપણું.
Infecund, *a.* વાંઝીયું, અફળવાન.—ity, *n.* વાંઝી-
Infelicitous, *a.* દુ:ખી, કમનસીબ, અસુભ. [વા જોગ.
Infer, *v. t.* અટકળ બાંધવી.—able, *a.* અટકળ કર-
Inference, *n.* અટકળ-અનુમાન, છેવટનો કયાસ.
Inferential, *a.* અટકળે નક્કી કરેલું.
Inferior, *n.* ઉતરતી પદ્ગીનો માણસ. *a.* ઉતરતી પદ્ગી-
નું, અમુખ્ય.—ity, *n.* ઉતરતો દરજ્જો, નીચપણું.
Infernal, *a.* પાતાળવાસી, નરક સંબંધી.
Infertile, *a.* અફળદ્રુપ, અફળવંત. [નાખુશી.
Infest, *v. t.* ઉપદ્રવ કરવો.—ivity, *n.* અમગીની,
Infidel, *n.* ખ્રીસ્તી ધર્મ ઉપર જેનું આકીન ન હોય તે.
a. શાસ્ત્રની નિંદા કરનારૂં.—ity, બેઇમાન, નાસ્કર-
મ, છીનાળું.
Infiltrate, *v. t.* છણવું, ગાળવું, ચળવું.
Infinite, *a.* અનંત.—ly, *ad.* અપાર.
Infinitesimal, *a.* અતિ સુક્ષ્મ, ઘણુંજ નહાનું.
Infinitive, *a.* સામાન્ય રૂપ, ભાવ વચને.

Infinity, *n.* બેહદપણું.

Infirm, *a.* કમજોર, ચળીત.—ary, *n.* રોગીશાળા, ઈસ્પિતાલ.—ity, *n.* નબળાઇ, રોગ, અદ્રઢતા.—ly, *a.* નબળાઇથી.

Infix, *v. t.* ખોસવું, જડવું, રોપવું.

Inflame, *v. t.* સળગાવવું, ખીજવવું. *v. i.* ગરમ થ-[વું, સુજવું.

Inflamability, *n.* સળગે એવો ગુણ.

Inflammable, *a.* સેહેજ સળગી ઉઠે તેવું.

Inflammation, *n.* આગ લગાડવી તે, આગ, સોજો.

Inflate, *v. t.* ફૂલાવવું, પત્રાજ કરવી.

Inflation, *n.* પતરાજ, ફુલાવવું તે.

Inflect, *v. t.* નમાવવું, વિભક્તિ આપવી.—ion, *n.* વાંકું વાળવું તે, રૂપ.—ive, *a.* વળાય એવું.

Inflexible, *a.* આગ્રહી, દ્રઢ, ચીકણું.

Inflict, *v. t.* કરવું, દેવું, લાગુ પાડવું.—ion, *n.* સજા, દંડ.—ive, આપતું, દેતું, શિક્ષા કરનાર.

Influence, *n.* સત્તા, વસીલો, વજન. *v. t.* મન ફેરવવું, કાર્ય કરવું, લાગવું, વગ લગાડવો.

Influantial, *a.* વજનદાર, વગવાળું.—ly, *ad.* વ-[ગવશીલાથી.

Influenza, *n.* સળેખમ, રસપુણી. [કીચો, ઉકાળો.

Influx, *n.* ભરતી, પુષ્કળ આવવું.—ion, *n.* ક્વાથ,

Infold, *v. t.* લપેટવું, ભેટવું.

Inform, *v. t.* જાહેર કરવું, સજીવન કરવું, અપરાધની ખબર કરવી, નિંદા કરવી.—al, *a.* નિયમ વિરૂદ્ધ. —ality, *n.* રીત-શિરસ્તા મુજબ નહી હોવું તે. —ally, *ad.* નિયમથી વિરૂદ્ધ રીતે.—ant, *n.* ખબર આપનાર, જણાવનાર.—er, *n.* ગુન્હાની ખબર આપનાર, ચાડીઓ.—ation, *n.* ખબર, જ્ઞાન, અપરાધને લગતી ખબર.
Infraction, *n.* ભાગવું તે, ભંગ.
Infrangible, *a.* અભંગ.
Infraquency, *n.* વિરલાપણું, નવાઇ, પાતળાપણું.
Infrequent, *a.* નવાઇરૂપ.
Infringe, *v. t.* કરાર તોડવો.—ment, *n.* તોડવું તે.
Infuriate, *n.* ખીજવવું. ક્રોધાયમાન.
Infuse, *v. t.* રેડવું, ઓતવું, મનમાં ઉતારવું, પલાળવું.
Infusion, *n.* રેડવું તે, કાવો.
Infusoria, *n.* પાણીમાં રહેનાર બહુ બારીક જીવડાં.
Ingathering, *n.* કાપણીની રૂતું.
Ingenerate, *a.* કુદરતી, સ્વાભાવીક.
Ingenious, *a.* ચતુર, અક્કલમંદ.—ly, *ad.* યુક્તિથી.
Ingenuity, *n.* યુક્તિ, કળા, અક્કલ, નિષ્કપટ.
Ingenuous, *a.* કુલીન, નિષ્કપટી.
Inglorious, *a.* નામોશી ભરેલું, આબરૂશીરૂં.

Ingot, *n.* સોનું, રૂપું ઇત્યાદિ ધાતુની લગડી.
Ingraft, *v. t.* દ્રઢ કરવું.
Ingrain, *v. t.* વણ્યા વગરના માલને રંગવું.
Ingrate, *a.* લુણહરામ.
Ingratiate, *v. t.* કૃપા મેળવવી, પેટમાં પેસી જવું.
Ingratitude, *n.* નિમકહરામી.
Ingredient, *n.* ભાગ, વસ્તુ, અંશ.
Ingress, *n.* દાખલ થવું તે, પ્રવેશ.
Inguinal, *a.* જાંગના સાંધાને લગતું.
Ingulf, *v. t.* ગરક કરવું, બુરાડી દેવું.
Ingurgitate, *v. t.* એક દમ બહુજ પી જવું.
Inhabit, *v. i.* વસવું. *v. t.* વસાવવું.—able, *a.* વસવા લાયક.—ancy, *n.* કાયદેસર વાસ.
Inhabitant, *n.* રહેવાશી.
Inhale, *v. t.* દમ લેવો, ચોખી હવા ખાવી.
Inharmonious, *a.* બેતાલ, બેસુર.
Inhere, *v. t.* વળગી-ચોટી રહેવું, ચોટવું.
Inherent, *a.* માં રહેલું.
Inherit, *v.t.* વારસો લેવો. *v.i.* વારસ થવું.—ance, *n.* વારસો, વતનવાડી.
Inhibit, *v.t.* મના કરવી, અટકાવવું.—ion, *n.* મનાઈ.
Inhuman, *a.* ઘાતકી, દયાહીન.
Inhume, *v. t.* જમીનમાં પુરવું, દાટવું.

Inimical, *a.* વેર રાખે એવો, નુકશાનકારક.
Inimitable, *a.* જેની નકલ ન કરાય એવું.
Iniquitous, *a.* હરામનું, અધર્મી, દુષ્ટ.
Iniquity, *n.* અન્યાય.
Initial, *n.* નામનો પેહેલો અક્ષર, પ્રથમ.
Initiate, *v. t.* દિક્ષા આપવી, શિખવવું, કોઈ મંડળીમાં દાખલ કરવું. *v. i.* શરૂ કરવું.
Inject, *v. t.* ફેંકવું, અંદર નાંખવું, પિચકારી મારવી.
Injudicious, *a.* ડહાપણ વગરનું, અણસમજુ, અવિચારી.
Injunction, *n.* હુકમ, આજ્ઞા, સત્તા, તાકીદ પત્ર.
Injure, *v. t.* નુકશાન કરવું, વગાડવું, ખરાબી કરવી, બટ્ટો લગાડવો.
Injurious, *a.* નુકશાનકારક, ગેરવાજબી.
Injury, *n.* નુકશાન, હાની, અપકાર.
Injustice, *n.* ગેરવાજબીપણું, દોષ મુકવો તે, અન્યાય.
Ink, *n.* શાહી. *v. t.* શાહીથી ભરવું.—stand, *n.* ખડિયો.
Inkle, *n.* પાટી, રીત.
Inland, *n.* સમુદ્રથી દુરનું, મધ્ય દેશનું, અંદરના ભાગનું.
Inlay, *v. t.* જડાવ કામ કરવું, *v. i.* નંગ જડવાં.
Inlet, *n.* માર્ગ, ખાડી.
Inmate, *n.* એક ઘરમાં રહેનાર, સ્વદેશવાસી.

Inmost, *a.* ઘણુંજ અંદર હોય એવું.

Inn, *n.* ધર્મશાળા, વીશી.—keeper, *n.* વિશીવાળો.

Innate, *a.* સ્વાભાવિક, જન્મનું.

Innavigable, *a.* વહાણથી જવાય-અવાય નહીં તેવું.

Inner, *a.* અંદરની બાજુનું.

Innocence-cy, *n.* નિરપરાધીપણું,નિષ્કપટ, ગરીબી.

Innocent, *a.* નિરપરાધી, નિષ્કપટી, નિરૂપદ્રવી.

Innocuous, *a.* વિકાર ન કરે એવું, નિર્વિકારી.

Innovation, *n.* નવી રીત.

Inobservation, *n.* ધ્યાન ન આપવું તે.

Inoculate, *v.t.* એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાવવી, બળીઆ કાઢવા.

Inodorous, *a.* વાસ-ગંધ વિનાનું.

Inoffensive, *a.* રાંક, અવિકારી, ગરીબ.

Inorganic, *a.* નિર્જીવ, જડ પદાર્થનું.

Inquest, *n.* સરકારના માણસથી થયેલી ચોકશી, પંચાત.

Inquire, *v. t.* સમાચાર પૂછવા, શોધ કરવી, તજવીજ કરવી.

Inquiry, *n.* પૂછપરછ, ચોકસી.

Inquisitive, *a.* શોધક, જીજ્ઞાસુ, તપાસ કરે એવું.

Inroad, *n.* સ્વારી, હુમલો, હદ છોડીને પારકી મિલકતપર જવું.

Insalubrious, *a.* રોગકારક, આજાર કરે તેવું.
Insalutary, *a.* વ્યાધિકારક, રોગી.
Insane, *a.* ગાંડો, ઘેલો.
Insanity, *n.* ઘેલાપણું, ગાંડાઇ.
Insatiable, *a.* અસંતોષિ, અતિલોભી.
Inscribe, *v. t.* લખવું, કોરવું, અરપણ કરવું, ઠસાવવું, ભેટ-નજર કરવું.
Inscription, *n.* લેખ, પટ્ટી, ખેતાણ.
Inseam, *v. t.* સાંધ-સળ પાડવો.
Insect, *n.* જીવડું, કીડો.
Insecure, *a.* જોખમવાળું, શંશયયુક્ત, જોખમ ભરેલું.
Insensibility, *n.* અસાવધપણું, કૃપાહીનતા, જડપણું, બેવકુફાઇ. [યાહીન.
Insensible, *a.* ઇંદ્રિયથી જણાય નહી એવું, બેભાન, દ-
Insentient, *a.* શુદ્ધિ વગરનું, બેહેરૂં.
Inseparable, *a.* જુદું પડી શકે નહી એવું.
Insert, *v. t.* દાખલ કરવું, અંદર ખોસવું.
Inside, *n.* અંદરની બાજુ, આંતરડાં. *ad.* અંદર.
Insidious, *a.* દગાખોર, કપટી.
Insight, *n.* જ્ઞાન, માહિતી, પ્રવેશ.
Insignia, *n.* ચિન્હ, લક્ષણ.
Insignificant, *a.* અર્થહિન.

Insincere, *a.* પેટમાં પાળી રાખનાર, ગોકળ.

Insinuate, *v. t.* ધીરેસારતે પેસવું, ઉશ્કેરવું, પેટમાંપેસવું, સુચવવું.

Insipid, *a.* સ્વાદરહીત, અસર કરે નહી એવું.

Insipience, *n.* મુરખાઇ, કમઅકલ.

Insist, *v. t.* આગ્રહ કરવો.

Insnare, *v. t.* ફસાવવું, *n.* છાકટાપણું, કેફ.

Insociable, *a.* વાતચીત ન કરે એવો, અતડું.

Insolate, *v. t.* તડકે મુકવું.

Insolent, *a.* ગર્વિષ્ટ આહંકારી, ઉદ્ધત.

Insolidity, *n.* પોલાપણું,અદ્રઢપણું,ગેરવ્યાજબીપણું.

Insoluble, *a.* ઓગળે નહી તેવું, કઠણ.

Insolvency, *n.* નાદારી, દેવાળું.

Insolvent, *a.* દેવાળીઓ, નાદાર.

In-so-much, *ad.* અહીં લગી કે, અટલે સુધી કે.

Inspect, *v.t.* તપાસવું, પરિક્ષા કરવી.—or, *n.* તપાસનાર, પરિક્ષા લેનાર.—ion, *n.* તપાસ.

Inspersion, *n.* છંટકાવ.

Insphere, *v. t.* ગોળ કરવું, ગોળાકારમાં મુકવું.

Inspiration, *a.* ઈશ્વરી પ્રેરણા, પ્રેરણા કરવી તે, શ્વાસ લેવો તે, હિમ્મત આપવી તે. [વવું.

Inspire, *v. t.* દમ લેવો, ફુકવું,પ્રેરણા કરવી, મદદે આ-

Inspirit, *v. t.* ઉત્તેજન આપવું, ઉશ્કેરવું.

Instable, *a.* વિચાર બદલ્યા કરે તેવું.

Install, *v. t.* પટ્ટાભિષેક કરવો, પદ્વી, હોદ્દાપર સ્થાપવું.—ation, *n.* અભિષેક, પટ્ટાભિષેક.

Instalment, *a* હફ્તો, કાંધું.

Instance, *n.* દાખલો, કાલાવાલા, સમય, સ્થળ.*v. t.* —નું દ્રષ્ટાંત આપવું.

Instant, *n.* ક્ષણ, ચાલુ મહીનો. *a.* અગત્યનું, તાકીદનું, જોતા જોતામાં.

Instantaneous, *a.* લાગલુંજ થાય એવું, તાબડતોબ.

Instead, *ad.* વતી, બદલે, જગાએ.

Instigate. *v. t.* ચઢાવવું, ઉશ્કેરવું(ઘણું કરીને ખોટે રસ્તે.)

Instil, *v. t.* ટીપું ટીપું કરીને રેડવું–ધાલવું, થોડું થોડું કરીને મનમાં ઉતારવું.

Instinct, *n.* પ્રેરણા બુદ્ધિ.

Institution, *n.* સ્થાપના, કાયદો, ખાતું, કારખાનું, ધર્મ કરવા વિષે ઉભી થયેલી મંડળી.

Instruct, *v. t.* શિખવવું, આજ્ઞા કરવી, સત્તા ભરેલી રીતે જણાવવું, ખબર કરવી.—ion, *n.* કેળવણી, આજ્ઞા.—ive, *a.* બોધકારક.

Instrument, *n.* સાધન, હથીઆર, લેખ, યંત્ર.—ality, *n.* સાધકપણું, માર્ફત, હસ્તક.

Insubjection, *n.* વશ ન રહેવું તે, શીરજોરી.

Insubordination, *n.* શીરજોરી.
Insufferable, *a.* ન ખમાય એવું.
Insufficient, *a.* જોઈએ તેટલું નહી, અયોગ્ય.
Insular, *a.* ટાપુ–નું સંબંધી, પાણીથી ઘેરાયેલું, બેટ સંબંધી.
Insulate, *v. t.* વેગળું મુકવું, દુર મુકવું.
Insult, *n.* અપમાન. *v. t.* અપમાન કરવું.
Insuperable, *a.* મુશ્કેલ, દુસ્તર.
Insupportable, *a.* ઉચકાય–સહન ન થાય તેવું.
Insuppressible, *a.* દાબી–છાનું ન રખાય તેવું.
Insurance, *n.* વીમો.
Insure, *v. t.* ખચીત કરવું, વીમો ઉતારવો.
Insurgent, *n.* બળવાખોર, રીતુરી માણસ.
Insurmountable, *a.* ઓળંગાય નહી એવું, દૂર કરાય નહીં એવું.
Insurrection, *n.* બંડ, બળવો.
Insusceptible, *a.* અસર ન થાય તેવું. [શાહુકાર.
Intangible, *n.* જેનો સ્પર્શ ન થાય તેવું.
Integer, *n.* પુર્ણાંક, પુર્ણસંખ્યા.
Integrity, *n.* સંપુર્ણતા, પ્રમાણિકપણું, શાહુકાર.
Intellect, *n.* વિચારશક્તિ, જ્ઞાન, બુદ્ધિ.—ual, *a.* બુદ્ધિનું, બુદ્ધિગમ્ય, જ્ઞાનપાત્ર, મનમાં આવેલું.

Intelligence, *n.* ચતુરાઈ, સમાચાર, હોંશીઆરી.
Intelligible, *a.* સમજાય એવું, બુદ્ધિગમ્ય.
Intemperance, *n.* અતિશયપણું, અતિશય ભોગ.
Intemperate, *a.* અતિભોગી, બેસુમાર, અમિતાહારી.
Intend, *v. t.* ધારવું, ઇરાદો રાખવો.—ant, *a.* ચોકસી રાખનાર.
Intense, *a.* ઘણું, અતિશય, ભારે.
Intenseness, Intensity, *n.* અતિશયપણું.
Intent, *n.* એકાગ્ર ચિત્ત, અભિપ્રાય, મતલબ.
Intention, *n.* મનસુબો, વિચાર, હેતુ, અર્થ.—al, *a.* જાણી જોઈને કરેલું.—ally, *ad.* જાણી જોઇને, સમજીને.
Inter, *v. t.* દાટવું, ભુમિસંસ્કાર કરવો.
Intercede, *v. i.* વચ્ચે પડવું, બીજાને સારૂ માફ માગવી.
Intercept, *v. t.* અટકાવવું, રોકવું.
Intercession, *n.* મધ્યસ્થપણું.
Intercessor, *n.* વચ્ચે પડનાર, મધ્યસ્થ.
Interchange, *v. t.* અદલબદલ કરવું, એક પછી એક આવવું. *n.* અદલાબદલી.
Inter-communication, *n.* અરસપરસનો વેહેવાર.
Intercourse, *n.* વહેવાર, આવવું જવું તે.
Interdict, *v. t.* મના કરવી, ખ્રીસ્તી મંડળીના સંસર્ગની મના કરવી. *n.* મના.

Interdiction, *n.* મનાઇ કરવી તે, શ્રાપ.

Interest, *n.* નફો, કલ્યાણ, સ્વાર્થ, દરકાર, ભાવ, વસીલો, મઝા. *v. t.* કાળજી ઉત્પન્ન કરવી, મઝા લાગવી.—ed, *n.* લાભ—નુકશાનમાં ભાગીદાર.—ing, *a.* મનોરંજક.

Interfere, *v. i.* વચ્ચે પડવું, આડે આવવું.

Interjection, *n.* કેવળપ્રયોગી અવ્યય.

Interior, *n.* અંદરની બાજુ, મધ્ય દેશ. *a.* અંદરનું.

Interlace, *v. t.* ભેળશેળ કરવું, ભેળવું.

Interlapse, *n.* બે બનાવની વચમાંનો વખત.

Interleave, *v. t.* વચમાં કોરૂં પાનું ઘાલી બાંધવું.

Interlink, *v. t.* કડીએ કડી મેળવવી.

Intermarriage, *a.* માંહોમાંહેના લગ્ન, લગ્નનું સાટું.

Intermediate, *a.* મધ્યનું, વચ્ચેનું, વચ્ચે પડેલું.

Interment, *n.* ભુમિદાહ—સંસ્કાર, દાટવું તે.

Intermingle, *v. t.* ભેળી નાંખવું. *v. i.* મળી જવું.

Intermit, *v. t.* બંધ પાડવું. *v.i.* અટકવું, વચમાં રહી રહીને આવવું.—tent, *a.* કેટલો વખત સુધી ચાલનાર, આંતરે આવતું જતું.

Intermix, *v. t.* મેળવવું. —ture, *n.* મેળવણી.

Internal, *a.* માંહેલું, વાસ્તવિક, દેશમાંનું, મનનું.

Interpose, *v. t.* વચ્ચે મુકવું, માથું મારવું, ઘુસવું,

આવી વચ્ચે પડવું. *v. i.* મધ્યે પડવું.
Interpret, *v. t.* જે સમજાતું નથી તેનો અર્થ કરવો. ભાષાંતર કરવું, વ્યાખ્યા આપવી.
Interrogate, *v. t.* પ્રશ્ન કરવો, પુછવું.
Interrogation, *n.* પ્રશ્ન, સવાલ.
Interrogatory, *n.* સવાલ. *a.* પ્રશ્નનું.
Interrupt, *v. t.* હરકત કરવી, અટકાવવું, રોકવું.
Interruption, *n.* હરકત, અટકાવ, ભંગ, નડતર.
Intersect, *v. t.* વચમાં છેદવું, દુભાગવું.--ion, *n.* દુભાગવું તે, છેદવું તે.
Interstice, *n.* ફાટ, સાંધ, ચીરો, તડ.
Intertexture, *n.* ફુમાસ, પોત.
Interval, *n.* વચમાંનો વખત, અંતર.
Intervene, *v. i.* વચમાં આવવું.
Interview, *n.* ભેટ, મુલાકાત, વાતચીત, મેલાપ.
Intestate, *a.* વસીઅતનામું કીધા વિના મરી ગએલો.
Intestine, *n.* આંતરડાં. *a.* પોતપોતીકા માંહેનું.
Inthral, (See Enthral).
Intimacy, *n.* ઘણી મિત્રાચારી, ઘરવટ.
Intimate, *a.* છેક પાસેનો, જીવજાન.--ly, *ad.* ઘરવટ રીતે.
Intimation, *n.* સુચના, ઈસારો, બાતમી.
Intimidate, *n.* દેહેશત આપવી, ધમકીથી બીવરાવવું.

Into, *prep.* અંદર, મધ્યે.
Intolerable, *a.* સહન થાય નહી તેવું, અસહ્ય.
Intonation, *n.* સ્વર-સુસ્ભેદ, ધાંટો.
Intoxicate, *v. t.* નિશો ચઢાવવો, ઉન્મત્ત કરવું.
Intoxication, *n.* કેફ, નિશો.
Intractable, *a.* હઠીલું, અડિએલ.
Intransitive, *a.* અકર્મક (વ્યાકરણમાં).
Intrenchment, *n.* ખાઈ અને મોરચો. [છાતી, હીમ્મત.
Intrepid, *a.* છાતીવાળું, બહાદુર, નિર્ભય.—ity, *n.*
Intricate, *a.* ગુંચવણવાળું, અસરળ.
Intrigue, *n.* કારસ્તાન, અંદરની ખટપટ.
Intrinsic,-cal, *a.* ખરૂં, મૂળનું. [ખાણ કરી આપવી.
Introduce, *v. t.* રૂઢીમાં આણવું, ચાલુ કરવું, ઓળ-
Introduction, *n.* વેહેવારમાં ચાલુ કરવું તે, ઓળ-
ખાણ કરાવી આપવી તે, ઉપોદ્ઘાત. [ગ્યાએ જવું.
Intrude, *v. i.* વગર બોલાવે જવું, રજાવગર કોઇ જ-
Intrust, *v. t.* સ્વાધિન કરવું, સોંપવું, હવાલે આપવું.
Intuition, *n.* અંતરજ્ઞાન, તરતનું તરત થયેલું જ્ઞાન.
Intuitive, *a.* જોતાંજ જ્ઞાન થાય એવું, અંતરજ્ઞાની.
Intwist, વળ દેવો, ગુંથવું, વણવું.
Inundate, *v. t.* જળમય કરવું, રેલ આવવી.
Inure, *v. t.* મહાવરો પાડવો.

Inurn, *v. t.* શિરોઇ–ચંબુમાં ભરવું.

Invade, *v. t.* હુમલો કરવો.—r, *n.* હુમલો કરનાર.

Invalid, *a.* રોગી, નિર્બળ, નકામું.

Invaluable, *a.* અમુલ્ય, બહુ કીમત.

Invariable, *a.* નિર્વિકારી.

Invariably, *ad.* એક સરખી રીતે.

Invasion, *n.* ચઢાઈ, સ્વારી, હુમલો.

Invective, *n.* નિંદા *a.* નિંદા ભરેલું.

Inveigh, *n.* નિંદા કરવી, ભુંડુ બોલવું.

Invent, *v. t.* નવું શોધવું, યુક્તિ કાઢવી, બનાવટ કરવું, કલ્પના શક્તિથી રચવું.—or, *n.* નવું બનાવનાર, શોધ કરનાર.

Invention, *n.* શોધી કાઢવું તે, નવી શોધ, બનાવટ, [કલ્પના શક્તિ.

Inverse, *a.* ઉલટું, ઉંધું.—ly, *ad.* ઉલટાવીને.

Inversion, *n.* અવળોક્રમ, વ્યતિક્રમ, પરસ્પરઅદલાબદલી.

Invert, *v. t.* ઉલટપાલટ કરી નાંખવું, ઉંધું વાળવું.

Invest, *v. t.* પેહેરાવવું, પોશાક આપવો, ઘેરવું, નાણાં રોકવાં, સુશોભિત કરવું—ment, *n.* પેહેરાવવું તે, અધિકાર સોંપવો તે.

Investigate, *v. t.* શોધવું, ચોકસી કરવી.

Investiture, *n.* અધિકાર આપવો તે, અભિષેક.

Inveterate, *a.* ઘણા દહાડાનો, રૂઢો.

Invidious, *a.* અદેખાઇ ઉપજાવે એવું. અદેખું.
Invincible, *a.* અજીત, જીતાય નહીં તેવું.
Inviolate, *a.* જે ન તોડાય એવું, અભંગ.
Invisible, *a.* અદ્રશ્ય, દેખાય નહીં તેવું.
Invitation, *n.* બોલાવવું તે, નોતરૂં, આમંત્રણ.
Invite, *v. t.* નોતરૂં કરવું, મોહ પમાડવો.
Invocate, *v. t.* નામનું સ્મરણ કરવું.
Invoice, *n.* માલની યાદી, ભરતિયું. *v.t.* ભરતિયું કરવું.
Invoke, *v. t.* નામ લેવું, દુઆ માગવી.
Involuntary, *a.* નાખુશીનું, ઇચ્છા વીનાનું.
Involution, *n.* લપેટવું તે, ગુંચવણ.
Involve, *v. t.*-માં હોવું, ગુંચવણમાં લેવું, લપેટવું, ડુબાવવું.
Inward, *a.* અંદરનો, પેટમાંનું.—ly, *ad.* અંદરની બાજુએ.
Inwrap, *v. t.* લપેટવું
Inwrought, *a.* જડિત, જડેલું, ભરેલું, વારતવાળું.
Ire, *n.* ગુસ્સો, સંતાપ, ક્રોધ, તામસ.
Iris, *n.* મેઘધનુષ્ય, આંખની કીકીની આસપાસનું કુંડાળું.
Irksome, *a.* કંટાળા ભરેલું, ત્રાસદાયક.
Iron, *n.* લોઢું. *a.* લોઢાનું. *v.t.* બેડી ઘાલવી, લુગડાં ઉપર અસ્ત્રી કરવી.—hearted, *a.* કઠણ દિલનું, નિર્દય.
Ironical, *a.* પેચમાં બોલેલું.

Irony, *n.* ઉલટી મતલબ સમજાય એવી બોલી, અન્યોક્તિ.
Irradiance, *n.* રોશનીનાં કીરણ, ભભકો, શોભા.
Irradiate, *v. t.* or *i.* રોશની આપવું, પ્રકાશવું.
Irrational, *a.* પશુ સરખો, બુદ્ધિ વિનાનું, અજ્ઞાન.
Irreconcilable, *a.* પરસ્પર વિરૂદ્ધ, મળી જાય નહી એવું.
Irrefragable, *a.* ખંડન ન થઈ શકે એવું.
Irregular, *a.* બેકાયદાસર, આડે માર્ગે ચાલનાર, ઉં-
ચુનીચું, કુચાલનું, નિયમ વિરૂદ્ધ.
Irrelative, *a.* પારકું, સગાઈ વિનાનું.
Irrelevant, *a.* લાગુ ન પડે એવું પ્રસંગ—સંબંધ વગરનું.
Irreligious, *a.* દુરાચારી, અધર્મી.
Irremediable, *a.* બે ઇલાજ, અસાધ્ય.
Irremovable, *a.* ખસેડાય નહી એવું.
Irreparable, *a.* સુધારવાને અશક્ય, પાછું ન મળે તેવું.
Irrepressible, *a.* દબાય નહી એવું.
Irresistible, *a.* અનિવાર્ય.
Irresolute, *a.* અદ્રઢ, ઢચુપચુ.
Irreproachably, *ad.* નિષ્કલંકપણે.
Irresponsible, *a.* જોખમ—જવાબદાર ન હોય તેવું.
Irretrievable, *a.* પાછું મેળવવાને અશક્ય.
Irreverence, *n.* અનાદર, અપમાન.
Irrevocable, *a.* ન ફેરવાય એવું.

Irrigate, *v. t.* પાણી પાવું, પલાળવું.
Irrigation, *n.* ખેતી કરવા સારૂ પાણી પુરૂ પાડવું તે.
Irriguous, *n.* પલળેલું, ભીનું.
Irritable, *a.* તામસી, ખીજવાય એવું.
Irritate, *v. t.* ગુસ્સે કરવું, ખીજવવું.
Irritation, *n.* ખીજ, ગુસ્સો, ઝાળ, લાય.
Irruption, *n.* એકાએક ફાટીને આવવું તે, હુલ્લો.
Is, *v. i.* છે.
Island, *n.* ટાપુ, બેટ.
Isle, Islet, *n.* ઉપદ્વીપ, નાહાનો બેટ-ટાપુ.
Isolated, *a.* એકાંત, અલગ.
Isosceles, *a.* સમદ્વી બાજુ.
Issue, *n.* સંતાન, નિકાલ. *v. i.* બાહાર આવવું, પરિણામ આવવું. *v. t.* ચાલુ કરવું, પ્રસિદ્ધ કરવું.
Isthmus, *n.* સંયોગી ભૂમિ.
It, *pron.* તે, એ.
Itch, *n.* ખસ, ફોલ્લો, ખુજલી, ખજવાળ, વળવળ, ચેળ આવવી તે.—*y*, *a.* ખુજલી-ખસવાળું.
Item, *n.* રકમ, દાગીનો, *ad.* બીજું, વળી.
Itinerate, *v. i.* ગામેગામ ફરવું.
Itinerary, *a.* દેશાટણનું વૃત્તાંત-પુસ્તક, ફરતું, ભટકતું.
Itself, *pron.* ખુદ, જાતે, પોતાની મેળે.

Ivory, *n.* હાથીદાંત, *a.* હાથી દાંતનું.

Ivy, *a.* ઘર ઉપર ચઢતો વેલો, તરૂરોહીણી.

J.

J, ઇંગ્રેજી મુળાક્ષરનો દશમો અક્ષર.

Jabber, *n.* બકબક. *v.i.* બકવું.—er, *n.* લવારો કરનાર.

Jack, *n.* ખલાસી, હુચ્ચો સખસ, વાવટો.—ass, *n.* ગધેડો, જડ માણસ.—daw, *n.* જંગલી કાગડો.

Jackal, *n.* શીઆળ.

Jaket, *n.* બંડી, કબજો, કુડતું.

Jack-fruit, *n.* ફણસ.

Jack-pudding, *n.* વિદુષક, રંગલો.

Jacobin, *n.* બંડખોરનો આગેવાન.

Jade, *n.* ભાડુતી ઘોડો, સ્ત્રીને બદનામ આપનારી ગાળ, એક ઉપધાતુનું નામ છે. *v.t.* થકાવવું. *v. i* થાકીજવું.

Jag, *n.* ખાંડ, કાંગરો. *v.t.* ખાંડ પાડવી.—gery, *n.* ગોળ.

Jail, *n.* તુરંગ, બંધીખાનું.—bird, *n.* બંધીખાનામાં જઇ આવેલું માણસ.—er, *n.* બંધીખાનાનો રખવાળ.

Jalap, *a.* એક જાતનું રેચક મુળીઉં.

Jam, *n.* મુરબ્બો, *v. t.* ચાંપવું, ભચડવું, ચીરવું.

Jangle, *v. t.* ખટપટ કરવી. *n.* કચકચ, તકરાર, કઠોર અવાજ.

Janitor, *n.* ચોપદાર, દરવાન.

January, *n.* ઇંગ્રેજી વર્ષનો પહેલો મહિનો,પોષ-મહા.

Jar, *n.* બરણી, ઘડો, કજીઓ. *v. i.* કડકડ થવું, કજીઓ થવો.

Jargon, *n.* ન સમજાય એવી બોલી, ખીચડું.

Jasmine, *n.* જાઇનું ફુલ, જુઈ.

Jaundice, *n.* કમળો.—d, *a* કમળાવાળું.

Jaunt, *n.* સફર. *v. i.* સહેલ કરવી.—y, *a.* રંગેલું, ભભકાદાર.

Javelin, *n.* બરછી.

Jaw, *n.* જડબું, ડાચું.

Jay, *n.* ચાસ,(પક્ષી)નીલકંઠ.

Jealous, *a.* અદેખું, વેહેમી.—y, *n.* અદેખાઈ,હરીફાઈ.

Jeer, *v. t.* મજાક કરવી, *n.* મજાક, ઠઠ્ઠો.

Jehovah, *n.* હિબ્રૂભાષામાં ઇશ્વરનું નામ, સ્વયંભૂ,ચહોવા.

Jejune, *a.* ભુખ્યું, સુકું, ખાલી, અરસિક.—ness,*n.* ગરીબાઇ.

Jelly, *n.* મુરબ્બો.

Jenny, *n.* રેંટિઓ; સુતર કાંતવાનો સંચો.

Jeopard, *v. t.* જોખમ-ભયમાં નાંખવું.—y, *n.* જો-

ખમ, ધોકો.

Jerk, n. આંચકો. v. t. આંચકો મારવો.

Jerkin, n. ઝભલું, કેડીયું, બંડી.

Jest, n. મશ્કરી, જેની મશ્કરી કરવી હોય તે. v. t. મજાક-મશ્કરી કરવી.—er, n. મશ્કરો, રંગલો.—ing, n. ટોળ, મશ્કરી.

Jesuit, n. પાદરીના ટોળાંનું નામ છે તેમાંનો માણસ, કાવત્રાંખોર માણસ.—ical, a. દગાખોર.

Jet, n. ફુવારો, કરંજો.

Jew, n. યાહુદી.

Jewel, n. રત્ન. v. t. જડાવ ઘરેણાથી સણગારવું.—ler, n. ઝવેરી. —lery, n. ઝવેરાત.

Jewish, a. યાહુદીને લગતું.

Jib, n. વહાણના નાળ આગળનો નાનો સઢ.

Jig, n. એક જાતનો નાચ.

Jilt, n. આશકની સાથે પ્યાર બાંધીને છોડે એવી સ્ત્રી.

Jingle, n. ઝણકારો. v. t. ખણખણ થવું.

Job, n. પરચુરણ કામ, પોતાના સ્વાર્થનું કામ. v. i. દલાલી કરવી.—ber, n, દલાલ.

Jockey, n. ચાબુકસવાર, લુચ્ચો. v. t. ફસાવવું.

Jocose, Joculor, a. મશ્કરૂં.

Jocund, a. ખુશ મિજાજી, આનંદી.

Jog, *v. t.* કુણીવતી જરા આંચકો મારવો. *v. i.* રખડતાં રખડતાં જવું. *n.* આંચકો. —trot, *n.* ધીમી એક સરખી ચાલ.

Join, *v. t.* જોડવું. *v, i* એક થવું, ગાંઠ પડવી.

Joint, *n.* હાડકાનો સાંધો. *a.* એકત્ર, સામેલ. *v. t.* સાંધવું.—er, *n.* મોટો રંધો.—ly, *ad.* એકઠા મળીને.—ure, *n.* સ્રીધન

Joist, *n.* મોભ.

Joke, *n.* મશ્કરી. *v. t.* મજાક કરવી.

Jollity, *n.* આનંદીપણું.

Jolly, *a.* આનંદી.—boat, *n.* વહાણની હોડી.

Jolt, *v. t.* & *v. i.* આંચકો–હિલ્લો ખાવો.

Jot, *n.* લેશમાત્ર. *v. t.* લખી લેવું.—ing, *n.* નોંધ.

Journal, *n.* રોજનામું–મેળ, વર્તમાનપત્ર. —ist, *n.* વર્તમાનપત્રનો લખનાર–ચલાવનાર.—ize, *v. t.* રોજમેળ ખતવવો.

Journey, *n.* મજલ, મુસાફરી. *v. i.* મુસાફરી–દેશાટણ કરવું.

Jovial, *a.* (સદા) આનંદી.

Joy, *n.* આનંદ. *v. i.* ખુશ કરવું.—ful, *a.* આનંદી, આનંદમય.—ous, *a.* હરખાએલું, ખુશી.

Jubilee, *n.* મોટો ઓચ્છવ, સપરમો દિવસ.

Judge, *n.* ન્યાયાધિશ, પરિક્ષક. *v.t.* ઇનસાફ વિચાર

કરવો, ગણવું. *v. i.* કિંમત થવી, તર્ક બાંધવો.
Judgment, *n.* વિવેક, તર્ક, બુદ્ધિ, ઇનસાફ. —day, *n.* જગતના ન્યાયનો દિવસ.—seat, *n.* ન્યાયાસન.
Judicatory, *n.* ન્યાય સભા, અદાલત.
Judicature, *n.* ન્યાય કરવાનો અધિકાર.
Judicial, *a.* કોરટનું, ન્યાય પ્રકરણનું.
Judicious, *a.* ડહાપણથી કરેલું, ડાહ્યું.
Jug, કુન્જો. ભોટવો, લોટો.
Juggler, *n.* મદારી, જાદુગર, દગાખોર માણસ.—y, *n.* નજરબંધી, છુમંતર.
Juice, *n.* રસ.
Juicy, *a.* રસવાળું.
July, *n.* ઇંગ્રેજી સાલનો સાતમો મહિનો, અષાડ-શ્રા-[વણ.
Jumble, *n.* ગડબડ ગોટો.*v. t.* ધાલમેલ કરી મુકવી.
Jump, *n.* કુદકો. *v. i.* કુદકા મારવા.
Junction, *n.* મેળાપ, સાંધો, સંધિસ્થાન.
Juncture, *n.* તક, સંધિ, પ્રસંગ.
June, *n.* ઇંગ્રેજી વર્ષનો છઠ્ઠો મહિનો, જેઠ, અષાડ.
Junior, *n.* ઉમ્મરે નાનું. *a.* નાનું.
Junk,*n.*ચીનાઈ ત્રણ ડોલવાળું વહાણ.—et,*n.*મિઠાઈ.
Jupiter, *n.* બૃહસ્પતિ, ગુરૂ.
Juridical, *a.* અદાલતનું.

Jurisconsult, *n.* કાજી, ધરમશાસ્ત્રી.
Jurisdiction, *n.* અધિકાર, હુકમ.
Jurisprudence, *n.* ધર્મશાસ્ત્ર, કાયદાનો ઈલમ.
Jurist, *n.* કાયદા જાણનારો.
Juror, *n.* જુરીનો સભાસદ.
Jury, *n.* પંચ, જુરી.—man, *n.* પંચમાંનો એક, પંચ.
Just, *a.* વાજબી. *ad.* હમણાં, બરાબર, માત્ર.—ice, *n* ન્યાયાધિશ, ન્યાય, પ્રમાણિકપણું.—ifiable, *a.* વાજબી.—ification, *n.* ખરું-વાજબી કરી આપવું તે.—ify, *v. t.* વાજબી છે એમ બતાવી આપવું.—ness, *n.* ખરાપણું.
Jut, *v. i.* બહાર પડવું, આવવું.
Juvenile, *a.* જુવાન, તરૂણ.
Juxtaposition, *n.* પાસે પાસે આવવું તે, સમિપતા.

K.

K, ઇંગ્રેજી મૂળાક્ષરનો અગિયારમો અક્ષર.
Kalender, *n.* ટીપણું, પંચાંગ.
Kaw, *n.* કાગડાનું બોલવું.
Kangaroo, *n.* ચોપગું જનાવર હોય છે, કંગારૂ.
Kedge, *n.* વહાણનું લંગર-બિલાડી.

Keel, *n.* વહાણનો મઠાણ, નાવ. *v. t.* ચલાવવું.
Keen, *a.* પાણીદાર, તિક્ષણ, આતુર, કડકડતું.—ly, *ad.* કકડીને.
Keep, *v. t.* રાખવું, જતન કરવું, પાળવું. *v. i.* ખોટી રહેવું. *n.* કિલ્લો.—er. *n.* રખેવાળ, રાખનાર, પાળક.—ing. *n.* કબજે, ખાનપાન, મેળ.—sake, *n.* યાદગીરી, યાદદારત સારૂં જે રાખેલું તે.
Keg, *n.* નાનું પીપ.
Ken, *v. t.* ઓળખવું, જાણવું.
Kennel, *n.* કુતરાનું ઘર અથવા રહેઠાણ.
Kernel, *n.* કણીઓ, મગજ, ટોપરૂં, દાણો, સાર, માવો.
Ketch, *n.* બેડોળી વહાણ.
Kettle, *n.* નાળચાવાળી હેગડી, ચાદાની.—drum, *n.* નગારૂં, ડંકો.
Key, કુંચી, ખુલાસો, કળ.—hole, *n.* કુંચી ઘાલવાનું બાકું.—stone, *n.* કમાનમાં વચમાંનો પથ્થર.
Kick, *v. t.* લાત મારવી, પગ ઉછાળવા. *n.* લાત, પાટું,—shaw, *n.* વિચિત્ર ભોજન.
Kid, *n.* બકરીનું બચ્ચું. *v. i.* બચ્ચાં જણવાં.
Kidnap, *v. t.* છોકરાં ચોરી લઈ જવાં.—er, *n.* મનુષ્ય હરણ કરનાર.—ing, *n.* મનુષ્ય હરણ.
Kidney, *n.* મુત્રાશય, પ્રકૃતિ, પ્રકાર.—bean, *n.* અડદ.

Kill, *v. t.* જીવથી મારી નાંખવું, શાંત પાડવું, મારવું.

Kiln, *n.* ભઠ્ઠી, નિભાહ.

Kilt, *n.* પેટથી ઢીંચણ સુધી પહોંચે એવો ઘાઘરો,

Kimbo, *a.* વળેલું, વાંકુ.

Kin, *n.* સગું, ગોત્ર, કુળ.

Kind, *n.* જાત.*a.* માયાળુ, ઉપકારી, દયાળું.—ly, *a.* દયાળું, પરોપકારી, લાભકારક. *ad.* મેહેરબાનીથી કરીને, પ્રીતથી.—ness. *n.* માયા, ઉપકાર, મેહેરબાની.

Kindle, *v. t.* સળગાવવું, તપાવવું. *v. i.* સળગવું.

Kindred, *n.* સગું, ગોત્ર, ભાઈબંધ, સજાત.

Kine, *n.* ગાયો. *pl.* of cow.

King, *n.* રાજા, બાદશાહ.—craft, *n.* રાજ્યનીતિ, રાજ્ય ચાતુર્ય.—dom, *n.* રાજ્ય, અધીપતિપણું, રાજ્યસત્તા.—ly,*a.*રાજાનું, રાજ્યસત્તાક.—'s-evil, *n.* કંઠમાળા.

Kinsman, *n.* એક કુટુંબનું સગું, ગોત્રજ.

Kirk, *n.* દેવળ. મંદીર.

Kiss, *n.* બચ્ચી, ચુંબન. *v. t.* ચુંબન કરવું, હેત દેખાડવું, વહાલથી અડકવું.

Kit, *n.* સરસામાન, બધો ખટલો.

Kitchen, *n.* રસોડું, રાંધણીઉં.

Kite, *n.* સમડી, પંતગ, કનકવો.

Kitten, n. બિલાડીનું બચ્ચું.
Klick, ટીક ટીક અવાજ થતો.
Knack, હથોટી, હિકમત.
Knag, n. ખીટી, ખીલો.—y, a. ગાંઠા, ગાઠાવાળું.
Knapsack, n. ખોરાકની કોથળી, ઝોળણો.
Knave, n. ધુતારો, —ry, n. લુચ્ચાઇ, ઠગાઈ.
Knavish, a. દગલબાજ, નુકશાનકારક.
Knead, v. t. ગુંદવું, મસળવું.
Knee, n. ઢીંચણ, ઝાનું. [કાચલી, ઘુંટણનું હાડકું.
Kneel, v. i. ઘુંટણીએ પડવું. —pan, n. ઢીંચણની
Knell, n. મરણ અથવા શબ લઈ જતી વખતે વગાડેલો ઘંટો.
Knife, n. છરી, ચપ્પુ.
Knight, n. માન ભરેલો ખિતાબ છે. v.t. સરનો ખિતાબ આપવો.—hood, n. નાઈટના ખિતાબની પદ્દી.—ly, a. નાઇટને યોગ્ય હોય એવું.
Knit, v.t. બાંધવું, સાંધવું, ગુંથવું. n. ગુંથણ.—ting-needle, n. ગુંથવાની સોય.
Knob, n. બહાર પડતી ગાંઠ.—by, a. ગાંઠાવાળું.
Knock, n. આંચકો. v. t. ઠોકવું, જમીનદોસ્ત કરવું, વ્યર્થ કરવું. v. i. ઠોકાવવું, અઠડાવવું.—er, n. બારણું ઠોકવાનું કડું.

Knoll, *n.* ટેકરી.

Knot, *n.* ગાંઠ, ઉંડો અર્થ, વેર. *v. t.* ગાંઠ વાળવી. *v. i.* ગુંચાવવું, અંટસ પડવો.—ty, *a.* ગાંઠાવાળું, કઠણ, ગુચવણ ભરેલું.

Know, *v. t.* જાણવું, ઓળખવું. —able, *a.* જાણવા જોગ, જ્ઞેય.—ing, *a.* હોંશિઆર, જ્ઞાનવાન, સમજુ. —ingly, *ad.* જાણી જોઇને. —ledge, *n.* જ્ઞાન, માહિતી, વિદ્વતા.

Knuckle, *n.* આંગળીના સાંધા. *v. i.* તાબે થવું.

L.

L, ઇંગ્રેજી મુળાક્ષરનો બારમો અક્ષર.

La, *n.* ગાયનનો સુર. *interj.* જુઓ! જોતે!

Label, *n.* નિશાની સારૂં જે ચીઠી મારે છે તે, ચીઠી. *v. t.* ચીઠી ચોડવી.

Labial, *a.* ઓષ્ઠસ્થાની.

Labour, *n.* મેહેનત, પ્રસવ વેદના. *v. t.* મેહેનત કરવી. *v. i.* કણાવું.—ed, *a.* મેહેનતથી કરેલું. —er, *n.* મજુર, વૈતરો.

Laboratory, *n.* કારખાનું. રસાયણ પ્રયોગશાળા.

Laborious, *a.* મેહેનતુ, મુશ્કેલ. [ચડ.

Labyrinth, *n.* ભુલભુલામણું.—ian, *a.* મુશ્કેલ, ગૂં-

Lac, *n.* લાખ. [કોર લગાડેલું.
Lace, *n.* કિનારી. *v. t.* રીત ચોઢવી.—d, *a.* કસબી
Lacerate, *v. t.* ફાડી નાંખવું.
Laceration, *n.* વિદારણ, ગાબચુ.
Lack, *n.* ઓછાપણું, ઘટ. *v. t.* અછાચાણમાં હોવું.
—brain, *n.* મૂર્ખ.—ey, *v. t.* ચાકરી કરવી.
Lacker, *n.* એક જાતનો રોગાન. *v. t.* રોગાન દેવું.
Laconic,-cal, *a.* ટુંકાણમાં કહી નાંખનાર.
Lachrymal, *a.* જે ઠેકાણે આંસુ ઉત્પન્ન થાય છે તે.
Lacteal, *n.* અન્નરસ લઈ જનારી નળી.
Lad, *n.* છોકરો.
Ladder, *n.* નીસરણી, સીઢી.
Lade, *v. t.* લાદવું, બોજો ભરવો.
Lading, *n.* ભરેલો માલ. [છીમાં માય તેટલું.
Ladle, *n.* કડછી. *v. t.* પળીથી કાઢવું.—ful, *n.* કડ-
Lady, *n.* કુળવાન સ્ત્રી.—brid, or—bug, *n.* સુંદ-
ર એક જાતનો કીડો. ઇંદ્રગોપ.
Lady-ship, *n.* કુલિન સ્ત્રીનો મરતબો—ખેતાબ. [નારૂં.
Lag, *v. i.* પાછળ રહી જવું. —gard, *a.* પછવાડે રહી જ-
Lagoon, *n.* છાછરૂ-છીછરૂ તળાવ.
Laic, *a.* સંસારી,

Laid, *pret.* and *pp.* of *lay.* રાખેલું, મુકેલું.

Lair, *n.* વાઘવરૂને સંતાઇ રહેવાની જગ્યા.

Laity, *n.* ગૃહસ્થ લોક, પાદરી નહીં તે.

Lake, *n.* સરોવર, તળાવ.

Lamb, *n.* ઘેટાંનું બચ્ચું, રાંકડું, અસીલ માણસ.

Lame, *a.* લુલું, લંગડું. *v. t.* લંગડા કરવું. —ness, *n.* લંગડાપણું.

Lament, *v.t.* વિલાપ કરવો. *v.i.* દિલગીર થવું.—able, *a.* દિલગીર થવા જેવું.—ation, *n.* શોક, વિલાપ.

Lamina, *n.* પડ. [*n.* દીવાની રોસની.

Lamp, *n.* દીવો.—black, *n.* કાજળ, મેસ.—light,

Lampoon, *n.* કોઇના વિશે નિંદા ભરેલું લખાણ. *v. t.* —ની નિંદા લખવી.

Lance, *n.* ભાલો. *v. t.* નસ્તર મુકવું.

Lancet, *n.* નસ્તર.

Land, *n.* જમીન, દેશ. *v. i.* ઉતરવું *v. t.* ઉતારવું. —ed, *a.* ભોંયવાળાંવાળું, જમીનદાર, ભોંયનું.—lord, *n.* જમીનદાર.—mark, *n.* ઉંચો પદાર્થ, વહાણના ખલાસીઓને માટે નિશાની દાખલ જમીન ઉપર કોઈ હદની નિશાની.

Landscape, *n.* દેશનો દેખાવ.

Lane, *n.* ગલી, મોહોલ્લો.

Language, *n.* ભાષા, બોલવું તે.
Languid, *a.* લબડી ગયેલું, ઢીલું, ટાઢું પડી ગયેલું, [મંદ
Languish, *v. i.* નબળા થવું.
Langour, *n.* બેભાનપણું, નબળાઈ.
Lank, *a.* લબડી ગયેલું, પાતળી, દુબળું.
Lantern, *n.* ફાનસ.
Lap, *n.* ખોળો. *v. t.* લપેટવું. —dog, ખોળામાં રમાડવાનો નાનો કુતરો.—ful, *n.* ખોળાપુર.
Lapidary, *n.* રત્નપરિક્ષક, ઝવેરી.
Lapse, *n.* નાની ચૂક-ભુલ. પ્રવાહ. *v. i.* નીસરવું, દોષમાં પડવું, ડુબી જવું.
Lapwing, *n.* ટીટોડું.
Larboard, *n.* વહાણની ડાબી બાજુ.
Larceny, *n.* ચોરી.
Lard, *n.* ડુક્કરની ચરબી. *v. t.* ડુક્કરની ચરબી લગાડવી.—er, *n.* માંસ રાખવાની જગ્યા. [હાથે.
Large, *a.* મોટું, બેહદ —ly, *ad.* ઉદારપણે, મોકળે
Largess, *n.* ઇનામ, બક્ષીસ.
Lark, *n.* એક નાનું સુકંઠ પક્ષિ.
Larynx, *n.* નરડી, કંઠેદ્રિંય
Lascivious, *a.* સ્ત્રીવ્યસની, કામદ્રષ્ટિનું.
Lash, *n.* ચાબુકનો ફટકો. *v. t.* ફટકો મારવો.

Lass, *n.* છોકરી.
Lassitude, *n.* શરીર લુલું થઈ જવું તે.
Lasso, *n.* ફાંદાનું દોરડું.
Last, *n.* કાલબૂત. *ad.* છેલ્લાં, છેવટ. *a.* પાછલું, છે-લ્લું. *v. i.* ચાલવું, ટકવું.—ing, *a.* સ્થીર, નવુનું.—ly, *ad.* છેવટે, આખરે. [ડાની દોરી.
Latch, *n.* આંગળી. *v. t.* આંગળી દેવી.—et, *n.* જો-
Late, *a.* મોડું, મરનાર, થોડા કાળ ઉપર બનેલું. *ad.* મોડાં, વાર લગાડીને.—ly, *ad.* થોડાજ દીવશ ઉપર-હરતનું બનેલું.
Latent, *a.* ગુપ્ત. છાનું. મનમાંનું, અદૃશ્ય.
Later, *a.* પાછળનું, પછીનું.
Lateral, *a.* બાજુનું, બાજુ ઉપરનું.
Lath, *n.* લાકડાનું પાટીયું, પકવારો.
Lathe, *n.* સંઘાડો ચરખ, સરાણ.
Lather, *n.* સાબુને પાણી સાથે ઘસ્યાથી જે ફીણ થાય છે તે. *v. i.* ફીણ લગાડવું.
Lathy, *a.* ચીપ જેવું પાતળું.
Latin, *n.* લાટિન ભાષા.
Latitude, *n.* ચોડાઇ, છૂટ, અક્ષાંશ, મોકળાશ.
Latitudinal, *a.* અક્ષાંસ—અક્ષ તરફ.
Latrine, *n.* મોરી, ગટર.

Latter, *a.* પાછળ ગયેલું, અર્વાચીન.

Lattice, *n.* જાળીદાર કામ.

Laud, *n.* ઈશ્વરસ્તુતિ. *v. t.* વખાણવું.—able, *a.* વખાણ કરવા જોગ.—ation, *n.* વખાણ.—atory, *n.* સ્તોત્ર, પ્રસંશા.

Laudanum, *n.* અફીણનો અર્ક.

Lauch, *n.* હસવું.—at, *v. t.* મશ્કરી કરવી.—able, *a.* હસવા જોગ.—ing stock, *n.* મશ્કરી કરવા જેવું કાંઇ.—ter, *n.* હાસ્ય, હસવું તે. [*n.* ધક્કેલણી.

Launch, *v. t.* પાણીમાં નાંખવું, હડશેલી મુકવું, ફેંકવું.

Laundress, *n.* ધોબણ, ધોબણ.

Laundary, *n.* લુગડાં ધોવાની ઓરડી અથવા જગા.

Laurel, *n.* તજ, કપુર વીગેરેના ઝાડની જાતનું એક ઝાડ.

Lava, *n.* જ્વાળામુખીમાંથી નીકળેલો ઉનો ઓગળેલો રસ.

Lave, *v. t.* નવરાવવું, ધોવું.

Lavender, *n.* એક જાતનો ખુશબોદાર છોડ.

Lavish, *a.* ઉડાઉ, હાથનો છૂટો. *v. t.* ઉડાવવું.

Law, *n.* કાયદો, વેહેવાર, ધર્મશાસ્ત્ર, ન્યાય.—ful, *a.* કાયદાસર, વાજબી.—giver, *n.* કાયદા બનાવનાર, સ્મૃતિકાર.—less, *a.* બે કાયદાસર, આચારભ્રષ્ટ.—suit, *n.* દાવો, મુકદમો.—yer, *n.* ધર્મશાસ્ત્રી, વકીલ.

Lawn, *n.* રાન મધ્યેનું મેદાન.

Lax, *a.* ઢીલું.—ative, *n.* રેચક ઓસડ. *a.* રેચક. —ity, *n.* ઝુલ, ઢીલ, ઝોળો.

Lay, *n.* ગીત, કવિતા. *v. t.* મુકવું. *a.* સંસારી.—er, *n.* પડ.—man, *n.* સંસારીઉં.—stall, *n.* ઉકરડો.

Lazar, *n.* પીતીઉ.—house, or—etto, *n.* પીતીઆં વિગેરે આંચળીઆ રોગવાળાઓની હસ્પીતાલ.

Lazy, *a.* હાડભંગો, સુસ્ત, આળસુ.

Lea, *n.* ઘાસની જડી જે ઠેકાણે ઉગતી હોય એવી જગો.

Lead, *n.* સીસું. *v.t.* દોરવું. *v.i.* આગળ જવું.—en, *a.* સીસાનું.—er, *n.* અગ્રેસર, આગળ ચાલનાર. —ing, *a.* મુખ્ય.

Leaf, *n.* પાંદડું, પાન.—less, *a.* બાંડું, પાંદડાં વિનાનું.—let, *n.* પાંદડી, નાનું ચોપાનીઉં.—y, *a.* પાંદડાંવાળું, પાંદડાંથી ભરપુર.

League, *n.* એક્કો, ત્રણ માઈલ. *v. i.* એક્કો કરવો.

Leak, *n.* ગાળડું. *v. i.* ગળવું.

Lean, *n.* ચરબી વગરનું માંસ. *v. i.* ટેકો દેવો. *a.* પાતળું.

Leap, *n.* કુદકો, છલંગ. *v. i.* કુદકો મારવો. *v. t.* કુદવું.—year, *n.* દર ચોથું વર્ષ.

Learn, *v. t.* શીખવું. *v. i.* અભ્યાસ કરવો.—ed, *a.*

વિદ્વાન, નિપુણ.—ing, *n.* વિદ્યા, વિદ્વતા. [આપવું.
Lease, *n.* પટો, ભાડાચિઠ્ઠી, ભાડાની મુદત. *v.t.* ભાડે
Least, *a.* સૌથી નાનું, સૌથી થોડું. [ડા જેવું.
Leather, *n.* ચામડું.—n, *a.* ચામડાનું.—y, *a.* ચામ-
Leave, *n.* પરવાનગી, રજા. *v. t.* મુકવું, છોડવું.
Leaven, *n.* આથણ, ખમીર. *v. t.* ખમીર ઘાલી ચઢા-
વવું, આથવું.
Leavings, *n. pl.* શેષ, છાંડામણ.
Lecher, *n.* રંડીબાજ. *v.i.* ઈશકબાજી કરવી.—ous, *a.* રંડીબાજ, કામી—y. *n.* ઇશકબાજી, રંડીબાજી.
Lecture, *n.* ભાષણ. *v. t.* ભાષણ કરવું, ઠપકો દેવો.
Ledge, *n.* પડ, કોર, કટાણ.
Ladger, *n.* ખાતાવહી.
Lee, *n.* જેબાજુએ પવન વાતો હોય તેની સામેની દિશા
Leech, *n.* જળો.
Leer, *n.* નેત્રકટાક્ષ. *v. i.* વાંકી નજરથી જોવું.
Left, *a.* ડાબું.—handed, *a.* ડાબોડી.
Leg, *n.* પગ.
Legacy, *n.* મૃત્યુલેખદાન, વારસો.
Legal, *a.* કાયદેસર, કાયદાનું.—ity, *n.* હકદારપણું, ખરાપણું.—ly, *ad.* કાયદેસર.
Legate, *n.* વકીલ, રાજદૂત.—e, *n.* વારસ.

Legation, *n.* વકીલાત.

Legator, *n.* વારસનામું કરી આપનાર.

Legend, *n.* કહાણી, કિસ્સો, દંતકથા.—ary, *a.* દંતકથા સંબંધી.

Legible, *a.* વંચાય એવું. [ગાડેગાડાં.

Legion, *n.* ૩૦૦૦થી ૬૦૦૦ માણસનું સૈન્ય, સૈન્યદળ,

Legislate, *v. t.* કાયદા કરવા.

Legislation, *n.* કાયદા કરવા તે.

Lagislator, *n.* કાયદા કરનાર.

Lagislature, *n.* ધારા બાંધનારી સભા.

Legitimacy, *n.* વાસ્તવિકપણું, ખરાપણું.

Legitimate, *a.* અસલ, ખરૂં.

Legume, *n.* સિંગ.

Leisure, *n.* ફુરસત, નવરાશ, અવકાશ.

Lemma, *n.* પુર્વ સિદ્ધાંત.

Lemon, *n.* લીંબુ.—ade, *n.* લીંબુનું સરબત.

Lend *v.t.* વાપરવા આપવું, ઉછીતું આપવું.—er, *n.* નાણાં ધીરનાર, શાહુકાર.

Length, *n.* લંબાઇ.—en, *v. i.* વધવું. *v. t.* લાંબું કરવું.—wise, *ad.* લંબાઈ પ્રમાણે.—y, *a.* બહુ લાંબું.

Leniency, *n.* નરમાશ.

Lenient, *a.* નરમ. *n.* નરમ પાડનારૂં ઔષધ.

Lenity, *n.* દયાભાવ, નરમાશ.
Lens, *n.* દુરબીનનો કાચ.
Lentigo, *n.* ચામડીપર થતો રોગ.
Lentil, *n.* એ નામનો ખેતરમાં થતો વિલાયતી છોડ,
Leo, *n.* સિંહરાશી.
Leonine, *a.* સિંહનું-ના સરખું.
Leopard, *n.* ચિત્તો, ખડિઓ વાઘ.
Leper, *n.* કોડિઓ, કોડવાળો.
Leprosy, *n.* કોડ.
Less, *a.* ઓછું, કમી. *ad.* નાનું.—ee, *n.* વખત-મુદતની સરતે ભાડે રાખનાર.—en, *v. t.* ઓછું કરવું. *v. i.* ઓછું થવું. [ભભેરવું.
Lesson, *n.* પાઠ, શિખામણ, ઠપકો. *v. t.* શીખવવું,
Lest, *con.* રખેને.
Let, *v. t.* દેવું, આપવું, પરવાનગી આપવી, ભાડે આપવું, દાખલ કરવું, આ પ્રત્યય કેટલાક નામની આગળ આવવાથી તેનો અર્થ નાનું થાય છે. *v. i.* ગણોતે આપવું, સાંથવું.
Lethal, *a.* જીવની હાની કરે એવું.
Lethargy, *n.* અઘોરીપણું, બેભાનપણું.
Lethe, *n.* વિસ્મૃતિ, ભુલાવ.
Letter, *n.* અક્ષર, કાગળ. *v. t.* અક્ષર પાડવા.—ed,

a. વિદ્વાન.—s, *n.* વિદ્યા, વિદ્વતા.
Levee, *n.* દરબાર. [સપાટ કરનાર.
Level, *n.*સપાટી. *a.* સરખું. *v. i.* સાધવું.—ler, *n.*
Lever,*a.*ઉચ્ચાલન.--age,*n.*ઉચ્ચાલનથીથએલાનફો.
Leviable, *a.* વસુલ કરાય તેવું.
Levity, *n.* હલકાપણું. [કહું કરવું.
Levy, *v. t.* જમાબંધી, વસુલાત. *v. t.* જમાવવું, એ-
Lewd,*n.*છીનાળવો, કાછડીછૂટો.--ness, *n.*વ્યભિચાર.
Lexicographer, *n.* કોષ બનાવનાર.
Lexicon, *n.* કોષ, શબ્દાર્થ કોષ.
Liability, *a.*યોગ્યપણું.
Liable, *a.* લાયક, જોખમદાર.
Liar, *n.* જુઠું બોલનાર.
Libel, *n.* આબરૂ લેવાનું લખાણ. *v. t.* –ની કંઈ લ-
ખી આબરૂ લેવી.--lous, *a.* નિંદા ભરેલું.
Liberal, *a.* ઉદાર, ખુલ્લા દિલનું, કુલીન, ઉમદું.--ly,
*ad.*ઉદારતાથી.—ity,*n.* સખાવત-અપક્ષપાતપણું.
Liberate, *v. t.* સ્વતંત્ર કરવું. [ગયેલું.
Libertine, *n.* નિરંકુશ માણસ, છિનાળવો. *a.* વહી
Liberty, *n.* છુટાપણું, સ્વતંત્રતા.
Libra, *n.* તોળારાશી.
Librarian, *n.* પુસ્તકશાળાનો સંભાળનાર.

Library, *n.* પુસ્તકશાળા. [નગી આપવી.
License, *n.* પરવાનગી, રજાચિઠ્ઠી, સનંદ. *v. t.* પરવા-
Licentiate, *n.* સનંદવાળો. *v. t.* સનંદ આપવી.
Licentious, *a.* છિનાળવો, લુચ્ચો, શોદો.
Lick, *v. t.* ચાટવું.—erish, *a.* સ્વાદિષ્ટ.
Lid, *n.* ઢાંકણું, આંખનું પોપચું.
Lie, *n.* જુઠ્ઠું. *v. i.* સુવું, પડેલા હોવું, જુઠ્ઠું કહેવું.
Lief, *ad.* ખુશીથી.
Liege, *n.* રાજા. *a.* સત્તાધીશ, તાબેદાર.
Lien, *a.* વારસો, હક.—tery, *n.* અતિસાર, આમ.
Lieutenant, *n.* નાયબ, હાથ નીચેનો અમલદાર.
Life, *n.* જીંદગી, ચરિત્ર, જીવ, ચૈતન્ય, જન્મ.—less, *a.* જીવ વિનાનું.—time, *n.* આયુષ્ય, જીવીતકાળ.
Lift, *v. t.* ઉંચકવું, ઉંચું કરવું.
Ligament, *n.* એક જાતનો ચીકણો પદાર્થ જે એક હાડકાને બીજાં હાડકા જોડે બંધાએલું રાખે છે તે.
Ligature, *n.* બંધ, પાટો.
Light, *n.* અજવાળું, દીવો. *a.* હલકું. *v. t.* સળગાવું.—en, *v. t.* -નો ભાર ઓછો કરવો, ખુશ કરવું.—er, *n.* કોટીઉં. *a.* વધારે હલકું.—fingered, *a.* હાથનું ચોર.—footed, *a.* પગનો ચપળ. —headed, *a.* ચળેલું, બેભાન. —hearted, *a.* આણંદી,

—house, *n.* દીવાદાંડી.—minded, *a.* સ્થિર મનનું.
—ness, *n.* હુલકાપણું, ચળકાટ.—s, *n. pl.* ફેફસાં.
Lightning, *n.* વિજળી. ચપળા.
Ligniform, *a.* લાકડા જેવું બનાવેલું.
Like, *a.* જેવું, સરખું. *v. t.* ચહાવું. *v. i.* ગમવું.—
lihood, *n.* સંભવ.—ly, *a.* બને એવું. *ad.* સોવસા.
—ness, *n.* સરખાપણું.—wise, *ad.* એજરીતે, પણ.
Liken, *v. t.* મુકાબલો કરવો.
Liking, *n.* પસંદ પડવું તે, રૂચિ, શોક.
Lily, *n.* દેખાવડુ ખુશબોદાર ફૂલ.
Limb, *n.* અવયવ. *v. t.* અવયવ જુદા પાડવા.
Lime, *n.* ચુનો, નાનું લીંબુ. *v. t.* ચીકણો પદાર્થ ચો-
પડવો.—kiln, *n.* ચૂનાની ભઠ્ઠી. —stone, *n.* ચુ-
નાનો પથ્થર.—quarry, *n.* ચુનાની ખાંણ.
Limit, *n.* સીમા. *v. t.* સીમા બાંધવી. —able, *a.*
જેની હદ થઈ શકે તેવું.—ed, *a.* નિયમિત.
Limitation, *n.* મર્યાદા, મુદત. [રો.
Limn, *v. i.* ચીતરવું. *n.* ચિત્ર પાડવું.—er, *n.* ચિતા-
Limp, *v. t.* લંગડાતા ચાલવું.—ingly, *ad.* ખોડંગ-
તા ખોડંગતા.
Limpid, *n.* નીતર્યું. સ્વચ્છ.—ness, *n.* સ્વચ્છતા.
Limy, *a.* ચૂનાળું, ચીકણું.

Linchpin, *n.* પૈડાની ખીલી.

Line, *n.* દોરી, લીટી, ઓળ, વંશ, રોજગાર. *v. t.* અસ્તર કરવું, લીટી દોરવી.—al, *a.* પરમપરાગત, લીટીનું.=s, *n.* છાવણી.

Lineage, *n.* ઓલાદ, સંતાન, પ્રજા.

Lineament, *n.* મોંનો સીક્કો, લક્ષણ.

Lineation, *n.* ચિત્ર.

Linen, *n.* શણ. શણનું લુગડું. *a.* શણનું.

Linger, *v. i.* ઉભા થઈ રહેવું, ધોવાયા કરવું.—ing, *a.* પહોંચાઉ, લાંબી પથારીનું.

Lingo, *n.* બોલી, ભાષા.

Lingual, *a.* જીભનું.

Linguist, *n.* અનેક ભાષા જાણનાર. —ic, *a.* ભાષા શાસ્ત્ર સંબંધી. *n. pl.* ભાશાશાસ્ત્ર.

Lining, *n.* અસ્તર, ઢાંકણ.

Link, *n.* સાંકળનો આંકડો, કડી. *v. t.* કડી મેળવવી. —boy. *n.* મશાલચી.

Linseed, *n.* અળસી. [ગ.

Lintel, *n.* બારણાના મથાળા ઉપરનો કટકો, ઓતરં-

Lion, *n.* સિંહ.—ess, *n.* સિંહણ. —like, *a.* હીંમતવાળું. [ભક્તિ.

Lip, *n.* હોઠ, કોર.—devotion. *n.* માત્ર મોહોડાની

Liquefaction, *n.* ગાળવું તે, ગળવું તે.

Liquefy, *v. t.* ગાળવું. *v. i.* પીગળવું.

Liquid, *n.* પ્રવાહી પદાર્થ. *a.* પ્રવાહી.

Liquidate, *v. t.* (કરજ)ફીટાડવું, પતાવવું.

Liquidation, *n.* નિકાલ, ફડચો.

Liquor, *n.* પ્રવાહી પદાર્થ,મદીરા, શરાબ.—ice, *n.* જેઠીમધનું ઝાડ-મુળીયું.

Lisp, *v. t.*, *v. i.* & *n.* બોબડું-તોતડું બોલવું તે.

List, *v. i.* સાંભળવું, ધ્યાન આપવું, ઇછા હોવી. *n.* યાદી. *pl.* રંગભૂમી.—en, *v. t.* સાંભળવું.

Literal, *a.* બોલેબોલ, મુળ અર્થનું.—ly, *ad.* શબ્દે-શબ્દ, મુળ અર્થને અનુસરતું.

Literary, *a.* વિદ્યા પ્રકરણ સંબંધી,વિદ્વાન.

Literate, *n.* પંડીત. *a.* ભણેલું.

Literature, *n.* વિદ્યા.

Lithograph, *v.t.* શિળા છાપે છાપવું.*n.* શિળાછાપ.

Lithology, *n.* પથ્થર નિરૂપણ શાસ્ત્ર.

Litigant, *n.* ટંટાખોર.

Litigation, *n.* લઢાઈ, કજીઓ.

Litigate, *v. t.* મુકદ્દમો લડવો, લડવું. કજીઓ ચલાવવો.

Litigious, *a.* કજીઆ ચલાવવાને તૈયાર.

Litter, *n.* વેતર, પથારી. *v. t.* પાથરવું, જણવું.

Little, *ad.* થોડું એક. *a.* નાનું, થોડું એક, સગારેક. *n.* થોડી જગ્યા, જરા કાંઈ.

Liturgy, *n.* સઘળા મળીને પ્રાર્થના કરવાની પદ્ધતિ.

Live, *v. i.* જીવવું, રહેવું, રહેવાશી હોવું. *v. t.* કાઢવું, ગુજરવું. *a.* જીવતું; સળગતું.—coal, *n.* અંગારા.—lihood, *n.* ગુજરાન, ઉપજીવિકા.—long, *a.* પુરાં થતાં વાર લાગે એવું.—ly, *a.* તેજ, જાગૃત, આનંદી, આબેહુબ.—ness, *n.* હોંશિઆરી, ચપળતા.—s, *n.* જન્મચરિત્ર—વૃતાંત.

Liver, *n.* જીવનાર, કાળજું.

Livery, *n.* અમુક તરેહનો ચાકરોનો પોષાક.

Livid, *a.* સીસાના રંગનું.

Living, *n.* ગુજરાન, વર્તણુક. *a.* જીવતું.

Lixivium, *n.* ખાળવાળું પાણી.

Lizard, *n.* સરટ, ગરોળી.

Lo, *int.* જુઓ.

Load, *n.* ભાર. *v. t.* ભાર ભરવો.—ing, *n.* વહાણમાંચઢાવવાનો ભાર.—stone, *n.* લોહચુંબક.—star, *n.* ધ્રુવનો તારો.

Loaf, *n.* પાઉં, રોટલો.—er, *n.* રખડેલ માણસ.

Loam, *n* ચીકણી માટી. [આપવું.

Loan, *n.* ઉછીનો લીધેલો પદાર્થ. *v. t.* ધીરવું, ઉછીનું

Loath, *a.* નાખુશ, નારાજ.—ing, *n.* કંટાળો, તિરસ્કાર.
Loathe, *v.t.* -ઉપર અભાવ થવો, ધિક્કારવું.—some, *a.* અભાવ થાય એવું.
Lob, *v. t.* જોરથી ગડવા દેવું.
Lobby, *n.* ચાલ, ચાલી.
Local, *a.* અમુક જગ્યા સંબંધી.--ity, *n.* ઠેકાણું.
Locate, *v. t.* બેસાડવું.
Location, *n.* સ્થાન.
Locative, *a.* સ્થળ દર્શક, સપ્તમી વિભક્તિ(વ્યાકરણમાં.)
Loch, *n.* ખાડી, સરોવર.
Lock, *n.* તાળું. *v.t.* તાળું દેવું, જડી દેવું. —er, *n.* ભંડાર.—et, *n.* કડી, આંકડો.—jaw, *n.* દાંત બંધ થઈ જાય છે તે રોગ.--smith, *n.* લુહાર.
Locomotive, *n.* આગ ગાડી ચલાવનારું યંત્ર. *a.* એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની શક્તિ ધરાવતું.
Locust, *n.* તીડ.
Lodge, *n.* છાપરી, નાનું ઘર. *v. t.* રાખી મુકવું. *v. i.* રહેવું, હોવું.—r, *n.* વીશીમાં રહેનાર, ઉતારૂ.
Lodging, *n.* ઉતારો, મુકામ કરવાની જગા.
Loft, *n.* માળીઓ, મેડી.—iness, *n.* ઉચાઈ, પ્રૌઢપણું, મગરૂરી.
Lofty, *a.* ઉંચું, મગરૂર, પ્રૌઢ.

Log, *n.* લાકડાનો કડકો, નૌકાગતી માપક યંત્ર,
Logarithm. *n.* લાગર્તમ.
Loggerhead, *n.* જડબુદ્ધિનો માણસ.
Logic, *n.* તર્કશાસ્ત્ર. —al, *a.* તાર્કિક, ન્યાયશાસ્ત્રનું. —ian, *n.* તર્કશાસ્ત્રી. —line, *n.* વહાણની ગતી માપવાની દોરી.—wood, *n.* પતંગનું લાકડું-ઝાડ.
Loin, Loins, *n.* કમ્મર, મધ્યાંગ. [કાઢવો.
Loiter, *v. t.* રખડવું, રઝળવું. *v. i.* ભટકવામાં વખત
Loll, *v. t.* જીભ બહાર કાઢવી, *v. i.* આળોટવું.
Lone, *a.* એકલું, એકાંત, ઉદાસ —liness, *n.* એકાંત વાસ.—ly, *a.* ખુણામાં આવેલું, એકાંત.
Long, *a.* લાંબુ. *v. i.* ઈચ્છવું. *ad.* ઘણીવાર સુધી. —eared, *a.* લંબ કર્ણ. —headed, *a.* તીવ્રબુદ્ધિનું.—winded, *a.* લંબાવ્યા કરનાર.
Longing, *n.* આતુર, ઇચ્છા.
Longitude, *n.* લંબાઇ, રેખાંશ.
Loo, *n.* પાનાની એક જાતની રમત.
Loof, *n.* વહાણના પડાણનો પાછલો ભાગ.
Look, *n.* ચહેરો, આકૃતી. *v. i.* જોવું. *inter.* જો ! —for, *v. t.* શોધી કાઢવું.—ing-glass, *n.* આરસી, દર્પણ.—out, *n.* શોધ, તપાસ, જગ્યા.
Loom, *n.* સાળ. *v. t.* દુરથી સાફ ન દેખાવું.

Loop, *n.* ફાંસો.—hole, *n.* બારી, છીંડું.

Loose, *a.* છુટો, લુચ્ચુ. *v. t.* મોકળું કરવું, છોડવું.
—ness, *n.* પોચાપણું. [વું, છુટું થવું.

Loosen, *v. t.* પોચું કરવું, છુટું કરવું. *v. i.* પોચું થ-

Lop, *v. t.* કાપવું, ઝાડની કલમ કરવી. —ping, *n.* કાપવું તે, ભુકો.

Loquacious, *a.* બોલકણો, વાચાળ, લવરી કરનાર.

Lord, *n.* ધણી, ઉમરાવ, પરમેશ્વર. *v. t.* ધણીપણું ચલાવવું.—liness, *n.* અભિમાન. મગરૂબી.—ing, *n.* નહાનો અમીર.—ly, *a.* અમીરનું.—like, *a.* અમીરી, મગરૂર. —ship, *n.* અમીરપણું, સાહેબી.

Lore, *n.* વિદ્યા, હુન્નર, શિખામણ, બોધ.

Loricate, *v. t.* -ઉપર ઢોળ ચઢાવવો. પતરે મઢવું.

Lorn, *a* નિરાધાર, એકલવાયું. [ખોનાર, હારનાર.

Lose, *v. t.* ખોવું, હારવું. *v. i.* ખોટ આપવી. --r, *n.*

Loss, *n.* ખોટ, નાશ, નુકશાન.

Lot, *n.* નશીબ, જથ્થો, ચીઠી. *v. t.* આપવું.

Lotion, *n.* ધોતાં મુકવાં તે.

Lotus, *n.* કમળનો રોગો, કમળનું ફુલ.

Lottery, *n.* સોરઠી,

Loud, *a.* મોટું, બારે. *ad.* મોટેથી.—ly, *ad.* મોટે શબ્દે બુમ પાડીને.---ness, *n.* બુમ, શોર.

Lounge, *v. i.* કામ વગર ફરવું.—r, *n.* નકામો બેસનાર.
Louse, *n.* જુ, ચાગતુ.
Lousy, *a.* જુવાળું, જુઆળ, અધમ.
Love, *n.* હેત, પ્રેમ, ચાહના. *v. t.* વહાલ રાખવો, ગમે લાગવી.—able. *a.* પ્રીતિપાત્ર.—knot, *n.* છુટવી અઘરી પડે એવી પ્રીતિ.—ly, અતી સુંદર, મનોહર. —r, *n.* પ્રાણપ્રીય, આશક્ત.—sick, *a.* કામરોગી. —trick, *n.* હાવભાવ, પ્રેમક્રીડા.
Low, *a.* નીચું, હલકું *v. t.* બળદની માફક આરડવું. —bred, *a.* અધમ.—born, *a.* કમજાત.—land, *n.* નીચાણ જમીન.—ly, *a.* ગરીબ, હલકો. *ad.* નમ્રતાથી.—er, *a.* વધારે નીચું. *v.t.* ઉતારવું, ઓછું કરવું. *v. i.* ઓછું થવું.
Loyal, *a.* વફાદાર, નીમકહલાલ.—ly, *ad.* વફાદારીથી.—ty, *n.* વફાદારી, રાજ્યભક્તિ. [ની ચકતી.
Lozenge, *n.* વક્રચતુષ્કોણ, ઓસડ ધાટી કરેલી ખાંડ-
Lubber, *n.* રહોંચો, અરબંગ.—ly, *a.* જંગલી, અનાડી.
Lubricate, *v. t.* સુંવાળું કરવું. *v. i.* લીસું થવું.
Lucent, *a.* ચળકતું. [—ness, *n.* સ્વચ્છતા.
Lucid, *a.* ચળકતું, નિર્મળ, સહેલથી સમજાય એવું.
Lucifer, *n.* શુક્રનો તારો.
Luck, *n.* નશીબ, ભાગ્ય.—ly, *a.* નશીબદાર.

Lucrative, *a.* પૈસો મળે એવું, લાભકારક.
Lucre, *n.* નફો, ફાયદો, લાભ.
Ludicrous, *a.* હસવા જેવું. [સામાન, સરંજામ.
Lug, *n.* મોટો ભાર. *v.t.* જોરથી ખેંચવું.—gage, *n.*
Luke-warm, *a.* હુફાયેલું, નરમ, ઢીલું. [શાંત થવું.
Lull, *n.* પવનનું બંધ રહેવું. *v.t.* સુવાડવું. *v.i.* સુવું;
Lullaby, *n.* હાલરડું.
Lumbago, *n.* કમ્મરનું દરદ.
Luminary, *n.* આકાશમાંનો તેજસ્વી પદાર્થ.
Luminous, *a.* ચળકતું, તેજસ્વી.
Lump, *n.* ગોળો, લોંદો, એકદમ.—ish, *a.* મંદ બુદ્ધિનું.
Lunacy, *n.* ગાંડપણ.
Lunar, *a.* ચંદ્રનું, ચાંદ.—day, *n.* તિથિ.—dynasty, *n.* સોમ-ચંદ્રવંશ. —eclipse, *n.* ચંદ્રગ્રહણ. —mension, *n.* તારામંડળ.
Lunatic, *a.* ગાંડું. *n.* ઘેલું માણસ.
Lunation, *n.* ચંદ્રનું ફરવું તે.
Lunch, Luncheon, *n.* નાસ્તા તથા બપોરના ખાણાની વચ્ચે લીધેલો ખોરાક, ફળાહાર, ચવેણું.
Lungs, *n.* ફેફસાં. [એક બાજુએ ગગડવું.
Lurch, *n.* વહાણની ઝોક, વહાણનું ડોલવું તે. *v. t.*
Lure, *n.* લાલચ. *v. t.* લલચાવવું.

Lurk, *v. i.* છુપાઈ રહેવું, નાહાસતા ફરવું.—ing-place, *n.* સંતાવવાની જગ્યા.
Luscious, *a.* વધારે ગળ્યું, અતિમિષ્ટ.
Lusory, *a.* આનંદી, ગમતી.
Lust, *n.* મૈથુનની ઇચ્છા; વિષય વાસના. *v. i.* કામી થવું.—ful, *a.* કામી, લંપટ.
Lustre, *n.* પ્રકાશ, શોભા.
Lustrous, *a.* તેજસ્વી, કાન્તીમાન.
Lusty, *a.* મજબુત બાંધાનું, બળવાન.
Lute, *n.* સારંગી, ગોચી માટી.
Luxuriance, *n.* બગીછ, વૃદ્ધિ.
Luxuriate, *v. i.* ખીલી રહેવું, ઘણા શોખથી ખાવું.
Luxurious, *a.* શોખી, મોજી, એશઆરામમાં ગરક.
Luxury, *n.* મોજશોખ, ગિણાન. [લોકનું મંડળ.
Lyceum, *n.* પંડિત લોકને બેસવાની જગ્યા, પંડિત
Lydiar, *a.* નામરદ, હિજડો, બાયલો.
Lye, *n.* ખારવાળું પાણી.
Lying, *n.* જુઠું બોલવાની ટેવ. *a.* જુઠું.
Lymph, *n.* પ્રાણીઓના શરીરમાંનું પાણી.
Lynx, *n.* વનમંઝાર, રાનગાંની બિલાડી.
Lyre, *n.* તંબુરો, સારંગી, વીણા. [કાવ્ય.
Lyric, *a.* વિણા સંબંધી. *n.* કવિના મનોવિકારદર્શક

Lyrist, *n.* વીણા વગાડનાર,

M.

M. ઈંગ્રેજી મૂળાક્ષરનો તેરમો અક્ષર.
Mab, *n.* અપ્સરા, પરીજાદી.
Macadamise, *v. t.* રસ્તાપર પથરાના નહાના કડકા પાથરીને તેને પાકો કરવો. [દાર, છડીદાર.
Mace, *n.* છડી, સોટો, જાવંત્રી.—bearer, *n.* ચોપ-
Macerate, *v. t.* પાતળું કરવું–નબળું કરવું, પલાળવું.
Machination, *n.* દુર્યોજના, યુક્તિ, રાજદ્રોહ.
Machine, *n.* સંચો, યંત્ર.—ry, *n.* સાંચાકામ.
Macula, *n.* ડાઘ, કલંક.
Mad, *a.* ઘેલો, ગાંડો.—cap, *a.* ગાંડું, ઉદ્ધત માણસ.—house, *n.* ગાંડા લોકને રાખવાનું ઘર.
Madam, *n.* બાઇ સાહેબ, શેઠાણી.
Madden, *v.t.* ઘેલા કરવું. *v. i.* ગાંડું અથવા ઘેલું થવું.
Madder, *n.* મજીઠ.
Magazine, *n.* ભંડાર, વખાર, કોઠાર, ચોપાનીયું.
Maggot, *n.* કીડો, પેળ, ફાંટો, તુરંગ.
Magic, *n.* જાદુ, ધંતૂરમંતર.
Magician, *n.* જાદુગર–ખોર. [નથી.
Magisterial, *a.* ધણીનું, શેઠનું.—ly, *ad.* અભિમા-

Magistrate, *n.* ફોજદારી અમલદાર.

Magnanimous, *a.* મોટા મનનો, ઉદાર. [-ગુણ.

Magnet, *n.* લોહચુંબક.—ism, *n.* લોહચુંબકનો ધર્મ

Magnificence, *n.* શોભા, ભપકો.

Magnificient, *a.* શોભિતું, ભપકાદાર.

Magnifier, *n.* દુર્બીન.

Magnify, *v. t.* મોહોટું કરવું-મોહોટું કરી દેખાડવું.

Magnitude, *n.* પરિમાણ, લંબાઈ, પોહોળાઈ, અને જાડાઈ, ગરૂત્વ.

Maid, Maiden, *n.* કન્યા, કુમારીકા, દાસી.

Mail, *n.* ટપાલ, બખતર.

Maim, *n.* ખોડ, ખાંપણ. *v. t.* ખોડું-લુલું લંગડું કરવું.—ed, *a.* લુલું લંગડું, ખોડું.

Main, *n.* દરિયો, વિશાળ,મહાસાગર.—land,*n.* ગુંજીખંડ ભુખંડ.—ly, *ad.* મુખ્યત્વે કરીને, ઘણું કરીને.

Maintain, *v. t.* રાખવું, બચાવવું, ગુજરાન ચલાવવું.

Maintenance, *n.* ગુજરાન, ઉપજીવિકા.

Maize, *n.* મક્કાઈ.

Majestic, *n.* પ્રતાપી, રાજયોગ્ય.

Majesty, *n.* રાજેશ્રી,હઝરત્નો

Major, *a.* મોટું, કેપટનની ઉપરનો અમલદાર. (લશ્કરી ખાતામાં).—ity, *n.* ઘણો-મોટો ભાગ.

Make, *n* ઘાટ. *v. t.* બનાવવું.—of, સમજવું, ગણવું.—over, સોંપવું.—out, અરથ કરવો, ઉકેલવું, સાબિત કરવું.—up, એકઠું કરવું, પતવવું, સુધારવું, પુરૂ કરવું, બનવું, તઈયાર કરવું, નિશ્ચય કરવું.*v.i.* તરફ જવું, ઉપયોગમાં આવવું.—bate, *n.* કજીઓ કરાવનાર.—believe, *n.* માત્ર બહાનું. *a.* કૃત્રિમ, ઢોંગ ભરેલું.—peace, *n.* સલાહ કરાવનાર.—r, *n.* બનાવનાર.—weight,*n* કાંટો-ત્રાજવાનો ઘરો.

Maladministration, *n.* અંધેર, ગેરબંદોબસ્ત.

Malady, *n.* રોગ, વિકાર.

Malaria, *n.* રોગ ઉત્પન્ન કરે એવી વરાળ.

Malcontent, *a.* રાજ્ય-અમલથી નાખુશ-નારાજી થયેલો.

Male, *n.* પુરૂષ. *a.* પુરૂષ જાતિનું.

Malediction, *n.* શાપ, બદદુઆ.

Malefactor, *n.* ગુન્હેગાર, અપરાધી.

Malevolence, *n.* દ્વેષભાવ, દુષ્ટબુદ્ધિ, ખરાબ નજર.

Malformation,*n.* શરીરનો નકામો ભાગ-બગડેલું અંગ.

Malice, *n.* દ્વેષબુદ્ધિ, અદાવત.

Malicious, *a.* દ્વેષી, કીનાખોર.

Malign, *v. t.* નિંદાકરવી. *a.* ખારીલું, દ્વેષી.

Malignant, *a.* ખારીલું, અદેખું.

Malignity, *n.* દ્વેષભાવ, કપટ, ખાર, વેર.

Malleable, *a.* ઘડાય-ટીપાય એવું.
Mallet, *n.* લાકડાનો હથોડો, મોગરી.
Malpractice, *n.* ખરાબ ચાલ, નઠારી રીત.
Malt, *n.* પલાળેલા જવ. [*n.* પીડા, દુઃખ.
Maltreat, *v. t.* દુઃખ દેવું, અપમાન કરવું.—ment,
Malversation, *n.* ખરાબ ચાલ, દુષ્ટ વર્તણુક.
Mamma, *n.* મા, માતા.
Mammalia, *n.* સ્તનવાળાં પ્રાણી.
Mammon, *n.* ધન, દોલત. કુબેર, લક્ષ્મી, દ્રવ્ય.
Man, *n.* માણસ, મનુષ્યજાતિ.—ful, *a.* હિંમતવાન, બાહાદુર.—hood, *n.* માણસાઈ, શૌર્ય.—kind, *n.* મનુષ્ય જાત.—ly, *ad.* બહાદુરીથી.
Manacle, *n.* હાથની બેડી. *v. t.* હાથે બેડી ઘાલવી.
Manage, વહીવટ-કારભાર કરવો. *v. i.* ઉપરીપણું ચલાવવું. —ment, *n.* વહીવટ, ઉપરીપણું, બંદોબસ્ત.—r, *n.* કારભારી. વહીવટદાર, સુત્રધાર, મુનીમ.
Mandamus, *n.* હુકમનામું.
Mandate, *n.* ફરમાન, આજ્ઞા, હુકમ.
Mandible, *n.* જડબું.
Mandarin, *n.* ચીનનો કામદાર.
Mandate, *n.* આજ્ઞા, હુકમ, ફરમાન.
Mane, *n.* ઘોડાની અથવા સિંહની યાળ.

Mange, n. ઘોડા કુતરા અને બીજા પ્રાણીઓને ખુ-
ફોલ્લા વગેરે થાય છે તે. [માણ.
જલી
Mange r, n. ઘોડા-ઢોરને ચારો ચરવાની જગ્યા, ગ-
Mangle, n. વાંકુચુકું કાપવું તે. v.t. કાપવું. [ઝાડ.
Mango, n. કેરી, આમ્રફળ.—tree n. આંબો, કેરીનું
Mania, n. ઘેલાઇ, ઘેલછા.
Maniac, n. ગાંડું-દીવાનું માણસ.
Manifest, n. માલની નોધ, ભરતીઉં. v. t. ઉઘાડું ક-
રવું. દેખાડવું. a. ઉઘાડું, દેખીતું.—ation, n. સ્પ-
ષ્ટ-ઉઘાડું-ખુલ્લું કરવું તે.—ly, ad. ખુલ્લી રીતે.

Manifesto, n. જાહેરનામું, ઢંઢેરો.

Manifold, a. પુષ્કળ, અનેક પ્રકારનું.

Manikin, n. વામનજી, ઠીંગણું માણસ.

Mankind, n. મનુષ્ય જાત.

Manner, n. પ્રકાર, રીત, ઢબ, ચાલ.—ly, a. આદ-
રશીલ, સભ્યતાવાળું.—ly, a. સારી ચાલનું, ભલું.—s,
n. pl. માણસાઇ, આચરણ.

Manœuvre, n. યુક્તિ, હિમ્મત, દાવ, પેચ. [વતન.

Manor, n. અમીર-સરદાર દેશાઇની જમીન, જાગીર,

Mansion, n. હવેલી, મેહેલ, મંદીર.

Manslaughter, n. મનુષ્ય વધ, માણસની કતલ.

Manslayer, n. માણસનું ખુન કરનાર.

Mantle, *n.* જબ્બો *v. t.* સંતાડવું. *v.i.* ફેલાવવું.

Mantua, *n.* ઘાઘરો. ચણિયો.

Mantua-maker, *n.* સ્ત્રીઓનાં લૂગડાં શીવનાર.

Manual, *a.* હાથનું, હસ્તકાર્ય. *n.* નાનું પુસ્તક.

Manufactory, *n.* કારખાનું, શિલ્પશાળા.

Manufacture, *n.* કસબથી-હુનરથી બનાવેલી વસ્તુ. *v. t.* હુનરથી બનાવવું-તૈયાર કરવું.—r, *n.* કારખાનાનો ધણી, કારીગર.

Manumission, *n.* છુટકારો, ગુલામગીરીમાંથી છોડવું તે.

Manure, *n.* ખાતર. *v. t.* ખાતર નાંખવું.

Manuscript, *n.* હાથનું લખેલું પુસ્તક, લેખ.

Many, *a.* ઘણા, બહુ, પુરકળ.

Map, *n.* નકશો. *v.t.* નકશો કાઢવો-ચિતારવો.—pery, *n.* નકશો ચીતરવાની કળા.

Mar, *v. t.* નુકશાન કરવું, બગાડવું.

Marasmus, *n.* ખઈ-ક્ષય રોગ. [—er, *n.* લુટારો.

Maraud, *v. i.* લુટને સારૂ ફરવું, લુટવું, લુટફાટ કરવી.

Marble, *n.* આરસપહાણનો પથ્થર, લખોટી, લખોટો. *a.* આરસપહાણનું. —hearted, *a.* ઘાતકી, કઠણ છાતીનું.

March, *n.* ઇંગ્રેજી વર્ષનો ત્રીજો મહિનો, કવાયતિ ચાલ. *v.t.* કુચ કરાવવી. *v.i.* કાયદા પ્રમાણે ચાલવું, કુચ ક-

સ્ત્રી.—es, n. સીમાડો, સીમ, હદ.

Mare, n. ઘોડી.

Margin, n. કોર, ચોપડીના પાનાનો કોરો ભાગ,હાંસીયો.

Marigold, n. ગલગોટો.

Marine, n. વહાણ ઉપરનો સીપાઇ. a. દરિયાઇ.

Mariner, n. ખલાશી, ખારવો.

Maritime, a. સમુદ્ર સંબંધી, વહાણ ખાતાનું.

Mark, n. નિશાની, લક્ષણ. v. t. નિશાની કરવી.v. i. ધ્યાનમાં રાખવું.—ed, a. નિશાની કરેલું, પ્રખ્યાત.

Market, n. બજાર, વેચાણ. —place, n. બજાર. —price, n. બજારભાવ.

Marksman, n. નિશાન મારનાર.

Marmalade, n. મુરબ્બો.

Marquis, n. ઇંગ્લાંડ, ફ્રાન્સ, અને જર્મનીમાંના બીજી પંક્તિના અમીરનો ખિતાબ.

Marriage, n. વીવાહ, લગ્ન.

Marrow, n. હાડકાંનો તેલવાળો નરમ ગાભો–ગર, મજ્જા, સાર.—fat, n. એક જાતનો સ્વાદવાળો મોટો વટાણો.—y, ગર–માવા ભરેલું.

Marry, v. t. પરણાવવું, વિવાહ કરાવવો. v. i. પરણવું, લગ્ન કરવું.

Mars, n. રણદેવતા, મંગળ(જ્યોતિષમાં).

Marsh, n. નીચી ભીની જમીન, કાદવકીચડની જગા.

—y, *a.* બીનાશવાળું, બીનું. [ઝોકવવું.

Marshal, *n.* સેનાપતિ, લશ્કરનો વડો અધિપતી. *v. t.*

Mart, *n.* જ્યાં બજાર-હાટ ભરાય છે તે જગા, બજાર.

—en, *n.* એક જાતનો નોળીઓ.

Martial, *a.* લડાઈ સંબંધી.

Martin, *n.* એક જાતની ચકલી.

Martinet, *n.* સખ્ત બંદોબસ્ત રાખનાર.

Martingal, *n.* ફોરડો, જેરબંદ.

Martyr, *n.* સત્યને સારૂ પ્રાણ દેનાર, ખ્રિસ્તી ધર્મના ખરાપણાની સાક્ષીને સારૂ પ્રાણ આપનાર. —dom, *n.* પોતાના મતને સારૂ પ્રાણ આપવો તે.

Marvel, *n.* કૌતક ચમત્કાર. *v. i.* અચરત પામવું.

—lous, *a.* નવાઇ જેવું. [જાતિ.

Masculine, *a.* પુરૂષના જેવું.—gender, પુલ્લિંગ, નર

Mask, *n.* બનાવેલું મહોડું. *v. t.* વેશ ધારણ કરવો.

Mason, *n.* કડીઓ, સલાટ.—ry, *n.* સલાટનો ધંધો -કામ, ચણતર. [રાતે કરેલો ખેલ.

Masquerade, *n.* બનાવેલું મહોડું-મુખવટો પહેરીને

Mass, *n.* લાંદો. ઢગલો, સમૂહ,એક જાતની ધર્મ ક્રીયા.

Massacre, *n.* કતલ, કાપાકાપી.

Massive, *a.* ભારે, જડ, જબ્બર.

Mast, *n.* વહાણનો ડોલ.

Master, *n.* ધણી, શેઠ, માલિક, મહેતાજી, કારભારી. —piece, *n.* કારીગરીનું કામ, અતી ઉત્તમ કર્મ.—y, *n.* માલિકપણું, ધણીપણું. ઉપરીપણું, ફતેહ, નિપુણતા.
Masticate, *v. t.* ચાવવું, વાગોળવું.
Mastiff, *n.* એક મોટી જાતનો જબરો અને બહાદુર [કુતરો.
Mat, *n.* સાદડી, ચટાઈ.
Match, *n.* બરોબરીઓ, લગ્ન દીવાસળી. *v. t.* બરોબરી કરવી, સામે થવું. *v. i.* લાયક થવું, પરણવું.
Mate, *n.* સાથી, વર અથવા વહુ.
Material, *n.* જણસ, ચીજ, સાહિત્ય.
Maternal, *a.* માનું, માતૃતુલ્ય.
Mathematician, *n.* ગણિતશાસ્ત્રમાં કુશળ.
Mathematics, *n.* ગણિત.
Matin, *a.* સવારનું.—s, *n.* પ્રભાતિયું.
Matricide, *n.* માની હત્યા કરનાર.
Matriculate, *v. t.* પાઠશાળાની મંડળીમાં લેવું.
Matrimony, *n*, વીવાહ, લગ્ન, સાદી.
Matrix, *n.* ગરભાશય, કમળ.
Matron, *n.* ઉતરતી વયની સ્ત્રી.
Matross, *n.* ગોલંદાજ.
Matter, *n.* ચીજ, વિષય, પરૂ, લોહી. *v. i.* થવું.
Mattress, *n.* ગાદી, રજાઈ, ગોદડી.

Mature, *a.* પાકું. *v.i.* પાકુ થવું.—ly, *ad.* પુખ્તપણાથી.
Maturity, *n.* પુખ્તપણું, પરિપક્વપણું.
Maul, *n.* મોગરી. *v. t.* ડાંગ મારવી.
Maund, *n.* મણ.
Mausoleum, *n.* મોટી શોભીતી કબર. [વે એવું.
Maw, *n.* પશુનો કોઠો.—kish, *a.* ચીડ–કંટાળો આ-
Maxim, *n.* નીતિવચન, કહેવત, ધારો, કાયદો.
Maximum, *n.* સૌથી મોટી સંખ્યા.
May, *n.* મે, અંગ્રેજી વરસનો પાંચમો મહીનો.
Mayor, *n.* કોટવાળ. —ship, *n.* કોટવાળનો હોદ્દો.
—ess, *n.* કોટવાળની ઓરત.
Maze, *n.* ગલીકુંચીવાળી જગો, ઘુંચવણ.
Me, *pron.* મને.
Mead, *n.* મધ અને પાણીવાળો દારૂ, બીડ, મેદાન.
Meadow, *n.* બીડ, ઘાસવાળી જમીન.
Meagre, *a.* પાતળું, રસ રહિત, થોડું, જુજ.
Meal, *n.* ભોજન, લોટ, આટો. —y, *a* લોટના જેવું.
—y-mouthed, *a.* શરમાળ, ગઉમુખું.
Mean, *a.* નીચું, હલકી કીમતનું, તુચ્છ, મધ્યમ પદનું.
—ness, *n.* હલકાપણું, મધ્યમ પદ. [ચાલવું.
Meander, *n.* વાંકીચુંકી ગતી, ગલી કુંચી. *v.i.* વાંકુંચુંકું
Meaning, *n.* અર્થ, ઈરાદો, મતલબ.

Means, *n.* સાધન, ઈલાજ, માયા, પુંજી.
Meantime, Meanwhile, *ad.* એટલામાં.
Measles, *n.* ગોવરું, ઓરી, અછબડા.
Measure, *n.* પરિમાણ, હદ. *v. t.* માપવું. *v. i.* -નું માપ હોવું. —d, *a.* એકસરખું, સરખું, માપેલું. —less, *a.* બેસુમાર. —ment, *n.* માપણી. —r, *n.* માપણી કરનાર.
Meat, *n.* ખોરાક, મૈંસ, માંસ.
Mechanic, *n.* કારીગર, શિલ્પકાર.
Mechanics, *n.* યંત્રવિદ્યા.
Mechanism, *n*, યંત્રની રચના.
Medal, *n.* ચાંદ, કીર્ત્તિમુદ્રા.—list, *n.* જેને ચાંદ મ-[ળ્યો છે તે.
Meddle, *v.i.* કામ વગર વચ્ચે પડવું, માથું મારવું, અડકવું.—r, *n.* કામ વગર વચ્ચે માથું ઘાલનાર.—some, *a.* વગર કામે વચ્ચે પડનારૂં.
Medial, *a.* વચમાંનું.
Mediate, *a.* મધ્યમ, સાધારણ.—ly, *ad.* સાધને કરીને, મારફતે. *v. i.* મધ્યસ્થ હોવું.
Mediation, *n.* મધ્યસ્થી.
Mediator, *n.* વચ્ચે પડનાર, મધ્યસ્થ.
Medical, *n.* વૈદકનું, વૈદકસંબંધી.
Medicinal, *a.* ઓસડના ગુણવાળું, રોગહારી.

Medicine, *n.* ઔષધ, દવા.
Mediocrity, *n.* મધ્યમદશા, સાધારણ સ્થિતિ.
Meditate, *v. t.* કલ્પના કરવી. *v. i.* ધ્યાન ધરવું.
Meditation, *n.* ધ્યાન, વિચાર, મનન.
Mediterranean, *a.* ભુમધ્ય.—sea, *n.* ભુમધ્યસમુદ્ર.
Medium, *n.* મધ્યમ પરિમાણ, સાધન, મારફત.
Medley, *n.* પંચકુટીયું, શેળભેળ.
Meed, *n.* ઈનામ, બદલો.
Meek, *a.* ગરીબ, સાલસ.—ness, *n.* ભલમનસાઈ.
Meet, *a.* લાયક, ઉચિત. *v. i.* એકઠું થવું. *v. t.* મળવું.—ing, *n.* મંડળી, મુલાકાત, સભા.—ly, *ad.* ઘટીત રીતે.—ness, *n.* લાયકી, યોગ્યતા.
Megrim, *n.* આદાશીશી, આદાશી.
Melancholy, *n.* ખિન્નતા, દિલગીરી. *a.* ઉદાસ.
Meliorate, *v. t.* સુધારવું. *v. i.* સુધરવું.
Mellifluous, *n.* મિઠું, મધુર.
Mellow, *a.* બરોબર પાકેલું, ગળ્યું, આંખને ગમે એવું. *v. t.* પાકું કરવું. *v. i.* પાકવું.
Melodious, *a.* મધુર, સુસ્વર.
Melody, *n.* સ્વરની મીઠાશ, મધુર.
Melon, *n.* ખડબુચું, તડબુચ.

Melt, *v. t.* ગાળવું. *v. i.* દયા આવવી. [સભાસદ.
Member, *n.* શરીરનો ભાગ, મંડળીનું એક માણસ,
Membrane, *n.* શરીરના કેટલાક ભાગની અંદરની પાતળી ચામડી.
Memento, *n.* યાદગીરી. સંભારણું.
Memoir, *n.* જન્મચરિત્ર, વૃત્તાંત.
Memorable, *a.* સ્મરણ રાખવા જોગ.
Memorandum, *n.* સ્મરણ પુસ્તક.
Memorial, *n.* સ્મરણ, અરજી. *a.* યાદગીરીને માટે કીધેલું.—ist, *n.* અરજદાર.—ize, *v. t.* અરજી કરવી–આપવી.
Memory, *n.* સ્મરણ શક્તિ.
Men, *n. pl.* of man. (See man).
Menace, *n.* દેહેશત, ધમકી. *v. t.* ધમકી આપવી.
Menacing, *a.* ભય ભરેલું.
Menagerie, *n.* પશુ સંગ્રહ, શિકારખાનું.
Mend, *v. t.* સમારવું, સુધારવું. *v. i.* સુધરવું.
Mendacity, *n.* જુઠ્ઠાઈ, લબાડીપણું.
Mandicant, *n.* ભિખારી, ફકીર, જોગી.
Mendicity, *n.* }
Mendicancy, *n.* } ભિક્ષાવૃત્તિ.
Menial, *n.* ચાકર.

Menses, *n.* સ્ત્રીને મહિને મહિને અળગું બેસવું પડેછે તે, [ઋતુપ્રાપ્તિ.
Menstrual, *a.* પ્રતિમાસનું, માસિક.
Menstruate, *v. i.* અળગું બેસવું, ઓપટી આવવી.
Menstrum, *n.* પાણી કરી નાંખે એવો રસ, અડકાવ.
Menstruous, *a.* રજસ્વાળા, અડકાવવાળી.
Mensurable, *n.* મપાય એવું.
Mensuration, *n.* માપણી. માપકરણ.
Mental, *a.* મનનુ, માનસિક.—ly, *ad.* મનમાંથી.
Mention, *v.t.* કહેવું. *n.* ટુકામાં બોલવું તે.—able, *a.* કહેવાય એવું.
Mephitic-al, *a.* રોગ કરતા, ઝેરી.
Mercantile, *a.* વેપારસંબંધી, વેપારનું.
Mercenary, *a.* પૈસા લઈ કામ કરનાર, લોભી. *n.* પગાર લેઇ પરરાજ્યની નોકરી કરનાર સિપાઈ.
Mercer, *n.* રેશમી અને ઉનના કાપડના વેપારી.
Merchandise, *n.* વેપાર ધંધાની ચીજ, વેપાર.
Merchant, *n.* વેપારી, શાહુકાર. —able, *a.* વેચવા લાયક.—man, *n.* વેપારનું વહાણ.
Merciful, *a.* દયાળુ, કૃપાળુ.
Merciless, *a.* ઘાતકી, દયારહિત.
Mercury, *n.* પારો, બુધનો તારો.
Mercy, *n.* ક્ષમા, દયા.

Mere, *a.* છેક, કેવળ, માત્ર.—'y.*ad.* માત્ર.
Meretricious, *a.* છીનાળ–કસબણ–રાંડનું.
Merge, *v. t.* ડબોવવું. *v. i.* ગળી જવું.
Meridian, *n.* મધ્યાન્હ, બપોર, હાલત.
Merit, *n.* યોગ્યતા, પુણ્ય.—ed, *a.* યોગ્ય.—orious, *a.* ગુણી, ગુણવાન, લાયક થયેલું.
Merlin, *n.* એક જાતનું બાજ પક્ષી.
Mermaid, *n.* મચ્છકન્યા, જલસ્ત્રી.
Merrily, *ad.* આનંદથી, રમુજી.
Merriment, *n.* ખુશાલી, હરખ, આણંદ.
Merry, *a.* આનંદી, રમુજી.
Merry-andrew, *n.* વિદુષક, મશ્કરો, રંગલો.
Meseems, *v. impers.* મને લાગે છે.
Mesh, *n.* જાળનું કાણું.
Mess, *n.* એક જણને માટે પીરસેલું અન્ન, ભેળસેળ કીધેલું તે.
Message, *n.* સંદેશો, સમાચાર.
Messenger, *n.* સંદેશો લઈ જનાર, જાસુસ.
Messiah, *n* અભિષિક્ત, ખ્રિસ્ત. —ship, *n.* અભિષ્ય વેત્તાની પદ્વી.
Met, *v. t. p.p.* of Meet (See Meet).
Metal, *n.* ધાતુ, રસ્તા ઉપર પુરવાના પથરના ઝીણા કકડા.—lic, *a.* ધાતુ સંબંધી. —liferous, *a.* ધાતુ

ઉત્પન્ન કરનારૂં. —line, *a.* ધાતુવાળું.—list, *n.* ધાતુપરિક્ષક.

Metamorphose, *v. t.*–નું રૂપાંતર કરવું.

Metamorphosis, *n.* રૂપાંતર, રૂપભેદ.

Metaphor, *n.* એક વસ્તુનું બીજી વસ્તુને નામે વર્ણન કરવું તે.—ical, *a.* રૂપક, લાક્ષણિક.

Metaphrase, *n.* યથા શબ્દ ભાષાંતર.

Metaphysics, *n.* માનસશાસ્ત્ર, આત્મતત્ત્વ વિચાર.

Mete, *v. t.* માપવું.

Meteor, *n.* ખરતો તારો. —ic, *a.* ખરતા તારા સંબંધી. —olite, *a.* ખરતા તારામાંથી પડતો પથ્થર. —ological, *a.* વાયુ ચક્ર સંબંધી. —ology, *n.* આકાશમાં પેદા થતી વસ્તુઓની વિદ્યા.

Meter, *n.* પાણી માપવાનું યંત્ર.

Methinks, *v. impers.* મને લાગે છે કે.

Method, *n.* રીત, નિયમ, બંદોબસ્ત, વર્ગીકરણ.—ise, *v. t.* નિયમસર ગોઠવવું. —ist, *n.* નિયમ પ્રમાણે ચાલનાર, જૉનવેસલીએ શીખવેલું મત માનનાર.

Metonymy, *n.* એક શબ્દને બદલે બીજો શબ્દ મુકવાથી થએલો અલંકાર.

Metre, *n.* છંદ, છંદરચના.

Metrical, *a.* છંદને લગતું.

Metropolis, *n.* રાજધાની, મુખ્ય શેહેર. [જલદ.
Mettle, *n.* ધમક, પાણી, હિમ્મત.—d. *a.* પાણીદાર.
Mew, *n.* જળકુકડી, પાંજરૂં, *v. i.* મ્યાઉં મ્યાઉં કરવું.
Mewl, *v.t.* દુઃખથી નાના છોકરાની માફક ઉંઆં ઉંઆં કરવું.
Miasma, *n.* ઝેરી હુવા.
Mice, *n. pl.* of Mouse. (See Mouse).
Microscope, *n.* સુક્ષ્મદર્શક યંત્ર.
Mid, *a.* વચલું.—day, *n.* બપોર, મધ્યાન.—land, *n.* સમુદ્ર કિનારાથી દૂરનું. —night, *n.* મધ્યરાત. —riff. *n.* પેટનો વચલો પડદો —shipman, *n.* વહાણપરનો એક અમલદાર.—way, *n.* અડધો રસ્તો. *a.* મધ્યનું. *ad.* અધવચ.
Middle, *n.* મધ્ય ભાગ. *a.* વચલું, મધ્યનું. —aged, *a.* મધ્ય ઉમ્મરનું.—most, *a.* વચ્ચો વચનું.
Middling, *a.* સાધારણ, વચલા વાંધાનું.
Midst, *n.* મધ્ય ભાગ. *ad.* મધ્યે.
Mid-summer, *n.* દક્ષણાયન, ભર ઉન્હાળો.
Mid-wife, *n.* સોયાણી, દાઇયાણી.
Mid-wifery, *n.* દાઈનું કામ, ગર્ભમોચન વિદ્યા.
Mid-winter, *n.* ઉત્તરાયણ, ભર શિયાળો.
Mien. *n.* ચેહેરો, શિકલ.
Might, *n.* શક્તિ, જોર.—y, *a.* પરાક્રમી.

Migrate, *v.t.* દેશાંતર જવું.
Migration, *n.* દેશાંતર,વિદેશગમન, જગા બદલવી તે.
Migratory, *a.* દેશાંતર જઈ રહેનાર.
Milch, *a.* દુઝણી, દુઝતી.
Mild, *a.* નમ્ર, દયાળુ.—ness. *n.* શાંતપણું.
Mildew, *n.* ફુગ. *v.t.* ફુગ ચઢવી.
Mile, *n.* ૫૨૮૦ ફીટનું લંબાઈનું માપ, અર્ધ કોસ.
—stone, *n.* મૈલ બતાવનાર પથ્થર.
Militant, *a.* લઢનારૂં.
Military, *a.* સિપાઈનું, લશ્કરી, *n.* લશ્કર.
Militia, *n.* કામ પડે તો લઢવું, નહીં તો પોતાનો ધંધો કરવો એવી શરતે રાખેલું લશ્કર.
Milk, *n.* દુધ. *v. t.* દોહોવું.—maid, *n.* દુધ દોહોનારી-વેચનારી.—man, *n.* દુધ વેચનારો.—pail, *n.* દુધનું વાસણ. —sop, *n.* દુધમાં પલાળી મુકેલી રોટલી, બાયલો માણસ.—tooth, *n.* દુધીઓ દાંત. —white, *a.* દુધ જેવું ધોળું. —y, દુધનું કરેલું. —y-way, *n.* આકાશ ગંગા, આકાશમાં જે રાતે લાંબો સફેદ લીટા નદી આકારે પડેલો દેખાય છે તે.
Mill, *n.*ઘંટી,સંચો.—cog, *n.*દાંતો.—er,*n.*દળનાર.
Millet, *n.* બાજરી. [*n.* સ્ત્રીઓનાં માથાનો પોષાક.
Milliner, *n.* સ્ત્રીના માથાનો પોશાક બનાવનાર.—y,

Million, *n.* દશ લાખ, ૧૦,૦૦૦,૦૦ --aire, *n.* લક્ષાધિપતિ.
Millstone, *n.* ઘંટીનું પડ.
Milter, *n.* નર માછલું.
Mimic, *v. t.* નકલ કરવી.--ry, *n.* નકલ, ચાળા.
Minaret, *n.* ઉંચો મિનારો, શિખર, મનારો.
Mince, *v. t.* ઝીણા કડકા કરવા. *v. i.* ઠમકતા ચાલવું, અડધું પડધું બોલવું. *n.* છુંદો, ખીમો.
Mind, *n.* મન, જ્ઞાનશક્તિ. *v.t.* ધ્યાન આપવું, ધ્યાન રાખવું.--ed, *a.* ધારણા રાખતું.--ful, *a.* સાવધ.
Mine, *n.* ખાણ. *a.* મારૂં. *v.t.* ખોદવું.--r, *n.* ખાણ ખોદનાર.--ral, *n.* ધાતું, ખનીજ. --ralogy, *n.* ધાતુવિદ્યા.
Mingle, *v. t.* મેળવવું, વેહેવાર રાખવો.
Miniature, *n.* નાની તસ્વીર-છબી.
Minikin, *a.* નહાનું, સુક્ષ્મ. *n.* લાડકવાયું.
Minim, *n.* ટીપું, ઠીગણું માણસ.
Minimum, *n.* કનિષ્ઠ સંખ્યા.
Minion, *n.* વહાલું-માનીતું, હૈયાનો હાર, મુછનોબાળ.
Minister, *n.* કામદાર, પ્રધાન, પાદરી.
Ministry, *n.* પ્રધાન મંડળ, ઉપાધ્યાયપણું.
Minium, *n.* સિંદૂર.

Minor, n. કાચી ઉમ્મરનું. a. નાનું.—ity, n. બાલ્યાવ-[સ્થા.
Minster, n. દેવળ, મંદીર.
Minstrel, n. વગાડનાર અને ગાનાર, ગવૈઓ.
Mint, n. ટંકશાળ, ફુદનો. v. t. શિક્કા પાડવા.
Minus, n. બાદબાકીનું ચિન્હ,(–) a. ઓછું.
Minute, n. મિનિટ, નોંધ. v. t. મતની નોંધ કરવી. —book, n. શેરો લખવાની ચોપડી.—hand, n. ઘડીઆળનો મિનિટ કાંટો.
Minute, a. બારીક.
Minutiæ, n. બારીક-સૂક્ષ્મ વાત.
Miracle, n. ચમત્કાર, દેવકર્મ.
Miraculous, a. દેવકર્મથી થાય એવું, અદ્ભુત.
Mirage, n. મૃગજળ, ઝાંઝવાં.
Mire, n. કાદવ, કીચડ.
Mirror, n. આરસી. v.t. દેખાડવું.
Mirth, n. હાસ્યવિનોદ.
Miry, a. કાદવવાળું.
Misanthrope, n. માણસનો ધિક્કાર કરનાર.
Misapply, v. t. જેને જે લાગતું નથી તેને તે લગાડ-[વું.
Misapprehend, v. t. બરાબર નહી–ખોટું સમજવું.
Misbehave, v. i. ખરાબ રીતે ચાલવું, ખોટું કરવું.
Miscarriage, n. નિષ્ફળતા, ગર્ભ પડ્યો તે, કસુવાવડ.

Miscarry, *v. i.* નિષ્ફળ થવું, ગર્ભપાત થવું.
Miscellaneous, *a.* અનેક જાતનું, પરચુરણ.
Miscellany, *n.* અનેક સંગ્રહ ગ્રંથ.
Mischief, *n.* નુકસાન, દુષ્ટપણું, આફત.
Mischievous, *a.* નુકસાનકારક, તોફાની.
Misconception, *n.* ખોટો વિચાર-તર્ક.
Misconduct, *n.* દુરાચાર, ખોટા આચરણ.
Misconstrue, *v.t.* ઉલટો અર્થ કરવો, ખોટું સમજવું.
Miscreant, *n.* નાસ્તિક, લુચ્ચો.
Misdeed, *n.* કુકર્મ, દુષ્ટ કર્મ.
Misdemeanor, *n.* કુચાલ, અનીતિ,
Miser, *n.* કંજુસ. —able, *a.* દુઃખી, પાજી.—y, *n.* દુઃખ, ભારે દુઃખ. સંકટ, કષ્ટ.
Misfortune, *v. t.* દુર્ભાગ્ય, વિપત્તિ.
Misgive, *v. t.* અંદેશો રહેવો.
Misgiving, *n.* શક, અંદેશો.
Misgovernment, *n.* અંધેર કારભાર, રાજની અંધાધુંધી.
Misguide, *v. t.* ભમાવવું.
Mishap, *n.* દુઃખ, સંકટ.
Misinform, *v. t.* ખોટી ખબર આપવી.
Misinterpretation, *n.* ઉલટો અર્થ કરવો તે.
Mislay, *v. t.* ખોટું મુકવું, ગેરવલે પાડવું.

Mislead, *v. t.* ભમાવવું. [હીવટ.

Mismanage, *v.t.* અંધેર ચલાવવું —ment, *n.* અંધેરવ-

Misplace, *v. t.* જોઇએ તે જગ્યાએ ન મુકવું.

Misprint, *v. t.* છાપવામાં ભુલ કરવી.

Mispronouce, *v. t.* અશુદ્ધ ઉચ્ચાર કરવો.

Misrepresent, *v. t.* ખોટી હકીકત કહેવી.

Misrule, *n.* અંધેર રાજ્ય.

Miss, *n.* ખોટ, છોકરી. *v.t.* ભુલવું, નિષ્ફળ થવું, ચુકવું.

Missile, *n.* છુટું મારવાનું હથીઆર. *a.* ફેંકાય એવું.

Mission, *n.* મોકલવું તે, પ્રેરિતત્વ, પ્રેરણા, હેતુ.

Mist, *n.* ધુમર, અંધારી.—y, *a.* ધુમરવાળું.

Mistake, *n.* ખોટો વિચાર, ભ્રાંતિ, ભૂલ. *v. t.* ભૂલવું. *v. i.* ભૂલ કરવી.

Mister, *n.* શેઠ, સાહેબ.

Mistletoe, *n.* ઝાડ ઉપર ઉગતો એક જાતનો વેલો.

Mistranslate, *v.* t. અશુદ્ધ ભાષાંતર કરવું.

Mistress, *n.* શેઠાણી, ઘર ધણીઆણી.

Mistrust, *n.* અવિશ્વાસ. *v. t.* ભરોંસો ઉઠવો.

Misunderstand, *v.t.* ઉંધો અર્થ કરવો, ખોટું સમજવું.

Misuse, *v. t.* નઠારી રીતે વાપરવું.

Mitigate, *v. t.* શાંત પાડવું, ઓછું કરવું.

Mix, *v. t.* મિશ્ર કરવું, એકઠું કરવું. *v.i.* મળી જવું.

Mixture, *n.* મેળવણી, મિશ્રણ.
Mizzle, *v. i.* ઝરમર ઝરમર વરસવું.
Mnemonic, *a.* સ્મરણશક્તિને મદદ આપે એવું.
Moan, *n.* અફસોસ ભરેલો અવાજ.
Moat, *n.* કિલ્લાની આસપાસ ખોદેલી ખાઇ, ચર.
Mob, *n.* દંગાખોરોનું ટોળું. *v. i.* ભીડ થવી.
Mobility, *n.* ચાલવાની શક્તિ. [*n.* ચેષ્ટા, મશ્કરી.
Mock, *n.* ઠઠ્ઠો, ખોટું. *v.t.* or *v.i.* ચાળા પાડવા.—ery,
Mode, *n.* સંસ્કાર, રીત, રૂઢી [નાવવું.
Model, *n.* નમુનો, ઓતવાનો સંચો. *v. t.* ઘડવું, બ-
Moderate, *a.* નિયમિત, મિતાહારી. *v. t.* નરમ પાડ-
વું. *v. i.* શાંત પડવું.
Moderation, *n.* મધ્યમતા, કરકસર, વિવેક, સમાનવૃત્તિ.
Moderator, *n.* પ્રમુખ, શાંત પાડનાર.
Modern, *a.* અર્વાચીન, હાલનું.—ise, *v. t.* અર્વાચીન
રીતને અનુસરતું કરવું.
Modest, *a.* મર્યાદશીલ.—y, *n.* મર્યાદા, નમ્રતા.
Modicum, *n.* અલ્પાંશ, થોડો ભાગ.
Modify, *v. t.* રૂપાંતર કરવું, નરમ પાડવું. [કાર.
Modification, *n.* રૂપ બદલવું તે, રૂપભેદ, ફેરફાર, વિ-
Modulate, *v. t.* ઉંચો નીચો સ્વર કરવો.

Module, *n.* નમુનો, ઘાટ, આકાર.
Moiety, *n.* અડધ ભાગ. [*n.* ભીનાશ.
Moist, *a.* ભીનું, ભેજવાળું.—en, *v.t.* પલાળવું.—ness,
Molar, *a.* ચાવવાનું, દાઢનું.
Molasses, *n.* ગોળ, કાકવી.
Mole, *n.* શરીર ઉપર ચાઠું, (તલ.) છછુંદર.—hill, *n.* ઝીણું જનાવરે કરેલો માટીનો ઢગલો.
Molecule, *n.* કણ, અણું, રજ. [રકત.
Molest, *v. t.* તસ્દી આપવી.—ation, *n.* ઉપદ્રવ, ઉ-
Mollify, *v. t.* નરમ કરવું.
Moment, *n.* પળ, અગત્ય.—ary *a.* ક્ષણભંગુર.—uous, *a.* વજનદાર, અગત્યનું.—um, *n.* ગતીવેગ.
Monarch, *n.* રાજા, મહારાજા, અધિરાજ.—y, *n.* રાજ્ય, એક રાજાની સત્તા.
Monastery, *n.* મઠ, ધુણ્યાલય.
Monastic, *a.* મઠવાસ સંબંધી.
Monday, *n.* સોમવાર, ચંદ્રવાર.
Money, *n.* પૈસા.—broker, *n.* નાણાનો દલાલ. —changer, *n.* નાણાવટી, સરાફ.—ed, તાલેવંત, *a.* ધનવાન.—lender, *n.* નાણા ધીરનારો.—less, *a.* ધનવિનાનો, કંગાલ, નિર્ધન.
Monger, *n.* વેપારી-રોજગારી, વસ્તુ.

Mongrel, *a.* મિશ્ર જાતનું. [કીદનું.
Monitor, *n.* ચેતવણી આપનાર, શિક્ષક.—y, *a.* તા-
Monk, *n.* મઠવાસી.—ery, *n.* મઠવાસ, સંસાર ત્યાગ.
Monkey, *n.* વાંદરો, માંકડું.
Monody, *n.* એક જણને ગાવાનું શોકનું ગીત.
Monopolize, *v.i.* કોઈ જાતનો બધો માલ એક જણે-
જ પોતાના કબજામાં લેવો,
Monotonous, *a.* કંટાળો ઉપજાવે એવું, એક સરખું.
Monsoon, *n.* ચોમાસું, ચત્રમાસ.
Monster, *n.* રાક્ષસ, અદ્દભુત.
Monstrous, *a.* વિલક્ષણ, અઘોર.
Month, *n.* મહીનો. [ણસ્થંભ.
Monument, *n.* જેથી સ્મરણ રહે એવો પદાર્થ, સ્મર-
Mood, *n.* પ્રકૃતી, મીજાજ, અર્થ(વ્યાકરણમાં) —y, *a.*
ચીડિયું, મીજાજમાં રહેલું. [ચાંદરણું.
Moon, *n.* ચંદ્ર.—beam, *n.* ચંદ્રકિરણ.—light, *n.*
Moor, *v. t.* લંગર નાંખી વહાણ બાંધવું, *n.* હબસી,
જિનાસ અને ઘાસવાળું મેદાન.
Moot, *v. t.* ચરચા કરવી, વાદ કરવો, દરખાસ્ત કરવી.
a. તકરારી.—case, *n.* તકરારી મુકદમો.
Mopish, *a.* ઉદાસ, ખિન્ન, શોકાતુર.
Mop, *n.* કુચો, કુચડો. *v.t.* કુચડાથી સાફ કરવું.

Mope-eyed, *a.* ઉંધી પુતળીનું.

Moppet, *n.* લુગડાનું પુતળું-બાવલું.

Moral, *n.* સાર. *a.* સદાચારી, સારૂં માઠું.—ist, *n.* નીતિ ઉપદેશક.—ity, *n.* નીતિ શાસ્ત્ર.—ize, *v. t.* નીતિને રસ્તે લાવવું. *v. i.* સાર કાઢવો.—s, *n.pl.* આચરણ.

Morass, *n.* પોચી અને ભીની જમીન.

Morbid, *a.* રોગી.—ness, *n.* બીમારીપણું.

Mordacious, *a.* આકરૂ, સખત.

More, *a.* અધિક.(સંખ્યામાં) ઘણું.—over, *ad.* વળી, [ઉપરાંત.

Morn, Morning, *n.* સવાર, વહાણું, પ્રાતઃકાળ.

Morning-star, *n.* સવારે દેખાતો સુક્રનો તારો.

Morrose, *a.* બળીએલ.

Morrow, *n.* આવતી કાલ.

Morsel, *n.* કોળીઓ, નવાલો, ટુકડો, કકડો.

Mortal, *a.* મર્ણાધિન, જીવ લે તેવું.—ity, *n.* મૃત્યુ, મરણ.—ly, *ad.* અતિશય, બેહદ.

Mortar, *n.* ખાંડણી, ખલ, કોલ.

Mortgage, *n.* ઘરેણે મુકવું તે. *v. t.* ગરવી-ઘરેણે મુકવું.—e. *n.* ગીરો રાખનાર.—r, *n.* ગીરો મુકનાર.

Mortify, *n.* માન ખંડન કરવું, મારવું.—ing, *a.* માન ભંગ કરતું.

Mosque, *n.* મસીદ.

Moss, *n.* લીલ.—y, *a.* લીલવાળું.

Most, *a.* સૌથી ઘણું.—ly, *ad* ઘણું કરીને.

Mote, *n.* અણું, કણ, રજ, લેશ.

Moth, *n.* ઉધઈ, કીડો.—eaten, *a* ઉધાઈ ખાયેલું.

Mother, *n.* મા, માડી.—in-law, *n.* સાસુ. —ly, *a.* મા જેવું. —of pearl, *n.* મોતીની છીપ. —tongue. *n.* સ્વભાષા.—wit, *a.* સ્વભાવિક. —y, *a.* કાંકરીવાળું

Motin, *n.* ચાલ, ચાળા.—less, અચળ, સ્થિર.

Motive, *n.* કારણ, મતલબ.

Motley, *n.* પંચરંગી, રંગબેરંગી.

Motto, *n.* વાકય, મુદ્રાલેખ, વચન.

Mould, *n.* નરમ મટોડી ઉબ, દ્રવ્ય, પ્રકૃતી.—ing, *n.* બીબાનો ઘાટ.—y, *a.* ઉબાઇ ગયેલું.

Moulder, *v. t.* ધુળ થઈ ખરી પડવું, નાશ થવો.

Moult, *v. i.* પીછાં બદલવાં.

Mound, *n.* બાંધ, ટેકરી. *v. t.* બંધ-પુસ્તો બાંધવો.

Mount, *n.* ટેકરી, ઉંચી જમા. *v. t.* ચડી બેસવું, સ્વારી કરવી.—ed, *a.* શીણગારેલો, ચઢેલો.—ing, *n.* શણગાર, ચઢાવ. [હેનાર.—ous, *a.* પાહાડી.

Mountain, *n.* પર્વત.—eer, *n.* પહાડ પર્વત ઉપર ર-

Mourn, *v. t.* or *i.* શોકથી કરવો.--er, *n.* રડનાર, સુતકી.--ful, *a.* ગમગીન, શોક ભરેલું.--ing, *a.* શોક કરતું. *n.* દીલગીરી, શોક.

Mouse, *n.* ઉંદર.—trap, *n.* કોળવાઈ.

Mouth, *n.* મોઢું, મુખ. --friend, *n.* ઉપર ઉપરથી દોસ્તી દેખાડનાર મિત્ર --ful, *n.* કોળીઓ.

Move, *v. t.* હલાવવું, ખસેડવું, ચલાવવું, દરખાસ્ત કરવી.--able, *a.* એક જગોએથી બીજી જગાએ લઇ જવાય એવું.--ables, *n.* જંગમ માલ. --ment, *n.* હાલચાલ,--r, *n.* દરખાસ્ત કરનાર. [રીતે.

Moving, *a.* અસરકારક.—ly, *ad.* દયા પેદા કરે એવી

Mow, *v. t.* દાતરડાએ કાપવું.--er, *n.* કતલકરનાર.

Much, *a.* ઘણું, બહુ, પુષ્કળ.

Mucid, *n.* ચાકણું, ઉતરી ગયેલું. [ણુસ.

Muck, *n.* છાણ, ખાતર.—worm, *n.* મખીચુસ મા-

Mucus, *n.* મળ --of the throat. બળખો, બળગમ.—of the nose. લીંટ. [રવું.—dy, *a.* મેલું.

Mud, *n.* કાદવ.—dle, *v. t.* ડોહોળી નાંખવું, ફેરીક-

Muff, *n.* ચામડાના રૂવાંવાળા સ્ત્રીના હાથના મોજા. —in, *n.* નાસ્તા વખતે ખાવાની પુરી.—er, *n.* બુરખો, ઘુમટો.

Muffle, *v. t.* લુગડું વીંટવું, વીંટાળવું, છુપાવવું.

Mug, *n.* પવાલુ.
Muggy, *a.* ભીનું, શરદીવાળું.
Mulberry, *n.* શેતુરી, શેતુરનું ઝાડ.
Mulct, *n.* દંડ, ગુન્હેગારી. *v. t.* દંડ કરવો.
Mule, *n.* ખચ્ચર.—teer, *n.* ખચ્ચરવાળો.
Mulish, *a.* હઠીલું.
Multifarious, *a.* ભાત ભાતનું, અનેક પ્રકારનું.
Multinominal, *a.* અનેક નામવાળું.
Multiple, *n.* ભાજ્ય.(ગણીતમાં)સાધારણ ભાજ્ય.
Multiplicand, *n.* ગુણ્યાંક.
Multiplication, *n.* વધારવું તે, ગુણાકાર.
Multiplicity, *n.* બહુપણું, પુષ્કળપણું.
Multiplier, *n.* ગુણકાંક, ગુણક.
Multiply, *v. t.* વધારવું, ગુણાકાર કરવો.
Multitude, *n.* મોટી સંખ્યા, જથ્થો.
Mum, *interj.* ચુપ! *a.* મુગું. *n.* જવનો દારૂ.—ble, *v. i.* બડબડવું, હોઠ બીડીને ખાવું.
Mummy, *n.* ખુશબોદાર પદાર્થ ભરીને રાખેલું મુડદું.
Mundane, *a.* આ લોકનું.
Municipal, *a.* કરણા-શેહેરનું, શેહેર સુધરાઈનું.
Municipality, *n.* જીલ્લો, શેહેર સુધરાઈ ખાતું.
Munificent, *a.* ઉદાર, સખી, ઘોતાળ

Munition, *n.* યુદ્ધ સામગ્રી.

Murder, *n.* ખુન, *v. t.* ખુન કરવું.—er, *n.* ખુન કરનાર.—ous, *a.* ઘાતકી.

Murky, *a.* કાળું, અંધારૂં.

Murmur, *n.* બડબડાટ. *v. t.* બડબડવું.

Muscle, *n.* માંસના તંતુ, માંસ રજ્જુ.

Muscular, *a.* માંસના તંતુ સંબંધી, જોરાવર.

Muse, *n.* સરસ્વતી. *v. t.* ધ્યાન ધરવું. [ચ્ઞાલય.

Museum, *n.* ચમત્કારીક પદાર્થોનું સંગ્રહસ્થાન, કૌ-

Music, *n.* વાદ્યવિદ્યા, ગાયન.

Musician, *n* ગવૈયો. [*n.* બડબુચું.

Musk, *n.* કસ્તુરી.—deer, *n.* કસ્તુરી મૃગ.—melon,

Musket, *n.* બંદુક.—eer, *n.* બંદુકવાળો.

Muslin, *n.* મલમલ. *a.* મલમલનું.

Must, *v. i.* જોઇએ, જરૂર પડવી, ઉભ આવવી.

Mustache, *n.* મુચ્છ.

Mustard, *n.* રાઇ.

Muster, *v. i.* એકઠું થવું. હાજરી. *v. t.* એકઠું કરવું, લશ્કરનીહાજરી લેવી.—roll, *n.* લશ્કરનું હાજરી પત્રક.

Mutable, *a.* બદલાય એવું.

Mute, *a.* મુગું, ચુપ.

Mutilate, *v. t.* શરીરનો ભાગ કાપવો.

Mutineer, *n.* બળવાખોર, દંગાખોર.

Mutiny, *n.* બળવો.

Mutter, *v. i.* કોઇ સાંભળે નહીં તેની રીતે રીસમાં બોલવું, ગડગડવું.—er, *n.* લવલવ કરનાર. —ing, *n.* બડબડાટ, લવરી.

Mutton, *n.* ખાવાનું મેંઢાનું માંસ.

Mutual, *n.* પરસ્પર.

Muzzle, *n.* બંદુક વિગેરેનું મોઢું, જનાવરને બાંધવાની મોઢી-જાળી. *v. t.* મોઢું બાંધવું.

My, *pron.* મારૂં.

Myopy, *n.* ટુંકી—પાસેની નજરવાળું.

Myriad, *n.* દસ હજાર, અયુત.

Myrrh, *n.* હીરાબોળ, બોળ.

Myself, *pron.* મારી મેળે, પોતે, જાતે.

Mysterious, *a.* ન સમજાય એવું, ગુઢ.

Mystery, *n.* છાની રાખેલી વાત.

Mystic, *a.* ગુપ્ત.

Mythic, *a.* કલ્પિત.

Mythology, *n.* પુરાણોક્ત ઇતિહાસ, આગળની કથા.

N.

N, ઇંગ્રેજી મુળાક્ષરનો ચૌદમો અક્ષર.

Nab, *v. t.* ઝુંટવું, ખુંચાવી લેવું, છીનવી લેવું.

Nadir, *n.* અધોબિંદુ.

Nag, *n.* ટટ્ટુ, ઘોડું.

Naiad, *n.* જળ દેવી-દેવતા.

Nail, *n.* નખ, ખીલો. *v.t.* ખીલા મારવા-મારી જડવું.

Naked, *a.* ઉઘાડું, ખુલ્લું, નાગું.

Name, *n.* નામ, કીર્તિ. *v.t.* નામ રાખવું-પાડવું-આપવું, નામ દેવું-લેવું.—less, *a.* નામ વગરનું.—ly, *ad.* એટલે, ઈયાને.—sake, *n.* નામરાશી.

Nap, *n.* રૂઆંટી. *v. i.* ડોલું આવવું.

Nape, *n.* ડોક, ગરદનનો પાછલો સાંધો, બોચી.

Naphtha, *n.* નખ તેલ.

Napkin, *n.* મોઢું-હાથ લુછવાનો રૂમાલ.

Narcotic, *a.* નીંદ્રાજનક(ઓસડ).

Nard, *n.* જટામાસી.

Narrate, *v. t.* કથા-વાત કહેવી, હકીકત કહેવી.

Narration, *n.* કથા, કથન.

Narrative, *n.* વાત, વારતા, વૃત્તાંત. *a.* કથા-વાર્તાનું.

Narrow, *a.* સાંકડું, નાનું, થોડું. *v. t.* સાંકડું-કમી કરવું.—minded, *a.* સાંકડા મનનું, ઓછી બુદ્ધિનું.

—ness, *n.* સાંકડાપણું.—s, *n. pl.* સાંકડા રસ્તા -મારગ.

Nasal, *n.* અનુનાસિકવર્ણ. *a.* નાકનું.

Nasty, *a.* મેલું, ગંદુ, નઠારૂં.

Natal, *a.* જન્મ સંબંધી.—day, જન્મનો દિવસ.

Nation, *n.* પ્રજા, લોક, કોમ. —al, *a.* લોકનું, લોક સંબંધી-ને લગતું.—ality, *n.* સ્વદેશાભિમાન,જાતિ અભિમાન.

Native, *n.* જન્મવાસી, રહેવાશી *a.*જન્મનું, સ્વભાવિક.

Nativity, *n.* જન્મ, ઉત્પત્તિ, ઉદય, જન્મપત્રિકા.

Natron, *n.* સાજીખાર.

Natural, *n.* સ્વભાવિક, કુદરતી. *n.* જન્મથી ઘેલું માણસ. —ist, *n.* કુદરતી તવારીખ જાણનાર. —ize, *v. t.* દેશનું કરવું, દેશી કરીને ગણવું.—ly, *ad.* કુદરતથીજ, સ્વભાવથીજ.—ness, *n.* કુદરતી-સ્વભાવીક ગુણ.

Nature, *n.* જગત, દુનીઆ, માયા, પ્રકૃતિ, સ્વભાવ, [ગુણ, જાત.

Naught, *n.* કંઈજ નહીં તે.*a.*નઠારૂં, ખરાબ.—iness, *n.* ઉદ્ધતાઈ, ભુંડાપણું.—y, *a.* ખરાબ, નઠારૂં, લુચ્ચું, દાંડ.

Nausea, *n.* ઓકારી, વહાણમાં આવતા ચક્કર-ફેર-તમ્મર.—te, *v.t.* કંટાળો આવવો,ઓકારીખાવી.

Nautical, *a.* વહાણ ચલાવવા સબંધી.
Naval, *a.* નાવિક-વહાણનું, વહાણના કાફલા સંબંધી.
Nave, *n.* પૈડાંનો વચલો ભાગ, નાયડી.
Navel, *n.* ડુંટી, નાભિ.
Navigable, *a.* વહાણ જવા જોગ, નૌકાગમ્ય.
Navigate, *v. t.* વહાણે જવું આવવું, સફર કરવી.
Navigation, *n.* નૌકાશાસ્ત્ર, દરિયાની સફર.
Navy, *n.* વહાણનો કાફલો, આર્માર.
Nay, *ad.* ના, નહીં, એટલુંજ નહીં.
Neap, *a.* ઓછું, થોડું, કમી.
Neaptide, *n.* છઠ સાતમની ભરતી, નાનો જુઆળ.
Near, *a.* પાસે, નજદીક, નિકટ.—er-est, *a.* પાધરૂં, સીધું.—ly, *ad.* નજીક.—sighted, *a.* ટુંકી નજરવાળું.
Neat, *a.* સ્વચ્છ. [—herd, *n.* ગોવાળીઓ.
Neat, *n.* ગૌ જાતનાં જનાવર, ગાય, ગોધા વિગેરે.
Neb, *n.* નાક, અણી.
Necessary, *n.* સંડાસ. *pl.* અગત્યની વાત, ધાન લુગડાં. *a.* જરૂરનું, અગત્યનું.
Necessitate, *v. t.* જરૂર પાડવી.
Necessitous, *a.* ઘણું જ કંગાલ, મુસીબતવાળું.
Necessity, *n.* જરૂર, જરૂરીઆત, અગત્યતા.

Neck, *n.* ગરદન, સાંકડો ભાગ.—cloth, *n.* ગળેબંધ.—lace, *n.* માળા, હાર, કંઠી, કાંઠલી.

Necromancer, *n.* ઈલમી, જાદુગર.

Nacromancy, *n.* ધંતરમંતર, જાદુ.

Nectar, *n.* અમૃત, સુધા.

Need, *n.* ગરજ, જરૂર, અંગત્ય, ગરીબી, પ્રયોજન. *v.t.* ગરજ પડવી. *v.i.* જોઈએ.—ful, *a.* જોઈતું.—less, *a.* નિર્થક, નકામું.—s, *ad.* અવશ્ય કરીને.—y, *a.* કંગાળ, દરિદ્રી. [શીવવાનું કામ.

Needle, *n.* સોય, હોકાયંત્રનો કાંટો.—work, *n.*

Nefarious, *a.* અતી દુષ્ટ, અઘોર, ઘાતકી.

Negation, *n.* નકાર, (તર્કશાસ્ત્રમાં) અભાવ.

Negative, *a.* નકારનું, અસ્વિકાર સૂચક, ગેરહાજરી દેખાડનાર. *v. t.* ના કહેવી.—ly, *ad.* નિષેધ કરીને.

Neglect, *n.* ભુલી જવું તે, ગફલત, ભુલ, ત્યાગ. *v. t.* ગફલત કરવી, જતન ન કરવું.—ful, *a.* બેપરવા, ભુલકણું.

Negligent, *a.* ગાફેલ, વિસરી જાય એવા સ્વભાવનું.

Negotiate, *v. i.* ભાંજગડ કરવી, બોલાચાલી-બંદોબસ્ત-કોલકરાર કરવો.

Negotiation, *n.* ભાંજગડ.

Negro, *n.* હબસી, સીદી.

Neigh, *v.i.* ખોંખારવું,હણહણવું.—ing,*n.* ખોંખારો.
Neighbour, *n.* પાડોશી, ઘરની પડખે–પાસે રહેનાર. *a.* પડોશનું.—hood,*n.* પડોસ, પાસેની–નજદીકની જગા.—ing,*a.* પડોસનું,પાસેનું.—ly,*a.* મળતાવડું.
Neither,*a.* બેમાંનું એકે નહીં,આ પણ નહીં ને તેપણ નહીં.
Neoterick, *a.* હાલનું, ચાલતું.
Nephew, *n.* ભત્રીજો, ભાણેજ.
Nephritic–al, *a.* મુત્ર પિંડનું, મુત્રપિંડના રોગવાળું.
Nepotism, *n.* હક નાહક ભત્રીજની અથવા સગાંની ચઢતી કરવી. [ગૃહ.
Neptune, *n.* વરૂણ દેવ, યુરેનસ ગૃહની પછી આવતો
Nerve, *n.* જ્ઞાનતંતુ, શરીરનું જોર, હિમ્મત, ધીરજ. —less, *a.* નબળું, અશક્ત.
Nervous, *a.* જરામાં ગભરાય એવું, જોરાવર.
Nescience, *n.* અજાણપણું, અજ્ઞાન.
Nest, *n.* માળો, આશ્રમ.
Nestle, *v. i.* સુખેકરીને રહેવું–વસવું.
Net, *n.* જાળ, ફાંસો, બંધન. [નીચેનું.
Nether,*a.* નીચેનું, હેઠેનું.—most, *a.* સરવથી હેઠળ–
Nettle, *n.* કૌવચ. *v. t.* ચીડવવું.
Neurology, *n.* જ્ઞાનેતંતુ, વિદ્યા.
Neuter, *n.* અલગ, ત્રાહિત માણસ, મધ્યસ્થ. (વ્યાક–

રણમાં) નપુષક લિંગનું, હીજડો.

Neutral, *n.* લડનારાઓમાંના કોઈનો પક્ષ નહીં ધરનાર.—ize, *v. t.* અશક્ત-નિર્બળ કરવું, નિષ્ફળ કરવું.

Never, *ad.* કદી-હરગીસ નહીં.—theless, *ad.* તોપણ.

New, *a.* નવું, અજાણ્યું, કોરૂં કડકડતું.—fangled, *a.* નવી યોજનાનું, કલ્પનાનું.—ly, *ad.* હાલનું, તરતનું.

News, *n.* ખબર, સમાચાર, વર્ત્તમાન.—monger, *n.* ગપ્પીદાસ. —paper, *n.* વર્ત્તમાનપત્ર.

Next, *a.* ઘણુંજ પાસેનું, લગોલગનું. *ad.* પછી, બીજું.

Nib, *n.* કલમની કત, ટાંક, અણી, આંચ.

Nibble, *v. t.* ધીમે ધીમે કરડવું, કોતરી ખાવું. *v. i.* હલકી ટીકા કરવી.

Nice, *a.* સુંદર. નાજુક, લેહેજતદાર, સ્વાદિષ્ટ.—ty, *n.* બારીક નજર-દ્રષ્ટિ, સુક્ષમ ફેર.

Niche, *n.* (પુતળાં વગેરે મુકવાને સારૂં) દીવાલમાંનો ગોખલો.

Nick, *n.* બરાબર, એનુ વખત.—nacks, *n.* આચરકુચર-હલકો સામાન.

Nickname, *n.* નિંદાસુચક નામ, મશ્કરીનું નામ.

Nictate, *v. i.* આંખની ઈસારત કરવી.

Nictation, *n.* આંખનો પલકારો મારવો તે.

Niece, *n.* ભત્રીજી, ભાણેજ.

Niggard, *n.* કંજુસ માણસ. *a.* કંજુસ, લોભી.

Nigh, *ad.* પાસે, નજીક, કને.

Night, *n.* રાત્રી, રાત.—cap, *n.* રાતે સુતી વખત પહેરવાની ટોપી.—fall, *n.* સંધ્યાકાળ, દીવાવખત.—mare, *n.* નઠારૂં સ્વપ્નું.—shade, *n.* ભોંયરીંગણી, કાંટારીંગણી.—soil, *n.* સંડાસોમાંથી કાઢેલો મળ.

Nightingale, *n.* બુલબુલ પક્ષી.

Nihility, *n.* નહીંપણું, અભાવ, ફાંફાં.

Nimble, *a.* ચંચળ, અંગે ચપળ.

Nimcompoop, *n.* બેવકુફ, અનાડી. (ગણીશ (૧૯).

Nine, *a.* નવ (૯).—fold, નવગણું.—teen, *a.* ઓ-

Ninety, *a.* નેવું. (૯૦).

Ninth, *a.* નવમું.

Nip, *n.* ચુંટી, ચીમટું. *v.t.* ચુંટી ખણવી, નાશ કરવો.

Nippers, *n. pl.* ચીપીઓ, સાણસી.

Nipple, *n.* સ્તનનું ટોચકું, અણી, હેંટડી.

Nit, *n.* લીખ, જુનાં ઇંડાં.

Nitid, *a.* ચળકતું, ઝળકતું, ખુશમીજાજ.

Nitrate, *n.* કોઇ મુખ્ય તત્વ સાથે નાઇટરીક આસીડ મળવાથી થતો ખાર, જવખાર.

Nitre, *n.* સુરોખાર, જવખાર.

Nitric-acid, *n.* સુરાખારનો તેજાબ.

Nitrogen, *n.* નાઇટ્રોજન વાયુ-હવા. [ઠેકાણે નહીં.
No, *ad.* નહીં. *a.* કોઈ નહીં.—where, *ad.* કોઈપણ
Nobility, *n.* અમીર ઉમરાવ, કુલીનપણું.
Noble, *n.* કુળવંત, ઉમદુ, સુંદર.—man, *n.* ઉમરાવ, અમીર, સરદાર.—ness, *n.* કુલીનતા.
Nobody, *n.* કોઈ નહીં.
Nocturnal, *a.* રાતસંબંધી. [લાવવું.
Nod, *n.* ડોલું, ઈસારો. *v.t.* ડોલાવવું. *v.i.* ડોકું હ-
Noddle, *n.* માથું.
Nody, *n.* મુરખ, બેવકુફ. [બિંદુ.
Node, *n.* ગાંઠ, જે બિંદુમાં કક્ષા ક્રાંતિવૃતને છેદે છે તે
Noggin, *n.* લાકડાનો પ્યાલો, વાડકો.
Noise, *n.* ઘોંઘાટ, અવાજ, શબ્દ, કકલાણ.
Noisy, *a.* ઘોંઘાટવાળું, ધામધુમવાળું.
Nomad, *n.* ચારાને માટે પશુઓ લઈને ફરનાર, રખડનાર.—ic, *a.* જનાવરો ઉછેરીને તથા ચરાવીને પોતાનું ગુજરાન કરનાર. [વિશેષ શબ્દો.
Nomenclature, *n.* કોઇ વિદ્યાહુન્નર સંબંધી વપરાતા
Nominal, *a.* નામનુંજ.
Nominate, *v. t.* ડામ દેવું, નેમણુંક કરવી.
Nomination, *n.* નેમણુંક, નીમવું તે. [વિભક્તિ, સંક.
Nominative, *n.* (વ્યાકરણમાં) પ્રથમા, નામની પહેલી

Nominee, *n.* નિમેલો પુરૂષ.
Nonage, *n.* બાલ્યાવસ્થા, સગીરપણું.
None, *n.* કોઈ નહીં, જરા નહીં.
Nonentity, *n.* ન હોવું તે, અભાવ, નહીંપણું. [ખવું.
Non-plus, *n.* ધાલમેલ. ગુંચવડો. *v.t.* ગુંચવણીમાં નાં-
Nonsense, *n.* અગડબગડ, નિર્થક બોલવું, કંઇનું કંઇ.
Nonsuit, *n.* દાવો નહીં ચાલે એવો ઠરાવ.
Nook, *n.* ખુણો, ખુણ. [or tide, *n.* મધ્યાન.
Noon, *n.* બપોર, મધ્યાનકાળ. *a.* બપોરનું. —day
Noose, *n.* ફાંસો, જાળ, ફાંદો. *v. t.* જાળમાં પકડવું.
Nor, *conj.* પણ નહીં, પણ નથી. [માણેનું.
Normal, *a.* મુળ વિદ્યા શિખવનાર, નિયમિત ધારાપ્ર-
North, *n.* ઉત્તરદિશા. *a.* ઉતર તરફનું. —east, *n.* ઈશાનકોણ.—erly, *a.* ઉત્તર તરફનું.—ern, *a.* ઉત્તરમાંનું-તરફનું. —star, *n.* ઉત્તર ધ્રુવનો તારો. —ward, *ad.* ઉત્તર તરફ. —west, *n.* વાવ્યદિશા. *a.* વાવ્યદિશા તરફનું.
Nose, *n.* નાક. —gay, *n.* ફુલનો તોરો-ગોટો. —ring, *n.* નથ, નાકની વાળી.
Nostril, *n.* નસકોરૂં.
Nostrum, *n.* જડીબુટ્ટિ.

Not, *ad*. નથી, નહી, ના, ન. [સિદ્ધ, નામીચું.
Notable, *a*. ધ્યાનમાં રાખવા જોગ, આબઍબ જેવું,પ્ર-
Notary, *n*. કરારનામા વગેરે કાગળઉપર સહી કરનાર.
Notation, *n*. આંકડા માંડવા તે, અંક, આંકડો, પરિમાણ.
Notch, *n*. કાતરો, ચીરો. *v. t.* ખાંચ-ચીરા પાડવા.
Note, *n*. નિશાની, આબરૂ, ચિઠ્ઠી. *v.t.* લક્ષમાં રાખવું -લેવું, ધ્યાન આપવું, ટાંચણ-ટીપ કરવી, લખી-ટપકાવી લેવું.—book, *n*. સ્મરણ પોથી-ચોપડી.
Noted, *a*. પ્રસિદ્ધ, નામીચું.
Nothing, *n*. કાંઈ નહી, બીજું કશું નહીં.
Notice, *n*. અવલોકન, ધ્યાન, ખબર, જાહેરનામું. —able, *a*. ધ્યાન-લક્ષ આપવા જોગ.
Notification, *n*. જાહેરખબર, સુચના, ઢંઢેરો.
Notify, *v. t.* ખબર આપવી.
Notion, *n*. કલ્પના, મત.તર્ક, વિચાર.—al, *a*. તુરંગી, કલ્પિત, મનમાં ધારેલું.
Notoriety, *n*. પ્રસિદ્ધિ, બે આબરૂ
Notorious, *a*. ઉઘાડું, લુચ્ચું, પ્રખ્યાત.. [તાં.
Notwithstanding, *conj*. તોપણ, તથાપી, એટલું છ-
Nought, *n*.(See Naught.)
Noun, *n*. નામ.

Nourish, *v. t.* પાલન પોષણ કરવું, પાળવું.—er, *n.* પાળનાર.--ing, *a.* પુષ્ટિકારક, ધાતુપુષ્ટ.—ment, *n.* પાલન પોષણ. [—ty, *n.* નવી વાત.

Novel, *n.* કલ્પિત કથા, ઉપાખ્યાન *a.* નવું, અદ્ભુત.

November, *n.* ઇંગ્રેજી સાલનો અગીઆરમો મહિનો, કાર્તક, માગશર.

Novitiate, *n.* ઉમેદવારી, શિખાઉપણું.

Novice, *n.* નવો શિખાઉ, નવો અભ્યાસી.

Now, *ad.* હમણાં, એ ઉપરથી.—a-days, *ad.* હાલના વખતમાં. [તે નહીં.

Nowise, *ad.* ગમે તેમ હોય તોએ નહીં, કોઇ પણ રી-

Noxious, *a.* દુઃખકારક, નુકશાન કરનાર, ઘાતકી.

Nozle, *n.* નાક, જનાવરનું લાંબુ મોઢું.

Nucleus, *n.* મધ્ય ભાગ, ગરભ.

Nudity, *n.* નગ્નતા, નાગાપણું.

Nugatory, *a.* અમરથુ, નકામું, ફોકટ.

Nuisance, *n.* ઉપદ્રવ, કંટાળો ઉપજાવનારી વસ્તુ.

Null, *a.* નિરર્થક, રદ.--ify, *v.t.* નકામું-રદ-બાતલ કરવું.

Nullity, *n.* નાસ્તિત્વ, અભાવ.

Numb, *a.* બેહેર મારી ગયેલું. *v.t.* સુરત-અચેતન કરવું.

Number, *n.* સંખ્યા, ગણત્રી, અંક, (વ્યાકરણમાં) વચન. *v, t.* ગણવું.—less, *a.* બે સુમાર.—s, *n.* પદ, ર-

ચના, કવિતા. [આંક.

Numeral, *a.* સંખ્યાસંબંધી, સંખ્યાસુચક-વાચક. ૪.

Numeration, *n.* આંકડા વાંચવા તે,સંખ્યાપરિમાણ.

Numerator, *n.* અપુર્ણાંકમાં ઉપલો આંકડો, અંશ.

Numerous, *a.* ઘણું જ, મોટી સંખ્યાનું, પુષ્કળ.

Numskull, *n.* અડબંગ, જડસો, ઠ.

Nun, *n.* બાવી,સાધુડી,વેરાગણ,મઠમાં રેહેનાર.—nery, *n.* વેરાગણનો મઠ-ઘર.

Nuncio, *n.* જાસુસ, દુત. [હી, વિવાહ.

Nuptial, *a.* લગ્નનું, વીવાહ સંબંધી.—s, *n.pl.* શા-

Nurse, *n.*બાળકને સંભાળનારી સ્ત્રી,ધાવ, દાઈ.—ry, *n.* છોકરાંઓની સંભાળ રાખવાનો ઓરડો, સુવાવડની ઓરડી.

Nurture, *n.* ખોરાક, શિક્ષા. *v.t.* કેળવણી આપવી.

Nut, *n.* કોટલાથી ઢંકાએલું ગરવાળું ફળ. —cracker, *n.*સુડી,સુડો.—gall, *n.*માયું,માજુફળ.—meg, *n.* જાયફળ.—shell, *n.* કોચલું. [*a.* પુષ્ટિકારક.

Nutriment, *n.* પોષણ કરે એવો ગુણ, આહાર.—al,

Nutrition, *n.* ખોરાક, ભોજન.

Nutritious, *a.* ધાતુપુષ્ટ, બળવર્ધક.[—s. *n.*કોશેટા.

Nymph, *n.* જળ કે વનદેવી. ખુબસુરત સ્ત્રી, અપસરા.

O.

O, ઇંગ્રેજી મુળાક્ષરનો પંદરમો અક્ષર.
O, Oh, *interj.* અરે ! અહો,
Oaf, *n.* મુરખ, એક છોકરાને લેઇ જઇને તેને બદલે વન દેવીઓએ મુકેલું બીજું છોકરૂં.
Oafish, *a.* કમ અક્કલ, જડ, મુરખ. [બનાવેલું.
Oak, *n.* ઝાડનું નામ છે. —en, *a.* ઓકના લાકડાનું
Oar, *n.* હલેસું, ચાટવો. *v. i.* હલેસાં મારવાં.
Oasis, *n.* રેતીનાં મેદાનમાં લીલોતરીવાળી જગ્યા.
Oath, *n.* સમ, સોગન. પ્રતિજ્ઞા. [યું.
Obdurate, *a.* હૈયાનું અતિ કઠોર, પશ્ચાતાપ ન કરે એ-
Obedience, *n.* તાબેદારી, આજ્ઞાંકિતપણું.
Obedient, *a.* તાબેદાર, આજ્ઞાંકિત.
Obeisance, *n.* નમસ્કાર, નમન.
Obelisk, *n.* ચાર બાજુનો થાંભલો, ચિન્હ (†)
Obese, *ad.* બહુ પુષ્ટ શરીરવાળું.
Obey, *v. t.*-ની આજ્ઞા માનવી,માનવું,પાલન કરવું,ગાંઠવું.
Obit, *n.* મરણ, મોત, મરણસંસ્કાર વીધી.
Obituary, *n.* મૃતપત્રિકા. *a.* મોત સંબંધી.
Object, *n.* વિષય, કર્મ (વ્યાકરણમાં) *v. t.* વિરૂદ્ધ બતાવવું.—ion, *n.* અડચણ, તકરાર, હરકત.—ive, *a.* કર્મ પદ વિશે.—or, *n.* સામી તકરાર કરનાર.

Oblation, *n.* બળીદાન, હોમ, હવન.
Obligate, *v. t.* બાંધી લેવું, એસાનમાં રાખવું. [ન.
Obligation, *n.* ઉપકાર, ફરજ, સપાડું, બંધન, એસા-
Oblige, *v. t.* ફરજ–જરૂર પાડવી, ઉપકાર કરવો.—e, *n.* કરાર લખી લેનાર.
Obliging, *a.* પરોપકારી, બંધક, સુશીલ. [કણમાં.
Oblique, *a.* આડું, વાંકું, ત્રાંસુ, કારક વિભક્તિનું(વ્યા-
Obliterate, *v. t.* લખેલું ભુસી નાંખવું, નાશ કરવો.
Oblivion, *n.* ભૂલી જાય એવો ભાવ, સઘળા અપરાધ-ની માફી. [સ આકૃતિ.
Oblong, *n.* પહોળાઇ કરતાં વધારે લંબાઈવાળી ચોર-
Obloquy, *n.* બદનામી, બદબોઈ. [પ્રિય.
Obnoxious, *a.* ઠપકાલાયક, ભુંડો, અળખામણો, અ-
Obscene, *a.* ભુંડાળું, ગલીન, અશુભ, બીભત્સ.—ness, *n.* ફટાણું, ભુંડાળા બોલ.
Obscuration, *n.* ઓઠામાં આવવું તે, ઢાંકવું–ઢંકાવું તે.
Obscure, *a.* નિસ્તેજ, ખુણે પડેલું, ઉપરઉપરનું. *v.t.* છુપાવવું, અસ્પષ્ટ કરવું.
Obsequy, *n.* મૃત્યુસંસ્કાર.
Obsequious, *a.* ખુશામતીઉં, હાજીહા કરનાર. [તિ.
Observance, *n.* અવલોકન, ઉપચાર, ક્રિયા–વ્રત પાળવું
Observant, *a.* નજરબાજ, આજ્ઞાધીન, અવલોકન ક-

રનાર, વશ.
Observation, *n.* અવલોકન, અનુમાન, વિચાર. [ળા.
Observatory, *n.* તારાગ્રહો ઈત્યાદી જોવાનું મકાન, વેધશા-
Observe, *v. t.* અવલોકન કરવું. *v.i.* ચિત્ત દેવું, ટીકા
કરવી. [પ્રયોગ-વાપરવામાંથી નીકળી ગએલું તે.
Obsolete, *a.* વ્યવહારમાં ન આવતું.—ness, *n.* ઉ-
Obstacle, *n.* અડચણ, હરકત, નડતર.
Obstetric, *a.* દાઈ-સોયાણીના ધંધા સંબંધી.
Obstinacy, *n.* હઠ, મમત, આડાઈ. જીદ.
Obstinate, *a.* હઠીલું, મમતી, જક્કી.
Obstruct, *v. t.* અડચણ કરવી, આડે આવવું.—ion, *n.* અડચણ, નડતર.—ive, *a.* હરકત કરે તેવું.
Obtain, *v. t.* મેળવવું. *v. i.* ચાલવું, હોવું.—able, *a.* મળવા જોગ. [—ation, *n.* આજીજી, વિનંતી.
Obtest, *v. t.* or *v. i.* આજીજી-કાલાવાલા કરવા.
Obtrude, *v.t.* ઘુસવું, વગર માગે કે વગર બોલાવે આ-
ગળ લાવી મુકવું.—r, *n.* ઘોલ્લઈયો.
Obtrusion, *n.* વચ્ચે ઘુસવું તે. [હોળો ખૂણો.
Obtruse, *a.* અણી વગરનું, સુસ્ત, મુંઢ.—angle, *n.* પો-
Obvert, *v. t.* તરફ-બાજુએ ફેરવવું.
Obviate, *v. t.* નિવારવું, ટાળવું. [ષ્ટ રીતે.
Obvious, *a.* યોગ્ય, પાત્ર, ખુલ્લું.—ly, *ad.* ખુલ્લી-સ્પ-

Occasion, *n.* બનાવ, ફાવતો પ્રસંગ. *v. t.* -નું કારણભૂત થવું.—al, *a.* કોઈ કોઇ વાર થતું.
Occident, *n.* પશ્ચિમ ભાગ, પશ્ચિમ દિશા.—al, *a.* આથમણું. [ભાગમ.
Occult, *a.* અપ્રસિદ્ધ, છાનું, ગુપ્ત. —ation, *n.* સ-
Occupant, *n.* કબજેદાર, ભોગવટો કરનાર.
Occupation, *n.* કબજો, ધંધો, રોજગાર, ઉદ્યમ.
Occupy, *v. t.* કબજે કરવો, રોકવું, કામે વળગાડવું. *v. i.* ધંધો કરવો.
Occur, *v. i.* -માં હોવું.—rence, *n.* બનાવ, બિના.
Ocean, *n.* સાગર, સમુદ્ર, મહાસાગર.
Octavo, *n.* અષ્ટપત્રિ પુસ્તક. [કાર્તક.
October, *n.* અંગ્રેજી વર્ષનો ૧૦ મો મહિનો, આસો-
Ocular, *a.* આંખનું, નજરનું, પ્રત્યક્ષ.
Oculist, *n.* આંખનો વૈદ્ય.
Odd, *a.* વિલક્ષણ, એકી, નોખું.—ity, *n.* કઢંગી વાત-વસ્તુ, તરેહવારપણું.—ness, *n.* કઢંગાપણું, એકી.—s, *n.* તફાવત, ચઢિઆતાપણું.
Ode, *n.* ગઝલ.(કવિતામાં)ગીત.
Odious, *a.* અણગમતું, દ્વેષકારક, નઠારૂં.
Odium, *n.* ધિક્કાર, દ્વેશ, ચીટકાર.
Odorous, *a.* સુવાશીત, ખુશબોદાર.

Odour, *n.* ખુશબો, સુવાસ.
Œcumenical, *a.* સામાન્ય, સાર્વજનીક.
Of, *prep.* -નુ, ની, સંબંધી, વિષે.
Off, *ad.* દુર, ચલાયદું. *interj.* જા! નીકળ! દુરથા.
Ill or badly off, માઠી હાલતમાં. *prep.* ખસેલું.
To come off, બચી જવું. get off, નીચે આવવું, છટકી જવું. To go off, જતું રહેવું, છુટવું. To take off, ઉપાડી લેઇ લેવું. Well off, ખાત્રે પીત્રે સુખી. off and on, *ad.* ઘડીમાં નવરૂં ને ઘડીમાં કામમાં. off hand, *ad.* વગર તઈયારીનું. off or on, *ad.* લાભમાં કે વિરૂદ્ધ, આમ કે આમ.
Offal, *n.* કોહેલું માંસ, કચરો.
Offence, *n.* અપરાધ, ગુન્હો, એર ગરજી, ગુસ્સો.
Offend, *v. t* નાખુશ-ગુસ્સે કરવું, માઠું લગાડવું.
—er, *a.* અપરાધી. [રિશ્રતિ.
Offensive, *a.* ગુસ્સો આણે એવું. *n.* હુમલો કરવાની
Offer, *v. t.* આપવા માંડવું, *v. i.* જણાવું, ખુશી બતાવવી. *n.* કહેણુ.—ing, *n.* અર્પણુ, બળીદાન.
Office, *n.* અધિકારીની જગા, કામ ચલાવવાની જગા.
—r, *n.* અમલદાર.
Officiate, *v. t.* કામ ચલાવવું.
Officious, *a.* પરાણે પાડ ચઢાવે તેવું, વચમાં પડે એ-

વું.—ness, *n.* નોકરી કરવાની હોંશ.
Offing, *n.* કિનારાથી આઘેનો ભરદરીયો.
Offspring, *n.* સંતાન, છોકરૂં.
Oft, *ad.* } વારંવાર, ઘણી વેળા.
Often, *ad.* }
Ogle, *v. t.* આડું જોવું, આંખ મારવી.
Oh, *interj.* અરે! [—y, *n.* તેલવાળું.
Oil, *n.* તેલ.—cake, *n.* ખોળ.—man, *n.* ઘાંચી.
Oint, *v. t.* તેલ લગાડવું-ઘસવું-ચોપડવું.
Ointment, *n.* મલમ, ચોપડવાનો પદાર્થ, લેપ.
Old, *a.* ઘરડું, જુનું, આગળનું, જઈફ.—en, *a.* પ્રાચિન.
Oligarchy, *n.* અલ્પજન સત્તા.
Olio, *n.* ભેળસેળ, ખીચડો, સેળભેળ.
Tongue, *n.* જીભ, ભાષા.

Tonic, *a.* કૌવત આપનારૂં. *n.* કૌવત આપનારૂં ઓસડ.

Too, *ad.* જોઇએ તેથી ઘણું જ, વળી.
Tool, *n.* ઓજાર.
Tooth, *n.* દાંત.—ache, *n.* દાંતનું દરદ.—brush, *n.* દાંત ઘસવાનો કુચડો.—pick, *n.* દાંત ખોતરણી.—powder, *n.* દાંતે ઘસવાનો ભુકો.
Top, *n.* શિખર, મથાળું, ટોચ, શિરોમણી, ભમરડો. *v. t.* –ને મથાળે–ટોચે હોવું,–થી ચઢવું.
Topaz, *n.* પોખરાજ.
Topic, *n.* પ્રકરણ, વિષય.
Topography, *n.* કોઈ અમુક જગ્યાનું સવિસ્તર વર્ણન.
Topsyturvy, *ad.* ઉંધું, ઉલટપાલટ.
Torch, *n.* મશાલ.
Torment, *n.* અતિશય પીડા, દુઃખ.
Torpid, *a.* બેહેર મારી ગએલું, મુડદાલ.
Torpor, *n.* બેહેર મારી ગએલાપણું, મુડદાલપણું.
Torrent, *n.* વેગથી વેહેતો પ્રવાહ.
Torrid, *a.* અતિ ગરમ, ઉષ્ણ.
Tortoise, *n.* કાચબો.
Torture, *n.* અતી વેદના. *v. t.* બહુજ દુઃખ દેવું.
Toss, *v.t.* ઉછાળવું, એકદમ ઉંચું કરવું. *n.* ફેંકાવવું તે.
Total, *n.* કુલ સરવાળો. *a.* કુલ, સંપૂર્ણ.
Totter, *v. i.* લથડવું, ડગમગવું.

Touch, *v.t.* અડકવું. *n.* સ્પર્શ, ચટક, ચટકો, અંશ.—hole, *n.* કાન. (બંદુક તોપ વીગેરેનો). —ing, *a.* મન પીંગળાવે એવું. —stone, *n.* કસોટી. —y, *a.* બળિયેલ, ચિઢિયું.

Tough, *a.* ચીકણું, મજબુત, ચિમ્મડ. [કરવી.

Tour, *n.* કામને માટે કીધેલી મુસાફરી. *v. i.* મુસાફરી

Tournament, *n.* અસ્વાર યુદ્ધ વિહાર.

Tow, *v. t.*—ને દોરડે વતી પાણીમાં ઘસડી લેઈ જવું.

Toward, *prep.* તરફ, સામું.

Towel, *n.* અંગુચો, ટુવાલ, રૂમાલ.

Tower, *n.* મિનારો, કિલ્લો.

Town, *n.* મ્હોટો કસ્બો, પુરી, શેહેર.—hall, *n.* શેહેરના લોકને એકઠા મળી વિચાર કરવાની જગ્યા. —sman, *n.* કસ્બાનો રહેનાર.

Toy, *n.* રમકડું. *v. i.* રમવું.

Trace, *n.* કોઈ વસ્તુ જતાં જતાં તેની પડેલી નિશાની. નામ નિશાન, આભાસ ઉપરથી ચીતરી કાઢવું.(જેમકે નકશો). [*a.* ઉજ્જડ.

Track, *n.* પડી રહેલી નિશાની, શેરડો, ચીલો. —less,

Tract, *n.* દેશ, પ્રદેશ.—able, *a.* દોરવેલું, દોરાય એવું, કહ્યાગરું.—sman, *n.* ધંધાર્થી માણસ.

Trade, *n.* વેપાર, વ્યાપાર.

Trader, *n.* વેપાર કરનાર, વેપારી.
Tradition, *n.* હવાલે કરવું તે, પરંપરાથી કહેવાતી આ-
વેલી વાત, દંતકથા.—al,—ary, *a.* દંતકથાસંબંધી.
Traduce, *v.t.*–નો દોષ કાઢવો.–ની ખોટી નિંદાકરવી.
Traffic, *n.* વેપાર.
Tragedy, *n.* કરૂણારસ નાટક.
Tragic–al, *a.* કરૂણારસ પરિણામભરેલું.
Trail, *v.t.* ઘસડી લઇ જવું. *v. i.*–નો લાંબો લીસોટો
પડી રહેવો, લાંબુ પથરાવવું. *n.* શિકારી જે પગલાં ઉ-
પરથી પશુને શોધી કાઢે છે તે પગલાં.
Train, *n* ઝુલ, દામણ, રસાલો, ક્રમ, આગગાડી. *v.t.*
તરબિચત કરવું, કેળવવું.
Trait, *n.* નિશાન, ચિન્હ, લક્ષણ.
Traitor, *n.* રાજદ્રોહી, વિશ્વાસઘાતી.
Trammel, *n.* બેડી, બંધન.
Trample, *v. t.* છૂદવું, કચરવું. [*v. t.* શાંત કરવું.
Tranquil, *a.* શાંત, સ્વસ્થ.—ity, *n.* શાંતિ.—ize,
Transact, *v. t.* કરવું. *v. i.* કામ કરવું–ચલાવવું.
Transaction, *n.* કરવું તે, કામ, બનાવ.
Transcend, *v. t.* –ના કરતાં વધારે ઉંચા હોવું, –ના
કરતાં વધારે ચઢીયાતાં હોવું.—ent, *a.* સર્વોત્તમ.
Transcribe, *v. t.* –નો ઉતારો કરવો.

Transcript, *n.* ઉતારો.—ion, *n.* નકલ કરવી તે.
Transfer, *v. t.* એક જગોથી બીજી જગાએ લાવવું. -ના નામનું કરવું, -ને સ્વાધીન કરવું, ઉતારવું. *n.* એક જગોથી બીજી જગાએ લાવવું તે, બીજાને આપવું તે, બીજાના નામનું કરી આપવું તે.
Transfix, *v. t.* આરપાર નીકળે એમ પોચવું.
Transform, *v. t.* -નું રૂપ બદલવું.
Transgress, *v. t.* -નું ઉલ્લંઘન કરવું.—ion, *n.* લોપ, ભંગ.—or, *n.* હુકમ તોડનાર.
Transient, *a.* જાથું ન રહેનારૂં, ક્ષણિક.
Transit, *n.* જવું-આવવું તે, લઇ જવું તે.
Transitive, *a.* સકર્મક.
Transitory, *a.* ફક્ત થોડો વખત રહેનારૂં, ક્ષણભંગુર.
Translate, *v. t.* એક ઠેકાણેથી ઉપાડીને બીજે ઠેકાણે લઈ જવું. *v. i.* & *t.*-નો તરજુમો કરવો.
Translation, *n.* એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું તે, ભાષાંતર, તરજુમો.
Translator, *n.* ભાષાંતર કર્ત્તા.
Transmigrate, *v. i.* દેશાંતર જઇ વસવું, ફરી જન્મ [લેવો.
Transmigration, *n.* લોકોએ સ્વદેશનો ત્યાગ કરી બીજે દેશ જઈ વસવું તે, પુનર્જન્મ.
Transmission, *n.* એક જગાએથી બીજી જગાએ મો-

કલવું તે, દયાદાન.

Transmit, *v. t.* બી ઉપર મોકલવું.

Transmutation, *n.* રૂપાંતર.

Transparent, *a.* આરપાર દેખાય એવું, પારદર્શક.

Transpire, *v. i.* બહાર પડવું, પ્રગટ થવું.

Transplant, *v.t.* એક જગાએથી ઉખેડી બીજી જગાએ [વાવવું.

Transport, *v. t.* એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું. *n.* અત્યાનંદ, ઉતારૂઓનો સામાન લઇ જવાનું બારકસ, કાળા પાણીની સજા પામેલો ગુન્હેગાર.

Transportation, *n.* એક જગાએથી બીજી જગાએ લઈ જવું તે, દેહાંત દંડ થાય એવા ગુન્હા સારૂ કરેલી દેશાપારની સજા.

Transpose, *v. t.* –ની અરસપરસ જગો બદલવી.

Transposition, *n.* પક્ષાંતરકરણ.

Transubstantiation, *n.* કોઈ પદાર્થનો ખવાસ બદલીને તેનો બીજો પદાર્થ કરવો તે, પ્રભુભોજન વિધિપૂર્વક ચાલતાં જે રોટલી તથા દ્રાક્ષનો રસ વાપરવામાં આવે છે તેઓનો ખવાસ બદલાઈને તેઓનું ઈસુખ્રિસ્તની દેહ તથા લોહી બની જવું માને છે તે.

Transverse, *a.* આડુ આવેલું, તિરકસ.

Trap, *n.* શિકારના જનાવરો પકડવાનું પાંજરૂં, કોળવાઇ.—door, *n.* ચોરબારણું.

Trapezium, *n.* વિષમ ચતુરસ્ર, ત્રાપીઝીઅમ.
Trapping, *n.* શણગાર, સાજ.
Trash, *n.* કંઈ કીમત નહીં એવી ચીજ, કચરો.
Travail, *v. t.* ઘણીજ સખત મજુરી કરવી, –ને પ્રસવ વેદના થવી. *n.* ઘણીજ સખત મજુરી, પ્રસવવેદના.
Travel, *n.* મુસાફરી. *v. i.* ફરવું, મુસાફરી કરવી. —ler, *n.* મુસાફર, પંથી. [આડું મુકવું.
Traverse, *a.* આડું આવેલું. *n.* દૈવી અડચણ. *v. t.*
Tray, *n.* તબાક, થાળી, તાસક.
Treacherous, *a.* નિમકહરામ,દગાખોર, વિશ્વાસઘાતી.
Treachery, *n.* કાવતરૂં, વિશ્વાસઘાત.
Treacle, *n.* ગોળ, રસી. [*v. t.* ખુંદવું.
Tread, *v. i.* પગ મુકવો, ફરવું. *n.* પગલું, પગથિયું.
Treason, *n.* રાજદ્રોહ, નિમકહરામીપણું.
Treasure, *n.* પુંજી, ખજાનો. *v. t.* સંઘરી રાખવું. —r, *n.* ભંડારી, તિજોરર, જામદાર.
Treasury, *n.* ખજાનો, ભંડાર. [*n.* વર્તણુંક.
Treat, *v.t.* વર્તવું. *n.* મોજ, સન્માન, રમુજ.—ment,
Treatise, *n.* જેમાં કોઈ વિષય ચરચ્યો હોય એવો ગ્રંથ.
Treaty, *n.* સલાહનો કોલકરાર, તહનામું.
Treble, *a.* તેવડું, ત્રગણું. *v.t.* ત્રગણું કરવું.
Tree, *n.* ઝાડ, વૃક્ષ, તરૂ.

Tremble, *v. i.* ધ્રુજવું, કાંપવું.
Tremendous, *a.* ભયાનક, દારૂણ, ઘોર.
Tremulous, *a.* ધ્રુજતું, અસ્થિર.
Trench, *n.* ખોદેલી ખાઈ. *v. t.* ખાઈ વિગેરે ખોદવું.
Trencher, *n.* લાકડાંની મોટી વિલાયતી રકાબી, ટબલ, મિષ્ટાન્નપાન.
Trepidation, *n.* ભયકંપ, ભીતાવસ્થા.
Trespass, *n.* વાંક, પ્રવેશ, અપરાધ. *v. i.* પારકાની જગામાં થઇને તેની રજા વગર જવું, રોકવું, અપરાધી થવું.
Trial, *n.* અજમાયશ, કસોટી, મુકદ્દમાની, તજવીજ.
Triangle, *n.* ત્રિકોણ, ત્રીકોણાકૃતિ.
Tribe, *n.* જાત, ટુકડી, કુલ.
Tribunal, *n.* ઈનસાફનું ઠેકાણું, કોરટ, ઇનસાફદાર.
Tributary, *n.* or *a.* ખંડીઉં, તાબાનું.
Tribute, *n.* ખંડણી, ત્રટણ, ઘાસદાણો.
Trice, *n.* પલક, પળ. [છેતરવાની યુક્તિ, છેતરપટ્ટી.
Trick, *n.* કારસ્તાન, ચાળો, હાથચાલાકી.—ery, *n.*
Trickle, *v. i.* ધાર પડવી, ગૈળવું.
Triennial, *a.* ત્રણ વર્ષ લગી રહેનારૂં, ત્રિવાર્ષિક, ત્રણ વર્ષે એકવાર થનારૂં-આવનારૂં.
Trifle, *n.* નજીવી વાત *v.i.* છોકરવાદી કરવી.

Trifling, *a.* નજીવ, દમ વગરનું, હલકું.
Trigonometry, *n.* ત્રિકોણમિતિ.
Trim, *v. t.* ઠીક કરવું, કાતરવું,—નો ગુલ કાતરવો, એવી રીતે ચાલવું કે બેઉ પક્ષ જાણે કે આપણામાં છે. —mer, *n.* એક પગ દહીંમાં ને એક પગ દુધમાં રાખનાર, શુમાર જોઈને ચાલનાર.
Trinity, *n.* પિતા પુત્ર અને પવિત્ર આત્મા એ ત્રણે મળીને થયેલો એક ઈશ્વર.
Trinket, *n.* ઘરેણું, દાગીનો.
Trip, *n.* ફેરો, ચક્કર, આંટો, ભૂલ, ઠોકરાણું.
Tripartite, *a.* ત્રિભાગ, ત્રિજોડ, ત્રિપક્ષ. [ક ઉચ્ચાર.
Triphthong, *n.* ત્રણ સ્વર સાથે આવ્યાથી બનેલો એ-
Triple. *a.* ત્રગણું.
Tripod, *n.* ત્રણપાયાનું આસન, તિરપાઈ.
Trite, *a.* ચવાઈ ગએલું, સાધારણ થઈ ગયેલું. [રવો.
Triturate, *v. t.* ખાંડી-વાટીને ઘણોજ ઝીણો ભૂકો ક-
Triumph, *n.* જયોત્સવ, વિજયહર્ષ, વિજય.—al, *a.* વિજય સંબંધી.—ant, *a.* જયજયકાર કરતું.
Trivial, *a.* નજીવું, હલકું.
Trochee, *n.* ગુરૂ લઘુપદ, ગલપદ. [*n.* લશ્કરી સ્વાર.
Troop, *n.* ટોળું, લશ્કર, ઘોડાના લશ્કરની ટુકડી.—er
Trophy, *n.* યુદ્ધમાં મારી કાઢેલા શત્રુઓનાં લઇ લી-

ઘેલા હથિઆરનો વાળેલો ઢગલો, જયસ્મરણ ચિન્હ. શિકાર કરેલા પ્રાણીનું (શણગાર તરીકે રાખેલું) અવયવ.

Tropic, *n.* અયનવૃત.—s, *pl.* ઉષ્ણદેશ, ઉષ્ણકટિબંધ.

Trot, *v. i.* ખુદ્દ ખુદ્દ ચાલવું. *n.* ખુદ્દ ખુદ્દ ચાલ.

Trouble, *n.* સંતાપ, દુઃખ, મેહેનત, જંજાળ, તસ્દી. *v.t.* પજવવું, સંતાપવું.—some, *a.* કડાકુટીઉં, દુખદાયી.

Trough, *n.* પાણી અથવા બીજો કોઇ પ્રવાહી પદાર્થ રાખવા સારૂ એક લાંબુ વાસણ, પરનાળ.

Trowel, *n.* (કડીયાનું) લોઢું.

Trowsers, *n.* લેંઘો, સુરવાલ.

Truant, *a.* ભટક્યા કરતું.

Truce, *n.* થોડા બખત સારૂ કરેલી સલાહ.

Truckle, *v.i.* ન્હાનું લાકડાનું પૈડું, ન્હાની બે પૈડાંની પથ્થર વિગેરે લઈ જવાની ગાડી.

True, *a.* સાચું, વાસ્તવિક, બરાબર.

Truly, *ad.* ખરેખરું, સાચેસાચું ખરા મનથી.

Trumpet, *n.* તુરાઈ, રણશીંગું. *v. t.* ઢંઢેરા પીટવો, —નાં વખાણ કરતાં ફરવું.

Truncheon, *n.* ડંડુકો, ડંગોરો.

Trunk, *n.* થડ, ધડ, મુખ્ય ભાગ, સુંઢ.

Trust, *n.* વિશ્વાસ, પતીજ. *v. t.* ભરોસો કરવો. —worthy, *a.* ખાતરીનું, વિશ્વાસુ.

Truth, *n.* સાચઇ, પ્રમાણિકપણું.—ful, *a.* સાચુંજ બોલનાર, ખરેખરૂં, સાચેસાચું.
Try, *v. t.* અજમાશ કરવી, પારખવું. *v. i.* કરી જોવું.
Tub, *n.* લાકડાનું કુંડું.
Tube, *n.* નળ, નળી.
Tuesday, *n.* મંગળવાર, સોમવાર.
Tuft, *n.* ઝુમખો, ગુચ્છો, કલગી.
Tug, *v. t.* ઘણા જોરથી તાણવું. *n.* ઘણા જોરથી મારે- [લો આંચકો.
Tuition, *n.* ભણાવવું તે, વિદ્યોપદેશ.
Tumble, *v. i.* ગબડવું, ધસી પડવું.
Tumbler, *n.* મલ્લ, ચલાણી, એક જાતનું વિલાયતી કા- [ચનું પ્યાલું.
Tumour, *n.* ગુંમડું, ગાંઠ.
Tumult, *n.* ખળભળાટ, ભારે જોશ, તોફાન.—uous, *a.* ગડબડાટ ભરેલું, તોફાની.
Tun, *n.* મોટું પીપ, દારૂ તથા તેલ આદિનું અમુક માપ.
Tune, *n.* રાગ, સુરનો મેળ.—ful, *a.* મધુર, સુસ્વર.
Tunnel, *n.* ભોંય વીગેરેમાં પાડેલો રસ્તો, ખોદીને રસ્તો મુકવો.
Turban, *n.* પાઘડી.
Turbid, *a.* રગડા જેવું, કચરાવાળું.
Turbulent, *a.* તોફાની, હુલ્લડ મચાવનારૂં.
Turf, *n.* જડીવાળી ધરતી, બળતણ, ઘોડાની શરત.

Turkey, *n.* એક જાતનું અમેરીકાનું પક્ષિ.
Turmeric, *n.* હળદ, હળદર.
Turmoil, *n.* હુલ્લડ, સંતાપ, ગડબડાટ.
Turn, *n.* ફરવું તે, વારો, વળણ. *v. t.* સંઘાડે ઉતારવું, ફેરવવું.—er, *n.* સંઘાડિયો.
Turnip, *n.* સલગમ. [ઝાડમાંથી ઝરફાવી કાઢેલું તેલ.
Turpentine, *n.* તરપીટન તેલ, વિલાયતી સરવના
Turret, *n.* કિલ્લા–ઘર ઉપરનો મિનારો, શિરોગૃહ.
Turtle, *n.* કાચબો, એક જાતનો હોલો. —dove, *n.* વિલાયતી હોલો.
Tusk, *n.* શૂળદંત, દાઢ.
Tutor, *n.* શિક્ષક, મેહેતાજી.
Twaddle, *v. i.* } બકવું, લવવું.
Twattle, *v. i.* }
Twang, *n.* ગુંગણો–નાકમાંનો અવાજ, ગુગણાટ, ટંકાર. *v. i.* ટંકાર થવો. *v. t.* ટંકાર કરવો. [ઓ.
Tweezers, *n.* નિમાળા-વાળ ચુંટવાનો નહાનો ચીપી-
Twelfth, *a.* બારમું.
Twelve, *a.* બાર.—month, *n.* બાર મહિના, વર્ષ.
Twenty, *a.* વીસ. *n.* વીસનો આંકડો.
Twice, *ad.* બે વખત, બેગણું, બમણું.
Twig, *n.* ઝાડની નહાની ડાળી.

Twilight, *n.* સૂર્ય ઉગ્યા પહેલાં અથવા આથમ્યાપછી પડતું ઝાંખું અજવાળું, ઝળઝળું.
Twin, *n.* સાથે જન્મેલાં જોડિયાંમાંનું એક, મિથુનરાશી. *a.* જોડે જણેલું જોડકું.
Twine, *n.* સુતળી, દોરી. *v. t.* વિંટાળવું.
Twinkle, *v. i.* ચમકવું, આંખ પલકાવવી.
Twinkling, *n.* આંખનો પલકારો, નિમિષમાત્ર.
Twist, *v. t.* આમળવું, વીંટાળવું, તાંતણો કાઢવો, ઉંધો અર્થ કરવો. *n.* આમળો, વળ.
Twit, *v. t.* મ્હેણું મારવું.
Twitch, *n.* આંચકો, ઝટક. *v. t.* આંચકો મારવો.
Twitter, *n.* ઠી ઠી હસવું તે. *v. i.* ઠી ઠી હસવું.
Two, *a.* બે. *n.* બે સંખ્યા, બગડો.
Type, *n.* છાપ નમુનો, જાત, બીબું.
Typify, *v. t.* –ના સ્વરૂપની નીશાણી દેખાડવી.
Typography, *n.* બીબાથી છાપવાનું કામ.
Tyrannical, *a.* જુલ્મી, નિરંકુશ.
Tyrannize, *v.t.* જુલમ કરવો, દુઃખ દેવું.
Tyranny, *n.* જુલમ, નિર્દયતા.
Tyrant, *n.* જુલમગાર રાજા.
Tyro; *n.* નવો નિશાળીયો, શિખાઉ.

U.

U, ઇંગ્રેજી મુળાક્ષરનો એકવીસમો અક્ષર.
Ubiquity, *n.* સર્વ ઠેકાણે હોવું તે.
Udder, *n.* આંચળ, થાન.
Ugly, *a.* બેડોળ, કરૂપ.
Ulcer, *n.* નાસુર, ચાંદી.—ous, *a.* જેમાં નાસુર પડે-લું તેવું, પરૂવાળું.
Ultimate, *a.* છેલ્લું.—ly, *ad.* છેલ્લે.
Ultimatum, *n.* આખરનું બોલવું.
Ultra, *a.* અતિસે, ઘણુંજ.
Umbrage, *n.* ઘટા, નાખુશી.—ous, *a.* છાંયડો કર-નાર.
Umbrella, *n.* છત્રી, છતર.
Umpire, *n.* મધ્યસ્થ, ત્રાહીત, સરપંચ.
Unable, *a.* અશક્ત.
Unacceptable, *a.* કબુલ ન થાય એવું, ના પસંદ.
Unadvised, *a.* અવિચારી, ઉતાવળથીકીધેલું, અનસમજુ.
Unaffected, *a.* સાદું, ખરૂં, અસર ન થઈ હોય એવું.
Unaided, *a.* વગર મદદનું.
Unalloyed, *a.* મેળવણી વગરનું, ચોખ્ખું.
Unanimity, *n.* એક મત, સંપ.
Unanimous, *a.* એકમત.
Unanswerable, *a.* જેનો જવાબ ન દેવાય એવું, અ-ખંડનીય.

Unapt, *a.* તૈયાર નહીં, ના લાયક.

Unavoidable, *a.* જેનાથી દુર રહેવાય નહીં એવું, અ-[નિવાર્ય.

Unaware, *a.* અજાણ્યું.—s, *ad.* ઓચિંતુ, એકાએક.

Unbecoming, *a.* અયોગ્ય, નાલાયક.

Unbeliever, *n.* અવિશ્વાસી, નાસ્તિક.

Unbiassed, *a.* નિષ્પક્ષપાત.

Unblest, *a.* આશીર્વાદ નહીં પામેલું, કંગાલ.

Unbosom, *v. t.* મનની વાત કહેવી.

Unbounded, *a.* અપાર, અત્યંત.

Unbroken, *a.* આખું, અખંડ.

Unburden, *v.t.* બોજો ઉતારી લેવો, -નું દુઃખ ખુલાસાથી કહેવું.

Unbutton, *v. t.* બોરિયાં કાઢવાં.

Uncertain, *a.* નક્કી નહીં હોય એવું, અનિશ્ચિત.

Uncharitable, *a.* અપ્રેમી, દોષ કાઢનાર.

Unchaste, *a.* વ્યભિચારી,

Uncivil, *a.* અસભ્ય, તોછડું.

Uncivilized, *a.* નહીં સુધરેલું.

Uncle, *n.* કાકો, મામો, ફુવો, માસો.

Unclean, *a.* મેલું, મલીન.—sed, *a.* વગર માંજેલું.

Uncomfortable, *a.* સુખકારક નહીં એવું.

Uncommon, *a.* અસાધારણ.

Unconcern, *n.* બેદરકાર, બેફિકર.
Unconscious, *a.* બેભાન.
Uncouth, *a.* તરેહવાર, બેડોળ.
Uncover, *v. t.* ઢાંકણ લેઇ લેવું.
Unctuous, *a.* ચીકણું, તેલિયું.
Undaunted, *a.* ભય વગરનું.
Undeceive, *v. t.* ભ્રાંતી-ભુલ કાઢી નાંખવી.
Under, *prep.* નીચે, તળે, હેઠળ.
Undergo, *v. t.* ભોગવવું.
Underhand, *a.* or *ad.* છુપું, છુપી રીતે.
Underline, *v. t.* શબ્દોની નીચે લીટી દોરવી.
Underling, *n.* હાથ નીચેનું માણસ.
Undermine, *v. t.* નીચેથી જમીન ખોદી કાઢવી, છાનો ચાકો લગાડવો.
Undermost, *a.* સર્વથી નીચેનું.
Underneath, *prep.* or *ad.* નીચે, તળે, હેઠે.
Underrate, *v. t.* ઓછી કિમ્મત કરવી.
Undersign, *v. t.* નીચે સહી કરવી. [સમજશક્તિ.
Understand, *v. t.* સમજવું, ખબર મળવી.—ing, *n.*
Undertake, *v. t.* માથે-હાથમાં લેવું, વચન આપવું. —r, *n.* માથે લેનાર, મરાણિયો.
Undertaking, *n.* કામ.

Undervalue, *v. t.* –ની ઓછી કિમ્મત કરવી.
Underwood, *n.* ન્હાનાં ઝાડ.
Underwriter, *n.* વીમો ઉતારનાર.
Undersigning, *a.* નિષ્કપટી, દગા વગરનું,
Undo, *v. t.* કર્યુ તે ન કર્યું કરવું.
Undoubted, *a.* સંશય વગરનું.
Undress, *v. t.* લુગડાં કાઢવાં, ઘરેણાં કાઢી નાંખવાં.
n. સિપાઇ કામપર ન હોય તે વેળા પેહેરેછે તે કપડાં.
Undue, *a.* અયોગ્ય, અતિશય.
Undulate, *v. i.* લટકીને હીંચકા ખાવા.
Undutiful, *a.* હુકમ નહીં માનનાર.
Uneasiness, *n.* નહીં ચેન તે, બેકરારી.
Uneasy, *a.* અસુખી, બેચેન. [ઓછું.
Unequal, *a.* સરખું નહીં એવું, ઉતરતા દરજ્જાનું,
Unerring, *a.* અચૂક, નિર્ભાંત, ખાતરીવાળું.
Uneven, *a.* સરખું નહીં હોય એવું. [અનુપમ.
Unexampled, *a.* જેના જેવું બીજું કોઈ ન હોય એવું,
Unexpected, *a.* નહીં ધારેલું.—ly, *ad.* એકાએક, અકસ્માત.
Unexplored, *a.* નહીં જણાએલું, અજ્ઞાન.
Unfailing, *a.* ખૂટે નહીં એવું, ખચીત.
Unfair, *a.* બેઇમાનદાર, ગેરઇન્સાફી, ખોટું.

Unfaithful, *a.* બેઈમાની, નિમકહરામ.
Unfasten, *v. t.* છોડવું.
Unfavourable, *a.* અનુકુળ ન હોય એવું, પ્રતિકૂળ.
Unfeeling, *a.* નિર્દય, ઘાતકી.
Unfinished, *a.* અધુરૂં, કાચું.
Unfit, *a.* અયોગ્ય, ન લાયક, અશક્ત.
Unfold, *v. t.* ફેહેવું, ખુલ્લું કરવું.
Unfortunate, *a.* ભાગ્યહીન, કરમનું ફૂટેલું.—ly, *ad.* કમનસીબે, દુર્ભાગ્યે.
Unfounded, *a.* નહીં સ્થાપેલું, નિરાધાર.
Unfriendly, *a.* પ્રીતિરહિત, અસ્નેહી.
Unfurl, *v. t.* ઉકેલવું, ખોલવું (વાવટો વિગેરે).
Ungodly, *a.* ભક્તિહીન, અધાર્મિક, ભ્રષ્ટ.
Ungrateful, *a.* પાડ ન માનનાર, નગરૂં.
Unhappy, *a.* અસુખી, કમનસીબ.
Unhealthy, *a.* વારે વારે માંદુ થાય એવું, રોગ ઉત્પન્ન કરે એવું.
Unheard, *a.* નહીં સાંભળેલું.
Unholy, *a.* અપવિત્ર, નાપાક.
Unicorn, *n.* એક શિંગડાવાળું કલ્પિત જનાવર.
Uniform, *a.* એક જાતનું. *n.* એકસરખો પોષાક, લશ્કરી પોષાક.—ity, *n.* એકરૂપતા.—ly, *ad.* એક સરખી રીતે.

Unintelligible, *a.* સમજી શકાય નહીં એવું, દુર્બોધ.

Unintentional, *a.* ન ધારેલું, અણધારેલું.

Uninteresting, *a.* રસ નહીં પડે એવું.

Uninterrupted, *a.* અખંડ, નહિ અટકેલું.—ly, *ad.* નિરંતર, હમેશ.

Union, *n.* સંયોગ, સંપ.

Unique, *a.* માત્ર એક, એકજ.

Unit, *a.* એક, એકમ.

Unite, *v. t.* જોડવું, મેળવી દેવું. *v.i.* મળી જવું.

Unity, *n.* એકપણું, મળતાપણું.

Universal, *a.* સર્વમય, સાધારણ.

Universe, *n.* જગત, સર્વ જગત, સૃષ્ટિ. [સમાજલય.

University, *n.* વિદ્યાલય, પાઠશાળા, સર્વવિદ્યોત્તેજક,

Unjust, *a.* અધર્મિ, ગેરઇનસાફી, અન્યાયી, અધર્મનું.

Unkind, *a.* કૃપાહીન.

Unknown, *a.* નહીં જણાએલું, અપ્રસિદ્ધ.

Unlade, *v. t.* બોજો ઉતારવો, –માંથી માલ ઉતારવો.

Unlawful, *a.* ધારા વિરૂદ્ધ, અઘટિત.

Unless, *conj.* શિવાય, જો-તો નહિ.

Unlettered, *a.* વગર ભણેલો, ધોળા ઉપર કાળું કરતાં ન આવડે તેવો.

Unlike, *a.* સરખું નહીં હોય, તેવું, જુદું.

Unlimited, *a.* અપાર, અનંત.

Unload, *v. t* ભાર ઉતારવો, બોજો ઉતારવો.

Unlock, *v. t.* –નું તાળું-કળ ઉઘાડવી, ઉઘાડું કરવું.

Unlucky, *a.* કમનસીબ, ભાગ્યહીન.

Unman, *v. t.* નપુંસક–નામર્દ કરવું, જાનવર જેવું કરવું, હિમ્મત છોડાવવી, વસ્તીહીન-ઉજ્જડ કરવું.—ly, *a.* મરદને ન શોભે એવું.

Unmannerly, *a.* અસભ્ય.

Unmask, *v. t.* મુખવટો કાઢી નાંખવો. [દ્ધ્ય.

Unnatural, *a.* અસ્વાભાવિક, સૃષ્ટિનિયમ વિરૂદ્ધ, નિ-

Unnecessary, *a.* જરૂરનું નહીં એવું, નિરૂપયોગી.

Unpack, *v. t.* છોડવું, ભાર ઉતારવો.

Unpleasant, *a.* ન ગમે એવું, નાપસંદ.

Unploughed, *a.* નહીં ખેડેલું. [અસભ્ય.

Unpolished, *a.* સફાઈદાર નહીં કરેલું, વગર ઓપેલું,

Unpopular, *a.* લોકોને અણગમતું.

Unprecedented, *a.* જેના જેવું આગાડી ન થયેલું એવું.

Unprincipled, *a.* દુર્ગુણી, અનીતિવાન.

Unqualified, *a.* અયોગ્ય, નાલાયક.

Unquestionable, *a.* સંદેહ રહિત, નિસ્સંશય.

Unravel, *v. t.* ગુંચ કાઢવી. [લ્લે ખુલ્લું.

Unreserved, *a.* સ્વાધીન નહીં રાખેલું, સંપૂર્ણ, ખુ-

Unrighteous, *a.* અધર્મી, દુષ્ટ, અન્યાયનું.
Unripe, *a.* નહીં પાકેલું, કાચું, અધુરૂં, અપૂર્વ.
Unroll, *v. t.* વિંટાળેલું છોડી નાંખવું.
Unruffled, *a.* શાંત, સ્થીર.
Unruly, *a.* કબજામાં નહી રહે એવું, વંઠેલ.
Unsay, *v. t.* બોલેલું ખોટું કરવું.
Unseemly, *a.* સારૂં ન દેખાય એવું, શોભે નહીં એવું.
Unseen, *a.* નહીં જોયેલું, અદ્રશ્ય.
Unsettled, *a.* ડડળતું, અસ્થિર, બંદોબસ્ત વગરનું.
Unsheath, *v. t.* મ્યાનમાંથી તલવાર બહાર કાઢવી.
Unskilful, *a.* અણકિસ્બી, આવડવિનાનું.
Unsociable, *a.* હળી ન જાય એવું.
Unsound, *a.* ખોડવાળું, રોગિષ્ટ.
Unspeakable, *a.* કહેવાય નહીં એવું.
Unspotted, *a.* ડાઘ વગરનું, નિષ્કલંક, ચોખ્ખું.
Unsteady, *a.* ડગમગતું, વિચાર બદલ્યા કરે એવું.
Unsuccessful, *a.* નામુરાદ, અકૃતાર્થ, નિષ્ફળ.
Unsuitable, *a.* અયોગ્ય, નાલાયક.
Unthinking, *a.* અવિચારી, અવિવેકી.
Untie, *v. t.* છોડવું, છુટું કરવું.
Until, *conj.* જ્યાં-ત્યાં-સુધી-લગી,
Untimely, *a.* કવખતનું, અકાળ.

Unto, *prep.* ને, લગી, સુધી.
Untold, *a.* નહીં કહેલું, નહીં ગણેલું, અગણિત.
Untoward, *a.* આડું, હઠીલું.
Untrue, *a.* અસત્ય, જુઠું, વિશ્વાસઘાતી, બેવચની.
Untruth, *n.* જુઠ, અસત્ય.
Untwine, *v. t.* ઉકેલવું, વિંટાળેલું છોડી નાંખવું.
Unusual, *a.* અસાધારણ, અલૌકિક.
Unveil, *v. t.* બુરખો-ઘુમટો કાઢી નાંખવો.
Unwary, *a.* અસાવધ, ગાફેલ.
Unwearied, *a.* નહીં થાકેલું, નહીં થાકે એવું.
Unwell, *a.* જેના જીવને સુખ કરાર નહીં એવું, દીલગીર થયેલું-થતું.
Unwholesome, *a.* રોગકારક, ખરાબ કરે એવું.
Unwieldy, *a.* ઘણું ભારે, ઘણી મુશ્કેલાઈથી ખસેડાય-ફેરવાય-ઉચકાય એવું.
Unwilling, *a.* નાખુશ, નારાજી.—ly, *ad.* નાખુશીથી.
Unwise, *a.* ડાહ્યું નહીં એવું, મૂર્ખ.
Unworthy, *a.* અયોગ્ય, અણઘટતું.
Up, *prep.* ઉપર, પથારીપરથી ઉઠેલું.—per, *a.* ઉપરનું, ઉપલું, ચઢતું, શ્રેષ્ઠ.—permost, *a.* સૌથી ઉપરનું-ઉંચું, બળવાન.—ward, *a.* ઉપરનું. *ad.* ઉંચે.

Upbraid, *v. t.* ઠપકો દેવો. [પવો, બહાલ રાખવું.
Uphold, *v. t.* ઉંચકી–ધરી રાખવું, ટેકો–આશ્રય આ-
Upland, *n.* ઉંચી જમીન.
Uplift, *v. t.* ઉંચુ કરવું, ઉંચકવું.
Upon, *prep.* પર, ઉપર.
Upright, *a.* સીધું, ટટાર, પ્રમાણિક, આજબી.
Uproar, *a.* કલાબકોર, શોર, કકલાણ.
Upset, *v. t.* ઉંધું નાંખવું–વાળવું.
Upshot, *n.* પરિમાણ, છેવટ.
Upside down, *ad.* ઉંધું, ઉંધુંચતું.
Upstart, *n.* એકાએક શ્રીમંત–પૈસાદાર થયેલું, આજ કાલનું પૈસાદાર થયેલું.
Urbanity, *n.* સભ્યતા, ભલમનસાઇ.
Urchin, *n.* પોર્યું, છોકરૂં.
Urge, *v. t.* ધકેલવું, ફરજ પાડવી.
Urgency, *n.* આગ્રહ, અગત્ય, જરૂર.
Urgent, *a.* આગ્રહી, જરૂરનું, અગત્યનું.
Urine, *n.* મૂત્ર, પિશાબ. *v. i.* મુતરવું. પિશાબ કરવો.
Urn, *n.* પાણી ભરવાનું વાસણ, ચંબુ, ચિતા ભસ્મપાત્ર.
Us, *pron.* અમને, આપણને. The objective case of "We".
Usage, *n.* રિવાજ, ધારો, વહિવટ, રૂઢી.

Use, *n.* ઉપયોગ, કામ. *v. t.* વાપરવું, વહીવટમાં-કામમાં લાવવું,-ની સાથે વર્તવું, ચાલવું, અભ્યાસ-મહાવરો રાખવો.—ful, *a.* ઉપયોગી, કામનું.—less, *a.* નકામું, નિરૂપયોગી.

Usher, *n.* ઉપશિક્ષક, છડીદાર. *v. t.* ઓળખાણ કરાવવી, દાખલ કરાવવું.

Usual, *a.* ચાલ-રીત-શીરસ્તા-વહિવટનું, પ્રમાણે હોય તેવું.—ly, *ad.* ઘણું કરીને, ઘણી વખતે.

Usurer, *n.* વ્યાજવટું કરનાર, વ્યાજખોર, કાંધીઓ.

Usurp, *v. t.* બળાત્કારે-વગર હકે છીનવી-લઈ લુંટી લેવું, પચાવી પડવું. —ation, *n.* બળાત્કારે-વગર હકે છીનવી લેવું તે. —er, *n.* બળાત્કારે-વગર હકે છીનવી લેનાર, દબાવી રાખનાર.

Usury, *n.* ગેરવ્યાજબી વ્યાજ, ઘણું ભારે વ્યાજ.

Utensil, *n.* ઓજાર, રાચરચીલું, વાસણકુસણ.

Utility, *n.* ઉપયોગીપણું, ઉપયોગ, ગુણ, ફાયદો.

Utmost, *a.* સૌથી છેલ્લું, અપરંપાર, બેહદ.

Utter, *a.* બાહ્ય, અતિશય, બીલકુલ.—ly, *ad.* તદ્દન, કેવળ, તમામ.—most, *a.* ઘણુંજ, બેહદ, આખરનું.

Utter, *v. t.* બોલવું, જાહેર કરવું.—ance, *n.* બોલવું તે, બોલવાની શક્તિ-રીત-ઢબ, ઉચ્ચાર.

Uxorious, *a.* પ્રીતિથી સ્ત્રીને અતિશય આધીન થઈ રહેલો, બાયલો.—ness, *n.* બાયલાપણું.

V.

V, ઇંગ્રેજી મુળાક્ષરનો બાવીસમો અક્ષર.
Vacancy, *n.* ખાલી જગ્યા, ખાલી પડેલી જગ્યા.
Vacant, *a.* ખાલી, સૂનકાર.
Vacate, *v. t.* ખાલી કરવું.
Vacation, *n.* રદ-બાતલ કરવું તે, છુટીના દિવસ.
Vaccinate, *v.t.*-ને ગૌશીતળા કાઢવા, બળિયાકાઢવાં.
Vaccuum, *n.* ખાલી જગા.
Vagabond, Vagrant, *a.* કોઈ પણ સ્થાઈ રેહેઠાણ [વગર ભમતું.
Vagary, *n.* તુરંગ, ફાંટો.
Vagina, *n.* યોની.
Vague, *a.* મોઘમ, નક્કી નહીં કરેલું.
Vain, *a.* ખાલી, નકામું, વૃથા.—glorious, *a.*શેખીખોર, પતરાજીયું.—glory, *n.* અતિશય આત્મસ્તુતિ, તોર.
Valiant, *a.* બહાદુર, હિમ્મતવાન.
Valid, *a.* મજબુત, પાકું, સારૂં, કાયદેસર.
Valley, *n.* બે પહાડ-ટેકરાની વચ્ચેની જમીન, ખીણ.
Valour, *n.* બહાદુરાઈ.
Valuable, *a.* કિમ્મતી, મૂલ્યવાન.
Value, *n.* કિમ્મત, ઉપયોગીપણું.
Valve, *n.* બે પડવાળું બારણું, એક ઠેકાણેથી ઉઘડે

ત્યારે બીજે ઠેકાણેથી બંધ થાય એવો પડદો.

Vampire, *n.* ઉંઘેલા પુરૂષોનું લોહી ચુસી જનાર ભૂત, લૂંટારો.

Van, *n.* લશ્કરનો મોખરો, અરમારનો મોખરો, માલ લઇ જવાની એક હલકી ગાડી.—guard, *n.* લશ્કરની પહેલી ટુકડી.

Vane, *n.* વાયુગતિ દર્શક યંત્ર.

Vanish, *v. i.* જતા રહેવું,નજરમાંથી અલોપ થવું,નાશ પામવું.

Vanity, *n.* પોકળપણું, અસત્ય, ખાલી ભપકો,શેખી.

Vanquish, *v. t.* જીતવું, હરાવી નાંખવું.

Vapid, *a.* જીવ વિનાનું,રસ વીનાનું.(See Vapour).

Vapour, *n.* વરાળ, ધુમાડો.

Variable, *a.* બદલાય એવું, ચલિત.

Variance, *a.* અણબનાવ.

Variation, *n.* ફેર, રૂપાંતર.

Variegate, *v. t.* તરેહ તરેહનું બનાવવું. રંગબેરંગ બનાવવું.

Variety, *n.* વિચિત્રપણું, જુદા જુદા હોવુંતે, ભેદ.

Various, *a.* જુદા જુદા પ્રકારનું, અનિશ્ચિત.

Varnish, *n.* રોગાન. *v. t.* રોગાન લગાડવો, ઉપર ઉપરથી સારૂં દેખાય તેમ કરવું.

Vary, *v. t.* ડોળમાં ફેર કરવું, બદલવું. *v. i.* —માં ફેર પાડવો, વિચારમાં જુદુ પડવું.

Vase, *n.* શોભીતું વાસણ.
Vassal, *n.* જોઈતી ચાકરી બજની મદદ કરવાની કબુલતે થએલો જાગીરદાર, ચાકર, ગુલામ.—age, *n.* ગુલામી, તાબેદારી.
Vast, *a.* મોટું, વિશાળ.
Vat, *n.* મોટી ટાંકી, કુંડું.
Vault, *n.* ઘુમટ, ભોંયરૂં. *v. t.* ઘુમટદાર કરવું.
Vaunt, *v. i.* પોતાની મ્હોટાઈ હાંકવી. *n.* બડાઇ,મોટાઈ, ફિશિઆરી.
Veal, *n.* વાછરડાનું માંસ.
Veer, *v. i.* ફરવું, બદલાવું.
Vegetable, *n.* ભાજીપાલો, વનસ્પતિ. *a.* ઔષધીના જેવું, ભાજીપાલાનું.
Vegetate, *v. i.* ઉગવું.
Vegetation, *n.* ઉગવું તે, ઝાડપાન.
Vehemence, *n.* જોર, જુસ્સો, આવેશ.
Vehement, *a.* જોરવાળું, આવેશી.
Vehicle, *n.* વાહન, ઉપાય, યાન.
Veil, *n.* પડદો.
Vein, *n.* નાડી, નસ, રસ્તો.
Vellum, *n.* સુક્ષ્મ ચર્મપત્ર.
Velocity, *n.* ત્વરા, વેગ, ઝડપ.

Velvet, *n.* મખમલ. [—ity, *n.* લાંચ.
Venal, *a.* લાંચીઊ, પૈસાની લાલચથી કામ કરે એવું.
Vend, *v. t.* વેચવું.—or, *n.* વેચનાર.
Venerable, *a.* માનયોગ્ય. પવિત્ર. [આપવી.
Venerate, *v. t.* –ને પૂજ્યમાન ગણવું, –ને આબરૂ
Veneration, *n.* પૂજ્ય માનવું તે, પૂજ્યપણું.
Venereal, *a.* સ્રીસંભોગથી થતું.
Venery, *n.* મૈથુન, રતિસુખ. [ફરેડી, ચીન, વજન.
Venetian, *n.* વેનીસ શહેરનું-સંબધી.—blind, *n.*
Vengeance, *n.* લીધેલું વેર.
Vengeful, *a.* ખારીલું.
Venial, *a.* ક્ષમા કરવા જોગ.
Venison, *n.* મૃગમાંસ.
Venom, *n.* ઝેર, ખુનસ—ous, *a.* ઝેરી.
Vent, *n.* નાનું કાણું, બાકું, બંદુક–તોપનો કાન.
Ventilate, *v.t.* તાજો પવન અંદર થઇને જાય તેમ કરવું.
Venture, *n.* જોખમ, નસીબ. *v.i.* હિંમત ધરવી. *v.t.* જોખમમાં પડવું.—some, *a.* બહાદુર, સાહાસીક.
Venus, *n.* રતિ, શુક્ર.
Veracity, *n.* સતવાદીપણું, સાચાઈ.
Veranda, *n.* ઓટલો.
Verb, *n.* ક્રિયાપદ.—al, *a.* લખેલું નહીં તેવું, જબા-

ની.—ally, *ad.* મોઢેથી.—atim, *ad.* શબ્દેશબ્દ.
—ose, *a.* –માં જોઈએ તે કરતાં વધારે શબ્દ હોય તેવું.

Verdant, *n.* લીલું કુંજર જેવું.

Verdict, *n.* જુરીનો અભિપ્રાય, ફેંસલો.

Verdigris, *n.* જંગાલ.

Verdure, *n.* નવી તાજી વનસ્પતિની શોભા, લીલોતરી.

Verge, *n.* છડી, અમલ, તાલુકો, કોર, છેડો.

Verify, *v. t.* ખરૂં કરી આપવું.

Verily, *ad.* ખરેખર, બેશક.

Verity, *n.* સત્યતા, ખરીજ વાત, સાચવટ.

Vermilion, *n.* હિંગળોક, હિંગળોકીઓ રંગ.

Vermin, *n.* નુકશાનકારક જીવ, મંકોડી.

Vernacular, *a.* દેશી, મુલકી, જન્મનું. *n.* દેશીભાષા.

Vernal, *a.* વસંતી.

Verse, *n.* ચરણ, પાદ, કવિતા, શ્લોક, કલમ.

Versed, *a.* નિપુણ, પ્રવીણ.

Versify, *v. i.* કવિતા બનાવવી.

Version, *n.* ભાષાંતર કરવું તે, ભાષાંતર, તરજુમો.

Vertebra, *n.* બરડાની કરોડનો મણકો. [કરોડવાળું.

Vertebral, *a.* બરડાની કરોડના હાડકાના મણકા વિષેનું,

Vertex, *n.* શિખર, શિરોબિંદુ.

Vertical, *a.* શિરોબિંદુનું, સીધું.

Very, *a.* ખરૂં, તેજ. *ad.* ઘણુંજ.

Vesper, *n.* શુક્રનો તારો, સાંજ.—s, *n.pl.* રોમન-કૅથોલિક લોકનું સંધ્યાકાળનું ભજન.

Vessel, *n.* વાસણ, નાડી, વહાણ.

Vest, *n.* કબજો, પેટી. *v. t.* –ને વસ્ત્ર પહેરાવવાં.

Vestibuel, *n.* દેવડી, ચાલ.

Vestige, *n.* પગલું, નિશાની.

Vestment, Vesture, *n.* પોશાક.

Vestry, *n.* દેવલને લગતા જે ઓરડામાં પાદરીનાં વસ્ત્ર રાખવામાં આવે છે તથા જેમાં પૅરીશને લગતું કામકાજ કરનારાઓની સભા ભરાય છે તે.

Veteran, *a.* ઘડાઈને પાકું થયેલું, અનુભવી. *n.* કસાયેલો માણસ, યોદ્ધો.

Veterinary, *a.* જનાવરના વૈદ્યનું. [સંતાપ, દુઃખ.

Vex, *v. t.* –નો જીવ ખાવો, ચીડાવવું.—ation, *n.*

Viaduct, *n.* ખીણ-નદી ઉપર આગગાડીને માટે બાંધેલો પુલ-રસ્તો.

Vial, *n.* શીશી.

Viand, *n.* ખાવાના પદાર્થ, મિષ્ટાન.

Vibrate, *v. i.* આમતેમ હાલવું, ઝુલવું.

Vibration, *n.* ઝોલ્લો. [ગડો, બુરાઈ.

Vice, *n.* પદાર્થને મજબુત પકડી રાખવાનો સંચો, સે-

Vice, *n.* એબ, દુરાચરણ, દુષ્ટતા.
Vice, *a.* ઉપ, નહાનું, -ને બદલે.
Vicegerent, *n.* પ્રતિનિધિ. [લદાર.
Vicepresident, *n.* અધ્યક્ષથી ઉતરતા દરજ્જાનો અમ-
Viceregal, *a.* રાજપ્રતિનિધિ વિષે, રાજપ્રતિનિધિ-
પણા વિષેનું.
Viceroy, *n.* સૂબો, રાજપ્રતિનિધિ.
Vicinity, *n.* સમીપતા, પાડોશ.
Vicious, *a.* એબવાળું, દુરાચારી, અડિયલ. [પાથલ.
Vicissitude, *n.* નિયમિત ફેરફાર, ફરતી છાંયડી, ઉથલ-
Victim, *n.* ભક્ષ. [—y, *n.* ફતેહ, જીત.
Victor, *n.* જીતનાર, વિજયી.—ious, *a.* ફતેહમંદ.
Victuals, *n.* ખોરાક, ખાણું, ખાવાનું.
Vie, *v. i.* બરોબરી કરાવવાને યત્ન કરવો. [દેખાવ.
View, *v. t.* ધ્યાનથી જોવું, અવલોકન કરવું. *n.* નજર,
Vigil, *n.* રાતે થતી ભક્તિ, ઉજાગરો.—ance, *n.* હું-
શીઆરી, સાવધપણું.—ant, *a.* હુંશિઆર, સાવ-
ધ, સાવચેત.
Vigor, *n.* ઝપાટો, બળ, રસ.—ous, *a.* ઝપાટાવાળું.
Vile, *a.* અધમ, ખરાબ.
Villa, *n.* શહેરની બહાર બાંધેલો બંગલો.
Village, *n* ગામ.—r, *n.* ગામડીઓ, ગ્રામવાસી.

Villain, *n.* હરામખોર.—ous, *a.* દુષ્ટ, હરામખોરી-નું.—y, *n.* હરામખોરી.
Vindicate, *v.t.* ખરૂં-વાજબી છે એવું ખાતરીથી કહેવું, દોષ ઉડાવી દેવો, સાબીત કરવું. [હેવું તે.
Vindication, *n.* ખરૂં-વાજબી છે એમ ખાતરીથી ક-
Vindicative, *a.* ઝેરીલું, ખારીલું.
Vine, *n.* દ્રાક્ષનો વેલો.--yard, દ્રાક્ષની વાડી.
Vinegar, *n.* સરકો. [બળાત્કાર કરવો.
Violate, *v. t.* -માં ભંગાણ પાડવું, તોડવું, -ના ઉપર
Violation, *n.* ઉલ્લંઘન કરવું તે, બળાત્કાર.
Violence, *n.* જોર, જબરદસ્તી.
Violent, *a.* જોરવાળું, બળાત્કારનું,જોરભરેલું, અતિશય.
Violin, *n.* વિલાયતી સારંગી.
Viper, *n.* (યુરોપમાં વસનાર) એક ઝેરી સાપ.
Virgin, *n.* કુંવારી સ્ત્રી. *a.* નવું.
Virgo, *n.* કન્યારાશી.
Virtually, *ad.* ખરૂં જોતાં.
Virtue, *n.* સદાચાર, સદ્ગુણ, પ્રતાપ, સત્તા.
Virtuous, *a.* સદ્ગુણી, સદાચારી. [કડૂાં દ્વેષ.
Virulence, *n.* જીવ લે એવું હોવું તે, ઘણું સખ્તપણું,
Virulent, *a.* જીવ લે એવું, કડું.
Visage, *n.* ચહેરો,

Viscid, Viscous, *a.* ચીકણું.

Viscount, *n.* અર્લથી ઉતરતી પદ્વીનો અમીર.

Visible, *a.* આંખે દેખાય એવું, પ્રત્યક્ષ.

Vision, *n.* અવલોકન કરવું તે, પ્રત્યક્ષ દર્શન, જોવાની શક્તિ, તુરંગ, જોવાની વસ્તુ.—ary, *a.* મનકલ્પિત, તુરંગી. *n.* શેખચલ્લી.

Visit, *n.* મુલાકાત, તપાસવા જવું તે. *v.t.* -ની મુલાકાત કરવી. *v. i.* મળવા જવું.—or, *n.* દેખરેખ રાખનાર, મુલાકાત લેવા આવનાર-આવેલું.

Visor, *n.* પેહેરવાનું મોહોડું, મુખવટો.

Vista, *n.* ઝાડ વગેરે પદાર્થો વચ્ચેથી દેખાતો દૂરનો દેખાવ, બંને તરફ ઝાડ આવેલાં હોય એવો રસ્તો.

Vital, *a.* જીવવાળાનું, જીવવાળું, અતીધણું.—s, *n. pl.* મર્મસ્થાન.—ity, *n.* પ્રાણશક્તિ, જીવનશક્તિ.

Vitiate, *v. t.* ખરાબ-રદ કરવું.

Vitriol, *n.* એક જાતનો ખાર.—blue, *n.* મોરથુથુ. —green, *n.* હીરાકસી.

Vituperate, *v. t.* -ના ઉપર દોષ મુકવો, ઠપકો દેવો.

Vivacity, *n.* ચાલાકી, તેજી, ઝપાટો, દમ-જીવ.

Vivid, *a.* ભભકાદાર, તેજ મારતું, આબેહુબ.

Vixen, *n.* સંખણી. કુભારજા.

Viz, *ad.* એટલે, કે.

Vizier, *n.* વઝીર, મંત્રી.
Vocabulary, *n.* નાનો શબ્દકોષ, શબ્દસંગ્રહ.
Vocal, *a.* જેને વાણી છે એવું, બોલેલું.
Vocation, *n.* બોલાવવું તે, ધંધો.
Vocative, *n.* સંબોધન (વિભક્તિ). [મુકવી.
Vociferate, *v. t.* or *i.* પોકાર કરવો, બુમાબુમ પાડી
Vogue, *n.* ચાલ, વ્યવહાર, રિવાજ, ચાલતું, વપરાતું.
Voice, *n.* અવાજ, આપેલો અભિપ્રાય, અભિપ્રાય આપવાની સત્તા, (વ્યાકરણમાં) ભેદ.
Void, *n.* ખાલી જગા. *a.* ખાલી, રદ, ઠાલું. *v.t.* છોડી દેવું.
Volatile, *a.* જલદી જલદી હવાને આકારે ઉડી જાય એવું, ચંચળ.
Volcanic, *a.* જ્વાળામુખીનું, જ્વાળામુખી સંબંધી.
Volcano, *n.* જ્વાળામુખી પર્વત, બળતો પહાડ.
Volition, *n.* ઈચ્છા.
Volley, *n.* બંદુકની ગોળીનો સામટો માર, વૃષ્ટિ.
Voluble, *a.* ગબડી મારે એવું, બોલકણો.
Volume, *n.* કદ, વિસ્તાર, ગોટો. [જોઈને કીધેલું.
Voluntary, *a.* પોતાની મરજી પ્રમાણે ચાલનાર, જાણી
Volunteer, *n.* જે માણસ પોતાની ખુશીથી કોઈપણ નોકરીમાં રહે છે તે. *v.t.* ખુશીથી આગળ પડવું—આવવું. *v. i.* પોતાની મેળે નોકરીમાં રહેવું.

oluptuary, *n.* શોખી પુરૂષ, વિષયી પુરૂષ.
Voluptuous, *a.* વિલાસી, લંપટ, વિષયી. [લટી કરવી.
Vomit, *n.* ઉલટી, ઉલટી કરાવે એવું ઔષધ. *v.i.* or *t.* ઉ-
Voracious, *a.* ખાવાને વખવખતું, ફાડી ખાનારૂં, કકડતું.
Vortex, *n.* વમળ (પાણીનું).
Votary, *n.* ભક્ત, ઉપાસક.
Vote, *n.* પોતાનો મત, વિચાર. *v.i.* મત આપવો. *v.t.* મત આપી મંજુર કરાવવું, સમ્મતિથી આપવું.
Vouch, *v. t.* ખાતરીપૂર્વક કહેવું, —ની સાબીતી આપવી, કોઈનો હક સાબીત કરવાને સાક્ષી તરીકે કોર્ટમાં બોલાવવું.—safe, *v. t.* બક્ષવું, -ની કૃપા કરવી.
Vow, *n.* માનતા, બાધા. *v. i.* માનતા લેવી.
Vowel, *n.* સ્વર. [ર્ગે મુસાફરી કરવી.
Voyage, *n.* દરીયાની મુસાફરી, સફર. *v.i.* જળમા-
Vulgar, *n.* સાધારણ લોક, હલકી જાત. *a.* સાધારણ લોકનું, જાહેરાત, નીચ, ગામડીયું.—ism, *n.* નીચ લોકની બોલી, અસભ્ય વચન.—ity, *n.* અસભ્યતા.
Vulnerable, *a.* ઘા લાગવા જોગ, બગાડી શકાય એવું.
Vulture, *n.* ગીધ પક્ષી.

W.

W, ઇંગ્રેજી મૂળાક્ષરનો તેવીસમો અક્ષર.

Wabble, *v. i.* ડોલવું. *n.* ઝોલો.

Wad, *n.* બંદુકમાં ઘાલવાનો ડૂચો, ગંજીફો. [લવું, ડોલવું.

Waddle, *v.i.* બતકની પેઠે ડોલતાં ચાલવું. ઝુલતાં ચા-

Wade, *v. i.* પાણી-કાદવ-રેતી વિગેરેમાં થઇને જવું -ચાલવું-ચાલીને જવું, શ્રમ-મહેનત-મુશ્કેલીથી જવું, મુશ્કેલીથી પાર પાડવું.

Wafer, *n.* (રોટલીનું) પાતરું, (કાગળ વગેરે બીડવાને માટે તેપર) ચોંટાડવાની ચકતી, વેફર. *v. t.* -ને વેફર લગાડી બંધ કરવું-બીડવું,-ના ઉપર વેફર લગાડવું.

Waft, *v. t.* પાણી કે હવામાં થઇને તાણી-ઘસડી લઈ જવું-આવવું.

Wag, *n.* મોજી-નકલી માણસ, મશ્કરો. *v. t.* આમ તેમ હલાવવું-ધુણાવવું.—tail, *n.* ખંજન નામનું પક્ષી જેની પુંછડી હાલ્યા કરે છે તે.

Wage, *v. t.* (લડાઈ) ચલાવવી-કરવી, સરત બકવી.

Wager, *n.* હોડ, સરત. *v. t.* સરત-હોડ મારવી.

Wages, *n.* મજુરી, મુસારો, ચાકરી, રોજ.

Waggery, *n.* ઠઠ્ઠાબાજી, નકલીપણું.

Waggon, *n.* બોજો લઈ જવાનું ચાર પૈડાનું ગાડું.

Wail, *n.* આક્રંદ, રડાપીટ, પોક. *v. t.* -ને માટે શોક -વિલાપ-આક્રંદ કરવું-રડવું.

Wainscot, *n.* પાટિયાં જડેલી ભીંત, ફડેતાળ. *v. t.*

—માં ફ઼ડેતાળ જડવી—કરવી.

Waist, *n.* કમ્મર, વચલો ભાગ.—band, *n.* કમ્મર-પટો, કંદોરો.—coat, *n.* બદન, બંડી.

Wait, *n.* સંતાઈ-ભરાઈ છુપાઇ રહેવાની જગા. *v. i.* વાટ-રાહ જોવી, મુલતવી રાખવું, ધીરજ રાખવી, શોભવું.

Waive, *v. t.* તજવુ, છોડી દેવું, ત્યાગ કરવું.

Wake, *n.* વહાણ ચાલી ગયા પછી તેના રસ્તાની જે ચેરટ પડી રહેલી દેખાય છે તે, જાગરણ. *v. t.* or *i.* ઉઠવું, જાગવું, ઉશ્કેરવું. [ઉઠાડવા.

Wale, *n.* સૅાર, સળ. *v.t.* સોટી—ચાબુક મારીને સૅાર

Walk, *v. i.* પગે ચાલવું. *n.* સહેલ, ચાલ—ફરવા જવાનો રસ્તો.

Wall, *n.* ભીંત, દીવાલ, કરો. *v.t.* -ને ભીંત બાંધવી.

Wallet, *n.* કોથળી, ઝોળી. [ખાવી.

Wallow, *v. i.* કાદવ—પાણી વીગેરેમાં લોટવું, ગુલાંટ

Walnut, *n.* અખોડ, અખરોટ.

Walrus, *n.* દરિયાઈ ઘોડો.

Wan, *a.* ફિક્કું.

Wand, *n.* સોટી, છડી, જાદુગરની લાકડી.

Wander, *v. i.* ભટકવું, રઝળવું.

Wane, *n.* કળાનો ક્ષય થતો જવો તે. *v. i.* ચંદ્રની કળા ઓછી થતી જવી, ઉતરતી દશા થવી.

Want, *n.* તંગી, કંગાલ અવસ્થા. *v. t.* ઈચ્છવું, ચહાવું. *v. i.* ઘણું ઓછું-ઘટી પડવું, ખુટવું.—ing, *a.* ઓછું, કમી, કમતી, ગેરહાજર.

Wanton, *a.* રમતિયાળ, વંઠેલ, સોદ્દો, લુચ્ચો, નિરંકુશ.

War, *n.* લડાઇ, યુદ્ધ. *v. i.* લઢાઈ કરવી.—fare, *n.* લઢાઇ ચલાવવી-કરવી તે, યુદ્ધ, સંગ્રામ.—like, બહાદુર, લડાઈને યોગ્ય.—rior, *n.* સિપાઈ, લડનાર, શુરવીર, લઢવઈઓ. [મીઠા સુરવરથી ગાવું.

Warble, *v. t.* લેહેકાતો અવાજ કહાડવો. *v.i.* મધુર-

Ward, *n.* ચોકી કરવી તે, વાડો, વાલીની સંભાળમાં સોંપેલું બાળક. *v. t.* નિવારણ કરવું.—en, *n.* વાલી, સંભાળ-તપાસ રાખનાર અધિકારી.—robe, *n.* લુગડાં-પોશાક મુકવાનો ઓરડો, કબાટ, પેટી, પોશાકખાનું.

Ware, *n.* માલ.—house, *n.* વખાર, કોઠી.

Warily, *ad.* સાવધતાથી.

Warm, *a.* ઉનું, ગરમ, અંતઃકરણનું, જબરૂં, જુસ્સાવાળું.—hearted, *a.* માયાળુ, સ્નેહી, મમતાવાળું.—th, *n.* ઉષ્ણતા, ગરમી, હુંફ, ઉત્સાહ, જોશ.

Warn, *v. t.* -ને આગળથી ચેતવવું-ખબર આપવી,-ને માટે ખબરદાર-સાવધ રહેવાનું કહેવું.—ing, *n.* ચેતવણી, સૂચના.

Warp, *n.* ઉભો દોરો-તાણો.
Warrant, *n.* અખત્યાર, સનંદ. *v. t.* -ને અખત્યાર-આધાર આપવો, ખાતરીપૂર્વક કહેવું. [ગુમડું.
Wart, *n.* મસો, મસ, ઝાડનાં પાતરાં-થડ ઉપર થતું
Wary, *a.* સાવધ, સાવચેત.
Wash, *v. t.* પાણીથી સાફ કરવું, ધોવું, ભીનવવું. *n.* ધોવાનાં કપડાં, ધોણી, ધો. *v.i.* નહાવું.—erwoman, કપડાં ધોનારી, ધોબણ.
Wasp, *n.* ડંખ મારતી માંખીની જાત, ભમરો.—ish, *a.* ચીડિયું, ગીન્નજી, કટકટિયું.
Waste, *n.* ક્ષય, નાશ, વ્યર્થ, ઘસારો. *v. t.* નબળું-કમજોર-ક્ષીણ કરી નાખવું, ઘટાડવું.—book, *n.* કાચો ખરડો-મેળ.—ful, *a.* ઉડાઉ.
Watch, *n.* ચોકી, પોહોરો, પેહેરેગીર, નાનું ગુંજામાં રાખવાનું ઘડિયાળ. *v. t.*-ની ચોકી-રખેવાળી રાખવી,-ને જોતાં રહેવું.—ful, *a.* હોંશિયાર, જાગૃત. —house, *n.* ચોકી, ગેટ, ચાવડી —maker, *n.* ઘડિયાળી.—man, *n.* ચોકીદાર, પેહેરેગીર.—word, *n.* દોસ્ત-દુશ્મન ઓળખાઇ આવે એવો સંકેતનો શબ્દ.
Water, *n.* પાણી, જળ, નીર, પીશાબ. *v.t.* ઉપર પાણી છાંટવું.-ને પાણી પાવું-સીંચવવું. *v.i.*-માંથી પાણી પડવું-નીકળવું,-માં પાણી લેવું-ભરવું.—bearer,

n. કુંભરાશી.—closet, *n.* પીશાળખાનું, સંડાસ, પાયખાનું.—course, *n.* ઝરો, જળમાર્ગ.—fall, *n.* પાણીનો ધોધ-ધોધવો.—fowl, *n.* પાણીમાં રહેનાર પક્ષી, જળચર પ્રાણી, જળકુકડી.—gruel, *n.* કાંજી, રાબડી.—lily, *n.* પાણીમાંનું કમળ, જળકમળ.—melon, *n.* તડબુચ, કાળીંગડું.—mill, *n.* પાણીની ગતીથી ચાલનારી યંત્રવાળી ચક્કી.—pot, *n.* પાણી લાવવા-લેઇ જવાનું વાસણ.—proof, *a.*-માં પાણી નહીં પેસે એવું.—tight, *a.* જેમાંથી પાણી નીકળી શકે નહીં, કે અંદર પેસે નહીં એવું.—work, *n.* ફુંવારા, કરંજ વગેરે જળયંત્રો.—y, પાણીના જેવું, બેસ્વાદ.

Wattle, *n.* ત્રાપો, ટટ્ટી.

Wave, *n.* મોજ, લેહેર. *v. i.* ઝૂલવું. *v. t.* આમતેમ ફેરવવું, ઇશારત કરવી.

Waver, *v. i.* આમતેમ હાલવું, ડોલવું, દૃઢ નહીં રહેવું-હોવું.—ing, *a.* આમતેમ હાલતું, અદૃઢ, ચળિત.

Wax, *n.* મીણ, કાનમાંનો મેલ. *v. t.*-ઉપર-ને મીણ ચોપડવું-લગાડવું-પાવું. *v. i.* કળાવૃદ્ધિ પામવી-થવી, થતું જવું, થવું.

Way, *n.* રસ્તો, વાટ.—farer, *n.* વટેમાર્ગુ, પેહેરેગીર, વળાવો.—lay, *v. t.*-ને લુટવા, પકડવા, મારી

નાંખવા વાટમાં છુપાઇ રહેવું,વાટમાં લૂટી લેવું.--ward, *a.* હઠીલું, આપમતિયું, સ્વછંદી.

We, *pron.* અમે, આપણે, આપણ.

Weak, *a.* દુર્બળ, તનદુરસ્ત નહીં એવું,તુટી જાય એવું. —en, *v. t.* કમજોર કરવું.—ness, *n.* નબળાઈ, કમજોરાઈ, બેસમજપણું.

Weal, *n.* સુખ, આબાદાની, લોકોનું સુખ, કલ્યાણ.

Wealth, *n.* સંપત્તિ, ધન, દોલત, પૈસો.—y, *a.* દોલત-ધનવાન, તાલેવંત.

Wean, *v. t.* ધાવણ મુકાવવું, વિરક્ત-ઉદાસ કરવું.

Weapon, *n.* હથિયાર, શસ્ત્ર, આયુધ.

Wear, *n.* ઘસારો. *v. t.* જીર્ણ કરી નાંખવું, પહેરવું. *v. i.* ઘસાઈ-નબળા પડી જવું.

Weariness, *n.* થાકી-હારી જવું તે, થાક, કંટાળો.

Wearisome, *a.* થકવી નાંખે એવું, કંટાળા ભરેલું.

Weary, *a.* થાકી ગયેલું, હલાક થયેલું. *v. t.* થકવી-હંફાવી નાંખવું. *v. i.* થાકવું, કંટાળવું.

Weasel, *n.* નોળીઓ.

Weather, *n.* હવાની હાલત, હવા. *v.t.* પવનની સામે વહાણ હંકારીને વટાવી જવું.—cock, *n.* પવનની ગતી જણાવનારૂં યંત્ર. ચંચળવૃત્તિનું માણસ.

Weave, *v. t.* વણવું,-થી મળી જવું.

Weaver, *n.* વણકર, સાળવી. [*a.* જાલપાદ.

Web, *n.* વણેલી વસ્તુ, થાન, કરોળીયાનું જાળું.—footed,

Wed, *v. t.* લગ્ન કરવું, વળગી રહેવું. *v. i.* લગ્ન થવું. —ding, *n.* લગ્નની ક્રીયા. *a.* લગ્ન પ્રકરણનું.—lock, *n.* વિહવા.

Wedge, *n.* ફાચર-છીણી. *v. t.* -થી ભચડાવું.

Wednesday, *n.* બુધવાર.

Weed, *n.* નકામો રોપો, ઘાસ.—s, *n.* જડાં. *v. t.* નિંદવું, કાઢી નાંખવું.

Week, *n.* સાત દહાડા, અઠવાડીઊં.—ly, *a.* અઠવાડીઆનું, દર અઠવાડીએ આવતું.

Weep, *v. i.* આંસું પાડવાં, રડવું. *v. t.*-ને માટે દીલગીર થવું.—er, *n.* રડનાર, શોકસૂચક કાળા ડગલાની બ્હોયને છેડે મુકેલી ધોળી પટી.

Weigh, *v. t.* તોળવું.—t, *n.* તોલ, કાટલું.—y, *a.* ભારે, અગત્યનું.

Welcome, *n.* આદરમાન. *a.* સ્વાગત, ભલે પધાર્યા. *v. t.* -ને આદરમાન આપવું.

Welfare, *n.* કલ્યાણ, સારૂં, આબાદાની.

Well, *n.* કુવો, વાવ.

Well, *a.* સારૂં, નીરોગી. *ad.* બરાબર રીતે, સારી રીતે, બહુ. —being, *n.* કલ્યાણ, આબાદાની.—born,

a. ઉંચા કુળનું જન્મેલું.—bred, *a.* મર્યાદાશીળ.—disposed, *a.* સુશીળ.—done, *interj.* વાહ ! શાબાશ !—looking, *a.* શોભીતું.—meaning, *a.* ભલું, સજ્જન.—nigh, *ad.* લગભગ—off or to-do. *a.* સુખી.—wisher, *n.* કલ્યાણ ઇચ્છનાર, હિતેચ્છુ, શુભેચ્છક.

Welter, *v. i.* લોટવું, આળોટવું.

Wen, *n.* રસોળી.

Wench, *n.* વેશ્યા, ગુણકા.

West, *n.* આથમણી દિશા, પશ્ચિમ.—erly, *ad.* or *a.* પશ્ચિમ તરફનું, પશ્ચિમે.—ern, *a.* પશ્ચિમ તરફનું, પશ્ચિમ તરફ જતું, કોઈ દેશની પશ્ચિમમાં આવેલા (દેશ વિગેરે).—ward. *ad.* પશ્ચિમવાણી.

Wet, *a.* ભેજવાળું, વરસાદનું.—nurse, *n.* ધવાડનારી સ્ત્રી. *v. t.* ભીનું કરવું, બોળવું.

Whale, *n.* મગરમચ્છ.

Wharf, *n.* ડક્કો, બંદર, ઘાટ.—age, *n.* ડક્કાનીજકાત.

What, *pron.* જે, તે, કોણ.—ever, *pron.* જે જે, જેકોઈ.—so-ever, જેજે, જે કાંઈ, જેટલું.

Wheat, *n.* ઘઉં.

Wheedle, *v. t.* –ને ફોસલાવવું.

Wheel, *n.* પૈડું, ચક્ર. *v. t.* ફેરવવું. *v. i.* ધરી ઉપર

ફરવું.—barrow, *n.* એક પૈડાની હાથગાડી.—wright, *n.* પૈડાં–ગાડી બનાવનાર.

Wheeze, *v. t.* –ના ગળામાં કફ બોલવો.

Whelm, *v. t.* -ને બુડાડવું, ડબોવવું, -ને ગરક કરવું.

Whelp, *n.* બચ્ચું (કૂતરાં અને શિકારી પ્રાણી વીગેરેનું), બચ્ચાજી. [જ્યારે જ્યારે.

When, *ad.* જ્યારે, જેવારે, ક્યારે.—ever, *ad.*, *conj.*

Whence, *ad.* ક્યાંથી.

Where, *ad.* જ્યાં, ક્યાં.—about, *ad.* ક્યાં, જેને વિશે.—as, *ad.* or *conj.* ખરું પુછાવો તો, એવું છે ત્યારે.—at, *ad.* જે ઉપરથી.—by, *ad.* જેથી, જેણેકરીને.—ever, *ad.* જ્યાં જ્યાં.—fore, *ad.* or *conj.* જે માટે, કાં કેમ. —in, *ad.* જેમાં, શેમાં. —upon, *ad.* જે ઉપરથી.

Wherry, *n.* કોટીયું, હોડકું. [સરાણ.

Whet, *v. t.* ધાર કાઢવી, ઘસવું.—stone, *n.* પથરી,

Whether, *conj.* અથવા નહીં, કે, અગર.

Whey, *n.* દહીમાંનું પાણી, છાશ.

Which, *pron.* જે-તે, કયું, હઇ, કયો, કોણ.

While, Whilst, *ad.* જે વેળા, જ્યારે. *v. t.* ખુશીથી ગુમાવવું. *n.* વખત.

Whim, *n.* લેહેર, તુરંગ.—sical, *a.* લહેરી.

Whimper, *v. i.* ડરકાં ખાઈને રડવું. [કકળાટ.
Whine, *v. i.* ધીમે ધીમે રડવું, કકળીને બડબડવું. *n.*
Whip, *n.* ચાબકો, ગાડી હાંકનાર. *v.t.* -ને ચાબક મારવો, -ને ફટકા મારવા. *v.i.* ઝટ લઈને નાશી આવવું.
Whirl, *v. t.* ફરતું ચક્કરમાં ફેરવવું. *v. t.* ગોળ ચક્કરમાં ફરવું. *n.* ઝડપથી ગોળ ફરવું તે, ફેરી.—pool, *n.* વમળ, પાણીમાં ભમરા થાય છે તે. —wind, *n.* વાવટોળ.
Whisk, *n.* નાનો બુતારો, કુચડો, ઝપાટો. *v. t.* ઝાપટવું. *v. i.* ઝાપટ-ઝટક મારવી.—ers, *n.* શોભા.
Whisper, *v. i.* or *t.* ગુપચુપ કાનમાં કહેવું, વાત કરવી. *n.* ગુપચુપ વાત. [સીસોડી, પીપી, સણસણાટ.
Whistle, *v. i.* સીસોડી વગાડવી, વાંસળી વગાડવી. *n.*
Whit, *n.* લવ, લેશ, જરા.
White, *a.* ઉજળું, સફેત, ફિક્કું, ઉતરી ગએલું. *n.* સફેદ રંગ.—of an egg, *n.* ઇંડાંની સફેતી.—of an eye, *n.* આંખનો ધોળો ભાગ.—ant, *n.* ઉધાઈ.—ness, *n.* સફેતી, ધોળાશ.—wash, *n.* ચુનો-સફેતો (પાણી મેળવેલો). *v. t.*—ને ચુનો લગાડવો, ધોળવું.
Whither, *ad.* કયે ઠેકાણે, તે જગ્યાએ, જ્યાં.
Whitlow, *n.* નખછર, નવેલો.
Whittle, *n.* ચાકુ, છરી.

Whiz, *v. t.* સણસણ અવાજ કરવો. *n.* સણસણાટ.
Who, *pron.* જે, કોણ.—ever,—soever, *pron.* જે કોઈ, ગમે તે કોઇ.
Whole, *a.* આખું, સઘળું, અખંડ, તનદુરસ્ત. *n.* પુરેપુરૂં.—sale, *n.* સામટું (વેચાણ). —some, *a.* તંદુરસ્તી આપે એવું, ઉપયોગી.
Wholly, *ad.* તદ્દન, બીલકુલ, સાફ, તમામ.
Whom, *pron.* કોને. The objective case of "Who." [ચીચારી.
Whoop, *v. t.* ચીસ-ચિચિયાડી પાડવી-મારવી. *n.* ચી-
Whore *n.* કસબાતણ, વેશ્યા. *v. i.* પૈસા લઇ પરપુરૂષ સાથે વ્યભિચાર કરવો.—dom, *n.* વ્યભિચાર, મૂર્તિપૂજા. [case of "Who".
Whose, *pron.* જેનું, જે ચીજનું, કોનું. The possessive
Why, *ad.* શું કામ, કાં, કેમ, શા વાસ્તે.
Wick, *n.* દીવેટ, વાટ. [પાપ, દુષ્કર્મ.
Wicked, *a.* દુષ્ટ, પાપી, પાપનું.—ness, *n.* દુષ્ટપણું,
Wicker, *a.* ઝાડની ડાળીઓનું બનાવેલું.
Wicket, *n.* દરવાજાની ડોકાબારી, ક્રિકેટની રમતમાં ત્રણ દાંડા ખોસવામાં આવે છે તે.
Wide, *a.* પોહોળું, વિસ્તીર્ણ. *ad.* ઘણે દૂર. [થવું.
Widen, *v. t.* પોહોળું-ચોડું-કરવું. *v. i.* પોહોળું-મોટું

Widow, *n.* વિધવા, રાંડીરાંડ, બાડકી.—er, *n.* રાંડેલો પુરૂષ.—hood, *n.* વિધવાવસ્થા.
Width, *n.* પોહોળાઇ, ચોડાઈ.
Wield, *v. t.* ધારણ કરીને વાપરવું.
Wife, *n.* પરણીઅત સ્ત્રી, ધણિઆણી, પરણેલ સ્ત્રી.
Wig, *n.* વાળની ટોપી.
Wild, *a.* જંગલી, ખેડ્યા વગર ઉગતું, જંગલી, અનાડી, નિરંકુશ. *n.* રાન, જંગલ, રેતીનું મેદાન.—erness, *n.* રાન, જંગલ, રેતીનું મેદાન.
Wile, *n.* કાવાદાવો, છળભેદ.
Wilful, *a.* હઠીલું, અડીઅલ, જાણીને કરેલું.
Will, *n.* મરજી, ખુશી, પસંદ કરવું તે, હુકમ, વસિયતનામું. *v. t.* ચહાવું, ઈચ્છવું, વસિયતનામાથી માલ મિલ્કત આપવી.—ing, *a.* ખુશી, રાજી.
Wily, *a.* કપટી, લુચ્ચું.
Win, *v. t.* જીતવું, જીતી લેવું, -નું મન હરી લેવું. *v.i.* જય મેળવવો.
Wind, *n.* વા, હવા, શ્વાસ.—mill, *n.* પવનચક્કી.—pipe, *n.* શ્વાસ લેવાની નળી.—y, *a.* વાયુનું.
Wind, *v. t.* વીંટાળવું, લપેટવું, ફેરવવું, માંડી વાળવું, -ને કુંચી આપવી. *v. i.* બદલાવું, લપેટાવું.—ing, *a.* વાંકુંચુકું. *n.* વાંક, મરોડ.—ing sheet, *n.* કફન.
Window, *n.* બારી.

Wine, *n.* દ્રાક્ષનો દારૂ.

Wing, *n.* પાંખ, સંઘાળ, સૈન્યપક્ષ. *v.t.* ઝડપથી ચલાવવું.—ed, *a.* પાંખવાળું.

Wink, *v. i.* આંખ મલકાવવી. *n.* પલકારો, આંખની ઈશારત.—er, *n.* આંખના પલકારા કરનાર, અંધારી (ઘોડાની). [દાં પાડવાં.—ing fan, *n.* સુપડું.

Winnow, *v. t.* સુપડાંથી ઝાડકવું, સારાંથી નઠારાં જુ-

Winter, *n.* શિયાળો. *v.i.* શિયાળો કાઢવો.

Wipe, *n.* લોહોવું, લુછવું, છેકવું.

Wire, *n.* તાર. *v. t.* –ને તાર બાંધવો.

Wisdom, *n.* ડહાપણ, જ્ઞાન.

Wise, *a.* ડાહ્યું, અક્કલમંદ. *n.* રીત.—ly, *ad.* વિવેકથી, ડહાપણથી. [મરજી કરવી.

Wish, *v. t.* –ની ઇચ્છા રાખવી.*n.* ઈચ્છા, ખુશી. *v.i.*

Wit, *n.* સમજશક્તિ, આકસ્મિક રીતે ઉપજે એવા વિચારોની રચના-જોડણી, બુદ્ધિ, હાસ્યજનક વાત બોલવાની-લખવાની આવડવાળું માણસ.—ty, *a.* હાસ્યજનક વાત બોલવાની-લખવાની આવડતવાળું, રસિક.

Witch, *n.* ડાકેણ, ચુડેલ.—craft, *n.* જાદુ, ટુચકા.

With, *prep.* –થી, થકી, સાથે.—al, *ad.* પણ, તેમજ.—in, *prep.* માં; મધ્યે.—out, *prep.* વગર,

શિવાય, બહાર, બહારની બાજુએ.
Withdraw, *v. t.* પાછું લઈ લેવું, માંડી વાળવું, પાછું બોલાવવું. *v. i.* જવું, જગ્યા-મંડળી મૂકવી વિગેરે છાંડવું.
Wither, *v. i.* કરમાઈ જવું, ચીમળાવું, ગળી-સુકાઈ જવું. *v. t.* સુકવવું. [ખવું, આપવાને ના પાડવી.
Withhold, *v. t.* હાથમાં રાખવું, ન આપવું, દાબી રા-
Withstand, *v. t.* -ની સામા થવું.
Witness, *n.* સાખ-સાહેદી, શાક્ષી પુરનાર, નજરે જોનાર. *v. t.* નજરોનજર જોવું. *v. i.* સાક્ષી આપવી.
Wizard, *n.* જાદુગર, ધંતર મંતર જાણનાર.
Woe, *n.* મોટી વિપત્તિ, શ્રાપ.—ful, *a.* દુઃખી, નકારૂં.
Wolf, *n.* વરૂ.
Woman, *n.* બાયડી, સ્ત્રી.—hood, *n.* સ્ત્રીપણું, સ્ત્રી ધર્મ.—ish, *a.* સ્ત્રીના જોગ, સ્ત્રી જાતનું, બાયલું. —kind, *n.* સ્ત્રી જાત.
Womb, *a.* ગર્ભાશય, ઉત્પત્તિસ્થાન.
Wonder, *v. i.* તાજુબ થવું, વિસ્મય પામવું. *n.* અચંબો.—ful, *a.* વિસ્મય પમાડે એવું.
Won't, Contraction of "Will not". [હમેશાનું.
Wont, *a.* ટેવવાળું. *n.* ટેવ, રીત.—ed, *a.* વપરાતું,
Woo, *v.t.*-ની પ્રીતિ મેળવવાની તજવીજ કરવી, પ્યાર કરવો.

Wood, *n.* અરણ્ય, રાન, લાકડું.—apple, *n.* કોઠ, કોઠી.—cutter, *n.* કઠિયારો.—en, *a.* લાકડાનું બનાવેલું.—pecker, *n.* લક્કડખોદ પક્ષી.—y, *a.* ઝાડીવાળું, લાકડાનું, જંગલનું.

Woof, *n.* કપડામાંનું આડું સુતર, વાણો.

Wool, *n.* ઉન. —len, *a.* ઉનનું બનાવેલું.—ly, *a.* ઉનવાળું, ઉન જેવું.

Word, *n.* શબ્દ. *v. t.* —ના શબ્દો બોલવા-લખવા. —ing, *n.* માંહે લખેલા શબ્દો, શબ્દ રચના.

Work, *v. i.* કામ કરવું, મેહેનત કરવી, ચાલવું (સંચો વીગેરે). *n.* કામ, રોજગાર. *v. t.* બનાવવાનું કામ કરવું.—man, *n.* કામ-ધંધો કરનાર માણસ, કારીગર.—manship, *n.* કારીગરી.—shop, *n.* કારખાનું.

World, *n.* સૃષ્ટિ, દુનિયા.—ly, *a.* દુનિયાદારીનું.

Worm, *n.* કીડો.

Worry, *v. t.* —ને હેરાન કરવું, દાંતે ફાડી નાંખવું-ખાવું.

Worse, *a.* વધારે ખરાબ, તબિયત વધારે બગડેલી એવું, રોગી. *ad.* ઘણી વધારે ખરાબ રીતે.

Worship, *n.* ભક્તિ આરાધના, પૂજા. *v.t.* or *i.*—ની ભક્તિ —ની આરાધના —નું ભજન કરવું.—ful, *a.* માન આપવા લાયક, પૂજ્ય.—per, *n.* પૂજનાર, પૂજારી.

Worst, *a.* સઉથી ખરાબ-દુષ્ટ.

Worsted, *n.* ઉનનું સુતર-દોરો. *a.* ઉનના સુતરનું.

Worth, *n.* કિમ્મત, મૂલ, લાયકી, ઉપયોગ.--less, *a.* નકામું, માલ વગરનું, કોડીનું.

Worthy, *a.* લાયક, યોગ્ય. *n.* સજ્જન.

Wound, *n.* જખમ, નુકસાન. *v. t.* ઘાયલ કરવું, ઘા મારવો. [-ઝગડો કરવો.

Wrangle, *n.* ઝગડો, કજીઓ, હુજ્જત. *v. i.* કજીઓ

Wrangler, *n.* ઝગડો-કજીઓ કરનાર.

Wrap, *v. t.* લપેટવું, ઢાંકી નાંખવું.-માં હોવું.--per, *n.* બાંધણુ,બીજાં લુગડાં ઉપર ઓઢાડવાનું ઢીલું લુગડું.

Wrath, *n.* કોપ, ક્રોધ.--ful, *a.* ક્રોધાયમાન, ગુસ્સે થયેલો.

Wreak, *v. t.* કાઢવું, કરવું, નાંખવું, લેવું.

Wreath, *n.* હાર, માળા, ગોટેગોટા.

Wreathe, *v. t.* ગુંથવું, વણવું, વીંટી લેવું.

Wreck, *n.* વહાણ ભાંગવું તે,અથડાઈને ભાંગેલું વહાણ. *v. t.* વહાણ ભાગવું,-ને ભંગ-નાશ કરવો.

Wrench, *v. t.* અમળાવવું, મચડવું, અમળાવી-મચડી લેવું, મચક ખાવી. *n.* આમળો, મોચ, મચક, ધરકુ (ની ચાકી) કાઢવા ઘાલવાનું હથીઆર.

Wrest, *v.t.* અમળાવી-મચરડીને લેઈ લેવું,ખેંચી કાઢવું.
Wrestle,*v.i.*કુસ્તી કરવી-ખેલવી,મલયુદ્ધ કરવું,ભીડવું.
Wretch, *n.* દુ:ખી માણસ, ફુટી બદામનું માણસ, ચંડાળ, બિચારૂં.—ed, *a.* કંગાલ, વિપત્તિનું, હલકું, તિરસ્કાર્ય.—edness, *n.* દુ:ખ, કષ્ટ, કંગાલપણું.
Wright, *n.* કારીગર, કસબી.
Wring, *v. t.* નિચોવવું, દુ:ખ દેવું, હેરાન કરવું, -થી દુ:ખી-હેરાન થવું. [કરચલી વળવી.
Wrinkle, *n.* કરચલી, વાટા. *v.t.* કરચલી વાળવી. *v.i.*
Wrist, *n.* કાંડું.
Write, *v. t.* or *i.* લખવું, લખી આપવું, ઉતારવું.
Writer, *n.* લખનાર, લહીઓ, ગ્રંથકાર.
Writhe, *v. t.* મચડવું. *v. i.* અમળાવું. [હરફ.
Writing, *n.* લખવું તે,દસ્તાવેજ,લખાણ, ગ્રંથ,અક્ષર,
Wrong, *a.* ઊંધું, અવળું, ખોટું, ભુલ ભરેલું. *n.* નુકશાન. *v. t.*-ને નુકશાન-ઈજા કરવી.—ful, *a.* ગેરવ્યાજબી.
Wrought, *n.* (See Work). *a.*કેળવેલું-સોધેલું લોઢું.
Wry, *a.* વાંકું, વળેલું.

X.

X, ઇંગ્રેજી મુળાક્ષરનો ચોવીસમો અક્ષર.

Xanthine, *n.* કેટલાક છોડવા અને ફુળની પાંખડીમાંથી જે પીળો રંગ નીકળે છે અને જેનો પાણીમાં પાસ નથી પડતો તે.

Xebeck, *n.* ત્રણ ડોલનું ન્હાનું વહાણ.

Xmas, = Christmas, (See Christmas).

Xn, = Christian).

Xylography, *n.* લાકડાંપર કોતરવાની વિદ્યા.

Xylophageous, *a.* લાકડાં ખાઇ રહેનારૂં.

Y.

Y, ઇંગ્રેજી મુળાક્ષરનો પચીસમો અક્ષર.

Yacht, *n.* સેહેલ કરવાનું નહાનું વહાણ.

Yam, *n.* રતાળુ, મુળ.

Yard, *n.* ત્રણ ફુટ જેટલું માપ, વાડો, આંગણું, (વહાણનું) પરબાણ.—stick, *n.* લુગડાં વગેરે ભરવાનો વાર.

Yarn, *n.* ઊનનો દોરો, સુતર, કહાણી, વાર્તા.

Yawl, *n.* હોડી, નાવડું.

Yawn, *n.* બગાંસુ. *v. i.* બગાસુ ખાવું.

Ye, *pron.* તમે.

Yea, *ad.* હા, વારૂ, હોય.

Yean, *v.i.* (બકરાં વીગેરે.) જણવું,. વિયાવું.

Year, *n.* વરસ, વર્ષ.—ly, *a.* વાર્ષિક.

Yearn, *v. i.* -નો જીવ તલપાપડ થઈ રહેવો, ટાંપી રહેવું.—ing, *a.* ઘણુંજ આતુર, તલપાપડ થઈ રહેલું. *n.* તલપ્યાં કરવું તે, તલબ.

Yeast, *n.* ખમીર.

Yelk, *n.* ઇંડાની અંદરનો પીળો માવો, દાળ, જરદી.

Yell, *n.* ચીસ. *v. i.* ચીસ–કિકિયાડી પાડવી.

Yellow, *n.* પીળો રંગ. *a.* પીળું.—ish, *a.* પીળાશ પડતું–મારતું.——ness, *n.* પીળાશ.

Yelp, *v. i.* કુતરા અથવા કુરકુરિયાની પેઠ ભસવું.

Yeoman, *n.* જમીનદાર, ખેડુત, રાજાનો એક મધ્યમ પદ્વીનો અમલદાર.

Yes, *ad.* હા, વારૂ, હોય.

Yester, *a.* કાલનું,ગયું.—day, *n.* ગઈ કાલ.—night, *n.* or *adv.* ગઇ રાત, ગઇ રાતે. [ત્યારસુધી.

Yet, *ad.* or *conj.* હજુ, હજુતો, પણ, અદ્યાપિ, અ-

Yew, *n.* એક સદા લીલા રહેતા ઝાડનું નામ.

Yield, *v. t.* –ની પેદાશ થવી, કબુલ કરવું, છોડી દેવું. *v. i.* તાબે થવું, કબુલ કરવું, લડવું, મુકી દેવું, તાબે થવું, પુરૂ કરવું-લઢવું, ઉતરતાં-દબાતાં હોવું.—ing, *a.* દબી જાય એવું, નરમ.

Yoke, *n.* ધુસરી, ગુલામગીરી, બંધન, સેવા. *v.t.* જોડવુ.—fellow, *n.* જોડીઓ, સોબતી.

Yolk, *n.* (See Yelk).

You, *a.*
Yonder, *a.* } પેલું; પેલીમેરનું. *ad.* પણે, પેલી તરફ.

You, *pron.* તમે. [જુવાન માણુસ, છોકરો.

Young, *a.* નહાનું, જુવાન, અણવાકેફ.—ster, *n.*

Your, *pron.* તમારૂં, તારૂં.—self, *pron.* તમેજ, તુંજ, તું જાતે, તમારી-તારી મેળે.

Youth, *n.* જુવાન માણુસ, જુવાની.—ful, *a.* જુવાન, યુવાવસ્થા, નહાનું, જુવાનીનું, તાજું.

Z.

Z, ઇંગ્રેજી મુળાક્ષરનો છવીસમો અક્ષર.

Zany, *n.* મશ્કરો, રંગલો.

Zeal, *n.* ઉલટ, હોંસ, ઉત્સાહ.

Zealot, *n.* બેહદ હોંસીલો પુરૂષ.
Zealous, *a.* ઉત્સાહવાળું, આતુર.
Zebra, *n.* લગભગ ઘોડા જેવડું એક દક્ષિણ આફ્રીકા-નું પટાદાર જનાવર, જીબ્રા.
Zemindar, *n.* જમીનદાર, જમીદાર.
Zend, *n.* ઝન્દભાષા, પારસીલોકની અસ્લી ભાષા. [સ્તા.
Zend-Avesta, *n.* પારસીઓનું ધર્મ પુસ્તક, ઝન્ડ અવ-
Zenith, *n.* આકાશમાં જોનારના માથા ઉપરનું બિંદુ.
Zephyr, *n.* પશ્ચિમનો પવન, શીતળ-મંદ વાયુ.
Zero, *n.* શૂન્ય. (0) મીંડું, સૌથી ઉતરતી દશા-હાલત.
Zest, *n.* લહેજત, સ્વાદ, રૂચી.
Zigzag, *a.* વાંકુંચુંકું, આડું અવળું.
Zinc, *n.* જસત. [ચક્ર સંબંધી.
Zodiac, *n.* રાશીમંડળ--ચક્ર. —al, *a.* રાશીમંડળ-
Zone, *n.* કમરબંધ, કમરપટો, (ભૂગોળમાં) કટીબંધ.
Zoology, *n.* પ્રાણીવિદ્યા.
Zoologist, *n.* પ્રાણી વિદ્યા જાણનાર.
Zootomy, *n.* પ્રાણીઓના શરીર કાપવા કરવાની વિદ્યા.

END.